# ૨૫. નાતાલ ઍસેમ્બ્લીને અરજી[1]

ડરબન,
જૂન ૨૮, ૧૮૯૪

નાતાલ સંસ્થાનની ઍસેમ્બ્લીના માનનીય સ્પીકર
[પ્રમુખ] અને સભ્યો જોગ

**નાતાલ સંસ્થાનમાં વસવાટ કરીને રહેલા હિંદીઓની અરજી**

નમ્રપણે દર્શાવે છે કે

૧. તમારા અરજદારો બ્રિટિશ પ્રજાજનો હોઈ હિંદુસ્તાનમાંથી આવી તેમણે સંસ્થાનમાં વસવાટ કર્યો છે.

૨. તમારી માનનીય કાઉન્સિલ [ઉપલી ધારાસભા] અને ઍસેમ્બ્લી [નીચલી ધારાસભા] માટેના સભ્યોની ચૂંટણીમાં મત આપવાની ઘટતી લાયકાતવાળા મતદારો તરીકે તમારા અરજદારોમાંના ઘણા મતદાર યાદીમાં નોંધાયેલા છે.

૩. મતાધિકારના કાયદાના સુધારાના ખરડાના બીજા વાચન પર થયેલી ચર્ચાના અખબારોમાં પ્રગટ થયેલા હેવાલો વાંચી તમારા અરજદારોને ખરેખર દિલગીરીની અને ભયની લાગણી થઈ છે.

૪. તમારી માનનીય સભા તરફ પૂરેપૂરી અદબ રાખી તમારા અરજદારો જુદા જુદા વક્તાઓએ દર્શાવેલા વિચારોથી તદ્દન જુદા પડવાની પરવાનગી ચાહે છે અને અરજદારોને કહેવાની ફરજ પડે છે કે એ કમનસીબ સુધારાનો ખરડો મંજૂર રાખવાના સમર્થનમાં આપવામાં આવેલાં કારણોને સાચી હકીકતોનો આધાર નથી.

૫. અખબારોના હેવાલો પરથી ખરડાના સમર્થનમાં રજૂ કરવામાં આવેલાં કારણો તમારા અરજદારો આ પ્રમાણે સમજ્યા છે:

(ક) હિંદીઓ જે મુલકમાંથી આવે છે ત્યાં તેમણે કદી મતાધિકારનો ઉપયોગ કર્યો નથી.

(ખ) તેઓ મતાધિકારનો ઉપયોગ કરવાને લાયક નથી.

૬. તમારા અરજદારો માનનીય સભ્યોના ખાસ ધ્યાન પર લાવવા રજા માગે છે કે બધી હકીકતો અને ઇતિહાસ એથી ઊલટું દર્શાવે છે.

૭. પ્રતિનિધિત્વના સિદ્ધાંતોનો ઍંગ્લોસૅક્સન વંશના લોકોને પરિચય થયો તે કરતાં કેટલાયે સમય પહેલાંથી હિંદી પ્રજાને ચૂંટણીના અધિકારનો પરિચય થયો હોઈ તેણે તેનો વહેવારમાં અમલ કર્યો છે.

૧. પહેલાં આ અરજી કાઉન્સિલ અને ઍસેમ્બ્લી બંનેને ઉદ્દેશીને ઘડવામાં આવેલી, પછી તેમાં સુધારો કરી તે એકલી ઍસેમ્બ્લીને ઉદ્દેશીને કરવામાં આવી અને કાઉન્સિલને જુદી બીજી મોકલવામાં આવેલી; આગળ પા. ૭૮ જોવું.

નાતાલના ધારામંડળમાં બે સભાઓ હતી. એક, ઍસેમ્બ્લી અથવા નીચલી ધારાસભા અને બીજી, કાઉન્સિલ અથવા ઉપલી ધારાસભા. એ ગાળામાં નાતાલમાં અમલમાં હતી તે બંધારણી રચનાની વિગત માટે પાછળ જોડવામાં આવેલું 'દક્ષિણ આફ્રિકામાં બંધારણી રચના' પ્રકરણ જોવું.

Gandhi Heritage Portal

૮. ઉપરની વાતના સમર્થનમાં તમારા અરજદારો માનનીય ઍસેમ્બ્લીનું સર હેનરી સમનર મેઈનના **विलेज कोम्युनिटीझ** [ગ્રામસમાજો] ગ્રંથ તરફ ધ્યાન ખેંચવાની રજા માગે છે. તેમાં તેમણે અત્યંત સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે હિંદની જુદી જુદી જાતિઓને પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓનો કેટલાયે પ્રાચીન કાળથી પરિચય છે. એ નામાંકિત વકીલ અને લેખકે દર્શાવી આપ્યું છે કે ટ્યુટૉનિક માર્કને[1] જ્યાં સુધી ચોક્કસ કાયદેસરનું રોમન સ્વરૂપ આપવામાં આવ્યું નહોતું, ત્યાં સુધી તે હિંદી ગ્રામસમાજની પંચાયત સંસ્થા જેટલો સંગઠિત કે અસલમાં પ્રતિનિધિત્વવાળો નહોતો.

૯. લંડનમાં ઈસ્ટ ઇન્ડિયન ઍસોસિયેશન આગળ કરેલા ભાષણમાં મિ. શિઝોમ ઍન્સ્ટીએ કહ્યું હતું:

> સુધરાઈના વહીવટમાં અને પાર્લમેન્ટની ઢબના વહીવટમાં કેળવણી અને એવી જ બીજી ચીજોથી પૂર્વમાં લોકોને તૈયાર કરવાની વાતો કરતી વખતે આપણે આ દેશમાં ભૂલી જઈએ એવો ઘણો સંભવ છે કે પૂર્વ તો સુધરાઈના વહીવટની જનેતા છે. વ્યાપકમાં વ્યાપક અર્થમાં સ્થાનિક સ્વરાજ એ પદ ખુદ પૂર્વના જેટલું જ પ્રાચીન છે. આપણે જેને પૂર્વ કહીને ઓળખીએ છીએ તેમાં વસતા લોકો ગમે તે ધર્મના હશે પણ પૂર્વથી પશ્ચિમ સુધી અને ઉત્તરથી દક્ષિણ સુધી દેશનો એક પણ એવો ભાગ જોવાનો નહીં મળે જેમાં સંખ્યાબંધ સુધરાઈઓ ઊભરાતી ન હોય; એટલું જ નથી, આપણી જૂના જમાનાની સુધરાઈઓની માફક તે બધી મળીને એક એવી જાતની જાળ ફેલાઈ ગયેલી છે કે પ્રતિનિધિત્વના સિદ્ધાંત પર રચાયેલી વહીવટની મહાન પદ્ધતિને સારુ તમારી પાસે આગળથી ઘડાયેલું ચોકઠું તૈયાર છે.

હરેક ગામમાં અગર કસબામાં હરેક ન્યાતનાં ધારાધોરણો હોય છે, તે બધી પોતપોતાના પ્રતિનિધિઓની ચૂંટણી કરે છે અને આજની પાર્લમેન્ટની ઢબની સંસ્થાઓ જેમાંથી નીપજી છે તે સૅક્સન જમાનાની વિટન[2] સંસ્થાઓનો આબાદ નમૂનો પૂરો પાડે છે.

૧૦. **पंचायत** શબ્દ હિંદુસ્તાનના આખાયે મુલકમાં ઘરગથ્થુ વપરાશનો શબ્દ છે. અને માનનીય સભ્યો સારી રીતે જાણતા હશે તે પ્રમાણે તેનો અર્થ જેના તે પાંચ સભ્યો હોય છે તે વર્ગના સમૂહે જે તે ન્યાતના સામાજિક વહેવારની વ્યવસ્થા અને તેનું નિયંત્રણ કરવાને ચૂંટી કાઢેલા પાંચ જણનું મંડળ એવો થાય છે.

૧૧. બરાબર બ્રિટનની પાર્લમેન્ટના નમૂના પ્રમાણે રચાયેલી પ્રજાના પ્રતિનિધિઓની બનેલી મૈસૂર ઍસેમ્બ્લી નામથી ઓળખાતી સભા આજે મૈસૂર રાજ્યમાં મોજૂદ છે.

૧૨. ડરબનમાં વસતી હિંદી વેપારી કોમની પોતાની પાંચ સભ્યોની સભા અથવા પંચાયત ચાલે છે અને મહત્ત્વની દૃષ્ટિથી તાકીદની ગણાય એવી બાબતોમાં તેની ચર્ચાવિચારણા પર આખીયે કોમના સમુદાયનો કાબૂ હોય છે; અને તે સભાના બંધારણ મુજબ જરૂરી વધુમતીથી સમુદાય તેના નિર્ણયો ફેરવી અથવા રદ કરી શકે છે. તમારા અરજદારો નમ્રપણે કહેવા માગે

૧. ઘણા પ્રાચીન જમાનામાં જર્મનીમાં ગામની જમીનનો માલિક ગામનો આખોયે સમાજ હતો. તેની વ્યવસ્થા પણ આખું ગામ મળીને કરતું. સુધારેલા સ્વરૂપની આ પદ્ધતિ મધ્યયુગ સુધી ચાલુ હતી. ગામ આખાના આવા જમીનના સમૂહને 'ટ્યુટૉનિક માર્ક' નામથી ઓળખાવવામાં આવતો હતો. એમાં કોઈક પ્રકારનું સાદું પ્રતિનિધિત્વનું તત્ત્વ રહેલું હતું એ બીના ઉઘાડી છે.

૨. પંચાયતની ઢબની સંસ્થા.

Gandhi Heritage Portal

છે કે એમાંથી પ્રતિનિધિત્વવાળી સંસ્થા મારફતે કામ કરવાની આવડત અને શક્તિની સાબિતી મળે છે.

૧૩. અને સાચે જ, પ્રતિનિધિ સંસ્થા મારફતે ચાલતા વહીવટના હિંદીઓના અનુભવ તેમ જ જ્ઞાનનો ખુદ નામદાર શહેનશાહબાનુની સરકારે એટલી હદ સુધી સ્વીકાર કર્યો છે કે તદ્દન અસલ અર્થમાં હિંદુસ્તાનને સુધરાઈઓના વહીવટમાં સ્થાનિક સ્વરાજના અધિકાર આપવામાં આવ્યા છે.

૧૪. ૧૮૯૧ની સાલમાં હિંદુસ્તાનમાં ૭૫૫ સુધરાઈ અને ગ્રામવિસ્તારોમાં કાર્ય કરનારી ૮૯૨ સ્થાનિક બોર્ડ [લોકલ બોર્ડ] હતી અને તેમાં ૨૦,૦૦૦ હિંદીઓ સભ્યો હતા. આ આંકડા પરથી સુધરાઈઓ અને તેમનાં મતદારમંડળોના કદનો તેમ જ મહત્ત્વનો કંઈક ખ્યાલ આવે તેવો છે.

૧૫. આ વિષયમાં હજી વધારે સાબિતીની જરૂર લાગતી હોય તો તમારા અરજદારો માનનીય સભ્યોનું તાજેતરમાં મંજૂર થયેલા ઇન્ડિયન કાઉન્સિલ બિલ [ખરડા] તરફ ધ્યાન ખેંચે છે. એ ખરડાથી પ્રતિનિધિત્વની પદ્ધતિ હિંદના જુદા જુદા ઇલાકાઓમાં ધારા ઘડનારી કાઉન્સિલોમાં સુધ્ધાં દાખલ કરવામાં આવી છે.

૧૬. તમારા અરજદારોને તેથી વિશ્વાસ છે કે તમારી માનનીય ઍસેમ્બ્લી [ધારાસભા] જોઈ શકશે કે મતાધિકારનો એ લોકો ઉપયોગ કરે તે વાતથી જેનો તેમને પહેલાં કદી પરિચય નહોતો અથવા જે તેમણે કદી ભોગવ્યો નહોતો તેવા અધિકારનો વિસ્તાર થતો નથી પણ ઊલટું તેનો ઉપયોગ કરવાની ગેરલાયકાત એક એવું અન્યાયી નિયંત્રણ હશે કે જે એવી જ જાતના સંજોગોમાં તેમના વતનમાં તેમના પર કદી મૂકવામાં ન આવે.

૧૭. તેથી વળી તમારા અરજદારો નમ્રપણે જણાવે છે કે તેમને મતાધિકારના હકનો ઉપયોગ કરવા દેવામાં આવશે તો તે બધા "જે મહાન દેશમાંથી આવે છે તેમાં ચળવળોના પ્રચારકો અને રાજદ્રોહ ફેલાવનારાં સાધનો બની જશે" એવો ડર ઓછામાં ઓછું કહીએ તો પાયા વગરનો છે.

૧૮. તમારા અરજદારો ગૌણ મુદ્દા ઉપર અને ખરડાના બીજા વાચન પરની ચર્ચા દરમિયાન નાહક કરવામાં આવેલી કઠોર ટીકા પર વિવેચન કરવાનું બિનજરૂરી લેખે છે પરંતુ જેની વિચારણા ચાલે છે તે વિષય પર કેટલાક ઉતારા ટાંકવાની પરવાનગીની યાચના કરે છે. તમારા અરજદારોએ પોતાની જાતિ વિષે બીજા લોકોએ શું માન્યું છે તેના ઉતારા ટાંકી પોતાની વાતનું સમર્થન શોધવાને બદલે પોતાનાં કામોથી પોતાની તુલના કરાવવાનું બહેતર માન્યું હોત; પણ અત્યારના સંજોગોમાં તેમને માટે બીજો કોઈ રસ્તો મોકળો રહ્યો નથી કેમ કે પરસ્પર મુક્ત વહેવારને અભાવે તેમની શક્તિ અને આવડત વિષે ઘણી ગેરસમજ ફેલાયેલી જોવામાં આવે છે.

૧૯. કૅનિંગ્ટનના ઍસેમ્બ્લી રૂમ્સ[સભાખંડ]માં થયેલી સભામાં ભાષણ કરતાં મિ. ઑફ. પિંકટે કહ્યું હતું:

> હિંદુસ્તાનના લોકોના અજ્ઞાન અને પ્રતિનિધિઓ મારફતે ચાલતા સરકારી વહીવટના મોટા લાભ સમજવાની બિનલાયકાત વિષે આ દેશમાં આપણે ઘણું સાંભળેલું છે. એ બધી વાતો ખરેખર ઘણી બેવકૂફીભરેલી છે કેમ કે પ્રતિનિધિઓ મારફતે ચાલતા રાજ્ય-વહીવટને ભણતરની સાથે કશી લેવાદેવા નથી. તેને ઘણી વધારે લેવાદેવા સામાન્ય સમજ

Gandhi Heritage Portal

સાથે છે; અને આપણા જેટલી જ સાદી સમજની બક્ષિસ હિંદના લોકોને પણ મળેલી છે; અને વળી આપણને કોઈ પણ પ્રકારનું ભણતર મળતું થયું તેની પહેલાં સેંકડો વરસ આગળથી આપણે ચૂંટણીનો અધિકાર ભોગવતા અને પ્રતિનિધિઓની બનેલી સંસ્થાઓ મારફતે જાહેર વહીવટ કરતા આવ્યા છીએ. તેથી ભણતરની કસોટીની વાતનો કશો અર્થ નથી. આપણા દેશનો ઇતિહાસ જાણનારાને બરાબર માહિતી છે કે બસો વરસ પહેલાં આપણે ત્યાં હડહડતાં વહેમ અને અજ્ઞાન ફેલાયેલાં હતાં અને છતાં આપણી પાસે આપણી પ્રતિનિધિઓની બનેલી સંસ્થાઓ હતી.

૨૦. હિંદના લોકોના સામાન્ય ચારિત્ર્ય વિષે લખતાં સર જ્યૉર્જ બર્ડવુડ નીચે પ્રમાણે સમારોપ કરે છે:

હિંદના લોકો અસલ અર્થમાં કોઈ પણ રીતે આપણાથી ઊતરતા નથી, જ્યારે કેટલાંક ખોટાં ધોરણોથી, આપણા પૂરતાં ખોટાં ધોરણોથી, મપાતી જે વાતો માનવાનો આપણે દેખાવ માત્ર કરીએ છીએ તેમની બાબતોમાં તેઓ આપણાથી ચડિયાતા છે.

૨૧. મદ્રાસ ઇલાકાના ગવર્નરોમાંનો એક સર ટૉમસ મનરો કહે છે:

હિંદુસ્તાનના લોકોને સુધારવાની વાતો કરનારા લોકો શું કહેવા માગે છે તે હું સમજી શકતો નથી. સારા રાજવહીવટના સિદ્ધાંત અને તેમનો વહેવારમાં અમલ કરવાની બાબતમાં તે લોકો ઓછા ઊતરે એમ બને; પણ ખેતીવાડીની સારી પદ્ધતિ, બેનમૂન માલ પેદા કરવો, વાંચવાનું ને લખવાનું શીખવવાને નિશાળોની સ્થાપના, અજાણ્યા તરફ માયાળુપણાની અને તેની મહેમાનગીરી કરવાની સામાન્ય વૃત્તિ, એ બધાં સુધરેલા લોકોને બતાવનારાં લક્ષણોમાંનાં થોડાં ગણીએ તો તેઓ યુરોપના લોકો કરતાં સંસ્કાર અને સુધારામાં ઊતરતા નથી.

૨૨. જેને ઘણી ગાળો પડે છે અને જેને વિષે તેથીયે વધારે ગેરસમજ ફેલાયેલી છે તે હિંદીને વિષે પ્રોફેસર મૅક્સમૂલરે નીચે મુજબનાં વચનો કહ્યાં છે:

મને પૂછવામાં આવે કે માણસના મને કયા આકાશ નીચે પોતાની ઉત્તમમાં ઉત્તમ બક્ષિસોને સંપૂર્ણપણે કેળવી છે, જીવનના મોટામાં મોટા સવાલો પર ઊંડામાં ઊંડું ચિંતન કર્યું છે અને પ્લેટો ને કૅન્ટ જેવા ફિલસૂફોના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારાઓએ પણ ધ્યાનમાં લેવા જેવા તે સવાલો પૈકીના કેટલાકના ઉકેલ શોધી આપ્યા છે—તો હું હિંદુસ્તાન તરફ નિર્દેશ કરું.

૨૩. સંસ્કારી ભાવનાઓને અપીલ કરીને તમારા અરજદારો અદબથી બતાવવાની હિંમત કરે છે કે ફ્રૅંચાઈઝ લૉ ઍમેન્ડમેન્ટ બિલ [મતાધિકારના કાનૂનમાં સુધારો કરનારો ખરડો] જો મંજૂર રાખવામાં આવશે તો તેનું વલણ બ્રિટિશ તેમ જ હિંદી રાષ્ટ્રનાં ઉત્તમોત્તમ તત્ત્વો જે એકતા અંતરથી ઝંખે છે તેની પ્રક્રિયાને વેગવાન બનાવવાને બદલે ધીમી પાડી નાખવાનું રહેશે.

૨૪. તમારા અરજદારોએ પોતાની વતી જાણીબૂજીને અંગ્રેજોનાં પ્રમાણભૂત ગણાય એવાં વચનો ટાંક્યાં છે અને તે ઉતારાઓનો વિસ્તાર કરવાને તેમનું વધારે વિવરણ કર્યું નથી. હજી વધારે અનેકગણા આવા ઉતારા ટાંકવાનું બની શકે એવું છે પણ તમારા અરજદારોને ભારોભાર વિશ્વાસ છે કે તેમની અરજીના ન્યાયીપણાની પ્રતીતિ તમારી માનનીય ઍસેમ્બ્લીને કરાવવાને ઉપરના ઉતારા પૂરતા છે અને તેઓ તમારી માનનીય સભાને એ નિર્ણયને ફરી વિચાર કરવાને,

Gandhi Heritage Portal

અથવા એ ખરડા પર આગળ વિચાર કરતાં પહેલાં સંસ્થાનમાં વસવાટ કરનારા હિંદીઓ મતાધિકારનો ઉપયોગ કરવાને લાયક છે કે નથી તે સવાલની તપાસ કરવાને એક કમિશન નીમવાને અંતરથી પ્રાર્થના કરે છે.

અને ન્યાય તેમ જ દયાના આ કાર્યને સારુ તમારા અરજદારો ફરજથી બંધાઈને હમેશ પ્રાર્થના કરતા રહેશે વ. વ.

[મૂળ અંગ્રેજી]

સંસ્થાનોની કચેરીના દફતર નં. ૧૭૯, પુ. ૧૮૯; નાતાલની પાર્લમેન્ટના મત અને કાર્યવાહી; ૧૮૯૪.

## ૨૬. નાતાલના વડા પ્રધાનને મળેલું પ્રતિનિધિમંડળ

ડરબન,
જૂન ૨૯, ૧૮૯૪

સર જૉન રૉબિન્સન, કે. સી. એમ. જી.
વડા પ્રધાન અને સંસ્થાન મંત્રી
નાતાલ સંસ્થાન

આપ નામદારને વિનંતી કરવાની કે

આ અમારા પ્રતિનિધિમંડળની મુલાકાતને સારુ આપ નામદારના કીમતી સમયમાંથી થોડો કાઢવાને માટે આપ નામદારનો અમારે અત્યંત આભાર માનવાનો છે.

સંસ્થાનમાં વસતા હિંદીઓની આ અરજી આપ નામદારની આગળ રજૂ કરવાની અમે રજા ચાહીએ છીએ અને આપ નામદારને તેના પર પૂરા દિલથી ધ્યાન આપવાને વિનંતી કરીએ છીએ.

જેટલો બિલકુલ જરૂરી હોય તેથી વધારે વખત લઈ આપ નામદારના સૌજન્યનો અમે ખોટો લાભ લેવા માગતા નથી. છતાં આપ નામદારની આગળ બની શકે તેટલી પૂરી વિગતે અમારી દાદ રજૂ કરવાને પૂરતો વખત અમારી પાસે નથી તેનો અમને ખેદ થાય છે.

સાહેબ, અમને એવું સંભળાવવામાં આવ્યું છે કે વાત લગભગ વણસી જાય એટલા અમે મોડા જાગ્યા છીએ. માનનીય ઍસેમ્બ્લી અને માનનીય કાઉન્સિલ એ બંને ધારાસભાનાં મંડળોની આગળ અમારી વિનંતી રજૂ કરવાને આથી વહેલા પહોંચવાનું અમારાથી બને એવું નહોતું એ બીનાની આપ નામદારને ખાતરી કરાવવાને અમારા ખાસ સંજોગોની હકીકત આપને જણાવીએ તો પૂરતું છે. કોમના બે મુખ્ય આગેવાન માણસો તાકીદને કામે સંસ્થાનની બહાર ગયા હતા અને સંસ્થાનમાંથી તેમની સાથે કોઈ જાતનો વહેવાર થાય એવું નહોતું. અંગ્રેજી ભાષાના અમારા ઘણા અધૂરા જ્ઞાનને કારણે મહત્ત્વની રાજકારણી બાબતોની જાણકારીમાં રહેવાનું અમે ઇચ્છીએ તેટલું રહી શકતા નથી.

આપ નામદાર તરફ પૂરા આદર સાથે અમે જણાવવા રજા લઈએ છીએ કે ઍંગ્લો-સૅક્સન અને હિંદી બંને જાતિઓ એક જ વંશની છે. મતાધિકારના કાયદામાં સુધારા કરનારા ખરડાના બીજા વાચન વખતે આપ નામદારે કરેલું છટાદાર સમર્થ ભાષણ અમે એકચિત્ત થઈ વાંચેલું અને તેથી અમને આનંદ થયેલો. તે પછી તેમાં આપ નામદારે બન્ને જાતિઓ

Gandhi Heritage Portal

જેમાંથી આવી છે તે મૂળ વંશ અલગ અલગ છે એવા વ્યક્ત કરેલા અભિપ્રાયને કોઈ અધિકારી લેખકે મંજૂર રાખ્યો છે કે નહીં તે ચોક્કસ જાણવાને અમે ખૂબ ચીવટથી મહેનત કરી. મૅક્સમૂલર, મોરિસ, ગ્રીન અને એવા બીજા અનેક લેખકોએ એકે અવાજે તદ્દન ચોખ્ખું બતાવ્યાનું જણાય છે કે બન્ને જાતિઓ એક જ આર્ય અથવા ઘણા જેને ઘણે ભાગે ઇન્ડો-યુરોપિયન વંશ કહીને ઓળખાવે છે તેમાંથી ઊતરી આવેલી છે. જે રાષ્ટ્ર એક બંધુરાષ્ટ્રનાં અંગો તરીકે અમને આવકારવાને આનાકાની કરતું હોય તેને માથે પડવાની અમારી મુદ્દલ ઇચ્છા નથી, પણ મતાધિકારનો અમલ કરવાને અમને લાયકાત વગરના જાહેર કરવામાં એક દલીલ લેખે જેના માની લેવામાં આવેલા અભાવને આગળ કરવામાં આવે છે તે સાચી હકીકતો જણાવીએ તો અમને આપ નામદાર ક્ષમા કરશો.

વળી, આપ નામદારે એવું કહ્યું હોવાનું જણાવવામાં આવે છે કે મતાધિકારના હકનો હિંદીઓ પાસે અમલ કરાવવાની અપેક્ષા રાખવામાં ક્રૂરતા છે. અમે નમ્રતાથી કહેવાની રજા લઈએ છીએ કે અમારી અરજી એ વાતનો પૂરતો જવાબ છે.

અમારી દૃષ્ટિથી આપ નામદારનું ભાષણ અમને ગમે તેટલું અન્યાયી લાગ્યું હશે તોપણ એટલું જાણીને અમને ઓછું સમાધાન નથી કે તેમાંથી ન્યાય, નીતિ અને તેથીયે વિશેષ ઈસુના ધર્મના સાચામાં સાચા ભાવોનો રણકો સંભળાય છે. આ દેશના ઉત્તમોત્તમ માણસોમાં જ્યાં સુધી આવો ભાવ જોવાનો મળે છે ત્યાં સુધી હરેક દાખલામાં ન્યાય મળી રહેવાની બાબતમાં અમારે નિરાશ થવાની જરાયે જરૂર નથી.

તેથી જ, અમારી નમ્ર અરજી પરથી ખુલ્લી થતી નવી હકીકતોના જ્ઞાન પછી એ બધા ભાવો પૂરેપૂરા વ્યક્ત થયા વગર રહેવાના નથી અને પરિણામે સંસ્થાનમાંના હિંદીઓને ન્યાય મળ્યા વગર પણ રહેવાનો નથી એવું પૂરા વિશ્વાસથી માનીને આપ નામદારની આગળ રજૂ થવાની અમે હિંમત કરી છે.

અમે માનીએ છીએ કે અરજીમાં કરવામાં આવેલી વિનંતી જરાયે વધારેપડતી નથી. અખબારોના હેવાલો પર ભરોસો રાખી શકાય તો મતાધિકારના મૂલ્યવાન હકનો ઉપયોગ કરવા જેટલી બુદ્ધિવાળા કેટલાક આબરૂદાર હિંદીઓ છે એવું સ્વીકારવાની આપ નામદારે મહેરબાની બતાવી છે. અમારા નમ્ર મત મુજબ આ અત્યંત મહત્ત્વના સવાલની તપાસ માટે એક કમિશનની માગણી સ્વીકારવાનું એ જ એક પૂરતું કારણ છે. અમે એવા કમિશનની સામે રજૂ થવાને ખુશી છીએ એટલું જ નહીં, તેને અમે આવકારીએ છીએ. અને એક નિષ્પક્ષ કમિશન નિષ્પક્ષપણે નિર્ણય આપે કે હિંદીઓ એ હકનો ઉપયોગ કરવાને લાયક છે તો તેમને તેમ કરવા દેવાની અમારી વિનંતી શું વધારેપડતી છે? એ ખરડાને અમે બરાબર સમજ્યા હોઈએ તો તે કાયદો બનશે તેને પરિણામે આ મુલકના ઊતરતામાં ઊતરતા દરજ્જાના વતની કરતાં હિંદીઓનો દરજ્જો હલકો રહેશે. કેમ કે અહીંનો મૂળ વતની કેળવણીથી ચૂંટણી કરવાને લાયક બની શકશે પણ હિંદી તો તે રીતે પણ કદી લાયક નહીં બની શકે. આ ખરડો એટલો બધો તળિયાઝાટક લાગે છે કે બ્રિટિશ આમ સભાનો હિંદી સભ્ય પણ અહીં આવે તો મતદાર થવાને સુધ્ધાં લાયક નહીં ગણાય.

આના જેટલી જ મહત્ત્વની બીજી બાબતો આપ નામદારનું ગંભીરપણે ધ્યાન રોકી રહી છે તેની અમને જાણ ન હોત તો આ ખરડાના જે અર્થો કરવામાં આવશે તેમાંથી નીપજનારાં નુકસાનકારક પરિણામો, અને ખરડાના નામાંકિત ઘડનારાઓએ પણ જેની કદાચ ધારણા નહીં

Gandhi Heritage Portal

રાખી હોય તેવાં પરિણામો અમે બીજાં કેટલાંયે દર્શાવી શકત. અમને એક અઠવાડિયાનો વધારે વખત આપવામાં આવત તો ઍસેમ્બ્લી સમક્ષ અમે અમારી દાદ ઘણી વધારે વિગતથી રજૂ કરી શકત. પછી અમારું કામ અમે આપ નામદારના હાથમાં છોડી દેત અને આપ નામદારને અમારા અંતરની બધી લાગણીથી આજીજી કરત કે આપ નામદારના સમર્થ પ્રભાવનો ઉપયોગ કરી હિંદીઓને ન્યાય અપાવો. કેમ કે અમારે કેવળ ન્યાય જોઈએ છે, બીજું કંઈ જ જોઈતું નથી.

આ પ્રતિનિધિમંડળને મુલાકાત આપવાને માટે અને અમારા તરફ બતાવવામાં આવેલી ધીરજ તેમ જ સૌજન્યને માટે અમે આપ નામદારનો આભાર માનીએ છીએ.

હિંદી કોમની વતી આપની આગળ રજૂ થનાર અમે છીએ,

આપ નામદારના અત્યંત આજ્ઞાંકિત સેવકો
**મો. ક. ગાંધી**
અને ત્રણ બીજા

[મૂળ અંગ્રેજી]

૧૮૯૬ની સાલના એપ્રિલ માસની ૨૧મી તારીખે નાતાલની લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીના હુકમથી પ્રસિદ્ધ થયેલા પત્રવહેવારના પરિશિષ્ટમાંનું નં. ૧.
સંસ્થાનોની કચેરીનું દફતર નં. ૧૮૧, પુ. ૪૧.

## ૨૭. ધારાસભાના સભ્યોને માટે સવાલો

### (પરિપત્ર)

ડરબન,
જુલાઈ ૧, ૧૮૯૪

શ્રી

સાહેબ,

અમે નીચે સહી કરનારાઓએ આ પત્રની નકલો માનનીય લેજિસ્લેટિવ કાઉન્સિલ અને માનનીય લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી બન્નેના માનનીય સભ્યોને રજિસ્ટર્ડ ટપાલથી મોકલી છે અને તેમને સાથેના બિડાણમાં પૂછવામાં આવેલા સવાલોના જવાબો આપવા વિનંતી કરી છે. સાથેની યાદીમાંના વિશેષના ખાનામાં તમારે જે વિશેષ કહેવું હોય તે લખી જવાબના ખાનામાં તમારો જવાબ ભરી મોકલવાની અને તેના પર તમારી સહી કરી નીચે સહી કરનારાઓમાંથી પહેલાને ઉપરને સરનામે મોકલવાની મહેરબાની કરશો તો તમારો અમારા પર મોટો ઉપકાર થશે.

અમે છીએ, સાહેબ
તમારા
આજ્ઞાંકિત સેવકો
**મો. ક. ગાંધી**
અને ચાર બીજા

૧. લૉર્ડ રિપનને મોકલવામાં આવેલી અરજીના ફકરા ૮મામાં આ પત્ર અને પ્રશ્નાવલિનો ઉલ્લેખ છે. જુઓ આગળ પા. ૮૮.

Gandhi Heritage Portal

| સવાલો | જવાબ<br>હા અથવા ના | વિશેષ |
|---|---|---|
| ૧. મતાધિકારના કાયદામાં સુધારો કરવાનો ખરડો કોઈ પણ જાતના સુધારા અગર ફેરફાર વગર અણિશુદ્ધ ન્યાયી કાયદાનું પગલું છે એવું તમે તમારા અંતઃકરણને પૂછીને કહી શકો ખરા કે? | | |
| ૨. જે હિંદીઓ ગમે તે એક યા બીજા કારણસર પોતાનાં નામ મતદારોની યાદીમાં દાખલ કરાવી શકયા નથી તેમને તેઓ ગમે તેટલા શક્તિશાળી હોય અથવા સંસ્થાનમાં તેમનાં ગમે તેવાં હિત હોય તોપણ ધારાસભાની ચૂંટણીમાં હમેશને માટે મત આપવાની બંધી થવી જોઈએ ખરી કે? | | |
| ૩. તમે ખરેખર માનો છો કે બ્રિટિશ હિંદનો કોઈ પણ પ્રજાજન સંસ્થાનનો પૂરેપૂરો નાગરિક બનવાને અથવા મત આપવાને કદી પૂરતી જરૂરી લાયકાત મેળવી કે કેળવી ન શકે? | | |
| ૪. માણસ મૂળે એશિયાઈ હોય તેટલા જ કારણસર તે મતદાર ન થઈ શકે એ વાતને તમે ન્યાયી માનો છો? | | |
| ૫. જે હિંદી મુદતી કરારથી અહીં સંસ્થાનમાં આવી વસવાટ કરે છે તે કાયમને માટે હિંદ પાછા ફરવાનું પસંદ ન કરે તો હમેશને માટે અર્ધગુલામી અને અજ્ઞાનની દશામાં અહીં રહે એવું તમે ઇચ્છો છો? | | |

[મૂળ અંગ્રેજી]

સંસ્થાનોની કચેરીનું દફતર નં. ૧૭૯, પુ. ૧૮૯

## ૨૮. નાતાલના ગવર્નરને મળેલું પ્રતિનિધિમંડળ

ડરબન,

જુલાઈ ૩, ૧૮૯૪

નેક નામદાર માનનીય સર વૉલ્ટર ફ્રાન્સિસ હેલી-હચિન્સન, કે. સી. એમ. જી., નાતાલ સંસ્થાનમાં અને તેની ઉપર કમાન્ડર-ઈન-ચીફ [વડા સેનાધિપતિ], તેના જ વાઈસ-ઍડમિરલ [નાયબ નૌકા સેનાધિપતિ] અને સંસ્થાનના અસલ વતનીઓના સૌથી ઊંચા વડા

નેક નામદારને વિનંતી જે

૧૮૯૪ની સાલના જુલાઈ માસની ૧લી તારીખે ડરબનમાં રહેતા આગેવાન હિંદીઓની સભામાં જેનું નાતાલ સંસ્થાનની માનનીય લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં ગઈ કાલે રાત્રે ત્રીજી વારનું વાચન થયું તે મતાધિકારના કાયદાના સુધારાના ખરડાની બાબતમાં આપ નેક નામદારની મુલાકાત લેવાની અમને વિનંતી કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

જે હિંદીનું નામ અત્યારે મતદારોની યાદીમાં ન હોય તે બ્રિટિશ પ્રજાજન હોય અગર ન હોય તોપણ આ ખરડો જે સ્વરૂપમાં છે તેથી મતદાર બનવાને અપાત્ર ઠરે છે.

અમે કહેવાને હિંમત કરીએ છીએ કે એ ખરડામાં હવે પછી સુધારોવધારો કરવામાં નહીં આવે તો તે દેખીતી રીતે જ અન્યાયી કાયદો હોઈ કંઈ નહીં તો કેટલાક હિંદીઓ પર તેની માઠી અસર થયા વગર રહેશે નહીં.

ખુદ ઈંગ્લંડમાં સુધ્ધાં કોઈ પણ બ્રિટિશ પ્રજાજન જરૂરી લાયકાત ધરાવતો હોય તો મત આપવાને હકદાર બને છે અને તે હકમાં તેની ન્યાત, અગર તેનો વર્ણ અગર તેનો ધર્મ બાધા કરતાં નથી.

આપ નેક નામદારના સૌજન્યનો ખોટો વધારે પડતો લાભ લઈ આ સવાલની વિસ્તારથી ચર્ચા કરવાનું અમે મુનાસબ ગણતા નથી, પણ માનનીય લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીને અમારા તરફથી કરવામાં આવેલી અરજીની એક છાપેલી નકલ આપ નેક નામદાર આગળ રજૂ કરીએ છીએ અને તેને ધ્યાનથી વાંચવાની આપ નામદારને વિનંતી કરીએ છીએ.

અમને અમારું કાર્ય એટલું બધું ન્યાયી લાગે છે કે તેના સમર્થનમાં કોઈ દલીલની જરૂર રહેવી ન જોઈએ.

આપ નેક નામદાર નેક નામદાર કૃપાવંત મહારાણીના પ્રતિનિધિ છો અને અમને વિશ્વાસ છે કે જે કાયદાથી કૃપાવંત નેક નામદાર મહારાણીના હિંદી બ્રિટિશ પ્રજાજન મતાધિકારનો ઉપયોગ કરવાને કદી લાયક નહીં બને તેને આપ નામદાર મંજૂરી નહીં આપો.

આ બાબતમાં યોગ્ય અરજી[૧] સ્વીકારાયેલાં સાધનો મારફતે આપ નેક નામદારને મોકલવાની અમે ઉમેદ રાખીએ છીએ.

ડરબનમાં પ્રતિનિધિ મંડળને મુલાકાત આપવાને સારુ અને આપ નેક નામદારે અમારા તરફ બતાવેલા સૌજન્ય તેમ જ અમારી વાત ધીરજથી સાંભળવાની મહેરબાની કરવાને સારુ આપ નેક નામદારના અમે ઘણા ઘણા આભારી છીએ.

અમે છીએ વ.
(સહી) મો. ક. ગાંધી
અને છ બીજા

[મૂળ અંગ્રેજી]

નાતાલના ગવર્નર સર વોલ્ટર હેલી-હચિન્સને સંસ્થાનોના ખાતાના રાજ્યમંત્રી લૉર્ડ રિપનને ૧૮૯૪ની સાલના જુલાઈ માસની ૧૬મી તારીખે મોકલેલા ખરીતા નં. ૬૨ની સાથેના બિડાણ નં. ૨નું લખાણ.

૧. નાતાલના ગવર્નરને બીજી અરજી હકીકતમાં મોકલવામાં આવી નહોતી. ગાંધીજી અને તેમના સાથીદારો તે મોકલવાનો ઇરાદો રાખતા હતા એ વાત ખુલ્લી દેખાય છે, પણ બનાવો એવા બનતા ગયા કે તેઓ પાછળ પડી ગયા. આ અરજી પણ નામંજૂર થયેલી. મહારાણીની મંજૂરીને માટે એ ખરડાને એક પછી એક તબક્કે ધારાસભામાં ઝપાટાબંધ પસાર કરી મહારાણીની મંજૂરી મેળવવાને લૉર્ડ રિપનને મોકલવામાં આવ્યો હતો. એથી લૉર્ડ રિપનના નિર્ણયને માટે તેમના પર બીજી અરજી સર વૉલ્ટર હેલી-હચિન્સન મારફતે મોકલવી પડી હતી. જુઓ આગળ પા. ૮૭.

Gandhi Heritage Portal

# ૨૯. નાતાલ કાઉન્સિલને અરજી

ડરબન,
જુલાઈ ૪, ૧૮૯૪

લેજિસ્લેટિવ કાઉન્સિલના પ્રમુખ અને સભ્યોને કરવામાં આવેલી નીચેની અરજી માનનીય મિ. કૅમ્પબેલે રજૂ કરી:

**નાતાલ સંસ્થાનમાં વસતા નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રપણે દર્શાવે છે કે

જુલાઈ માસની ૨જી તારીખે મતાધિકારના કાયદામાં સુધારો કરવાના જે ખરડાનું ત્રીજી વારનું વાચન માનનીય લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં થઈ ચૂક્યું છે તેની બાબતમાં આ નમ્ર અરજી તમારી માનનીય કાઉન્સિલને કરવાને સંસ્થાનમાં વસતી હિંદી કોમે તમારા અરજદારોની નિમણૂક કરી છે. પોતાની ફરિયાદો વિસ્તારથી રજૂ કરવાને બદલે તમારા અરજદારો તમારી માનનીય કાઉન્સિલને હિંદીઓએ માનનીય લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીને એ ખરડાને અંગે કરેલી અરજી જોઈ જવાને અદબ સાથે વિનંતી કરે છે અને માનનીય સભ્યો સહેલાઈથી તરત જોઈ શકે તે ખાતર તે અરજીની એક છાપેલી નકલ આની સાથે જોડવામાં આવી છે. એ અરજી પર આશરે ૫૦૦ હિંદીઓએ સહી કરી છે. એક જ દિવસની ટૂંકી મુદતમાં એ સહીઓ થઈ છે. અરજદારોને વધારે સમય આપવામાં આવ્યો હોત તો જુદા જુદા જિલ્લાઓમાંથી મળેલા બધા હેવાલો પરથી તેમને પૂરી ખાતરી છે કે તેના પર ઓછામાં ઓછા ૧૦,૦૦૦ હિંદીઓએ સહી કરી હોત. તમારા અરજદારોને પૂરી આશા હતી કે માનનીય લેજિસ્લેટિવ ઍસેમ્બ્લી અરજીમાં કરવામાં આવેલી તેમની વિનંતીમાં રહેલો ન્યાય પારખી તેનો સ્વીકાર કરશે. પણ તેમની આશા ફોકટ નીવડી છે. માનનીય કાઉન્સિલના માનનીય સભ્યોને ઉપર જેનો ઉલ્લેખ કર્યો છે તે અરજી પર ઝીણવટથી ધ્યાન આપવાની અને કાયદાને તેમ જ સામાન્ય ન્યાયને અનુરૂપ તમારો માનનીય ઍસેમ્બ્લીના નિર્ણયમાં સુધારો કરવાનો અધિકાર વાપરવાની વિનંતી કરવાના આશયથી તમારા અરજદારોએ તમારી માનનીય કાઉન્સિલને અરજી કરવાની હિંમત કરી છે. ઉપર જણાવેલી અરજીના સંબંધમાં તમારા નીચે સહી કરનારા અરજદારો પૈકી કેટલાકને ધારાસભાના નીચલા સભાગૃહ [ઍસેમ્બ્લી]ના કેટલાક માનનીય સભ્યોની મુલાકાત લેવાનું માન મળ્યું છે અને તે બધા સભ્યોએ ઉપર જણાવેલી અરજીમાં કરવામાં આવેલી વિનંતીમાં રહેલા ન્યાયનો સ્વીકાર કર્યો હતો, પણ સામાન્ય લાગણી એવી જણાઈ કે અરજી મોડી પડી હતી. એ સવાલની ઝાઝી ચર્ચામાં ન ઊતરતાં તમારા અરજદારો અદબ સાથે જણાવવાની રજા લે છે કે અરજી મોડી પડી હતી એ વાત માની લઈએ તોપણ એ ખરડો કાયદો બનશે તો તેનાં પરિણામો એવાં ગંભીર આવે એવાં છે, અને અરજીમાં કરેલી માગણી એટલી મધ્યમસરની છે કે અરજી મોડી થયાની હકીકતને અરજીની વિચારણા કરવામાં માનનીય સભ્યોએ વજન આપવું જોઈતું નહોતું. રજૂ કરવામાં આવેલા ખરડાઓમાં તેમની ધારાસભાની સમિતિમાં ચર્ચાવિચારણા થયા બાદ અને આના કરતાંયે ઓછા અનિવાર્ય સંજોગોમાં સુધ્ધાં સુધરેલા દેશોની પાર્લમેન્ટોએ સુધારો કર્યાના અથવા તેમને નામંજૂર કર્યાના

Gandhi Heritage Portal

દાખલાઓ શોધી કાઢવા મુશ્કેલ નથી. ઈંગ્લંડમાં ઉમરાવોની સભાએ આઈરિશ હોમરૂલ બિલ [આયર્લૅન્ડ માટેના સ્વરાજ્યનો ખરડો] નામંજૂર કર્યાનો અને તેની બાબતમાં એ રીતે કયા સંજોગોમાં કામ લેવામાં આવ્યું હતું તેનો ઉલ્લેખ કરવાની તમારા અરજદારોને ઝાઝી જરૂર લાગતી નથી. તમારા અરજદારો નમ્રપણે રજૂઆત કરે છે કે મતાધિકારના કાયદામાં સુધારો કરવાનો ખરડો એટલો તળિયાઝાટક છે કે તે કાયદો બને પછી કોઈ પણ હિંદી ગમે તેટલો શક્તિશાળી હશે તોયે અત્યારે મતદારોની યાદીમાં નહીં હોય તો મતદાર બની નહીં શકે. તમારા અરજદારોને વિશ્વાસ છે કે તમારી માનનીય કાઉન્સિલ એવા અભિપ્રાયને મંજૂર નહીં રાખે અને તેથી ફરી વિચારણા કરવાને ખરડાને લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીને મોકલી આપશે.

અને ન્યાય તેમ જ દયાના એ કાર્યને માટે તમારા અરજદારો ઋણી રહેવાની પોતાની ફરજ માનશે.

[મૂળ અંગ્રેજી]

धि नाताल ऍडवर्टाइझर, ५–७–१८९४

# ૩૦. દાદાભાઈ નવરોજીને પત્ર

[ગાંધીજીએ દાદાભાઈ નવરોજીને લખેલા અનેકમાંનો આ પહેલવહેલો પત્ર હોય એમ લાગે છે. દક્ષિણ આફ્રિકામાં વસવાટ કરીને રહેલા હિંદીઓ પોતાની અરજીઓ બ્રિટિશ સરકારની આગળ રજૂ કરાવવાને છેક ૧૮૯૧ની સાલથી દાદાભાઈની પાસે પહોંચી જઈ તેમની મદદ લેતા આવ્યા હતા. તેથી તેમને તેમના સવાલોનો પરિચય હતો. મૂળ આખો કાગળ મળી શકતો ન હોઈ તેમાંના નીચે આપેલા ઉતારા આર. પી. મસાણીના दादाभाई नवरोजी : धि ग्रान्ड ओल्ड मॅन ऑफ इन्डिया (હિંદના દાદા દાદાભાઈ નવરોજી) પુસ્તકનાં પાન ૪૬૮–૯ પરથી લેવામાં આવ્યા છે.]

ડરબન,
જુલાઈ ૫, ૧૮૯૪

જવાબદાર રાજતંત્રના અમલ નીચેની નાતાલની પહેલી પાર્લમેન્ટ મોટે ભાગે હિંદી પાર્લમેન્ટ થઈ. તેના કામકાજનો ઘણો મોટો ભાગ હિંદીઓને અને તે પણ બિલકુલ અનુકૂળ નહીં એવી અસર કરનારા કાયદાકાનૂનોને લગતો રહ્યો છે. લેજિસ્લેટિવ કાઉન્સિલ અને ઍસેમ્બ્લીની બેઠકનો પ્રારંભ કરતાં નાતાલના ગવર્નરે કહ્યું કે હિંદીઓએ હિંદમાં જેનો ઉપયોગ કદી કર્યો નથી પણ જેનો તેઓ અહીં નાતાલમાં ઉપયોગ કરે છે તે મત આપવાના અધિકારને લગતું કામકાજ મારા પ્રધાનો હાથ પર લેશે. હિંદીઓને મળેલો મતાધિકાર રદ કરવાને માટેનો તળિયાઝાટક કાયદો કરવાનાં કારણો એવાં બતાવવામાં આવ્યાં કે હિંદીઓએ પહેલાં કદી મતાધિકાર ભોગવ્યો નથી અને તેઓ તેને માટે લાયક નથી.

હિંદીઓની અરજી આ વાંધાનો પૂરતો જવાબ આપી દેતી લાગી. એટલે એ લોકોએ પોતાની મૂળ દલીલ ગળી જઈને એ કાયદાના ખરડાની અસલ નેમ ખુલ્લી કરી છે અને તે ચોખ્ખી આ મુજબની છે: "અમારે હવે અહીં હિંદીઓ જોઈતા નથી. અમારે ગિરમીટિયા કુલીઓની જરૂર છે, પણ તે બધા અહીં ગુલામ થઈને રહેશે અને કરારમાંથી છૂટા થશે કે તરત

Gandhi Heritage Portal

હિંદ પાછા જશે." હિંદીઓના આ કામ પર એકચિત્તથી ધ્યાન આપવાની મારી તમને અંતરથી વિનંતી છે, અને તમારી જે લાગવગ હિંદીઓ ગમે ત્યાં રહેતા હોય છતાં તેમને સારુ તમે વાપરતા આવ્યા છો અને આજે પણ વાપરો છો તે વાપરવાની તમને હું અપીલ કરું છું. છોકરાંઓ બાપ તરફથી જે આશા રાખે તેવી હિંદીઓ તમારી પાસેથી રાખે છે. અહીં ખરેખર એવી લાગણી છે.

મારે વિષે બે શબ્દ કહીને પૂરું કરું. હું હજી બિનઅનુભવી અને જુવાન છું અને તેથી ભૂલો કરું એવો પૂરો સંભવ છે. મેં ઉપાડેલી જવાબદારી છેક મારા ગજા બહારની છે. હું એટલું જણાવી લઉં કે આ કામ હું કંઈ પણ વળતર લીધા વગર કરું છું. એટલે તમે જોઈ શકશો કે મારા ગજા બહારનું આ કામ હિંદીઓને ખરચે કમાણી કરવાને સારુ મેં ઉપાડયું નથી. આ કામ હાથ પર લેવાને મળી શકે એવો હું જ અહીં એક છું. એટલે તમે મને દોરવણી આપી માર્ગ બતાવવાની અને જરૂરી સૂચનાઓ આપવાની કૃપા કરશો તો મારા પર તમારો મોટો ઉપકાર થશે. બાળક બાપ તરફથી મળેલી સૂચનાઓ સ્વીકારે તેવી રીતે તેમનો હું સ્વીકાર કરીશ.

## ૩૧. નાતાલ કાઉન્સિલને બીજી અરજી

ડરબન,
જુલાઈ ૬, ૧૮૯૪

માનવંતી લેજિસ્લેટિવ કાઉન્સિલના પ્રમુખ
અને મેમ્બર સાહેબો
નાતાલ કૉલોનીમાં રહેનારા નીચે સહી કરનાર
હિંદુસ્તાનીઓની

નમ્રતાપૂર્વક અરજ એ છે કે

૧. ફ્રેન્ચાઈઝ લૉ એમેન્ડમેન્ટ બિલના સંબંધમાં આપ નામદારને અરજ કરવા અમને આ કૉલોનીમાં રહેનારી હિંદી કોમે નીમ્યા છે.

૨. ૧૮૯૪ના જુલાઈની ૪થી તારીખે ઑનરેબલ મિ. કૅમ્પબેલની મારફતે જે અરજી અમોએ કરી તે નિયમ મુજબ ન હોવાથી અરજદારો આ બીજી અરજી કરી નામદાર કાઉન્સિલનો અમૂલ્ય વખત રોકે છે તેને સારુ બહુ દિલગીર છે.

૩. જે બિલની ટીકા થાય છે તે બિલથી હિંદી કોમમાં બહુ અસંતોષ ને નિરાશાની લાગણી ઉત્પન્ન થઈ છે, એ વાત તરફ કોમના વિશ્વાસુ ને જવાબદાર સભાસદો તરીકે અરજદારો નામદાર કાઉન્સિલનું ધ્યાન ખેંચે છે. જેમ જેમ બિલની ચર્ચા હિંદી કોમમાં થતી આવે છે તેમ તેમ અરજદારોને કાને નીચેના શબ્દો વધારે આવે છે, "સરકાર માબાપ આપણને મારી નાખશે, હવે આપણે શું કરશું?"

૪. નામદાર કાઉન્સિલને બહુ માનપૂર્વક અમે કહીએ છીએ કે આ કંઈ તુચ્છકારી કાઢવા જેવો અભિપ્રાય નથી, પણ એવો અંતઃકરણપૂર્વકનો છે કે નામદાર કાઉન્સિલે તે ઉપર બરાબર ધ્યાન દેવાનું છે.

Gandhi Heritage Portal

૫. નામદાર કાઉન્સિલમાં એમ કહેવામાં આવ્યું હતું કે હિંદુસ્તાનીઓ વોટ શું એ નથી સમજતા. પણ અરજદાર નમ્રતાપૂર્વક કહે છે કે એ વાત ખરી નથી. હિંદુસ્તાનીઓ મત આપવાના હકની શી જવાબદારી છે તે, [અને] તેથી શું હક મળે છે તે બરોબર સમજે છે. બિલ જેટલાં પગથિયાં ચડતું જાય છે તેટલાં પગથિયાં કેટલી ચિંતા ને ધ્રુજારાથી હિંદુસ્તાની કોમ જોયા કરે છે તે નામદાર કાઉન્સિલ પોતે જોઈ શકે એટલું જ અમે ઇચ્છીએ છીએ.

૬. અરજદાર એમ નથી કહેવા માગતા કે કોમના દરેકને એવું જ્ઞાન અને એવી લાગણી છે, પણ તેઓ કહેવાની રજા માગે છે કે તે સ્થિતિ સાધારણ છે. વળી, અરજદાર એમ પણ નથી કહેવા માગતા કે એવો એકે હિંદુસ્તાની નથી કે જેને વોટનો હક ન જોઈએ. પણ અરજદાર નમ્રતાપૂર્વક એમ તો કહે છે કે બધા હિંદુસ્તાનીઓને વોટમાંથી જડમૂળ બાતલ કરવાને તે કંઈ કારણ નથી.

૭. બિલનાં કેટલાંક અઘટતાં પરિણામો તરફ નામદાર કાઉન્સિલનું ધ્યાન ખેંચવા અરજદારે રજા માગી [છે] તે છે:

અ. જેઓ હાલ વોટરના લિસ્ટ ઉપર છે તેને સ્વતંત્ર રીતે ત્યાં બિલ રાખે છે અને જેણે આજ સુધી વોટરના લિસ્ટ પર આવવાની ઇચ્છા નથી કરી તેની સામે હમેશને વાસ્તે બારણું બંધ કરે છે.

બ. અગર જો કેટલાક છોકરા પોતાના બાપથી ચડી જાય તોપણ તેઓને વોટનો હક નહીં, જોકે બાપને હોય તોપણ.

ક. બંધાઈને આવેલ તથા સ્વતંત્ર બંને જાતના હિંદુસ્તાનીઓને બિલ એક જ કાટલે તોળે છે.

ડ. બિલનું કારણ રાજનીતિ હવે જે આપવામાં આવ્યું છે તે ઘડીભર કાઢી લઈએ તો બિલનો અર્થ એમ થાય છે કે હિંદુસ્તાનમાં રહેનારો એકે હિંદુસ્તાની હાલ નથી કે જે વોટ આપવાને લાયક હોય અને યુરોપિયન તથા ઇન્ડિયન વચ્ચે એટલો બધો તફાવત છે કે હિંદુસ્તાની યુરોપિયનની સાથે લાંબા સહવાસમાં આવે તોપણ વોટ આપવાને લાયક થતો નથી.

૮. અરજદાર નમ્રતાપૂર્વક સવાલ પૂછે છે, "એક બાપ વોટર છે. પોતાનો દીકરો પબ્લિક માણસ થાય તેવો કરવાને તેની કેળવણી ઉપર લાખો રૂપિયા ખરચે છે. છતાં જે સુધરેલા દેશમાં લૌકિક સ્વરાજ ચાલે છે ત્યાં ખરા કેળવાયેલ દરેક માણસનો ચોખ્ખો હક છે તે હક પોતાના છોકરાને ન મળે એ જોવું પડે તે વાજબી છે?"

૯. એથી આવા માણસોને વોટ આપવા દેવાથી અંતે દેશીઓનું રાજ્ય હિંદુસ્તાનીના હાથમાં જશે એવી જે ધાસ્તી ચાલી રહી છે તે ઉપર ટીકા કરવાની અરજદારની બહુ મરજી છે. પણ અરજદારને ધાસ્તી છે કે તે સવાલ ઉપર પોતાના વિચાર નમનતાઈથી નામદાર કાઉન્સિલ આગળ મૂકવાનો આ વખત નથી. અમે એટલું કહીને સંતોષ માની લેશું કે અમારા મત પ્રમાણે તેવો બનાવ કદી બનનાર જ નથી ને ધારો કે ભવિષ્યમાં બહુ કાળે કદી બને એમ હોય તોપણ તેને સારુ ઉપાયો લેવાનો વખત હજુ પાકયો નથી.

૧૦. અમે નમ્રતાપૂર્વક અરજી કરીએ છીએ કે બ્રિટિશ રૈયતના એક વર્ગ ને બીજા વર્ગ વચ્ચે અઘટિત તફાવત બિલથી થાય છે. પણ એમ કહેવાયું છે કે જો યુરોપીય બ્રિટિશ રૈયતની


Gandhi Heritage Portal

રીતે ઇન્ડિયન બ્રિટિશ રૈયત તરફ વર્તાય તો તેવી જ રીતે બીજી બ્રિટિશ રૈયત જેવા કે દેશીઓ સાથે પણ વર્તવું જોઈએ. દ્વેષ ઉપજાવે એવા મુકાબલા કર્યા વિના ૧૮૫૭ના રાણીના ઢંઢેરામાંથી ફકરા ટાંકવાની અરજદાર રજા માગી લે છે. તે ફકરા બતાવશે કે હિંદુસ્તાની બ્રિટિશ રૈયત તરફ કેવી જાતની વર્તણૂક ચાલી છે ને ચાલવી જોઈએ:

> જે ફરજ અમારી બીજી રૈયત તરફ છે તેમ ફરજથી અમે અમારા હિંદુસ્તાની મુલકના દેશીઓ તરફ વર્તવાને બંધાઈએ છીએ અને તે ફરજ અમે ઈશ્વરકૃપાથી બરાબર ને અંતઃકરણપૂર્વક અદા કરવાનાં છીએ.
>
> વળી, અમારી એવી ઇચ્છા છે કે અમારી ગમે તે નાતજાતની રૈયત પોતાની અક્કલ-હોશિયારીથી ને વફાદારીથી જેવી નોકરીની ફરજ બજાવવાને લાયક હોય તેવી નોકરીમાં તેને નિષ્પક્ષપાતપણે છૂટથી દાખલ કરી શકાય. તેઓની આબાદીમાં અમારું જોર છે, તેઓના સંતોષથી અમારી સહીસલામતી છે અને તેઓનો આભાર એ અમને બદલો છે.

૧૧. ઉપરના ફકરા અને ૧૮૩૩ના ચાર્ટરના ધોરણ ઉપર હિંદુસ્તાનમાં બહુ જવાબદારીની જેવી કે ચીફ જજની જગ્યાએ ઇન્ડિયનને નીમવામાં આવે છે તેમ છતાં અહીં બ્રિટિશ કૉલોનીમાં એક સાધારણ શહેરીનો સાધારણ હક તે આપના અરજદાર કે તેના ભાઈ કે તેનાં છોકરાં આગળથી છીનવી લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

૧૨. હવે એમ કહેવાયું છે કે હિંદુસ્તાનીઓ મ્યુનિસિપલ સેલ્ફ ગવર્નમેન્ટ સમજે છે પણ પૉલિટિક્સ નથી સમજતા. અરજદાર અરજ કરે છે કે એ પણ હવે તો સાવ સાચું નથી. પણ ધારીએ કે એ બરાબર સાચું છે તોપણ જ્યાં પાર્લમેન્ટરી ગવર્નમેન્ટ ચાલતાં હોય તેવા દેશમાં ઇન્ડિયનને પૉલિટિક્લ ફ્રેન્ચાઈઝનું બારણું બંધ કરી દેવાનું તે કંઈ કારણ છે? અરજદાર કહેવાને રજા માગે છે કે ખરી કસોટી તો એ જ છે કે અરજદાર અને જેની વતી તેઓ અરજી કરે છે તે લાયક છે કે નહીં. જ્યાં રાજા રાજ કરતો હોય (દાખલા તરીકે રશિયા) તેવા દેશમાંથી આવનાર પુરુષ કદી લૌકિક રાજ્યના ધોરણ ને ફાયદા સમજવાની પોતાની શક્તિ ન દેખાડી શક્યો હોય. અને તોપણ અમે માનવાની હિંમત ધરીએ છીએ કે નામદાર કાઉન્સિલ એવા માણસ જો બીજી વાતે લાયક હોય તો તેને નાલાયક ઠરાવી બાતલ નહીં કરે.

૧૩. પૂરું કરતાં પહેલાં અરજદાર લૉર્ડ મૅકોલેના યાદ રાખવા લાયક નીચેના શબ્દો તરફ નામદાર કાઉન્સિલનું ધ્યાન ખેંચે છે:

> આપણે સ્વતંત્ર ને સુધરેલા છીએ તોપણ જો મનુષ્યજાતના હરકોઈ ભાગને આપણે તેટલાં જ સ્વતંત્રતા ને સુધારો આપતાં અચકાઈએ તો એ સુધારો ને સ્વતંત્રતા કંઈ કામનાં નહીં.

૧૪. અરજદાર આશા રાખે છે કે ઉપરની વાતો ને દલીલો બીજું કંઈ સાબિત ન કરે તો એટલું તો સાબિત કરશે કે હિંદુસ્તાનીની વોટ આપવા વિષેની લાયકીનાલાયકી વિષે અને તેઓને વોટ આપવા દેવાથી યુરોપિયન વોટ દબાઈ જઈ દેશીનું રાજ્ય ઇન્ડિયનના હાથમાં જવા વિષે જે ધાસ્તી છે તેને સારુ કંઈ આધાર છે કે નહીં તે વિષે તથા એવી બીજી અગત્યની બાબતો વિષે તપાસ કરવાનું કમિશન નીમવાની ખરેખરી જરૂર છે.

Gandhi Heritage Portal

૧૫. અરજદાર એટલા સારુ વિનંતી કરે છે કે નામદાર કાઉન્સિલ નામદાર લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીને ફરી વિચાર સારુ વાજબી લાગે તેવી ભલામણ સહિત બિલ પાછું મોકલશે અને આ ન્યાય ને દયાના કામ સારુ અરજદાર ફરજ સમજી હમેશાંને સારુ બંદગી કરશે વ. વ. વ.

[મૂળ ગુજરાતી]

હાજી મહમદ હાજી દાદા અને સાત બીજા હિંદુસ્તાનીઓ વતી ૧૮૯૪ની સાલના જુલાઈ માસની ૬ઠ્ઠી તારીખે ઑનરેબલ મિ. કૅમ્પબેલે નાતાલ પાર્લમેન્ટરી કાઉન્સિલમાં રજૂ કરેલી અરજી.

સંસ્થાનોની કચેરીનું દફતર નં. ૧૮૧, પુ. ૩૮.

ખુદ ગાંધીજીનો કરેલો મૂળ ગુજરાતી તરજુમો મળ્યો હોવાથી તે આપ્યો છે.

## ૩૨. હિંદીઓ અને મતાધિકાર

[૧૮૯૪ના જુલાઈની ૭મી તારીખે ધિ નાતાલ મર્ક્યુરીએ હિંદી ગ્રામસમાજો એવા મથાળાના વિસ્તૃત અગ્રલેખમાં મતાધિકારના કાયદામાં સુધારો કરનારા ખરડાની બાબતમાં હિંદી કોમે નાતાલ લેજિસ્લેટિવ કાઉન્સિલને કરેલી અરજી પર નુક્તેચીની કરતાં એવી દલીલ કરી કે હિંદમાં ગ્રામસમાજોને જેનો અનુભવ હતો એવા કોઈ પણ સ્વરૂપના પ્રતિનિધિત્વ કરતાં પાર્લમેન્ટની પદ્ધતિની રાજ્યવ્યવસ્થા ઘણી જુદી છે. હિંદીઓએ પોતાના મુલકમાં મતાધિકારનો અમલ કર્યો નથી એટલા કારણસર એ બિલમાં તેમને મત આપવાના અધિકારમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. હિંદીઓએ એવી દલીલ રજૂ કરી હતી કે અમારા ગ્રામસમાજોમાં અમે પ્રાચીન કાળથી મતાધિકારનો અમલ કરતા આવ્યા છીએ. પણ ધિ નાતાલ મર્ક્યુરીએ એ વિચારની સામે દલીલ ઉઠાવી હતી. વળી, તેણે સર હેન્રી સમ્નર મેઈને પોતાના ધિ વિલેજ કૉમ્યુનિટીઝ ઇન ધિ ઈસ્ટ ઍન્ડ વેસ્ટ (પૂર્વ અને પશ્ચિમમાં ગ્રામસમાજો) નામના ગ્રંથમાં હિંદીઓને લગભગ પ્રાચીન કાળથી પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓનો પરિચય હતો એવી જે દૃષ્ટિ રજૂ કરી હતી તેની સામે પણ તકરાર ઉઠાવી હતી. ધિ નાતાલ મર્ક્યુરીએ એવી દૃષ્ટિનું સમર્થન કર્યું હતું કે હિંદી ગ્રામસમાજોને રાજકીય પ્રતિનિધિત્વ સાથે કશી લેવાદેવા નહોતી, તેમને કેવળ જમીન ધારણ કરવાના કાનૂની સવાલની સાથે નિસ્બત રહેતી હતી. ગ્રામસમાજની વ્યવસ્થાની જીવનપદ્ધતિ સંસ્કારની પ્રારંભિક અવસ્થાવાળી બધી પ્રજાઓને સમાન હોય છે અને બીજું કંઈ નહીં તો તેનાથી જે તે પ્રજાનું પછાતપણું માત્ર સાબિત થાય છે એવી તેની દલીલ હતી. નાઈન્ટીન્થ સેન્ચ્યુરીમાં પ્રગટ થયેલા જનરલ સર જ્યૉર્જ ચીઝનીના હિંદીઓ હજી રાજકીય વિકાસની દૃષ્ટિથી બાળપણામાં છે એવા વિચાર પોતાની દલીલના સમર્થનમાં તેણે ટાંકયા હતા. તેના જવાબમાં ગાંધીજીએ નીચે મુજબ લખ્યું હતું.]

ડરબન,
જુલાઈ ૭, ૧૮૯૪

શ્રી તંત્રી
ધિ નાતાલ મર્ક્યુરી

સાહેબ,

આજના અંકમાં તમારો વિદ્વત્તાથી ભરેલો અને કુશળતાથી લખાયેલો અગ્રલેખ વાંચવામાં ખરેખર મજા આવી. હિંદીઓની મતાધિકાર બાબતની અરજીની સામે કશું-કહેવાપણું નહીં હોય

Gandhi Heritage Portal

એવી અપેક્ષા રાખવામાં આવી નહોતી. આ આધુનિક કાળમાં જેને બે બાજુ ન હોય એવી વાતને અદ્ભુત, અરે, હું તો કહેવા જતો હતો કે અલૌકિક માનવી પડે. એ નિયમ મુજબ તમારે કામ આવે એવા સર જ્યૉર્જ ચીઝની એકલા લેખક નથી. સર હેન્રી સમ્નર મેઈન પણ આખરે આ મર્ત્ય દુનિયાના જ માણસ હતા ને! તેથી તેમના સિદ્ધાંતો તેમ જ નિર્ણયો સામે દલીલ ઉઠાવવામાં આવે તે તદ્દન કુદરતી છે. મર્ત્ય માનવીને સારુ પરસ્પર વિરોધી 'દ્વંદ્વો'ની પકડમાંથી ઊગરવાપણું નથી. આમ છતાં એ બાબતની બીજી બાજુ અત્યારે ને અત્યારે રજૂ કરવાને બદલે તે મુદ્દા પર ભવિષ્યમાં કોઈક પ્રસંગે પાછા વળવાને હું તમારી રજા માગી લઉં છું.

તમને આ પત્ર લખવાનો આશય તમારા પર 'છાપો મારવાનો' એટલે કે તમને નવાઈ લાગે એવું કંઈક જણાવવાનો છે. મને જણાવતાં આનંદ થાય છે કે મૈસૂર રિયાસતે પોતાની રૈયતને રાજવહીવટ ચલાવવા માટે પ્રતિનિધિઓ પસંદ કરવાને મત નોંધાવવાનો અધિકાર આપ્યો છે. નીચેનો ઉતારો મેં એક અખબારી હેવાલમાંથી લીધો છે.

> દીવાને હવે જેની દરખાસ્ત કરી છે તે પદ્ધતિના અમલમાં રૂપિયા ૧૦૦ કે તેથી વધારે જમીન મહેસૂલ અથવા રૂપિયા ૧૩ કે તેથી ઉપરનો મોહાતર્ફા [ઘરવેરો] ભરનારા સૌ જમીન ધારણ કરનારાને પ્રતિનિધિ ઍસેમ્બ્લી[ધારાસભા]ના સભ્યો પસંદ કરવાને મત નોંધાવવાનો અધિકાર છે અને તે બધા સભ્ય બનવાને પણ લાયક ઠરે છે. વળી, જે તે તાલુકામાં સામાન્યપણે વસવાટ કરીને રહેવાવાળા હિંદની કોઈ પણ યુનિવર્સિટીના બિનઅમલદાર ગ્રૅજ્યુએટોને ચૂંટવાનો તેમ જ ચૂંટાવાનો હક આપવામાં આવ્યો છે. આમ મિલકત તેમ જ બુદ્ધિ બંનેને ઍસેમ્બ્લી[ધારાસભા]માં પ્રતિનિધિત્વ મળશે. વધારામાં એવું સ્પષ્ટપણે નામ પાડીને સૂચવવામાં આવ્યું છે કે સાર્વજનિક મંડળીઓ, સુધરાઈઓ, અને લોકલ બોર્ડો પણ સભ્યોની ચૂંટણી કરી શકશે. સભ્યોની કુલ સંખ્યા ૩૪૭ મુકરર કરવામાં આવી હોઈ આશરે ૪,૦૦૦ મત આપવાનો અધિકાર ધરાવનારા તેમની ચૂંટણી કરશે.

સાહેબ, તમારી સદ્બુદ્ધિને અપીલ કરી હું પૂછું છું કે બે પ્રજાની વચ્ચે ઘણી વાર તો તાણીતૂશીને ઊભા કરવામાં આવેલા અથવા કેવળ કલ્પિત, માણસની માત્ર બૂરામાં બૂરી લાગણી જગાડનારા અને ખરેખર કોઈનુંયે ભલું ન કરનારા જુદાઈના મુદ્દાઓ જાહેર પ્રજાની નજર પર લાવવાને બદલે તેમની વચ્ચે રહેલા સરખાપણાના મુદ્દા દર્શાવી તમે માનવજાતની વધારે સારી સેવા નહીં કરી શકો કે? બંને પ્રજાઓ વચ્ચે ઈર્ષા અને અંટસનાં બીજ વાવવામાં તમારું હિત હોય એવું હું કેમ માનું? અને એ તમારા હાથની વાત નથી અથવા વત્તેઓછે અંશે કોઈનાયે હાથની વાત નથી એમાં મને રજભાર શંકા નથી. ઊલટું, એથી કયાંયે ચડિયાતી અને વળી કયાંયે વધારે ઉદાર વસ્તુ તમારા હાથમાં છે; તે વસ્તુથી તમને એકલી મોટાઈ નહીં, ભલાઈ પણ મળશે અને તેથીયે વિશેષ એક ચમત્કાર કહી શકાય એવી રીતે બારસો બારસો વરસના જુલમ અને દમનથી પણ જે કચડાઈ ગઈ નથી તેવી પ્રજાના આભારની તમે કમાણી કરશો; તે વસ્તુ છે હિંદુસ્તાન અને તેના લોકો વિષે સંસ્થાનને સાચી રીતે કેળવવાની, તેમને વિષે તેને સાચી સમજ આપવાની.

હું છું, વગેરે
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ધિ નાતાલ મર્ક્યુરી, '૧૧-૭-૧૮૯૪

Gandhi Heritage Portal

## ૩૩. નાતાલના ગવર્નરને પત્ર

ડરબન,
જુલાઈ ૧૦, ૧૮૯૪

નેક નામદાર માનનીય સર વૉલ્ટર ફ્રાન્સિસ હેલી-હચિન્સન, કે.સી.એમ.જી.,
નાતાલ સંસ્થાનના ગવર્નર અને તેની ઉપરના વડા સેનાધિપતિ, તેના નાયબ નૌકાસેનાધિપતિ, અને દેશી વસ્તીના સૌથી ઉપરી મુખી

નીચે સહી કરનારા હિંદીઓની અરજી

નમ્રપણે દર્શાવે છે કે:

૧. નાતાલ સંસ્થાનમાં વસવાટ કરીને રહેલી હિંદી કોમના પ્રતિનિધિ આપ નામદારના અરજદારો ફ્રૅન્ચાઈઝ લૉ ઍમેન્ડમેન્ટ બિલ[મતાધિકારના કાયદામાં સુધારો કરનારા ખરડા]ની બાબતમાં આ અરજી થકી આપ નામદાર સમક્ષ રજૂ થવાની રજા ચાહે છે.

૨. આપ નામદારના અરજદારોને જાણવા મળ્યું છે કે આપ નામદાર ઉપર જણાવેલો કાયદાનો ખરડો વિલાયતની સરકારને શહેનશાહની મંજૂરી માટે મોકલનાર છો.

૩. એવા સંજોગોમાં એ ખરડાની બાબતમાં એક અરજી[1] વિલાયતની સરકારને રજૂ કરવાને તૈયાર થાય છે.

૪. આપ નામદારના અરજદારો તે અરજી આપ નામદારને જેટલી બની શકે તેટલી વહેલી મોકલી આપશે.

૫. વિલાયતની સરકારને મોકલી આપવાને સારુ ઉપર જણાવેલી અરજી આપ નામદારને મોકલી આપવામાં આવે ત્યાં સુધી વિલાયતની સરકારને એ બાબતનો આપ નામદારનો ખરીતો મોકલવાનું મોકૂફ રાખવાની આપ નામદારને આપના અરજદારો આદરપૂર્વક વિનંતી કરે છે.

અને ન્યાયના તેમ જ દયાના આ કામને સારુ આપ નામદારના અરજદારો હમેશ આપના ઋણી રહેશે ને બંદગી કરશે.

(સહી) મો. ક. ગાંધી
અને સાત બીજા

[મૂળ અંગ્રેજી]
વિલાયતની સરકારના સંસ્થાન ખાતાના પ્રધાન લૉર્ડ રિપનને નાતાલના ગવર્નર સર વૉલ્ટર હેલી-હચિન્સને ૧૮૯૪ની સાલના જુલાઈ માસની ૧૬મી તારીખે રવાના કરેલા ખરીતા નં. ૬૨ની સાથેનું બિડાણ નં. ૬.
સંસ્થાન ખાતાની કચેરીનું દફતર નં. ૧૭૯, પુ. ૧૮૯.

૧. આગળ પા. ૮૭ જોવું.

Gandhi Heritage Portal

## ૩૪. દાદાભાઈ નવરોજીને પત્ર

C/o મેસર્સ દાદા અબદુલ્લા ઍન્ડ કં.,
ડરબન,
જુલાઈ ૧૪, ૧૮૯૪

ધિ ઑનરેબલ મિ. દાદાભાઈ નવરોજી, એમ.પી.

સાહેબ,

ચાલુ માસની ૭મી તારીખના પત્રના[1] અનુસંધાનમાં મારે જણાવવાનું રહે છે કે ફ્રૅન્ચાઈઝ લૉ ઍમેન્ડમેન્ટ બિલ[મતાધિકારના કાયદામાં સુધારાના ખરડા]ની સામેની પ્રવૃત્તિ નીચે મુજબ આગળ વધી છે:

૭મી તારીખે ખરડો લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ત્રીજા વાચનમાં મંજૂર થયો. કાઉન્સિલને કરવામાં આવેલી બીજી અરજી સ્વીકારાઈ હતી. કાઉન્સિલની સભા અરજી પર વિચારણા કરે ત્યાં સુધી ખરડાનું ત્રીજું વાચન મુલતવી રાખવાની દરખાસ્ત એક માનનીય સભ્યે રજૂ કરેલી. તે દરખાસ્ત નામંજૂર થયેલી.

સિવાય કે નામદાર શહેનશાહબાનુ ખરડાને નામંજૂર કરે તે શરતે ગવર્નરે તેને પોતાની સંમતિ આપી છે.

નામદાર શહેનશાહબાનુની ખરડાને નામંજૂર કરવાની ઇચ્છા નથી એવી ઢંઢેરા મારફતે અગર બીજી રીતે ગવર્નર જાહેરાત ન કરે ત્યાં સુધી તે કાનૂન બનશે નહીં એવી જોગવાઈની ખરડામાં એક કલમ છે.

આ પત્રની સાથે વિલાયતની સરકારને કરવામાં આવેલી અરજીની[2] નકલ મોકલું છું. તે ઘણુંખરું ચાલુ માસની ૧૭મી તારીખે અહીં ગવર્નરને રવાના કરવામાં આવશે. તેના પર લગભગ ૧૦,૦૦૦ હિંદીઓ સહી કરશે. ૫,૦૦૦ સહીઓ અત્યાર સુધીમાં આવી ગઈ છે.

કાઉન્સિલને કરવામાં આવેલી અરજીની[3] નકલ તમને મોકલી શકતો નથી તે માટે હું દિલગીર છું. છતાં જેમાં તેને વિષે ઠીક ઠીક સારો હેવાલ આવેલો છે એવી વર્તમાનપત્રની એક કાપલી મોકલવાની રજા માગી લઉં છું.

આથી વધારે કહેવાનું કંઈ રહી જતું હોય એવું મને લાગતું નથી. અહીંની સ્થિતિ એવી અણી પર આવી છે કે મતાધિકારના કાયદામાં સુધારો કરવાનો ખરડો કાનૂન બનશે તો દસ વરસ બાદ હિંદી માત્રની સ્થિતિ સંસ્થાનમાં છેક અસહ્ય બની જશે.

હું છું,
તમારો આજ્ઞાંકિત સેવક
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના પોતાના હસ્તાક્ષરના મૂળ લખાણની છબી પરથી

૧. આ પત્ર મળતો નથી.
૨. આગળ પા. ૮૭ જોવું.
૩. પાછળ પા. ૮૦ જોવું.

Gandhi Heritage Portal

# ૩૫. લૉર્ડ રિપનને અરજી

[પોતાની આત્મકથામાં ગાંધીજી કહે છે કે હિંદીઓ માટેના મતાધિકાર બાબતની આ અરજી ઘડવામાં તેમણે ખૂબ મહેનત લીધી હતી અને એક પખવાડિયા જેટલા ટૂંકા ગાળામાં તેના પર ૧૦,૦૦૦થીયે વધારે સહીઓ મેળવી હતી. નાતાલ સંસ્થાનની સરકારના વડા પ્રધાને આ અપીલ નામંજૂર કરવાની ભલામણના સમર્થનમાં કારણો દર્શાવતા પત્ર સાથે તે ગવર્નરને મોકલી આપી હતી.]

[ડરબન,
જુલાઈ ૧૭, ૧૮૯૪][૧]

હિઝ એક્સેલન્સી ધિ રાઈટ ઑનરેબલ માર્કિવસ ઑફ રિપન, હર મૅજેસ્ટીઝ પ્રિન્સિપલ સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ધિ કૉલોનીઝ.

નાતાલ કૉલોનીમાં હાલ રહેતા
નીચે સહી કરનાર હિંદુસ્તાનીઓની

ઘણી નમ્રતાપૂર્વક અરજ એ છે કે:

૧. આપ નામદારના અરજદાર હિંદુસ્તાની બ્રિટિશ રૈયત છે અને નાતાલ કૉલોનીના જુદા જુદા ભાગમાં વસે છે.

૨. આપ નામદારના કેટલાક અરજદાર વેપારી છે, જેઓ કૉલોનીમાં આવીને વસ્યા છે. વળી, કેટલાક પ્રથમમાં બંધાઈને આવેલા ને હાલ કેટલીક મુદત (વળી ૩૦ વર્ષ) થયાં છૂટા થયેલા છે. કેટલાક હાલ બંધાયેલા છે. કેટલાક કૉલોનીમાં જન્મેલા ને કેળવાયેલા છે અને જુદા જુદા ધંધામાં રોકાઈ રહેલા છે, જેવા કે વકીલના ક્લાર્ક, કંપાઉન્ડર, કંપોઝીટર, ફોટોગ્રાફર, મહેતાજી વગેરે. વળી, કેટલાક અરજદારો કૉલોનીમાં જમીનદાર છે અને ઑનરેબલ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીના મેમ્બરોની ચૂંટણી કરવામાં મત આપવાનો હક ધરાવે છે અને થોડાક જોકે જમીનદાર હોવાથી મત આપવાના હકદાર છે છતાં કંઈ કારણોસર પોતાનું નામ વોટરના લિસ્ટ પર દાખલ કરાવી શક્યા નથી.

૩. આપ નામદારના અરજદાર ફ્રેન્ચાઈઝ લૉ ઍમેન્ડમેન્ટ બિલના સંબંધમાં આપ નામદારને આ અરજી કરે છે. તે બિલ પ્રાઈમ મિનિસ્ટર ઑનરેબલ સર જૉન રૉબિન્સને ગયા સેશનમાં દાખલ કર્યું હતું. તે ઑનરેબલ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં ત્રીજી વાર વંચાઈ ગયું છે અને મહારાણી રદ કરી શકે તેવી રીતે તે નામદાર ગવર્નરે કબૂલ રાખ્યું છે.

૪. બિલનો હેતુ એવો છે કે કૉલોનીમાં પાર્લમેન્ટરી ઈલેકશન વખતે વોટ કરવાના હકમાંથી એશિયાના લોકને બાતલ કરવા જેઓ હાલ વોટરોના લિસ્ટ ઉપર છે તેને બિલ બાદ કરે છે.

૫. કૉલોનીમાં સત્તાધિકારીઓની પાસેથી ન્યાય મેળવવાને સારુ જે હિલચાલ થઈ તેનો ટૂંક હેવાલ આપવા અરજદાર રજા માગે છે.

૬. ઑનરેબલ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં બિલ બીજી વાર વંચાયું ત્યાર પછી પહેલી વખતને વાસ્તે અરજદારે ઑનરેબલ ઍસેમ્બ્લીને અરજી કરી. બીજી વંચાવણી પછી બે દિવસમાં

૧. પાછળના પા. ૮૫ પર અરજીના થયેલા ઉલ્લેખને આધારે.

Gandhi Heritage Portal

કમિટીમાં બિલ પસાર થયું ને ત્યાર બાદ એક દિવસે ત્રીજી વંચાવણી થશે એમ જ્યારે અરજદારને ખબર મળ્યા ત્યારે ત્રીજી વંચાવણી મુલતવી ન રહે તો અરજી દાખલ કરવી એ અશક્ય જણાયું. તેથી મુલતવી રાખવાની અરજી[1] તારથી ઑનરેબલ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીને કરી. બહુ મહેરબાની લાવી ઑનરેબલ ઍસેમ્બ્લીએ એક દિવસ સારુ ત્રીજી વંચાવણી મુલતવી રાખી. એક દહાડામાં લગભગ ૫૦૦ હિંદુસ્તાનીઓએ સહી કરી ને તે અરજી બીજે દહાડે દાખલ થઈ. મારિટ્સબર્ગમાં પ્રેમિયર ને ઍટર્ની જનરલ સુધ્ધાં કેટલાક ઑનરેબલ મેમ્બરોને અરજદારનું ડેપ્યુટેશન મળ્યું. ડેપ્યુટેશનને મેમ્બરોએ આવકાર આપ્યો ને તેમની વાત ધીરજથી સાંભળી. ઘણા મેમ્બરોએ અરજદારની ઑનરેબલ ઍસેમ્બ્લીને કરેલી અરજી વાજબી હતી એમ કબૂલ કર્યું. પણ બધાએ કહ્યું કે અરજી મોડી દાખલ થઈ. ઑનરેબલ પ્રાઈમ મિનિસ્ટરે અરજી ધ્યાનમાં લેવા સારુ બીજી વંચાવણી ચાર દહાડા મુલતવી રખાવી. વળી, વેરુલેમ, રિચમન્ડ રોડ વ. જગ્યાઓથી ઉપરની અરજી કબૂલ છે તેવી તારથી અરજીઓ ઑનરેબલ લેજિસ્લેટિવ કાઉન્સિલની આગળ ગઈ હતી. પણ તે અરજીઓ ઑનરેબલ કાઉન્સિલના મેમ્બરની મારફતે દાખલ નહોતી થઈ તે કારણસર કાઢી નાખવામાં આવી હતી. જુદી જુદી અરજીઓ અરજદાર આ અરજીની સાથે ટાંકતા નથી કેમ કે તે બધી અરજીઓ બિનશક ગવર્નમેન્ટ આપ નામદારને મોકલશે.

૭. અરજી દાખલ થયા પછી ચોથે દહાડે એટલે જુલાઈની બીજી તારીખે, ૧૮૯૪, આપના અરજદાર ધારતા હતા તેથી વિરુદ્ધ અને તેઓને અતિ દિલગીરી ઊપજે તેમ બિલ ત્રીજી વાર વંચાયું.

૮. પછીને મંગળવારે આપના અરજદારે ઑનરેબલ લેજિસ્લેટિવ કાઉન્સિલને એક અરજી મોકલી. તે ઑનરેબલ મિસ્ટર કૅમ્પબેલની મારફત રજૂ થઈ પણ તે અરજીમાં ઑનરેબલ લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીને લગતી વાત આવવાથી નિયમમાં નથી એમ ગણી રદ કરી અને બિલ બીજી વાર વંચાયું. જેવી અરજદારોને આ વાતની જાણ થઈ કે તુરત અરજદારે બીજી અરજી બનાવી તે ગુરુવારે મોકલાઈ અને તે જ ઑનરેબલ મેમ્બરની મારફતે શુક્રવારે રજૂ થઈ. દરમ્યાન બીજી વંચાવણી પછી એક દહાડામાં બિલ કમિટીમાં પસાર થયું. ઑનરેબલ મિ. કૅમ્પબેલે ત્રીજી વંચાવણી અરજી ધ્યાનમાં લેવા સારુ મુલતવી રાખવા દરખાસ્ત કરી. પણ અરજી બહુ મોડી પહોંચી એવા કારણથી તે દરખાસ્ત રદ થઈ. આપ નામદારના ધ્યાનમાં રહેશે કે બિલ ભાગ્યે ચાર દહાડા ઑનરેબલ કાઉન્સિલ પાસે રહેલું. વળી, હિંદુસ્તાનીઓના મુખ્ય માણસોનું એક ડેપ્યુટેશન નામદાર ગવર્નરને મળ્યું હતું. તેની અરજી નામદાર ગવર્નરે ધ્યાન દઈ સાંભળી. બન્ને હાઉસના ઑનરેબલ મેમ્બરોના અભિપ્રાય જાણવા સારુ હિંદુસ્તાનીઓની એક કમિટીએ દરેક ઑનરેબલ મેમ્બરને એક સરક્યુલર[2] મોકલ્યો જેમાં વિનંતી કરી કે તેઓ અમુક સવાલના જવાબ આપે. તે બંને કાગળિયાં આ અરજીની સાથે રજૂ છે. હજુ સુધી તો એક જ ઑનરેબલ મેમ્બરે જવાબ મોકલ્યો છે. તેણે પણ સવાલના જવાબ નથી આપ્યા.

૯. ફ્રૅંચાઇઝ બિલની ટીકા કરવાનું શરૂ કર્યા પહેલાં એક બાબત જે આપના અરજદારની વિરુદ્ધ વાપરવામાં આવી છે તે વિષે અરજદાર થોડું કહી જવા રજા માગે છે. તે બાબત એ છે કે ઑનરેબલ ઍસેમ્બ્લીને બહુ મોડી અરજી કરી. આના સંબંધમાં અરજદાર એટલું જ કહે

૧. આ મળી શકતી નથી.
૨. ધારાસભાના સભ્યોને માટે સવાલો, જુલાઈ ૧, ૧૮૯૪, પાછળ પા. ૭૫-૬ જોવું.

Gandhi Heritage Portal

છે કે તેઓ કાયદેસર મોડા નહોતા. અને બિલમાં આવેલ બાબત એટલી બધી અગત્યની હતી અને છે અને તે ઇન્ડિયન બ્રિટિશ રૈયતની સાથે એવો સંબંધ રાખે છે કે ગવર્નમેન્ટ અથવા તો ઑનરેબલ કાઉન્સિલ કે ઑનરેબલ ઍસેમ્બ્લીએ ત્રીજી વંચાવણી થવા દીધા પહેલાં પોતાના ઠરાવોનો ફરી વિચાર કરી આપ નામદારના અરજદારની હકીકત બરાબર તપાસી હોત તો ખોટું ન કહેવાત.

૧૦. ભાષણોમાં તેમ જ બિલની શરૂઆતમાં એમ કહેવામાં આવ્યું છે કે એશિયાની કોમોએ કદી ફ્રૅંચાઈઝનો હક ભોગવ્યો નથી અને વળી ભાષણમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે એશિયાની કોમો ફ્રૅંચાઈઝને સારુ લાયક નથી. તે વખતે એશિયાના લોકોને વોટ ન કરવા દેવા સારુ આ બે મુખ્ય કારણો અપાતાં હતાં. આપના અરજદાર ધારે છે કે આ બે વાંધાનું નિરાકરણ તો પૂરતી રીતે ઑનરેબલ ઍસેમ્બ્લીને આપેલી અરજીથી થઈ જાય છે.

૧૧. હિંદુસ્તાનીઓને ફ્રૅંચાઈઝ રહેવા દેવા સામેના બે વાંધા તૂટી પડયા એમ જોકે ખુલ્લી રીતે કબૂલ કરવામાં નહોતું આવ્યું તોપણ એમ થયું એ ચૂપકીથી કબૂલ થયું દેખાયું. કેમ કે બિલની બીજી વંચાવણી વખતે ઑનરેબલ ઍસેમ્બલીમાં વધારે ખુલ્લી રીતે જણાવવામાં આવ્યું હતું કે ઇન્ડિયનને વોટમાંથી બાતલ કરવા એ પૉલિસીના કારણથી વાજબી છે. બીજી સુનાવણી વેળા તે વધારાનો બચાવ ન્યાય તથા નીતિને આધારે કરતા હતા. ત્રીજી સુનાવણી વેળા એમ કહેવામાં આવ્યું કે જો ઇન્ડિયનને વોટ દેવામાં આવશે તો યુરોપિયન વોટ ઢંકાઈ જશે ને દેશીનું રાજ્ય ઇન્ડિયનના હાથમાં જશે.

૧૨. બંને હાઉસને બહુ માન સહિત આપના અરજદાર કહે છે કે આ બીક પાયા વિનાની છે. આજ પણ યુરોપિયનના પ્રમાણમાં ઘણા જ થોડા ઇન્ડિયન ઇલેક્ટર છે. જે ઇન્ડિયનો બંધાઈને આવે છે તેઓને બાંધણી નભે ત્યાં સુધી ને ત્યાર બાદ ઘણાં વર્ષ સુધી વોટને સારુ પૂરી મિલકતની લાયકાત પણ ન હોઈ શકે. વળી, એ પણ જાણીતી વાત છે કે પોતાને પૈસે જેઓ આવે છે તેઓ થોડાં વર્ષ રહી ઘેર જાય છે ને તેની બદલીએ બીજા આવે છે. એટલે વેપારી વર્ગના વોટ તો ઘણું કરી હમેશાં તેટલા જ રહે. વળી, બીજી વાત પણ ભૂલવી ન જોઈએ તે એ કે જેટલે દરજ્જે યુરોપિયન કોમ કૉલોનીના રાજ્યપ્રકરણી કામમાં ધ્યાન રાખે છે તેટલે દરજ્જે ઇન્ડિયન કોમ નથી રાખતી. એમ જણાય છે કે ૪૫,૦૦૦ યુરોપિયન છે ને તેટલાં ઇન્ડિયન છે. આ વાત જ બતાવે છે કે યુરોપિયન તથા ઇન્ડિયન વોટ વચ્ચે કેટલો તફાવત છે. અને અરજદાર કહે છે કે ઘણા કાળ સુધી ઇન્ડિયન નાતાલ પાર્લમેન્ટમાં બેસે એવું બનવાનું જ નથી. આને વાસ્તે કંઈ પુરાવાની જરૂર હોય એવું પણ જણાતું નથી.

૧૩. અને જો આપ નામદારના અરજદાર વોટનો હક ધરાવવાને નાલાયક ન હોય ને કૉલોનીના રાજ્યમાં તેને મુખ્યત્વે કરીને પોતાની ઉપરના રાજ્યમાં કંઈ ભાગ મળે તો કંઈ હરકત ખરી?

૧૪. અરજદાર અરજી કરે છે કે બિલ દેખીતી રીતે પાછળપડતું ને ગેરવાજબી છે.

૧૫. જેઓ વોટરના લિસ્ટ ઉપર છે તેઓને રહેવા દેવાના છે તે વાત જ આપના અરજદારના નમ્રતાપૂર્વક મત પ્રમાણે ફ્રૅંચાઈઝની જવાબદારી ને તેના હક સમજવાની શક્તિ અરજદારમાં છે એમ કબૂલ કરે છે. ભાષણ વખતે કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે અરજદાર નાલાયક છે છતાં પણ તેને રહેવા દેવાના છે એવું આપના અરજદાર કદી માનશે નહીં.

Gandhi Heritage Portal

૧૬. વળી, એમ પણ કહેવાયું છે કે બીજી કલમથી પૂરો ન્યાય થાય છે. અરજદાર અરજ કરે છે કે તેમ નથી. તેને બદલે જેઓ લિસ્ટ ઉપર છે તેઓની અને જેઓ નથી તે બંનેની લાગણી તે કલમ દુખાવે છે.

૧૭. પોતે મત આપી શકે પણ પોતાના છોકરા ગમે તેવા હોશિયાર ને કેળવાયેલા થાય તોપણ વોટ ન આપી શકે એ વાતથી જેઓ લિસ્ટ ઉપર છે તેને થોડો જ દિલાસો મળે. હિંદુસ્તાની માબાપો, જે કૉલોનીમાં વસે છે તેઓમાંથી પોતાના છોકરાઓને ઊંચી કેળવણી આપવાનો મજબૂતમાં મજબૂત કાંટો જો બિલ કાયદો થાય તો જતો રહેશે. તેઓને પોતાના છોકરાને મંડળીના ભંગિયા તરીકે ને જિંદગીમાં કંઈ સારા લોભ વિના જોવાનું ભાગ્યે જ ગમશે. જો માણસને મંડળીમાં કોઈ સ્થિતિ ન મળે તો પૈસો પણ નકામો થઈ પડે છે. એટલે જે ધારણાથી માણસો પૈસો એકઠો કરે છે તે ધારણાને તો ઊગતી જ ડામવામાં આવે છે.

૧૮. વળી, બીજી કલમથી જેઓ કૉલોનીમાં આવી વસ્યા છે તે એમ જાણી ચિડાય છે કે જ્યારે પોતાના ભાઈઓ માત્ર દૈવયોગે વોટ આપવાનો હક રાખી શકે છે ત્યારે પોતે કોઈ રીતે હલકાં ન હોય છતાં પોતાથી ન ચાલતાં લિસ્ટ ઉપર ન આવી શક્યા હોય તેટલા જ સારુ વોટ ન કરી શકે. આ પ્રમાણે એક જ વર્ગની ઈન્ડિયન બ્રિટિશ રૈયત વચ્ચે અનાયાસે બનેલી બીનાના આધારથી બિલ અણઘટતો તફાવત રાખે છે.

૧૯. એમ પણ કહેવામાં આવ્યું છે કે બીજી કલમથી જે ન્યાય કરવામાં આવ્યો છે તેને સારુ અરજદારે ઉપકાર નથી માન્યો. પણ તે કલમ દાખલ કરવામાં ગવર્નમેન્ટના ન્યાયી ઈરાદાને, બહુ માન આપી અરજદારને કહેવું પડે છે કે તેઓ તેમાં ન્યાય જોઈ શક્યા નથી. આ કેટલાક ઑનરેબલ મેમ્બરોએ પણ કબૂલ કર્યું હતું કેમ કે તેઓ બોલેલા કે બીજી કલમ હોય યા ન હોય તેની કંઈ ફિકર નહીં. કેમ કે તે વોટ તો થોડી મુદતમાં ઊડી જવાના. આ તો ખુલ્લું દેખાય છે.

૨૦. સાઉથ આફ્રિકાના દેશીઓની સાથે આપ નામદારના અરજદારનો મુકાબલો કરવાની જે ઊલટભેર કોશિશ કરવામાં આવી છે તે અરજદારે દિલગીરી ને શરમપૂર્વક જોઈ છે. વારંવાર કહેવામાં આવતું હતું કે ઈન્ડિયન બ્રિટિશ રૈયત છે તેટલા જ સારુ તેને વોટ આપવો જોઈએ તો તે હક્ક દેશીને વધારે છે. તે મુકાબલાનું વિવેચન અરજદાર કરવા માગતા નથી, પણ આપ નામદારનું ૧૮૫૮ના રાણીના ઢંઢેરા તરફ ને આપના પોતાના ઈન્ડિયન પ્રજાના અનુભવ તરફ ધ્યાન ખેંચે છે. ઈન્ડિયન અને નેટિવ બ્રિટિશ રૈયતના રાજ્યકારભારમાં જે દેખીતો તફાવત છે તે બતાવવાની ભાગ્યે જ જરૂર છે..

૨૧. જો બિલ કાયદો થાય તો હાલ ઘણા કેળવાયેલા ઈન્ડિયનો છે કે જેમાંના કેટલાકની સહી આ અરજીમાં છે અને જે પાર્લમેન્ટરી ઈલેકશનમાં વોટ નહીં આપી શકે. અરજદારને પૂરી ખાતરી છે કે આપ નામદાર જે બિલથી આવો અન્યાય રાણીની રૈયતના કોઈ પણ ભાગને થાય તેવું બિલ મંજૂર કરવાની સલાહ નહીં આપો.

૨૨. ૧૮૯૪ના [૨૭મી] માર્ચ માસના નાતાલ ગવર્નમેન્ટ ગૅઝેટમાં ૧૮૯૩ના ઈન્ડિયન ઈમિગ્રેશન સ્કૂલ બૉર્ડના રિપોર્ટમાંથી માલૂમ પડે છે કે ૧૮૯૩ની સાલમાં ૨૬ નિશાળ અને ૨,૫૮૯ ઈન્ડિયન છોકરાઓ ભણતા હતા. આ છોકરાઓ જેમાંના ઘણાખરા કૉલોનીમાં જન્મેલા છે તેઓ યુરોપિયન ઢબ પ્રમાણે ઉછેરાય છે, આગળ જતાં યુરોપિયન કોમના સંબંધમાં ઘણે ભાગે આવે છે અને તેથી યુરોપિયન જેટલા જ ફ્રેંચાઈઝને વાસ્તે લાયક

Gandhi Heritage Portal

થાય છે. તેઓમાં મૂળથી જ યુરોપિયનની સાથે કેળવણીમાં હરીફાઈ કરવાની ખામી હોય તો જુદી વાત છે. પણ તેઓમાં ખામી નથી એવું તો સરસમાં સરસ જાણનારાઓથી બિનશક સાબિત થયું છે. હિંદુસ્તાન ને ઈંગ્લંડમાં ઈંગ્રેજી ને ઇન્ડિયન નિશાળિયા વચ્ચેની હરીફાઈનાં પરિણામ હિંદુસ્તાનીની સરખી હોશિયારીની પૂરતી સાબિતી છે. પાર્લમેન્ટરી કમિટીમાંથી કે સારા લખનારાઓમાંથી ફકરા જાણીજોઈને અરજદાર નથી ટાંકતા કેમ કે તે તો ભર્યે ભાણે ઘી પીરસવા જેવું થાય. ત્યારે જો આ છોકરાઓ જ્યારે ઉંમરલાયક થાય ત્યારે તેઓને વાસ્તે વોટની માગણી થાય તો તે એક સુધરેલા દેશમાં સાધારણ માણસનો હક માગ્યા જેટલું નથી? કે જે હક કોઈ લઈ લેવા માગે તો તે માણસ વાજબી રીતે તેની સામે થાય. અરજદાર ખાતરીપૂર્વક માને છે કે લૌકિક રાજ્યમાં એક શહેરીનો અતિ સાધારણ હક આ છોકરાઓની પાસેથી છીનવી તેનું અપમાન થાય તેમ આપ કદી નહીં થવા દો.

૨૩. અરજદાર ઑનરેબલ મિ. ડૉન અને ઑનરેબલ મિ. કૅમ્પબેલના ઉપકારી થયા કે તેઓએ જેઓ પોતાને પૈસે આવે છે તેવા ઇન્ડિયનોનો વોટ લઈ લેવો એ અન્યાય છે એમ જોયું ને ટીકા કરી. પણ તેઓની નજરમાં પણ એમ જ આવ્યું કે જેઓ બંધણીમાં આવે છે તેને તો કદી વોટ ન જ મળવા જોઈએ. આપના અરજદાર કબૂલ કરે છે (જો બીજી લાયકાત હોય તો ગરીબાઈ એ ગુનો ન હોવો જોઈએ)કે બંધણીવાળા જ્યાં સુધી બંધણીમાં રહે ત્યાં સુધી વખતે હક ન ભોગવે પણ વિનંતી કરે છે કે આ માણસોને પણ જો તેઓ આગળ જતાં લાયક થાય તો પછી હમેશને સારુ નાલાયક ન ઠરાવવા જોઈએ. આવા માણસો જે અહીં આવે છે તેઓ ઘણું કરીને પુષ્ટ ને યુવાન હોય છે. તે યુરોપિયનોના સહેવાસમાં આવે છે અને બંધણીમાં હોય છે તે દરમિયાન તે[ને?] વધારે તો છૂટા થયા પછી યુરોપિયન સુધારો ગ્રહણ કરે છે ને પૂરા કૉલોનિસ્ટ થાય છે. તેઓ બહુ ઉપયોગી છે એમ કબૂલ કરવામાં આવે છે. ખરું જોતાં અમૂલ્ય લોકો છે કે જે સુલેહશાંતિમાં રહે છે. ટીકા કરવાની જરૂર છે કે ઘણાખરા સિવિલ સર્વિસમાં જે ઇન્ડિયનો છે તે ને બહારના વકીલના કલાર્ક મહેતાજી વ. છે તે પ્રથમ બંધણીમાં આવેલા. તેઓને કે તેના છોકરાઓને વોટ ન આપવા દેવો એ ખરેખર ઘાતકી દેખાશે એમ અરજદારની અરજી છે. માણસ માત્ર એશિયાટિક છે અથવા તો બંધણીમાં આવ્યો છે તેટલા જ સારુ તેની સામે વોટનું બારણું જો તે બીજી વાતે લાયક હોય તો બંધ ન કરવું જોઈએ એમ વિનંતી છે.

૨૪. બિલ નીચામાં નીચાઈથી કરતાં પણ હિંદુસ્તાનીઓને નીચા ગણે છે એ અઘટિત વાત પણ આપના ખ્યાલમાં રાખવા જેવી છે. કેમ કે નીચામાં નીચાઈથીને પણ જો તે લાયક થાય તો વોટનો હક મળે પણ ઇન્ડિયન બ્રિટિશ રૈયતની પાસેથી તો મતનો હક એવી રીતે છીનવી લેવાનો છે કે તે ગમે તેવો લાયક હોય અથવા પાછળથી થાય તોપણ તેને તો મત કદી આપવા દેવાય જ નહીં.

૨૫. તે બિલ એવું તો જલદ ને આકરું છે કે તેથી આખી હિંદી પ્રજાને અપમાન થાય છે કેમ કે કદી હિંદનો ઉત્તમમાં ઉત્તમ માણસ આવીને કૉલોનીમાં રહ્યો તો તેને પણ વોટનો હક નહીં મળે કેમ કે કૉલોનિયલ વિચાર પ્રમાણે તે લાયક ન હોવો જોઈએ એમ અનુમાન થશે. આ અડચણ બંને હાઉસમાં કબૂલ થઈ હતી અને ઑન[રેબલ] ટ્રેઝરરે તો ત્યાં સુધી કહ્યું કે ખાસ કેસોનો પાર્લમેન્ટ ભવિષ્યમાં વિચાર કરે.

Gandhi Heritage Portal

૨૬. ઉપરની દલીલ વધારે ચોખ્ખી કરવા પ્રથમ માજી ઑન[રેબલ] લેજિસ્લેટિવ કાઉન્સિલ-માં ઇન્ડિયન વોટ બાબત તકરાર થયેલી તે સંબંધી કાગળિયાં અને ગવર્નમેન્ટ ગૅઝેટ ઉપર અરજદાર આપ નામદારનું લક્ષ ખેંચે છે. નાતાલ સંબંધી બ્લુ બુક(સી-૩૭૯૬)માં પાને ૩ કૉલોનિયલ ઑફિસ ઉપર મિ. સૉન્ડર્સનો પત્ર છે તેમાંથી નીચેનું લેવા અરજદાર રજા માગે છે.

> આ સહીઓ પૂરી ઈલેકટરના જ હરફમાં ને યુરોપિયન લિપિમાં હોવી જોઈએ એટલો ધારો ઈંગ્રેજી વોટ ઇન્ડિયનથી દબાતાં સારી રીતે અટકા[વ]શે.

આ પ્રમાણે મિ. સૉન્ડર્સ જોકે એશિયાટિકની સામે હતો છતાં આથી વધારે આગળ ન જઈ શકયો. તે જ પત્રમાં તે વળી કહે છે,

> ઊંચી જાતના હિંદુસ્તાનીઓ નવા કુલી ને પોતાનામાં તફાવત છે એમ જુએ છે.

એ ઉપરથી એ તો સ્પષ્ટ દેખાય છે કે તે વખતનું ગવર્નમેન્ટ હિંદુસ્તાની ને હિંદુસ્તાની વચ્ચે તફાવત રાખવા ખુશી હતું. હવે દુર્ભાગ્યે વધારે છૂટ મળેલા રાજ્યમાં બંધાયેલ, છૂટા થયેલ ને અસલથી જ છૂટા એવા બધા હિંદુસ્તાનીઓને એક જ કાટલે જોખવા કોશિશ થઈ છે. અરજદાર એટલું કહેવા રજા માગી લે છે કે મિ. સૉન્ડર્સનું બિલ આ બિલના પ્રમાણમાં તો બહુ જ નરમ હતું. તેમ છતાં તે બિલને પણ રાણી સરકારે ટેકો આપ્યો નહીં ત્યારે આ ફ્રેંચાઈઝ બિલને તો ટેકો શેનો જ મળવો જોઈએ?

તે જ ચોપડીને પાને ૭ ઈમિગ્રંટ પ્રોટેકટર મિ. ગ્રેઈવ્ઝ કહે છે,

> મને લાગે છે કે જો તે હિંદુસ્તાનીઓ કે જેણે હિંદુસ્તાન જવાનો મફત ભાડાનો હક પોતાને તથા પોતાના કુટુંબને વાસ્તે છોડી દીધો છે તેઓને જ મત આપવાનો હક વાજબી રીતે મળવો જોઈએ.

તેણે વળી વાજબી રીતે બતાવ્યું કે સહી કસોટી જે મિ. સૉન્ડર્સે બતાવી તે યુરોપિયનને લાગુ નહોતી પડતી. તે જ પાને તે વખતના ઍટર્ની જનરલ પોતાના રિપોર્ટમાં કહે છે:

> એમ જોવામાં આવશે કે મેં બનાવેલા બિલમાં સિલેકટ કમિટીએ કરેલી ભલામણ કબૂલ રાખવામાં આવી છે જેમાં મિ. સૉન્ડર્સના કાગળમાં બતાવેલી બીજી યુક્તિ પાર પડે એવો રસ્તો કાઢયો છે. પણ પરદેશીને ચોખ્ખી રીતે ખાસ કરીને બાતલ કરવા એ સલાહકારક માનવામાં આવ્યું નથી.

એ જ વિદ્વાન ગૃહસ્થનો પાને ૯[૧]મે રિપોર્ટ છે તે તરફ આપ નામદારનું ધ્યાન અરજદાર ખેંચે છે.

તે જ ઍટર્ની જનરલના બીજા રિપોર્ટમાંથી ફકરો ટાંકવાની લાલચ બહુ મોટી છે. પાને ૧૪મે તે કહે છે:

> દરેક બાબતમાં જેઓ કૉલોનીના કૉમન લૉની અંદર નથી આવી જતા એવા બધાને ગમે તે નાતના હોય તેને ફ્રેંચાઈઝમાંથી બાતલ કરવા બાબત જે દરખાસ્ત થઈ છે તે દેખીતી રીતે કૉલોનીની ઇન્ડિયન અને ક્રીઑલ રૈયત સામે તાકે છે. મેં નં. ૧૨ના મારા બિલ સંબંધમાં કહ્યું છે તે પ્રમાણે આવા બિલની જરૂર કે તેનો ન્યાય હું જોઈ શકતો નથી.

૨૭. એટલે એવું બને છે કે કૉલોનીમાં વધારે છૂટવાળા ધોરણની એ (અને કૉલોનીમાં આવતા અરજદાર પણ આવી જવા જોઈએ) પહેલી રિસ્પોન્સિબલ મિનિસ્ટ્રીએ આપના અરજ-દારને ઓછા સ્વતંત્ર કરવા એટલે તેઓની પાસેથી મત આપવાનો હક છીનવી લેવા યત્ન

Gandhi Heritage Portal

કર્યું[કર્યો] છે એ ઓછી દિલગીરીની વાત નથી. માજી રાજકારભારમાં આપના અરજદારના હકો ઉપર દાબ મેલવાને થયેલી ઓછી હિંમતવાળી કોશિશને ઉત્તેજન સરકાર તરફથી ન મળ્યું તો આપના અરજદારને પૂરી ઉમેદ છે કે આ યત્નની પણ એ જ દશા થશે ને આપના અરજદારને ન્યાય મળશે.

૨૮. ફ્રેન્ચાઈઝ બિલની સાથે છેટો સંબંધ રાખનારાં બીજાં દુ:ખદાયક પરિણામો એટલાં તો છે કે બધાંનું વર્ણન [ન ?]થઈ શકે તોપણ અરજદાર થોડાં અહીં એકઠાં કરી તેનું વિવેચન કરશે.

૨૯. એ તો જાણીતી વાત છે કે કૉલોનીમાં યુરોપિયન અને ઇન્ડિયન કોમ વચ્ચે મોટો ફાંટો છે. યુરોપિયન ઇન્ડિયનને ધિક્કારે છે ને છેટો રાખે છે [ને] તેને ઘણી વાર જરૂર વિના ઈજા કરવામાં ને કનડવામાં આવે છે. અરજદાર અરજ કરે છે કે ફ્રૅંચાઈઝ બિલથી એ લાગણી વધારે તીખી થશે. તેનાં ચિહ્નો આજથી જ દેખાવા લાગ્યાં છે. આ ખરું છે એમ સાબિત કરવા અરજદાર ચાલતી તારીખના ન્યૂસપેપર અને બંને હાઉસમાં[નાં] ભાષણો તરફ આપ નામદારનું ધ્યાન ખેંચે છે.

૩૦. બીજી વંચાવણી વખતે કહેવામાં આવેલું કે ઇન્ડિયન ઉપર જે અટકાવ મૂકવામાં આવશે તેથી કાયદા કરનારા ઉપર વધારે મોટી જવાબદારી આવી પડશે અને હિંદુસ્તાનીઓના હક તેઓને અટકાવ ન હોય ને સચવાય તેના કરતાં વધારે સારી રીતે સચવાશે. અરજદારની વિનંતી છે કે આ વાત આજ સુધીના અનુભવથી વિરુદ્ધ છે.

૩૧. કેટલાક ઑન[રિબલ] મેમ્બરોએ એમ ધાર્યું કે ઇન્ડિયનને મ્યુનિસિપલ ઇલેકશનમાં પણ વોટ ન જોઈએ. જવાબદાર ઠેકાણે એમ પણ કહેવામાં આવેલું કે તે વાત ઉપર તુરત જ ભવિષ્યમાં ધ્યાન અપાવાશે. ફ્રૅંચાઈઝ બિલ તો અંગૂઠો છે [તે] મળશે તો પહોંચો લઈ લેતાં વાર નહીં લાગે. આવી લાગણી જોવામાં આવી.

૩૨. આપ નામદારની જાણ બહાર નથી કે જે ઇન્ડિયન બંધણીમાં આવે છે તેની ઉપર જો તેઓ કૉલોનીમાં રહેવા માગે તો રહેવાનો કર મૂકવાનો ઇરાદો છે. એમ કહેવામાં આવ્યું હતું કે કર એવો નાખવામાં આવશે કે જેથી તેઓ કૉલોનીમાં ન જ રહી શકે અથવા તો કૉલોનિસ્ટ સાથે હરીફાઈ ન કરી શકે. જો આપના અરજદારના મત આપવાના હક લઈ લેવાય તો પછી અરજદારના હક વધારે સારી રીતે કેમ સચવાશે તેનો આ વળી એક બીજો દાખલો છે.

૩૩. સિવિલ સર્વિસ બિલ ઉપર ભાષણો થયાં તેમાં એમ કહેવામાં આવેલું કે જ્યારે ઇન્ડિયન પાસેથી વોટ લઈ લેવાના છે ત્યારે પછી તેને સિવિલ સર્વિસમાં દાખલ થવાને હક પણ ન રહેવા દેવો. આવી દરખાસ્ત પણ થયેલી તે માત્ર ગવર્નમેન્ટની હોશિયારીથી તેઓએ હાઉસના વોટ લેવા માગ્યા ને ઑન[રિબલ] સ્પીકરના કાસ્ટિંગ વોટથી તે દરખાસ્ત રદ થઈ. અરજદાર પૂરેપૂરું કબૂલ કરે છે કે આ બાબતમાં ગવર્નમેન્ટે ઇન્ડિયન તરફ ભલાઈની વર્તણૂક ચલાવી તોપણ આ બીનાઓનાં વલણ ને અર્થ ન ભુલાય એવાં છે. ફ્રૅંચાઈઝ બિલે તે દરખાસ્તને વાસ્તે તક આપી.

૩૪. આપ નામદારના અરજદાર સમજે છે કે જાતના કે ભાતના ભેદ કેપ કૉલોનીમાં નથી.

૩૫. અરજદાર માનપૂર્વક બતાવવા રજા માગે છે કે જો બિલ કાયદો થશે તો તેની અસર સાઉથ આફ્રિકાના બીજા ભાગમાં ઇન્ડિયન બ્રિટિશ રૈયતના હકમાં અતિ ખરાબ થશે.

Gandhi Heritage Portal

ટ્રાન્સવાલમાં તેઓ કચડાયેલા તો છે જ તેમાં પછી તો તેઓની સ્થિતિ સહન ન થાય તેવી થશે. જો જરાયે ભેદભરેલી રીતે ઈન્ડિયન બ્રિટિશ રૈયતના તરફ બ્રિટિશ કૉલોનીમાં ચાલવામાં આવશે તો એવો વખત આવશે કે કંઈ પણ માનનો ખ્યાલ રાખતા હોય તેવા ઈન્ડિયન કૉલોનીમાં નહીં રહી શકે અને તેથી તેઓના ધંધારોજગારમાં બહુ વાંધો આવશે અને રાણીની ઈન્ડિયન રૈયતમાંના સેંકડો રોજગાર વિનાના થઈ રહેશે.

૩૬. છેવટમાં અરજદાર ઉમેદ રાખે છે કે ઉપરેની વાતો અને દલીલોથી ફ્રેંચાઈઝ લૉ ઍમેન્ડમેન્ટ બિલ અન્યાયી છે એમ આપને ખાતરી થશે અને રાણીની રૈયત એક ભાગથી બીજા ભાગ ઉપર નકામી રીતે વચ્ચે પડવું એ આપ નહીં થવા દો.

અને આવા દયાના અને ન્યાયના કામ સારુ ફરજ સમજી આપ નામદારની અરજદાર હમેશાં બંદગી કરશે ઈ. ઈ.

હાજી મહમદ હાજી દાદા
અને સોળ બીજા

[મૂળ ગુજરાતી]

નાતાલના ગવર્નર સર વૉલ્ટર હેલી-હચિન્સનના સંસ્થાન ખાતાના પ્રધાન લોર્ડ રિપન પરના ૧૮૯૪ની સાલના જુલાઈ માસની ૩૧મી તારીખના ખરીતામાંનું બિડણ નં. ૬૬

સંસ્થાનોની કચેરીનું દફતર નં. ૧૭૯, પુ. ૧૮૯.

ઉપર આપેલો તરજુમો ખુદ ગાંધીજીનો કરેલો છે.

## ૩૬. દાદાભાઈ નવરોજીને પત્ર

કૉન્ફિડેન્શિયલ (અંગત)

પી. ઓ. બૉકસ ૨૫૩
ડરબન,
જુલાઈ ૨૭, ૧૮૯૪

ધિ ઑનરેબલ મિ. દાદાભાઈ નવરોજી, એમ. પી.

સાહેબ,

ચાલુ માસની ૧૪મી તારીખના મારા પત્રના અનુસંધાનમાં મારે નીચેની માહિતી આપવાની છે:

વિલાયતની સરકારને કરેલી અરજી જેની નકલ તમને અત્યાર અગાઉ મોકલવામાં આવી છે તે મેં સાંભળ્યું છે કે ગયે અઠવાડિયે અહીંથી રવાના થઈ ગઈ છે.

મને ખબર આપનારની વાત સાચી હોય તો ઍટર્ની જનરલ મિ. એસ્કંબે એવી મતલબનો રિપોર્ટ મોકલ્યો છે કે ખરડાને મંજૂર કરવાનું એકમાત્ર કારણ દેશીઓ પરની સરકારને એશિયાઈઓના તાબામાં જતી અટકાવવાનું છે. ખરું કારણ જોકે અસલમાં આવું છે. એ લોકો હિંદુસ્તાનીઓ પર એવી ગેરલાયકાતો લાદવા માગે છે અને તેમને એવી રીતે અપમાનિત કરવા ધારે છે કે તેમને અહીં કૉલોનીમાં રહેવામાં કશો સાર ન લાગે. અને છતાં હિંદુસ્તાનીઓ વગર તેમને ચલાવવું છે એટલે કે તેમને સમૂળગા અહીંથી હાંકી કાઢવા છે એવુંયે નથી. જે

Gandhi Heritage Portal

હિંદુસ્તાનીઓ પોતાના સાધનના જોર પર અહીં આવે છે તે બેશક એમને ખપતા નથી અને કરારથી બંધાઈને આવતા હિંદુસ્તાનીઓની તેમને ખૂબ ગરજ છે; પણ તેમનાથી પાડી શકાતી હોય તો કરારથી બંધાઈને આવનારા હિંદુસ્તાનીને કરારની મુદત પૂરી થયે હિંદ પાછા જવાની ફરજ પાડવા માગે છે. ખરેખરો સિંહભાગ એમને ખાવો છે! એ લોકો બરાબર જાણે છે કે આ વાત તેઓ એકે તડાકે સાધી શકે એમ નથી. અને તેથી તેમણે ફ્રૅંચાઈઝ બિલ[મતાધિકારના કાયદાના ખરડા]થી શરૂઆત કરી છે. એ સવાલ પર વિલાયતની સરકારનું વલણ કેવું રહેશે તે તેમને ચકાસી જોવું છે. ઍસેમ્બ્લીના એક સભ્ય મને લખે છે કે વિલાયતની સરકાર ખરડાને મંજૂરી આપશે એવું તે પોતે માનતા નથી. બિલને મંજૂરી ન મળે એ હિંદી કોમની દૃષ્ટિથી કેટલું મહત્ત્વનું છે તે કહેવાની ભાગ્યે જ જરૂર છે.

નાતાલ હિંદીઓને માટે ખોટી જગ્યા નથી. હિંદુસ્તાની વેપારીઓમાંથી ઘણા અહીં આબરૂ-ભેર રોજી રળે છે. આ ખરડો કાયદો બનશે તો હિંદુસ્તાનીઓની ભવિષ્યમાં વેપારરોજગારનું સાહસ કરવાની વાતને ભારે ફટકો પડશે.

અલબત્ત, આ પહેલાં એક વાર મેં જણાવેલું તેમ ફરી પણ હું જણાવું કે દેશી લોકો પરની હકૂમત યુરોપિયનોના હાથમાંથી સરકીને હિંદીઓના હાથમાં જાય એવી જરાયે સંભાવના નથી. એ વાત તો ખાલી વિલાયતની સરકારને ભડકાવવાને સારુ ચલાવવામાં આવી છે. અહીંની સરકાર સમેત અહીં રહેનારાં સૌ કોઈ બરાબર જાણે છે કે એ વાત કદી બને એવી નથી. હિંદુસ્તાનીઓ બે કે ત્રણ ગોરાઓને સભ્યો તરીકે ચૂંટી મોકલે એવું તેમને જોઈતું નથી; કેમ કે તે સભ્યો પછી હિંદીઓના હિતના બચાવમાં રહે. અને સરકારનો ઇરાદો એવો છે કે આવા સભ્યો નહીં હોય ત્યારે કોઈ પણ પ્રકારના વિરોધ વગર પોતે હિંદુસ્તાનીઓને બરબાદ કરવાને ફાવે તેમ કરી શકે.

આ અરજીની નકલો મેં સર વિલિયમ વેડરબર્નને તેમ જ બીજાઓને મોકલી છે. ઉપરાંત મેં હિંદુસ્તાનનાં અખબારોને માટે પણ મોકલી છે.

મારા પત્રના લંબાણને માટે ક્ષમા કરવા વિનંતી છે. કેવી રીતે કાર્ય કરવું તે વિશે સૂચના કરશો તો તમારો મારા પર ભારે ઉપકાર થશે.

હું છું,
સાહેબ,
આપનો વફાદાર સેવક
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ગાંધીજીના પોતાના હસ્તાક્ષરમાંના મૂળ લખાણની છબી પરથી.

Gandhi Heritage Portal

## ૩૭. નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસ

સને ૧૮૯૪ના ઑગસ્ટની ૨૨મી તા[રીખે] ખૂલી

ઑગસ્ટ ૧૮૯૪

**પ્રેસિડન્ટ**

મિ. અબદુલ્લા હાજી આદમ

**વાઈસ પ્રેસિડન્ટો**

મિ. હાજી મહમદ હાજી દાદા, મિ. અબદુલ કાદર, મિ. હાજી દાદા હાજી હબીબ, મિ. મુસા હાજી આદમ, મિ. પી. દાવજી મહમદ, મિ. પીરન મહમદ, મિ. મુટ્ટુ ગેસા પીલે, મિ. રામસામી નાઈડુ, મિ. હુસન મિરન, મિ. આદમજી મિયાંખાન, મિ. કે. આર. નાયના, મિ. આમદ ભાયાત (પી. એમ. બર્ગ), મિ. મુસા હાજી કાસમ, મિ. મહમદ કાસમ જીવા, મિ. પારસી રુસ્તમજી, મિ. દાઉદ મહમદ, મિ. હુસેન કાસમ, મિ. આમદ ટીલી, મિ. દોરોસામી પીલે, મિ. ઉમર હાજી અબા, મિ. ઓસમાનખાં રહેમતખાં, મિ. રંગસ્વામી પદાયચી, મિ. હાજી મહમદ (પી. એમ. બર્ગ), મિ. કમરુદીન (પી. એમ. બર્ગ).

**ઑનરરી સેક્રેટરી**

મિ. એમ. કે. ગાંધી

**કૉન્ગ્રેસ કમિટી**

ચેરમૅન

મિ. અબદુલ્લા હાજી આદમ

**ઑનરરી સેક્રેટરી**

મિ. એમ. કે. ગાંધી

**કમિટીના મેમ્બરો**

બધા વાઈસ પ્રેસિડન્ટ

અને

મિ. એમ. ડી. જોશી, મિ. નરસોરામ, મિ. માણેકજી, મિ. દાવજી મામુજી મુતાલવી, મિ. અહમદ એચ. સરન, મિ. મુટ્ટુ ક્રીસન, મિ. એલ. ગેબ્રિયલ, મિ. જેમ્સ ક્રિસ્ટોફર, મિ. સુબુ નાઈડુ, મિ. જૉન ગેબ્રિયલ, મિ. સુલેમાન વોરાજી, મિ. કાસમજી આમુજી, મિ. આર. કુંદાસામી નાઈડુ, મિ. એમ. ઈ. કથરાડા, મિ. ઈબ્રાહીમ એમ. ખત્રી, મિ. શેખ ફરીદ, મિ. વરીનદ ઈસ્માઈલ, મિ. રનજિત, મિ. પેરુમલ નાઈડુ, મિ. પારસી ધનજીશા, મિ. બીસેસર, મિ. ગુલામ હુસેન રાંદેરી, મિ. શમશુદ્દીન, મિ. જી. એ. બાસા, મિ. મહમદ એ. બાસા, મિ. સરબજિત, મિ. રાયપન, મિ. જુસબ અબદુલ કરીમ, મિ. અર્જુનસિંગ, મિ. ઈસ્માઈલ કાદર, મિ. ઈસપ કડવા, મિ. મહમદ ઈસાક, મિ. મહમદ હાફેસજી, મિ. એમ. પારેખ, મિ. સુલેમાન દાવજી, મિ. વી. નારાયણ પાથેર, મિ. લછમન પાંડે, મિ. ઓસમાન અહમદ, મિ. મહમદ તૈયબ.

Gandhi Heritage Portal



૧૮૯૦ની સાલમાં લંડન વેજિટેરિયન સોસાયટીના બીજા સભ્યો સાથે ગાંધીજી

Gandhi Heritage Portal



નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસના સ્થાપકો, ૧૮૯૫

Gandhi Heritage Portal

141

3

# The Natal Indian Congress

SN 141
LN 77

Established

22nd August 1894 AD

President

Mr Abdoolla Hajee Adam

Vice Presidents

Mr Haji Mahomed Haji Dada
" Abdul Kadir
" Haji Dada Haji Habib
" Parsee Rustomjee
" P. Dowjee Mahomed
" Peeran Mahomed
" Doraisamy Pillay
" Ramsamy Naidoo
" Hoosen Meeran
" Adamjee Miankhan
" Naynah

Mr Moosa Haji Cassim
" Mahomed C. Jeeva
" Dowd Mahomed
" Moosa Hajee Adam
" ~~Hoosen~~ Cassim
" Amod Tilly
" Moroogasa Pillay
" Umar Haji Abba
" Osmankhan Rahamutkhan
" Rangsamy Padayachi

Hon. Secretary

Mr M. K. Gandhi


Congress Committee

Chairman


Mr Abdoolla Hajee Adam

Hon. Secretary Mr M. K. Gandhi

નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસના બંધારણનું પહેલું પાનું



Gandhi Heritage Portal



S.N. 176 L.N. 112

Durban
12 Nov 94

Dear Nazar,

Your letter of the fourth inst. You must have received my telegram last evening herewith copies of the telegrams exchanged between the Govt & myself. I would like to see copies of the correspondence between the Govt & the agent.

The Star article was bad very bad. It might be as well for you to write to the editor to the effect that the Indians do not need public subscriptions. They do not trumpet their charity abroad. If 1000 Indians went from the Transvaal to Natal They would not starve & yet there would be little fuss about it. The Indians have never become a burden on the State in Natal. There is no poor law in India. The poorest in the country is in the world. The silent & therefore christian Indian charity is well known. The calumny comes with ill grace from a paper of the Star's standing boasting British principles and pretending to side with the weak & the poor. You may also

Editor that 100 - about 100 Indians came from Jo Burg yesterday and not one of them had to starve or search for help whereas the authorities have to make special provision for the poor whites. And finally tell them that Natal Govt thought better & gracefully though tardily suspended the deposit of £10. It might also be as well to write to the Leader informing it of the Govt's decision & expressing thanks and satisfaction.

Yours sincerely
M K Gandhi

I trust you have corrected the mistakes in the Leader. The St. has created wrong impression.
MKG

નાજરને પત્ર

### મેમ્બર થવાની શરત

હરકોઈ માણસ જે કૉંગ્રેસનું કામ પસંદ કરતો હોય તે સબસ્ક્રિપ્શન આપીને મેમ્બરના ફારમમાં સહી કરીને મેમ્બર થઈ શકે. મહિનાનું ઓછામાં ઓછું સબસ્ક્રિપ્શન ૫/પાંચ શિલિંગ છે ને વરસની ઓછામાં ઓછી ફી પા. ૩/ત્રણ પાઉન્ડ છે.

### ના. ઈ. કોં.ના હેતુ

૧. કૉલોનીમાં રહેનારા યુરોપિયન અને ઇન્ડિયન વચ્ચે સલૂકાઈ કરવી અને સલાહસંપ વધારવો.

૨. છાપામાં લખી, ચોપાનિયાં બહાર પાડી અને ભાષણો કરીને હિંદુસ્તાન અને ત્યાંના લોકોની ખબર ફેલાવવી.

૩. હિંદુસ્તાનીઓ અને તેમાં મુખ્યત્વે કરીને કૉલોનીમાં જન્મેલાઓને હિંદુસ્તાનનો ઇતિહાસ શીખવવો અને હિંદુસ્તાનની બાબતોનો અભ્યાસ કરવાને તેઓને લલચાવવા.

૪. હિંદુસ્તાનીઓ પર શું દુ:ખો છે તેની તપાસ કરવી અને તે દૂર કરવાને બધા ઘટતા ઇલાજો લેવા.

૫. ગિરમીટમાં આવેલા ઇન્ડિયનોની સ્થિતિની તપાસ કરવી અને તેઓને થતી ખાસ ઈજાઓ દૂર કરવામાં તેઓને મદદ કરવી.

૬. બધી ઘટતી રીતે ગરીબ અને લાચારને મદદ કરવી.

૭. અને સાધારણ રીતે હિંદુસ્તાનીઓની નીતિ, સંસારી સ્થિતિ, બુદ્ધિ અને રાજપ્રકરણની સ્થિતિમાં સુધારો થાય એવાં બધાં કામો કરવાં.

### કમિટીએ સુધારેલા કે રદ કરેલા ને કૉંગ્રેસે પસાર કરેલા ધારા

૧. મીટિંગો ભરવાને સારુ વધારેમાં વધારે મહિનાના ૧૦ પા[ઉન્ડ]ના ભાડાથી એક હૉલ ભાડે લેવાની સત્તા છે.

૨. કમિટી ઓછામાં ઓછી એક વાર મહિનામાં મળે.

૩. કૉંગ્રેસની જનરલ મીટિંગ વરસમાં એક વાર ઓછામાં ઓછી મળે. તે ખસૂસ ડરબનમાં જ નહીં.

૪. કૉલોનીના બીજા ભાગમાંથી ઑનરરી સેક્રેટરી મેમ્બરોને નોતરે.

૫. કામકાજને વાસ્તે ધારા ઘડવા ને પસાર કરવાની કમિટીને સત્તા છે અને કમિટીને બધી સાધારણ સત્તા છે.

૬. કમિટી વાજબી પગારે એક પગારદાર સેક્રેટરી નીમે.

૭. ઑનરરી સેક્રેટરી પોતાની મરજી મુજબ કૉંગ્રેસને ટેકો આપે એવા યુરોપિયનને વાઈસ પ્રેસિડન્ટ બનવા નોતરે.

૮. કૉંગ્રેસના ફંડમાંથી ઑનરરી સેક્રેટરી પોતાની મરજી મુજબ છાપાં ને ચોપડીઓ કૉંગ્રેસ લાઈબ્રેરીને સારુ મંગાવે.

૯. ઑનરરી સેક્રેટરી ચેકમાં પોતે જ સહી કરેલી છે કે પોતાની સહીની સામે બીજી સહી પણ છે એ ચોપડામાં બતાવે.

Gandhi Heritage Portal

### કમિટીએ પસાર કરેલા ધારા

૧. દરેક મીટિંગમાં ચૅરમૅન પ્રમુખ થાય. જો તે હાજર ન હોય તો કમિટીનો પહેલો મેમ્બર; તે બેઉ હાજર ન હોય તો બીજો, એ પ્રમાણે નિયમવાર.

૨. મીટિંગની શરૂઆતમાં ઑનરરી સેક્રેટરી છેલ્લી મીટિંગની બીના વાંચી સંભળાવે ને ત્યાર બાદ તેમાં પ્રમુખ સહી કરે.

૩. જે દરખાસ્તો કે ઠરાવની નોટિસ ઑન[રરી] સેક્રેટરીને અગાઉથી ન આપવામાં આવી હોય તેવી દરખાસ્ત કે ઠરાવ ઉપર ઘણું કરીને કમિટી ધ્યાન ન આપે.

૪. જે પૈસા કમિટી કે કૉંગ્રેસને વાસ્તે મળ્યા હોય કે વપરાયા હોય તેનો વિગતવાર હિસાબ ઑન[રરી] સેક્રેટરી વાંચે.

૫. કમિટી કોઈ દરખાસ્ત ઉપર ધ્યાન આપી શકે તે પહેલાં દરખાસ્ત કમિટીના એક મેમ્બરે કરેલી હોવી જોઈએ અને બીજાએ તેને ટેકો દીધેલો હોવો જોઈએ.

૬. ચૅરમૅન અને ઑન[રરી] સેક્રેટરી પોતાના હોદ્દાથી જ કમિટીના મેમ્બર ગણાય અને વોટ આપી શકે. સરખા વોટ થાય તો ચૅરમૅનને એક વધારાનો વોટ મળે.

૭. દરેક મેમ્બર ઊભો થઈને ચૅરમૅનની સન્મુખ બોલે.

૮. કમિટીની મીટિંગમાં દરેક મેમ્બર બીજા મેમ્બર વિશે બોલતાં તેના નામ આગળ 'મિસ્ટર' શબ્દ બોલે.

૯. કમિટીની મીટિંગનું કામ ગુજરાતી, તામિલ, હિંદુસ્તાની અને અંગ્રેજી એ બધી ભાષામાં કે તેમાંની એકમાં ચાલી શકે.

૧૦. હરકોઈ મેમ્બર જે જાણતો હોય તેવા મેમ્બરને બીજા મેમ્બરનાં ભાષણોનો તરજુમો કરવા જરૂર જણાય ત્યારે ચૅરમૅન હુકમ કરી શકે.

૧૧. દરેક દરખાસ્ત કે ઠરાવ ઘણે મતે પસાર થાય.

૧૨. જ્યારે કૉંગ્રેસની પાસે ઓછામાં ઓછા પા[ઉન્ડ] ૫૦ થાય ત્યારે ઑન[રરી] સેક્રેટરી પોતાની મરજીમાં આવે તે બૅન્કમાં નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસને નામે રાખે.

૧૩. જ્યાં સુધી નાણાં બૅન્કમાં ન મુકાય ત્યાં સુધી તે ઑન[રરી] સેક્રેટરી પાસે રહે અને તેનો જોખમદાર ઑન[રરી] સેક્રેટરી ગણાય.

૧૪. પાંચ પાઉન્ડ કરતાં વધારેનું અનિયમિત ખરચ થતાં પહેલી કમિટીની પરવાનગી જોઈએ. તે પરવાનગી લીધા પહેલાં ચૅરમૅન કે ઑન[રરી] સેક્રેટરી ખરચ કરે તો અને તે કમિટી મંજૂર ન રાખે તો તે તેઓની જવાબદારી ઉપર સમજવું. પાંચ પાઉન્ડના ચેક ઉપર ઑન[રરી] સેક્રેટરી એકલા સહી કરી શકે. તેમ મોટી રકમના ચેક ઉપર ઑન[રરી] સેક્રેટરી સહી કરે અને તેની સામે નીચેનામાંથી એક ગૃહસ્થ સહી કરે:

મિ. અબદુલ્લા હાજી આદમ, મિ. મુસા હાજી કાસમ, મિ. અબદુલ કાદર, મિ. કોલન્દા વેલુ પીલે, મિ. પી. દાવજી મહમદ, મિ. હુસેન કાસમ.

૧૫. સભાનું કામકાજ ચલાવવાને ચૅરમૅન તેમ જ સેક્રેટરી ઉપરાંત દસ મેમ્બર હાજર હોવા જોઈએ.

૧૬. મીટિંગ થવાની હોય તે પહેલાં ઑન[રરી] સેક્રેટરી ઓછામાં ઓછી બે દિવસની ખબર આપે.

Gandhi Heritage Portal

૧૭. ઑન[રરી] સેક્રેટરી પોસ્ટથી કે માણસથી લેખિતવાર ખબર આપે તો તેણે એ ૧૬મો રૂલ પાળ્યો ગણાશે.

૧૮. કમિટીના જે મેમ્બર વાજબી કારણ સિવાય કમિટીની ઉપરાઉપરી છ મીટિંગમાં હાજર ન રહે તેનું નામ તે મેમ્બરને નામ કાઢી નાખવાના કમિટીના ઈરાદાની નોટિસ આપ્યા બાદ કાઢી નાખવું. અને જે મેમ્બર આગલી મીટિંગમાં હાજર ન થયેલ હોય તે ગેરહાજરીનું કારણ બીજી મીટિંગમાં બતાવે.

૧૯. કૉંગ્રેસના જે મેમ્બરે વાજબી કારણ વિના ત્રણ મહિના સુધી ઉપરાઉપરી સબ-સ્ક્રિપ્શન ન આપ્યું હોય તે મેમ્બર થતો બંધ રહે.

૨૦. કમિટીમાં કોઈ બીડી પીએ નહીં.

૨૧. જો બે મેમ્બર ભેળા બોલવાને ઊભા થાય તો પહેલો કોણ બોલે તેનો ઠરાવ ચૅરમૅન આપે.

૨૨. જો પૂરતા મેમ્બરો હાજર થયા હોય તો કમિટીનું કામ નીમેલ વખતે શરૂ થાય. પણ જો ઠરાવેલ વખતે કે ત્યાર બાદ અરધા કલાક સુધી પૂરતા મેમ્બરો હાજર ન થાય તો મીટિંગ કંઈ પણ ચર્ચા કર્યા વિના બંધ રહે.

૨૩. કમિટી હૉલનો અને લાઈબ્રેરીનો ઉપયોગ નાતાલ ઈન્ડિયન ઍસોસિયેશન મફત કરે. અને બદલામાં કૉંગ્રેસનું લખવા વ.નું વાજબી કામ ઍસોસિયેશન મફત કરે.

૨૪. કૉંગ્રેસની લાઈબ્રેરી કૉંગ્રેસના બધા મેમ્બરો વાપરી શકે.

૨૫. કમિટીના મેમ્બર બંધ કરેલી જગામાં બેસે અને તેની બહારના ભાગમાં જોનારા બેસે. જોનારા મીટિંગમાં બિલકુલ ભાગ નહીં લે અને, જો તેઓ ઊંચેથી બોલે અથવા તોફાન કરે તો તેઓને હૉલની બહાર જવું પડશે.

૨૬. કમિટી આ રૂલમાં સુધારોવધારો ભવિષ્યમાં કરી શકે.

[મૂળ ગુજરાતી]

અસલ લખાણની ટાઈપ કરેલી નકલની છબી પરથી.

આ ઉપરાંત ગાંધીજીના પોતાના હાથની લખેલી બંધારણની અંગ્રેજી નકલ અને બીજી એક ગુજરાતી હાથપ્રતની નકલ છે. ધિ નાતાલ ઈન્ડિયન કૉંગ્રેસના 'હેતુ'ના અંગ્રેજી હાથપ્રતમાંના શબ્દો પા. ૧૮૮–૯ અને પા. ૨૫૫–૬ પરના 'હેતુ'ના શબ્દોને મળતા આવે છે. આ પછીની તારીખના હોવાથી પા. ૯૭ પરના શબ્દોમાં સુધારાવધારા હોય એવું લાગે છે. ત્રણે નકલોમાંની ભાષામાં અને તેમાંનાં નામોમાં થોડો થોડો ફેર છે. પણ તે નજીવો છે. એ ત્રણે મૂળ લખાણો સાબરમતી સંગ્રહાલયમાં સંઘરાયેલાં છે.

Gandhi Heritage Portal

## ૩૮. 'રામીસામી'

ડરબન,
ઑક્ટોબર ૨૫, ૧૮૯૪

શ્રી તંત્રી,
घि टाइम्स ऑफ नाताल

સાહેબ,

ચાલુ માસની ૨૨મી તારીખના તમારા અંકમાંના 'રામીસામી' મથાળાવાળા તમારા અગ્રલેખ પર તમારી રજાથી થોડી નુક્તાચીની કરવાનું હું સાહસ કરું છું.

જેની તમે નોંધ લીધી છે તે ધિ ટાઇમ્સ ઑફ इन्डियामांना લેખનો બચાવ કરવાની મારી ઈચ્છાં નથી; પણ ખુદ તમારો અગ્રલેખ તેનો પૂરતો બચાવ નથી કે? ખુદ મથાળા 'રામીસામી'માં બિચારા હિંદી તરફનો હેતુપૂર્વક કેળવેલો તુચ્છકાર વરતાતો નથી કે? આખોયે લેખ તેનું નાહક અપમાન નથી કે? "ઊંચા સંસ્કારવાળા માણસો હિંદુસ્તાન પાસે છે વ." સ્વીકારવાની મહેરબાની તમે બતાવી છે અને છતાં તમારું ચાલે તો તેમને તમે ગોરા માણસની બરાબરીની રાજદ્વારી સત્તા આપવા માગતા નથી. આમ તમે કરેલું અપમાન તમે બેવડું અપમાનજનક નથી કરતા શું? હિંદીઓ સંસ્કારી નથી પણ જંગલી જાનવરો છે એવું તમે ધારતા હોત અને તે કારણસર તેમને રાજકીય સમાનતા આપવાનો ઈન્કાર કરતા હોત તો તમારા અભિપ્રાયોને માટે તમને કંઈકેય બહાનું મળત. પણ તમારે તો એક નિરુપદ્રવી પ્રજાને અપમાનિત કરવામાંથી મળતી પૂરેપૂરી મજાને ખાતર તે એક ચતુર પ્રજા છે એવો સ્વીકાર કરવાનો દેખાવ કરવો છે અને છતાં તેને પગ નીચે દબાયેલી રાખવી છે!

પછી તમે એવું કહ્યું છે કે કૉલોનીમાં રહેતા હિંદુસ્તાની હિંદુસ્તાનમાં રહેનારાના જેવા નથી; પણ સાહેબ, તમને ભૂલી જવાનું ફાવતું આવે છે કે જેમ લંડનમાં ઈસ્ટ એન્ડ લત્તાના અજ્ઞાન અને દુરાચારમાં ઊંડે ઊતરી ગયેલા આદમીમાં સ્વતંત્ર ઇંગ્લંડના વડા પ્રધાન થવાની શકયતા રહેલી છે-તેવી જ રીતે જેને તમે બુદ્ધિમાન કહી છે એવી જાતિના તેઓ ભાંડુઓ ને વંશજો હોઈ તેમને તક આપવામાં આવે તો તેમનામાં પોતાના હિંદુસ્તાનમાં વસતા વધારે નસીબવંતા ભાઈઓના જેવી શક્તિ બતાવી આપવાની શકયતા રહેલી છે.

મતાધિકારની બાબતમાં લૉર્ડ રિપનને મોકલવામાં આવેલી અરજીમાંથી તમે એવો અર્થ તારવ્યો છે જે તેમની આગળ રજૂ કરવાનો જરાયે આશય નહોતો. શક્તિવાળા ને લાયકાત ધરાવનાર દેશીઓ પોતાને મળેલા મતાધિકારનો અમલ કરી શકે છે તેનો હિંદુસ્તાનીઓને રંજ નથી. બલકે, એથી ઊલટી સ્થિતિ હોય તો તેમને દુઃખ થાય. તેઓ જોકે ભારપૂર્વક જરૂર કહેવા ઇચ્છે છે કે તેમનામાં શક્તિ અને લાયકાત હોય તો તેમને પણ એ હક હોવો જોઈએ. હિંદુસ્તાનીની અથવા દેશીની ચામડીનો વર્ણ ઘેરો છે તેથી તમાસ ડહાપણમાં કોઈ પણ સંજોગોમાં એ મોઘો અધિકાર તમે તેને આપવા માગતા નથી. તમે કેવળ બહારનો રંગ જોવા માગો છો. ચામડીનો વર્ણ સફેદ હોય તો તેની નીચે ઝેર છુપાયેલું છે કે અમૃત તે વાતની

Gandhi Heritage Portal

તમને કશી પરવા નથી. તમારી નજરમાં ફેરિસી[1] ફેરિસી છે તેથી તેની ઉપર ઉપરની મોઢાની પ્રાર્થના પબ્લિકનના અંતરના પશ્ચાત્તાપના કરતાં વધારે સ્વીકારવા જેવી છે અને હું ધારું છું એ દૃષ્ટિને તમે ખ્રિસ્તનો ધર્મ કહેતા હશો. તમે ભલે કહો પણ તે ઈશુનો ધર્મ નથી જ નથી.

અને સંસ્થાનમાં તમારું અખબાર આબરૂદાર છે છતાં તમે આવો અભિપ્રાય ધરાવો છો ને ધિ ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને માથે જૂઠાણું ચલાવવાનો આક્ષેપ કરો છો! પણ કોઈના પર આક્ષેપ મૂકવો એ એક વાત છે, તેને સાબિત કરવો એ તદ્દન જુદી વાત છે.

એક અપવાદ એટલે કે 'રાજકીય સત્તા' સિવાયનો એક નાગરિક ઈચ્છે તેવો કોઈ પણ અધિકાર 'રામીસામી'ને ભલે મળે એટલું કહીને તમે પૂરું કરો છો. તમારા અગ્રલેખનું મથાળું અને તેના સૂરની સાથે ઉપરનો અભિપ્રાય સુસંગત છે ખરો કે? કે પછી વાતમાં સુસંગતતા રાખવાનો ગુણ બિનખ્રિસ્તી અને બિનઅંગ્રેજી છે? ઈશુએ કહ્યું હતું કે 'નાનાં બાળકોને મારી પાસે આવવા દો.' સંસ્થાનમાંના તેના શિષ્યો (?) 'નાનાં' પછી 'ગોરાં' ઉમેરીને તે વચનને સુધારવા માગતા હોય એવું લાગે છે. મને જણાવવામાં આવ્યું છે કે ડરબનના મેયરે ગોઠવેલા બાળકોના ઉત્સવ દરમિયાન કાઢવામાં આવેલા સરઘસમાં એક પણ રંગવાળું બાળક જોવાનું મળતું નહોતું. રંગીન ચામડીવાળાં માબાપને પેટે જન્મ લેવાના પાપને સારુ શું એ સજા હતી? તિરસ્કૃત 'રામીસામી'ને જે મર્યાદિત નાગરિકપણું તમે આપવા ધારો છો તેને અંગેનો આ બનાવ સમજવાનો છે?

ઈશુને અત્યારે પૃથ્વી પર અવતરવાનું થાય તો "હું તમને ઓળખતો નથી" એવું આપણામાંના ઘણાને તે નહીં કહે? સાહેબ, તમને એક સૂચના કરવાનું સાહસ કરું? તમારો નવો કરાર તમે ફરીથી વાંચી જશો? સંસ્થાનની રંગીન વસ્તી તરફના તમારા વલણનો તમે વિચાર કરી જશો? પછી બાઇબલની શીખ અથવા બ્રિટિશ પ્રજાની ઉત્તમમાં ઉત્તમ પરંપરા સાથે તેનો મેળ ખાય છે એવું તમે કહી શકશો? ઈશુ અને બ્રિટિશ પ્રજાની ઉત્તમમાં ઉત્તમ પરંપરાથી તમે હાથ ધોઈ નાખ્યા હોય તો મારે કશું કહેવાનું રહેતું નથી; મેં જે લખ્યું છે તે હું ખુશીથી પાછું ખેંચી લઈશ. પણ તમારા ઝાઝા અનુયાયીઓ હશે તો તે દિવસ બ્રિટન અને હિંદુસ્તાન બંનેને માટે ભૂંડો હશે એટલું મારે કહેવું જોઈશે.

તમારો

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ધિ ટાઇમ્સ ઑફ નાતાલ, ૨૬–૧૦–૧૮૯૪

૧. ફેરિસી યહૂદી ધર્મગુરુ માટેનો શબ્દ છે. તે ધર્મના કેવળ બહારના દેખાવમાં ને બાહ્ય આચારમાં માનતો. એથી ઊલટું પબ્લિકન જે પાપી હતો તે અંતરથી પોતાનાં પાપના પશ્ચાત્તાપમાં આંસુ સારતો.

Gandhi Heritage Portal

## ૩૯. નાજરને પત્ર

ડરબન,
નવેમ્બર ૧૨, ૧૮૯૪

વહાલા મિ. નાજર,

ચાલુ માસની ચોથીનો તમારો પત્ર મળ્યો. મારો તાર તમને ગઈ કાલે મળ્યો હોવો જોઈએ. સરકાર અને મારી વચ્ચે જે તારો સામસામા થયા છે તેની નકલો આ સાથે બીડી છે. સરકાર અને તેના એજન્ટ વચ્ચે થયેલા પત્રવહેવારની નકલો મારે જોવી છે.

ધિ સ્ટાર અખબારમાં આવેલો લેખ ખરાબ છે — ઘણો ખરાબ છે. હિંદીઓને જાહેર . . . .[1] અને લવાજમની જરૂર નથી એવી મતલબનું લખાણ તમે તેના તંત્રીને કરો તો સારું. તે લોકો તેમના દાનની બહાર જાહેરાત કરતા નથી. ટ્રાન્સવાલમાંથી ૧૦,૦૦૦ હિંદુસ્તાનીઓ નાતાલમાં જાય તો તે બધા ભૂખે મરવાના નથી અને છતાં તે વિષે ઝાઝી ધાંધલ નહીં થાય. નાતાલના રાજ્ય પર હિંદુસ્તાનીઓ કદી બોજારૂપ થયા નથી. હિંદુસ્તાન દુનિયામાં ગરીબમાં ગરીબ મુલક છે છતાં ત્યાં ગરીબોને લગતા કાનૂન નથી. મૂગી અને તેથી ઈશુને લાયકની હિંદુસ્તાનની દાનવૃત્તિ સારી પેઠે જાણીતી થયેલી છે. બ્રિટિશ સિદ્ધાંતોની બડાશ હાંકનારા અને નબળા તેમ જ ગરીબ લોકોનો પક્ષ કરવાનો દેખાવ કરનારા ધિ સ્ટાર જેવા મોભાદાર પત્રને આવી બદગોઈ કરવાનું છાજતું નથી. તમે તેના તંત્રીને એવું પણ જણાવી શકો કે સો — લગભગ સો — જેટલા હિંદુસ્તાનીઓ ગઈ કાલે જોહાનિસબર્ગથી આવ્યા. અને સરકારના અધિકારીઓને ગરીબ ગોરાઓને સારુ ખાસ જોગવાઈ રાખવી પડે છે, પણ એ સોમાંથી એકેને ભૂખે મરવું પડયું નથી કે મદદ શોધવી પડી નથી. અને છેવટમાં તેમને જણાવો કે નાતાલ સરકારે પાછળથી ડહાપણ બતાવ્યું હોઈ મોડું મોડું પણ તેને છાજે એવી રીતે ૧૦ પાઉન્ડની અનામત મુકાવવાનું માંડી વાળ્યું છે. લીડર પત્રને પણ સરકારના નિર્ણયની ખબર આપવાને અને તેનાથી થયેલા સંતોષ ને આભારની લાગણી વ્યક્ત કરવાને લખવું સારું.

અંતરથી તમારો,
**મો. ક. ગાંધી**

લીડર અખબારમાં આવેલી ભૂલો તમે સુધારી હશે એવી આશા છે. 'ડૉ.' લખવાથી ખોટી છાપ ઊભી થઈ છે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના પોતાના હસ્તાક્ષરના મૂળ લખાણની છબી પરથી.

૧. અહીંનો શબ્દ વંચાતો નથી.

Gandhi Heritage Portal

## ૪૦. ધિ એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન

ડરબન,

નવેમ્બર ૨૬, ૧૮૯૪

શ્રી તંત્રી,

ધિ નાતાલ મર્ક્યુરી

સાહેબ,

એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન[1] વિષેની જે જાહેરખબર તમારા જાહેરખબર વિભાગમાં આવે છે તેના તરફ તમારા વાચકોનું ધ્યાન ખેંચવાની મને રજા આપશો તો હું તમારો બહુ આભારી થઈશ. જે પુસ્તકોની જાહેરખબર આપવામાં આવી છે તેમાં પ્રતિપાદન કરવામાં આવેલી વિચારસરણી બિલકુલ નવી નથી પણ પ્રાચીનનો પુનરુદ્ધાર છે અને તે આધુનિક માનસને સ્વીકાર્ય થાય એ ઢબે રજૂ કરવામાં આવી છે. વળી, તે એવી ધાર્મિક વિચારસરણી છે જે આખુંયે વિશ્વ એક છે એવું શીખવે છે અને કેવળ બાહ્ય જગતની ઘટનાઓ અથવા તવારીખી હકીકતોનો નહીં પણ શાશ્વત સત્યનો આધાર લે છે. ઈશુનું ચડિયાતાપણું સાબિત કરવાને તે વિચારપદ્ધતિમાં મહંમદ કે બુદ્ધને ઉતારી પાડવામાં આવ્યા નથી. ઊલટું, તેમાં બીજા ધર્મોની સાથે ખ્રિસ્તી ધર્મનો મેળ બતાવેલો હોઈ તેના પ્રતિપાદકોનો અભિપ્રાય એવો છે કે તે ધર્મ એક જ શાશ્વત સત્યને માણસો આગળ રજૂ કરવાની અનેકમાંની એક રીત છે. જૂના કરારના અનેકાનેક કોયડાઓનો તેમાં પૂરેપૂરો તેમ જ સમાધાનકારક ઉકેલ જડી આવે છે.

તમારા વાચકોમાંના જેને આજના જમાનાનો ભૌતિકવાદ અને તેનો બધો ભપકો પોતાના આત્માની જરૂરિયાતોને માટે અધૂરો લાગતો હોય, જેને વધારે ઊંચા જીવનની તાલાવેલી હોય, અને આધુનિક સંસ્કૃતિના આંજી નાખનારા ચળકાટ મારતા પડની નીચે તેવા પડ નીચે સહેજે જેની અપેક્ષા રાખવામાં આવે તેનાથી ઘણું ઊંધું છે એવો જેને અનુભવ થતો હોય અને સૌથી વિશેષ તો જેને આધુનિક મોજશોખ અને અખંડ અજંપાભરી પ્રવૃત્તિમાંથી રાહત ન મળતી હોય તેને જાહેરખબરમાં જેમનો ઉલ્લેખ છે તે પુસ્તકોની ભલામણ કરવાની હું રજા ચાહું છું. અને હું ખાતરી આપું છું કે તે પુસ્તકોમાંની બધીયે શીખ પૂરેપૂરી ભલે ન સ્વીકારાય તોયે તે વસાવી વાંચી જનારને વાંચ્યા પછી પોતે હતો તેના કરતાં વધારે સારો માણસ બન્યો છે એવો અનુભવ થયા વગર નહીં રહે.

આ વિષય પર વાતચીત કરવાની ઇચ્છા હોય તેની સાથે નિરાંતે વિચારોની આપલે કરવામાં મને ઘણો આનંદ આવશે. તેવા કોઈ ભાઈ મારી સાથે અંગત પત્રવહેવાર કરશે તો હું તેનો આભારી થઈશ. આ ચોપડીઓનું વેચાણ કમાણીનો ધંધો નથી એ વાત જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. સંઘ (ધિ એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન)ના પ્રમુખ મિ. મેઈટલૅન્ડ અથવા તેના એજન્ટ તે પુસ્તકો મફત આપી દઈ શકતા હોત તો ખુશીથી વહેંચી દેત. ઘણા દાખલામાં પુસ્તકો પડતર કિંમતથી ઓછું લઈનેયે વેચવામાં આવેલાં છે. થોડા દાખલામાં મફત આપી દેવામાં આવ્યાં

૧: જેમણે અમુક સિદ્ધાંતોની દીક્ષા લીધી છે એવા ઈશુના અનુયાયીઓનો સંઘ.

Gandhi Heritage Portal

છે. કંઈ પણ દામ લીધા વગર તે પુસ્તકોની વહેંચણી કરવાનું અશક્ય માલૂમ પડ્યું છે. કોઈ કોઈ દાખલામાં એ પુસ્તકો પાછાં લેવાની શરતે ખુશીથી ઉછીનાં આપવામાં આવશે.

મરહૂમ ઍબે કૉન્સ્ટંટે પુસ્તકોના કર્તાઓને લખેલા પત્રમાંથી ઉતારો આપી હું મારું કહેવાનું પૂરું કરું: "માનવજાતે હમેશાં અને હરેક સ્થળે પોતાની જાતને નીચેના ત્રણ સૌથી મહત્ત્વના પ્રશ્નો કર્યા છે: આપણે ક્યાંથી આવીએ છીએ? આપણે શું છીએ? અને, આપણે ક્યાં જઈએ છીએ? હવે, ધિ પરફેક્ટ વે (સંપૂર્ણ માર્ગ) પુસ્તકમાં આ સવાલોનો આટલા લાંબા સમય બાદ સંપૂર્ણ, સમાધાનકારક અને આશ્વાસન આપનારો ઉત્તર મળી રહે છે."

હું છું, વગેરે
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
धि नाताल मर्क्युरी, ૩–૧૨–૧૮૯૪

# ૪૧. વેચાણ માટે પુસ્તકો

ડરબન, નાતાલ

મરહૂમ મિસિસ ઍના કિંગ્સફર્ડ અને મિ. એડવર્ડ મેઈટલૅન્ડનાં લખેલાં નીચે બતાવેલાં પુસ્તકો જાહેરાતમાં જણાવેલી કિંમતે વેચાણ માટે મૂકવામાં આવ્યાં છે. દક્ષિણ આફ્રિકામાં તે પહેલવહેલાં આણવામાં આવ્યાં છે.

धि परफेक्ट वे (પૂર્ણ માર્ગ) ૭/૬

क्लोथ्ड विथ धि सन (સૂર્ય વડે વિભૂષિત) ૭/૬

धि स्टोरी ऑफ धि न्यू गॉस्पेल ऑफ इन्टरप्रिटेशन (સમજૂતીની નવી સુવાર્તાની કથા) ૨/૬

धि न्यू गॉस्पेल ऑफ इन्टरप्रिटेशन (સમજૂતીની નવી સુવાર્તા) ૧/-

धि बाइबल्स ओन एकाउन्ट ऑफ इटसेल्फ (બાઈબલનું પોતાનું બયાન) ૧/-

આ પુસ્તકો વિષેના કેટલાક અભિપ્રાય નીચે મુજબ છે:

"ધિ પરફેક્ટ વે જે પ્રકાશનો મૂળ ઝરો છે તે અર્થ કરી આપે છે અને અનેક વિસંવાદી ભાસતી વાતો વચ્ચે મેળ બેસાડી આપે છે. . . . દિવ્ય વસ્તુઓના અભ્યાસને વરેલો કોઈ પણ જિજ્ઞાસુ તેના વગર ચલાવી નહીં શકે."

— लाइट, લંડન

"આ સૈકાનાં અંગ્રેજી પુસ્તકોમાં ઈશ્વરકૃપાના સાધન તરીકે આનો જોટો નથી."

— ऑकल्ट वर्ल्ड

આ વિષયને લગતાં બીજાં કેટલાંક ચોપાનિયાં મારી ઑફિસેથી વગર મૂલ્યે મળી શકશે.

મો. ક. ગાંધી
ધિ એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયનના તેમ જ
ધિ લંડન વેજિટેરિયન સોસાયટીના એજંટ

[મૂળ અંગ્રેજી]
धि नाताल मर्क्युरी, ૨૮–૧૧–૧૮૯૪

Gandhi Heritage Portal

# ૪૨. ખુલ્લો પત્ર

ડરબન,

[ડિસેમ્બર, ૧૮૯૪][1]

માનનીય લેજિસ્લેટિવ કાઉન્સિલ અને માનનીય લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીના માનનીય સભ્યો જોગ

સાહેબો,

મારું નામ આપ્યા વગર આ હું તમને નનામું લખી શકયો હોત તો મને ઘણો આનંદ થાત. પણ આ પત્રમાં મારે જે વિધાનો કરવાનાં થશે તે એટલાં ગંભીર અને મહત્ત્વનાં છે કે મારું નામ જાહેર ન કરવું એ માત્ર કાયરતાનું કામ ગણાય. છતાં હું તમને સૌને ખાતરી આપવાની રજા ચાહું છું કે કોઈ સ્વાર્થી હેતુથી, અથવા મારી જાતને આગળ વધારવાને ખાતર, અથવા યેન કેન પ્રકારેણ મારી આબરૂ વધારવાને માટે હું લખતો નથી. મારો એકમાત્ર આશય હિંદુસ્તાન જે જન્મના અકસ્માતને કારણે મારા વતનના મુલક તરીકે ઓળખાયો છે તેની સેવાનો અને આ સંસ્થાનમાં વસતી કોમોના યુરોપિયન અને હિંદુસ્તાની વિભાગ વચ્ચે વધારે સાચી સમજ કેળવવાનો છે.

તે કામ માત્ર જેઓ જાહેર પ્રજામતના પ્રતિનિધિ છે અને તેની સાથે તે અભિપ્રાયને ઘાટ આપે છે તેમને અપીલ કરવાથી થઈ શકે.

તેથી, સંસ્થાનના યુરોપિયનો અને હિંદુસ્તાનીઓ કાયમ ઝઘડાની સ્થિતિમાં રહેશે તો તેના અપજશનો ટોપલો તમારે માથે આવશે. બંને સાથે હળીમળીને ચાલતા થશે અને શાંતિથી એકબીજા સાથે ઘર્ષણ વગર રહી શકશે તો તેનો બધો જશ પણ તમને જ મળશે.

દુનિયાભરમાં આમલોકો ઘણે મોટે ભાગે પોતાના આગેવાનોના અભિપ્રાયોને અનુસરે છે એ વાત સાબિતી આપીને પુરવાર કરવાની રહેતી નથી. ગ્લૅડસ્ટનના અભિપ્રાય અર્ધા ભાગના ઇંગ્લંડના અભિપ્રાય છે અને સેલિસબરીના બીજા અર્ધા ભાગના છે. બંદરના કામદારોની હડતાળ વખતે હડતાળિયાઓને માટે વિચારવાનું કામ બર્ન્સ જેવો કોઈક આગેવાન કરતો હતો. લગભગ આખા આયર્લૅન્ડને માટે પાર્નેલ વિચારતો. શાસ્ત્રો, મારા કહેવાની મતલબ એવી છે કે આખી દુનિયાનાં શાસ્ત્રો એમ જણાવે છે. એડવિન આર્નોલ્ડ કૃત સૉંગ સેલેસ્ચિયલ[2] કહે છે: "શાણા લોકો જે પસંદ કરે છે તે બીજા ઉપાડી લે છે; શ્રેષ્ઠ માણસો જે કરશે તેને સમુદાય અનુસરશે."

આ પત્રને માટે તેથી માફી માગવાની જરૂર નથી. તે લખવામાં અવિવેક થયેલો પણ ભાગ્યે જ કહી શકાશે.

કેમ કે વધારે યથાર્થ રીતે આવી અપીલ બીજા કોને થઈ શકે એમ છે? અથવા તમારા સૌના સિવાય તેના પર બીજા કોણે વધારે ગંભીરતાથી વિચારણા કરવાની છે?

૧. ૧૮૯૪ની સાલના ડિસેમ્બર માસની ૧૯મી તારીખે આ પત્ર નાતાલના યુરોપિયનોમાં ફેરવવામાં આવ્યો હતો (જુઓ આગળ પા. ૧૨૩) તેથી એ તે પહેલાં તૈયાર થયેલો હોવો જોઈએ.

૨. શ્રીમદ્ ભગવદ્ગીતાના નીચે આપેલા શ્લોકનું કવિતા પંક્તિઓમાં અંગ્રેજી રૂપાંતર:

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः।
स यत्प्रमाणम् कुरुते लोकस्तदनुवर्तते॥

Gandhi Heritage Portal

વિલાયતમાં ચળવળ કરવાથી ઝાઝી રાહત મળવાનો સંભવ નથી કેમ કે તેનાથી સંસ્થાનમાં બે પ્રજા વચ્ચે વધારે મોટું ઘર્ષણ પેદા થયા વગર રહે નહીં. અને વળી એવી રાહત બહુ તો માત્ર કામચલાઉ મળે. સંસ્થાનમાંના યુરોપિયનોને હિંદીઓ સાથે આથી વધારે સારી રીતે વર્તવાને સમજાવી ન શકાય તો વિલાયતની સરકારની ખબરદારી છતાં પણ જવાબદાર રાજ્યતંત્રના અમલમાં હિંદીઓને માટે હવે પછી બહુ માઠા દિવસો લખાયેલા હશે.

મારો ઈરાદો વિગતોમાં ન ઊતરતાં હિંદી સવાલની સમગ્રપણે ચર્ચા કરવાનો છે.

હું માનું છું કે સંસ્થાનમાંનો હિંદુસ્તાની આજે એક તિરસ્કૃત જીવ છે એ વિષે શંકા નથી અને તેની સામેના હરેક પ્રકારના વિરોધના મૂળમાં તે તિરસ્કાર રહેલો છે.

એ તિરસ્કારનો ભાવ જો માત્ર તેના રંગને કારણે હશે તો અલબત્ત, તેને માટે કોઈ આશા નથી. પછી તો સંસ્થાન છોડીને તે જેટલો વહેલો નીકળી જાય તેટલું સારું. તે ગમે તે કરે તોયે તેને ગોરી ચામડી મળવાની નથી. પણ એ તિરસ્કારના ભાવનું કારણ બીજું કાંઈ હશે, તેના સાધારણ ચારિત્ર્ય અને શક્તિ તેમ જ સિદ્ધિ વિષેનું અજ્ઞાન તેના મૂળમાં હશે તો સંસ્થાનમાંના યુરોપિયનોને હાથે તેના હક મુજબનું વર્તન તેને મળવાની આશા રહે છે.

હું નમ્રપણે સૂચવવા માગું છું કે સંસ્થાને પોતાને ત્યાંના ૪૦,૦૦૦ હિંદુસ્તાનીઓનો કેવો ઉપયોગ કરવો તે સવાલ સંસ્થાનીઓએ અને ખાસ કરીને જેમના હાથમાં રાજવહીવટની લગામ છે અને જેમને પ્રજાએ કાયદાકાનૂન ઘડવાની સત્તા સોંપી છે તેમણે અત્યંત ગંભીરપણે વિચારવા જેવો છે. એ ૪૦,૦૦૦ હિંદુસ્તાનીઓને સંસ્થાનમાંથી જડમૂળથી ઉખેડી ફેંકી દેવાની વાત નિ:શંક અશકય લાગે છે. તેમનામાંના ઘણાખરાએ પોતાના કુટુંબપરિવાર સાથે અહીં વસવાટ કરેલો છે. કાયદા ઘડનારી સંસ્થાના સભ્યો તેમને અહીંથી હાંકી કાઢી શકે એમ નથી કેમ કે તેમના તે પ્રકારના કોઈ કાનૂની પગલાને એકે બ્રિટિશ સંસ્થાનમાં મંજૂરી મળે એવી નથી. હવે પછી બીજા હિંદીઓને આ મુલકમાં આવતા રોકવાની અસરકારક યોજના રચવાનું બની શકે એવું છે. પણ હું નમ્રપણે જણાવવા ઇચ્છું છું કે મેં સૂચવેલો સવાલ તમારા સૌના લક્ષ ઉપર લાવવાને અને આ પત્ર કોઈ પણ પ્રકારના રાગદ્વેષ વગર વાંચી જવાને તમને સૌને વિનંતી કરવાને મને અધિકાર આપે એટલો ગંભીર છે.

હિંદુસ્તાનીઓને સંસ્કારની કક્ષામાં તમે ઊંચા ચડાવશો કે નીચા ઉતારશો? વંશપરંપરાને પરિણામે જે સ્થાન તેમને સહેજે મળે તેના કરતાં નીચેની પાયરીએ તમે તેમને ઉતારી મૂકશો? તેમનાં દિલને તમારાથી પરાયાં કરશો કે તમે તેમને તમારી વધારે નજીક ખેંચશો? ટૂંકમાં, તમે તેમના પર સહાનુભૂતિથી કે જુલમગારની રીતથી રાજ્યનો અમલ ચલાવશો? એ બધા સવાલો વિચારી શું કરવું તે તમારે નક્કી કરવાનું છે.

તમે સૌ ધારો તો જાહેર પ્રજામત એવી રીતે કેળવી શકો કે હિંદુસ્તાનીઓ માટેનો તિરસ્કારનો ભાવ દિવસે દિવસે ઉગ્ર થતો જાય અથવા તમને ગમે તો તેને એવી રીતે કેળવી શકો કે તે શમવા માંડે.

હવે હું આ સવાલની ચર્ચા નીચે બતાવેલા ચાર વિભાગમાં વહેંચીને કરવા ધારું છું:

૧. હિંદુસ્તાનીઓ સંસ્થાનમાં નાગરિકો તરીકે આવકારવા જેવા છે?

૨. તે કોણ ને કેવા છે?

૩. તેમની સાથે ચલાવવામાં આવતો વર્તાવ ઉત્તમોત્તમ બ્રિટિશ પરંપરા, અથવા ન્યાય અને નીતિના મૂળ સિદ્ધાંતો, અથવા ઈશુના ધર્મના સિદ્ધાંતો અનુસાર છે ખરો?

Gandhi Heritage Portal

૪. તેમને એકાએક એકી સાથે અથવા આસ્તે આસ્તે સંસ્થાનમાંથી પાછા મોકલી દેવામાં આવે તો કેવળ ભૌતિક આબાદીની અને સ્વાર્થની દૃષ્ટિથી તેનું પરિણામ સંસ્થાનના સંગીન, કાયમના લાભમાં ખરું?

૧

પહેલા સવાલની ચર્ચામાં સૌથી પહેલાં હું જેમનામાંના ઘણાખરા મુદતી કરારથી બંધાઈને સંસ્થાનમાં આવેલા છે એવા મજૂરો તરીકે રોકવામાં આવતા હિંદુસ્તાનીઓની વાત લઉં.

જેમને આ બાબતમાં જાણકાર માનવામાં આવે છે તેમના તરફથી સ્વીકારવામાં આવેલું લાગે છે કે સંસ્થાનની આબાદીને સારુ મુદતી કરારથી બંધાઈને આવનાર હિંદીઓ અનિવાર્યપણે જરૂરના છે; ઘરકામ કરનારા નીચેની પાયરીના નોકરો તરીકે કે હોટલોમાં વેઈટરો તરીકે, રેલવેના નોકરો તરીકે કે માળીઓ તરીકે એ લોકો સંસ્થાનની વસ્તીમાં ઉપયોગી વધારો કરે છે. આ મુલકનો મૂળ વતની જે કામ કરી શકતો નથી અથવા કરવા માગતો નથી તે મુદતી કરારથી બંધાઈને આવનારો હિંદુસ્તાની હોંસથી, ખુશીથી અને સારી રીતે કરે છે. એવું લાગે છે કે દક્ષિણ આફ્રિકાના બગીચા જેવું આ સંસ્થાન આબાદ કરવામાં હિંદુસ્તાની સહાયભૂત થયો છે. એક વાર હિંદુસ્તાનીને ખાંડના કારખાનાને લગતી વાડીમાંથી ઉઠાવી લો તો સંસ્થાનના મુખ્ય ઉદ્યોગનું શું થશે? અને આ મુલકનો મૂળ વતની નજીકના ભવિષ્યમાં એ કામ કરી શકશે એવું પણ કહી શકાય તેમ નથી. દક્ષિણ આફ્રિકાનું પ્રજાસત્તાક રાજ્ય આનો દાખલો પૂરો પાડે છે. મુલકના મૂળ વતનીઓને લગતી તેની દૃઢ તેમ જ પ્રખર કહીને ઓળખવામાં આવતી નીતિ અમલમાં હોવા છતાં અને તેની જમીન ઘણી ફળદ્રુપ છે તોપણ તે લગભગ ધૂળના રણ જેવું વેરાન રહ્યું છે. તેની ખાણોને સારુ સસ્તા મજૂરો મેળવવાનો સવાલ રોજરોજ વધારે ને વધારે ગંભીર બનતો ગયો છે. બગીચો કહીને ઓળખાવી શકાય એવું એક જ સ્થળ નેલમેપિયસ મિલકત પર આવેલું છે અને તેની સફળતા કેવળ હિંદુસ્તાની મજૂરોને આભારી નથી કે? ચૂંટણી દરમ્યાન કરવામાં આવેલા એક ભાષણમાં કહેવામાં આવ્યું છે:

> . . . અને આખરે જે એક જ વસ્તુ કરવાની હતી, હિંદુસ્તાનીઓને અહીં લાવવાના હતા, તે શરૂ કરવામાં આવી, અને આ સૌથી વધારે મહત્ત્વની યોજનાને આગળ લેવાને માટે ધારાસભામાંના પક્ષે શાણપણથી પોતાનો ટેકો આપ્યો અને મદદ કરી. તેનો અમલ શરૂ કરવામાં આવ્યો ત્યારે સંસ્થાનની પ્રગતિ અને લગભગ ખુદ તેની હયાતી ત્રાજવે તોળાઈ રહ્યાં હતાં. અને હવે હિંદુસ્તાનીઓને મુલકમાં પ્રવેશ કરાવવાની આ યોજનાનું પરિણામ શું છે? નાણાંની દૃષ્ટિએ જોઈએ તો સંસ્થાનની સરકારી તિજોરીમાં દર વરસે એ યોજના પેટે પા. ૧૦,૦૦૦ આગળથી આપવામાં આવ્યા છે, તેનું પરિણામ શું? એટલું જ કે સંસ્થાનના ઉદ્યોગની ખિલવણીને માટે અથવા આ સંસ્થાનના પોતાના હિતને કોઈ પણ રીતે આગળ વધારવાને માટે ધારાસભાએ જે જે નાણાં મંજૂર કર્યાં હશે તેમાંથી આ સંસ્થાનમાં કુલીઓને મજૂરો તરીકે દાખલ કરવાની વાતથી નાણાંની દૃષ્ટિથી જેટલું નફાકારક વળતર મળ્યું હશે તેટલું બીજી કોઈ વાતથી મળ્યું નથી. . . . હું માનું છું કે સંસ્થાનના ઉદ્યોગોની જરૂરિયાતને પહોંચી વળવાને માટે આવી જાતના મજૂરો પૂરા પાડવામાં આવ્યા ન હોત તો ડરબન શહેરની યુરોપિયન વસ્તી આજે છે તેનાથી કંઈ નહીં તો અરધોઅરધ ઓછી હોત અને આજે જ્યાં વીસ કામદારોને ધંધો મળે છે

Gandhi Heritage Portal

ત્યાં કેવળ પાંચની જરૂર હોત. ડરબનમાં આજે મિલકતોની જે કિંમત ઊપજે છે તે સામાન્યપણે તેનાથી ત્રણસોથી ચારસો ટકા નીચી રહી હોત, સંસ્થાનમાંની તેમ જ બીજા કસબાઓમાંની જમીનોની કિંમત ડરબન શહેરમાં રહેતી કિંમતના પ્રમાણમાં નીચી રહી હોત અને દરિયાકાંઠા પરની જમીન આજે જે ભાવે વેચાય છે તેટલા તેના ભાવ કદી ઊપજ્યા ન હોત.

આ [જેમના ભાષણમાંથી ઉતારો આપવામાં આવ્યો છે તે] ગૃહસ્થ બીજા કોઈ નથી; મિ. ગારલૅન્ડ પોતે છે. જેમની પાસેથી ખરેખર વધારે જાણકારીની અપેક્ષા રાખી શકાય એવા લોકો પણ ગરીબ બિચારા હિંદુસ્તાનીને તુચ્છકારમાં જે નામથી બોલાવે છે તે 'કુલી' પાસેથી આવી કીમતી મદદ મળી હોવા છતાં એ માનનીય ગૃહસ્થ આગળ વધીને નગુરા થઈ હિંદુસ્તાનીના સંસ્થાનમાં વસવાટ કરીને ઠરીઠામ થવાના કુદરતી વલણને માટે અફસોસ બતાવે છે.

ધિ નાતાલ મર્ક્યુરીના ૧૮૯૪ની સાલના ઑગસ્ટ માસની ૧૧મી તારીખના અંકમાં ટાંકવામાં આવેલા ન્યૂ રિવ્યૂમાં પ્રગટ થયેલા મિ. જૉન્સ્ટનના લેખમાંથી મેં નીચે આપેલો ઉતારો લીધો છે:

> ઉષ્ણ કટિબંધની આબોહવાની સામે ટકી શકે અને સમશીતોષ્ણ આબોહવામાં જેમાં યુરોપિયનો ભરતી થાય છે તેવા ખાસ ધંધાઓની જવાબદારી ઉપાડી શકે તેટલી હોશિયારીવાળી પીળા વર્ણની પ્રજાને દાખલ કરવામાં આ સવાલનો ઉકેલ જડે છે. એ પીળા વર્ણની પ્રજા અત્યાર સુધી પૂર્વ આફ્રિકામાં વધારેમાં વધારે સફળ નીવડી છે અને તે હિંદુસ્તાનની વતની છે — તે પ્રજાએ ભાતભાતના નમૂનાનાં અને વિવિધ ધર્મનાં માણસો મારફતે બ્રિટિશ અથવા પોર્ટુગીઝ આશ્રય નીચે પૂર્વ આફ્રિકાની સમુદ્રકાંઠાની પટ્ટીનો વેપાર ઊભો કરી ખીલવ્યો છે. વાળવા હોય તેમ વાળી શકાય તેવી પ્રકૃતિના, માયાળુ, કરકસરી, ઉદ્યમી, હસ્તકૌશલવાળા, તીક્ષ્ણ બુદ્ધિવાળા, ચતુર હિંદુસ્તાનીને મધ્ય આફ્રિકામાં દાખલ કરવાથી તે ખંડમાંનાં આપણાં હથિયાર દળોને માટે આપણને સંગીન અંતરંગ મળી રહેશે અને ઉષ્ણ કટિબંધમાં આવેલા આફ્રિકાનાં મુલકમાં સુધરેલો વહીવટ ચલાવવાને જરૂરી તારખાતાના કારકુનો, નાના દુકાનદારો, કાબેલ કારીગરો, રસોઇયાઓ, હલકી પાયરીના નોકરો, કારકુનો, અને રેલવેના અમલદારો આપણને પૂરા પડશે. હિંદુસ્તાનીને કાળા ને ગોરા બંને ચાહે છે અને તે એ બંને ભિન્ન પ્રજાઓને જોડી આપનારી કડીનું કામ આપશે.

જેમને ખોટી રીતે આરબ કહીને ઓળખાવવામાં આવે છે તે હિંદી વેપારીની બાબતમાં તેના સંસ્થાનમાં આવવા સામે જે વાંધા ઉઠાવવામાં આવે છે તેમનો વિચાર કરી લેવો સારો.

છાપાંઓ, ખાસ કરીને ૬–૭–'૯૪ના ધિ નાતાલ મર્ક્યુરી અને ૧૫–૯–'૯૩ના ધિ નાતાલ एडवर्टाइझर પરથી એ વાંધાઓ એવા દેખાય છે કે તે લોકો સફળ વેપારીઓ છે અને તેમની રહેણીકરણી ઘણી સાદી હોવાથી તે યુરોપિયન વેપારી સાથે નાના નાના વેપારમાં હરીફાઈ કરે છે. જવલ્લે બનતા એકાદ બે ખાસ પ્રકારના બનાવો પરથી જે સામાન્ય વિધાનો તારવવામાં આવે છે કે હિંદીઓ ધંધામાં છેતરપિંડી કરે છે તેને હું વિચારવા લાયક ન લેખતાં છોડી દઉં છું. દેવાળું કાઢયાના ચોક્કસ દાખલાઓ બાબતમાં તેમનો બચાવ કરવાનો જરાયે આશય રાખ્યા વગર હું એટલું જ કહીશ કે "જે પાપ વગરના હોય તે પહેલો પથ્થર ફેંકે". આને અંગે દેવાળું જાહેર કરનારી અદાલતનું દફતર તપાસી જવા વિનંતી છે.

Gandhi Heritage Portal

સફળપણે હરીફાઈ કરવાની બાબતના વાંધાની વાત કરીએ. હું માનું છું કે તે સાચો છે. પણ એ લોકોને સંસ્થાનમાંથી હાંકી કાઢવાને માટેનું એ કારણ હોય ખરું? સંસ્કારી માણસોનો સમાજ એવી પદ્ધતિને અપનાવશે ખરો? તેને અનુમોદન આપશે ખરો? અને તે લોકો હરીફાઈમાં આટલા શાથી ફાવે છે? તેનું કારણ *धि नाताल एडवर्टाइझर* મનાવવા માગે છે તેમ તેમની જંગલી નહીં પણ અત્યંત સાદી રહેણીની ટેવો છે અને બીજું કશું નથી એવું રસ્તે ચાલનારા ઉપર ઉપરથી જોનારને પણ સહેજે દેખાઈ આવે એવું છે. તેમની સફળતાનું મુખ્યમાં મુખ્ય તત્ત્વ, મારા નમ્ર મત મુજબ, તે લોકો દારૂથી અને દારૂની સાથે આવતાં અનિષ્ટોથી બિલકુલ અળગા રહે છે તે છે. એ સારી ટેવને કારણે પૈસાનો એકદમ ઘણો મોટો બચાવ થાય છે. વળી, તેમની રહેણીકરણીની રુચિ બહુ સાદી હોઈ તેમને પ્રમાણમાં થોડા નફાથી સંતોષ રહે છે કેમ કે તેઓ મોટી મોટી દુકાનો અને એવો બીજો નાહકનો ઠઠેરો રાખતા નથી. ટૂંકમાં, એ લોકો પરસેવો પાડીને પોતાની રોજી રળે છે. સંસ્થાનમાં એ લોકો રહે તેની સામેના વાંધા તરીકે આ હકીકતોને કેવી રીતે આગળ ધરી શકાય એ સમજવું મુશ્કેલ છે. અલબત્ત, એ લોકો જુગાર રમતા નથી, સામાન્યપણે તમાકુ પીતા નથી, નાની નાની અગવડો વેઠી લેવાને ટેવાયેલા છે; અને દિવસના આઠ કલાકથીયે વધારે વખત કામ કરે છે. સંસ્થાનમાં રંજાડ વગર રહેવાની તેમને છૂટ મળે તેટલા ખાતર શું એવી અપેક્ષા રાખવામાં આવે છે અથવા શું એવું ઈષ્ટ માનવામાં આવે છે કે તેમણે એ ગુણોનો ત્યાગ કરી જેનાથી પશ્ચિમની પ્રજાઓ પીડાઈને ત્રાસી રહી છે તે ભયાનક દુર્ગુણો કેળવવા?

હિંદુસ્તાની વેપારીઓ અને મજૂરોની સામે જે સામાન્ય વાંધો લેવામાં આવે છે તેનો પણ વિચાર કરી લેવો સારો. તે તેમની ગંદકીની અસ્વચ્છ આદતો અંગેનો છે. મને ડર છે કે મને જેનાથી ઘણી શરમ આવે છે એવો આ આરોપ મારે અમુક અંશે સ્વીકારવો જોઈશે. તેમની ગંદકી કરવાની અસ્વચ્છ આદતોની સામે જે બધું કહેવામાં આવે છે તેનું મૂળ કેવળ તેમના તરફનો દ્વેષ અને તિરસ્કારમાં રહેલું છે. છતાં આ બાબતમાં તેઓ જેવા જોઈએ તેવા નથી એ બીનાનો ઇન્કાર થઈ શકે એમ નથી. પણ તેમને સંસ્થાનમાંથી હાંકી કાઢવાને માટેનું એ કદીયે કારણ ન હોઈ શકે. રહેણીના આ ક્ષેત્રમાં તેમનામાં સુધારો થઈ જ ન શકે એવી નિરાશાનું કોઈ કારણ નથી. હું નમ્રપણે સૂચવું છું કે સ્વચ્છ રહેણીના કાયદાના સખત પણ ન્યાયી તેમ જ દયાળુ અમલથી આ અનિષ્ટને અસરકારક રીતે પહોંચી વળવાનું બને એવું છે. એટલું જ નહીં, તેને નાબૂદ કરી શકાય એમ છે. વળી તે અનિષ્ટ એટલું બધું મોટું નથી કે તેની સામે ખાસ કરડાં પગલાં લેવાં પડે. મુદતી કરારથી બંધાઈને આવનારા જે મજૂરો એટલા બધા કંગાળ હોય છે કે શરીરની સ્વચ્છતા પર ધ્યાન આપી શકતા નથી તેમને બાદ કરતાં બાકીના એમનામાંના બીજા લોકોની અંગત આદતો ગંદી નથી એવું દેખાય છે. મારા અંગત અનુભવને આધારે હું એટલું કહી શકું કે એમનામાંની વેપારી કોમની અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વાર નાહવાની ધાર્મિક ફરજ મનાય છે અને તેમને કેટલુંક નિત્યકર્મ કરવાનું હોય છે એટલે કે હરેક વખતે નમાજ પઢતાં પહેલાં પોતાનાં મોં અને કોણી સુધી હાથ ધોવાના હોય છે. દિવસમાં ચાર વેળા નમાજ પઢવાની તેમની પાસેથી અપેક્ષા રખાય છે અને તેમનામાંના એવા ઘણા થોડા હશે જે દિવસમાં ઓછામાં ઓછી બે વેળા નમાજ નહીં પઢતા હોય.

એક કોમ સમાજને માટે જે દુર્ગુણોને કારણે ભયરૂપ બને છે તેમાંથી આ લોકો અસાધારણ રીતે મુક્ત છે એટલું સહેજે કબૂલ રાખવામાં આવશે એવી મને આશા છે. બંધારણથી

Gandhi Heritage Portal

સ્થપાયેલી સરકારની સત્તાને તાબે થવાની વાતમાં તેમનો જોટો જડે એવો નથી. તેઓ કદી રાજકીય દૃષ્ટિએ જોખમરૂપ થાય એવા નથી. મદ્રાસ તેમ જ કલકત્તામાંથી મજૂરોની ભરતી કરી અહીં મોકલનારા ઇમિગ્રેશન એજન્ટો અલબત્ત, અજાણતામાં કેટલીક વાર આમતેમથી ઉઠાવી લઈ જે અણઘડ નઠોર માણસોને અહીં મોકલે છે તેમને બાદ કરતાં એ લોકો ગંભીર પ્રકારના ગુનાઓ કરવામાંથી મુક્ત ગણાય છે. ફોજદારી અદાલતોના આંકડા પરથી હું સરખામણી કરી શકયો નથી, તેથી આ મુદ્દા પર બીજું ઝાઝું કહી શકું એમ નથી તે સારુ દિલગીર છું. છતાં नाताल एल्मॅनॅकમાંથી ઉતારો ટાંકવાની હું રજા ચાહું છું: "હિંદુસ્તાની વસ્તીને માટે એટલું કહેવું જોઈશે કે એકંદરે તે નિરુપદ્રવી, શાંતિપ્રિય અને કાયદાને અનુસરીને ચાલવાવાળી છે."

હિંદુસ્તાની મજૂરો સંસ્થાનના પસંદ કરવા જેવા જ નહીં, ઉપયોગી નાગરિકો પણ છે, તેની આબાદીને માટે અત્યંત જરૂરના છે અને વેપારીઓમાં એવું કશું નથી કે જેથી તેમને નાપસંદ કરી સંસ્થાનમાંથી કાઢી મૂકવા પડે એટલું ઉપર રજૂ કરેલી હકીકતો બતાવી આપે છે એમ હું નમ્રપણે સૂચવું છું.

આ વિષયની રજૂઆત પૂરી કરતાં પહેલાં વેપારીઓની બાબતમાં એટલું ઉમેરી લઉં કે યુરોપિયન કોમના ગરીબ વિભાગને સારુ તેઓ ખરેખર એક આશીર્વાદરૂપ છે, કેમ કે પોતાની તીવ્ર હરીફાઈથી તેઓ જીવનની જરૂરિયાતોના ભાવો નીચા રાખે છે; અને હિંદુસ્તાની મજૂરોની ભાષાના જાણકાર હોવાથી તેમ જ તેમના રીતરિવાજો સમજતા હોવાથી તેઓ તેમને માટે અનિવાર્ય જરૂરના છે કેમ કે તેઓ તેમની જરૂરિયાતો વિચારી તેમને પૂરી પાડે છે અને યુરોપિયન વેપારીઓને મુકાબલે વધારે સારી રીતે અને શરતે તેમની સાથે કામ લે છે.

## ૨

આપણી તપાસનો બીજો મુદ્દો એટલે કે એ હિંદુસ્તાનીઓ કોણ છે અને કેવા છે, એ સૌથી મહત્ત્વનો છે અને તેથી તેની ચર્ચા હું તમને કાળજીથી વાંચી જવાને વિનંતી કરું છું. હિંદુસ્તાન અને તેના લોકો વિષે અભ્યાસ કરવાની વાતને માત્ર પ્રેરણા મળશે તોયે એ વિષયને અંગેના મારા લખાણનું પ્રયોજન પાર પડશે; કેમ કે હું ચોક્કસ માનું છું કે દક્ષિણ આફ્રિકામાં હિંદીઓને વેઠવી પડતી હાંડમારીઓના અરધા બલકે પોણા ભાગની હિંદુસ્તાન વિષેની માહિતીના અભાવમાંથી પેદા થાય છે.

આ પત્ર હું કોને સંબોધીને લખું છું તેનું ભાન મારા કરતાં વધારે બીજા કોઈને નહીં હોય. મારા પત્રના આ વિભાગથી કેટલાક માનનીય સભ્યોને અપમાન લાગવાનો અને તેથી રોષ થવાનો સંભવ છે. પૂરેપૂરી અદબ સાથે તેવા માનનીય સભ્યોને હું કહીશ કે, "તમે હિંદુસ્તાનને વિષે ઘણું ઘણું જાણો છો તેનો મને ખ્યાલ છે. પણ તમારા જ્ઞાનનો લાભ સંસ્થાનને નામનોયે મળતો નથી એ એક ક્રૂર હકીકત નથી કે? હિંદુસ્તાન વિષેની માહિતી તેમ જ જ્ઞાનના ક્ષેત્રમાં કાર્ય કરનારા બીજાઓએ મેળવેલા જ્ઞાનના કરતાં તમે તે વિષે મેળવેલું તદ્દન જુદું અને ઊલટું હોય તો વાત જુદી છે, બાકી હિંદુસ્તાનીઓને તો તેથી લાભ નથી થયો એટલું ચોક્કસ છે. વળી, મારો આ નમ્ર પ્રયાસ સીધો તમને સંબોધીને થયો હોવા છતાં તે બીજા અનેકને, હકીકતમાં આજના બધા રહેવાસીઓ સહિતના સંસ્થાનના ભાવિમાં જેમને જેમને રસ છે ને જેમનું જેમનું હિત છે તે સૌને પણ પહોંચે એવી અપેક્ષા છે."

Gandhi Heritage Portal

મતાધિકારના ખરડાના બીજા વાચન વેળાએ વડા પ્રધાને આપેલા ભાષણમાં તેમણે વ્યક્ત કરેલો અભિપ્રાય ઊલટો હોવા છતાં તેમના તરફ પૂરેપૂરી અદબ સાથે હું એમ દર્શાવવાનું સાહસ કરું છું કે અંગ્રેજો અને હિંદુસ્તાનીઓ બંને ઈન્ડોઆર્યન નામથી ઓળખાતા સમાન વંશમાંથી ઊતરી આવેલા છે. ઉપર કરેલા વિધાનના આધાર માટે ઝાઝા લેખકોનાં લખાણોમાંથી હું ઉતારા ટાંકી શકતો નથી, કેમ કે મારી પાસે સંદર્ભ ગ્રંથો કમનસીબે બહુ થોડા છે. છતાં સર ડબલ્યુ. ડબલ્યુ. હંટરના इन्डियन एम्पायर (હિંદી સામ્રાજ્ય)માંથી નીચે મુજબનો ઉતારો ટાંકું છું:

> આ વધારે ઊંચી જાતિ (એટલે કે પ્રાચીન આર્યો) આર્ય અથવા ઈન્ડોજર્મૅનિક વંશની હતી અને બ્રાહ્મણ, રાજપૂત તેમ જ અંગ્રેજ તેમાંથી ઊતરી આવેલા છે. ઈતિહાસને દેખાયેલું તેનું પ્રાચીનમાં પ્રાચીન વતન મધ્ય એશિયામાં હતું. આ સમાન મુકામની ભૂમિ પરથી તે જાતિની કેટલીક શાખાઓ પૂર્વ તરફ અને બીજી પશ્ચિમ તરફ જવાને નીકળી. પશ્ચિમ તરફ નીકળી ગયેલી એક શાખાએ ઈરાનના રાજ્યની સ્થાપના કરી; બીજીએ ઍથેન્સ અને લૅસિડીમોન બાંધ્યાં અને તે હેલેનિક અથવા ગ્રીક રાષ્ટ્ર બની; ત્રીજી આગળ વધતી વધતી ઇટાલી પહોંચી અને પાછળથી જે સામ્રાજ્યના કેન્દ્ર રોમ તરીકે ખીલ્યું તે સાત ટેકરીઓ પરનું નગર વસાવીને તેણે તેને આબાદ કર્યું. એ જ વંશના એક દૂરના સંસ્થાને પ્રાગૈતિહાસિક સ્પેનની ખાણોમાંથી કાચું રૂપું ખોદીને મેળવ્યું; અને પ્રાચીન ઇંગ્લંડનું પહેલવહેલું દર્શન આપણને થાય છે ત્યારે તેમાં બરુનાં ગૂંથેલાં માત્ર હલેસાં મારીને ચલાવવામાં આવતાં નાનાં હોડકાંઓમાં બેસી માછલાં પકડનારી અને કૉર્નવાલની ખાણોમાંથી કલાઈ ખોદનારી આર્ય વસાહત નજરે પડે છે.
>
> ગ્રીકોના અને રોમનોના, અંગ્રેજોના અને હિંદુઓના પૂર્વજો એશિયામાં ભેગા વસતા હતા, એક જ ભાષા બોલતા હતા અને એક જ દેવોની પૂજા કરતા હતા.
>
> યુરોપના અને હિંદુસ્તાનના પ્રાચીન ધર્મોનું મૂળ એક જ પ્રકારનું હતું.

આમ, બધા સાચી માહિતી આપનારા આધારોમાંથી જેણે હકીકતો મેળવી લીધી હોવી જોઈએ એવી અપેક્ષા સહેજે રાખી શકાય તેવા આ વિદ્વાન ઈતિહાસકારે ઉપર મુજબનું નિરપવાદ વિધાન નિ:શંકપણે કર્યું છે એમ જોઈ શકાય છે. એટલે મારી ભૂલ થતી હોય તોપણ હું સારી સોબતમાં છું. અને જે બે જાતિઓ કાનૂની અને બાહ્ય રીતે એક જ ધ્વજ હેઠળ પરસ્પર બંધાયેલી છે તેમનાં દિલને એક કરવાને જે લોકો કોશિશ કરે છે તેમની પ્રવૃત્તિના પાયા તરીકે આ ભૂલભરેલી કે પછી સંગીન આધારવાળી શ્રદ્ધા કામ આપે છે.

સંસ્થાનમાં એવી સામાન્ય માન્યતા ફેલાયેલી દેખાય છે કે હિંદુસ્તાનીઓ હશે તોયે જંગલીઓ અથવા આફ્રિકાના મૂળ વતનીઓથી સહેજસાજ ચડિયાતા છે. બાળકોમાં પણ એ માન્યતા કેળવવામાં આવે છે અને પરિણામે હિંદુસ્તાનીને અણઘડ કાફરને દરજ્જે ઘસડી પાડવામાં આવતો જાય છે.

હું દૃઢપણે માનું છું કે સંસ્થાનના ઈશુના ધર્મને અનુસરનારા ધારાસભાના સભ્યો જાણે તો જેને અસ્તિત્વમાં આવવા દે નહીં અથવા રહેવા દે નહીં એવી આ વસ્તુસ્થિતિ, જો એવો શબ્દપ્રયોગ કરવાનું સાહસ કરીને કહું તો, પોતાના ઍંગ્લો-સૅક્સન ભાંડુઓ કરતાં હિંદીઓ જીવનનાં ઉદ્યોગનાં, બુદ્ધિનાં, કાવ્યનાં અને એવાં જ બીજાં વિવિધ ક્ષેત્રોમાં કોઈ પણ રીતે ઊતરતા નહોતા અને નથી એવું એકદમ સાફ બતાવી આપનારા નીચેના વિસ્તૃત ઉતારાઓ આપવાને માટેનું મારું કારણ છે.

Gandhi Heritage Portal

હિંદી ફિલસૂફી અને ધર્મની બાબતમાં इन्डियन एम्पायर (હિંદી સામ્રાજ્ય)ના વિદ્વાન કર્તા આ મુજબનો સમારોપ કરે છે:

આત્મસંયમ, દાન, ઈશ્વરનું ધ્યાન અને તેને સમર્પણ એ વહેવારુ ધર્મના સવાલોના બ્રાહ્મણધર્મના ઉકેલ હતા. પણ આધ્યાત્મિક જીવનના વહેવારુ સવાલો ઉપરાંત ધર્મને માટે જગતમાં ઈશ્વરની ભલાઈની સાથે જ બૂરાઈના અસ્તિત્વના જેવા અને આ જીવનમાં સુખદુ:ખની અસમાન વહેંચણીના જેવા બુદ્ધિના સવાલો પણ હોય છે. બ્રાહ્મણ તત્ત્વજ્ઞાને બુદ્ધિને મૂંઝવનારી આ મુશ્કેલીઓના અને ત્યાર બાદ ગ્રીસ તેમ જ રોમના શાણા પુરુષોને, તત્ત્વચર્ચામાં નિષ્ણાત મધ્યયુગી સ્કૂલમૅનને અને आधुनिक विज्ञानीને (નાગરી મારું કરેલું છે.) મૂંઝવનારા ઘણાખરા બીજા મોટા મોટા સવાલોના સઘળા શક્ય ઉકેલો વિચારી કાઢ્યા હોઈ તે અંગે કશું બાકી રહેવા દીધું નથી. વિશ્વની ઉત્પત્તિ, વ્યવસ્થા અને વિકાસને લગતા જુદા જુદા સિદ્ધાંતો પૈકી દરેકની વિગતે છણાવટ કરવામાં આવેલી હોઈ આજના જમાનાના શરીરશાસ્ત્રીઓના ख्यालो कपिलमुनिना उत्क्रांतिना सिद्धान्तનું વધારાના જ્ઞાન સાથેનું પુનરાવર્તન છે (આ નાગરી પણ મારું કરેલું છે). ૧૮૭૭ની સાલમાં હિંદુસ્તાનની દેશી ભાષાઓમાં પ્રગટ થયેલાં ધર્મ વિષેનાં પુસ્તકોની સંખ્યા માનસિક અને નૈતિક ફિલસૂફીનાં ૫૬ ઉપરાંત ૧૧૯૨ની હતી. ૧૮૮૨ની સાલમાં એમની કુલ સંખ્યા ધર્મને લગતાં પુસ્તકો માટે ૧૫૪૫ અને માનસિક તેમ જ નૈતિક ફિલસૂફીને માટે ૧૫૩ સુધી વધી હતી.

હિંદી તત્ત્વજ્ઞાનને વિષે મૅક્સમૂલર કહે છે (નીચેનો ઉતારો અને તે પછી લેવામાં આવેલા બીજા થોડા પૂરેપૂરા અથવા અંશત: મતાધિકારને લગતી અરજીમાં ટાંકવામાં આવ્યા છે):

માણસના મને પોતાની ઉત્તમોત્તમ કુદરતી બક્ષિસો પૈકીની કેટલીક કયા આકાશ નીચે અત્યંત પૂર્ણપણે ખીલવી છે, કયાં તેણે જીવનના મોટામાં મોટા સવાલો પર અત્યંત ઊંડાણથી ચિંતન કરી પ્લેટો અને કૅન્ટનો અભ્યાસ કરવાવાળાઓએ સુધ્ધાં જેમના પર લક્ષ આપવું પડે એવા તે પૈકીના કેટલાકના ઉકેલ કાઢી આપ્યા છે એવું મને પૂછવામાં આવે તો મારે જવાબમાં હિંદુસ્તાનનો નિર્દેશ કરવો જોઈએ; વળી, અહીં યુરોપમાંના આપણે, લગભગ કેવળ ગ્રીકોના તેમ જ રોમનોના અને સેમિટિક વંશની એક જાતિ એવા યહૂદીઓના વિચારો પર પોષાયેલા આપણે આપણું આંતરજીવન વધારે પરિપૂર્ણ, પોતાનામાં હજીયે વધારે સમાવી લેનારું અને વધારે પ્રમાણમાં સર્વની સાથે એકરૂપ થનારું, હકીકતમાં વધારે સાચી રીતે માનવતાભર્યું, કેવળ આ પૃથ્વી પરનું નહીં, રૂપાન્તર પામી ઉજજ્વળ થયેલું અને શાશ્વત બનાવવું હોય તો કયા સાહિત્યમાંથી અત્યંત જરૂરી સુધારાનું પૂરક તત્ત્વ મેળવવું જોઈએ એવું હું મારી જાતને પૂછું તો ફરીને પણ જવાબમાં મારે હિંદુસ્તાનનો નિર્દેશ કરવો જોઈએ.

ઉપનિષદોમાં સમાયેલા હિંદી તત્ત્વજ્ઞાનની ભવ્યતા સાબિત કરવાને જર્મન ફિલસૂફ શૉપનહોર પોતાનો પુરાવો ઉમેરતાં કહે છે:

હરેક વાક્યમાંથી ઊંડા, મૌલિક અને ઉચ્ચ વિચારો ઊઠે છે, અને આખુંયે ઊંચા, પવિત્ર અને અંતરના સંચ્ચાઈવાળા ભાવથી વ્યાપેલું છે. આપણી આસપાસ હિંદી વાતાવરણ અને સમાન ભાવવાળા આત્માઓના વિચારો ફેલાય છે. . . . ઔપનિખટના[1] અભ્યાસ

૧. સત્તરમી સદીમાં મૂળ સંસ્કૃતમાંથી ફારસીમાં કરવામાં આવેલા પચાસ ઉપનિષદોના તરજુમાનો સંગ્રહ.

Gandhi Heritage Portal

કરતાં વધારે ફળદાયી અને ચિત્તને વધારે ઉચ્ચ સપાટીએ લઈ જનારો મૂળ ઉપનિષદોના અભ્યાસ સિવાયનો બીજો દુનિયાભરમાં મળે એવો નથી. તે મારા જીવનમાં દિલાસારૂપ થયો છે; મારા મરણ વેળાએ પણ એ જ દિલાસારૂપ થશે.

વિજ્ઞાનની વાત પર આવતાં સર વિલિયમ હન્ટર કહે છે:

પશ્ચિમના વ્યાકરણવેત્તાઓ હજી જ્યારે ભાષાશાસ્ત્રને અકસ્માત્ સરખા ભાસતા શબ્દો કે પ્રયોગોના પાયા પર ચર્ચતા હતા, ખરે જ, તે વખતે હિંદુસ્તાનમાં તે શાસ્ત્રને તેનાં મૂળ તત્ત્વો સુધી લઈ જવામાં આવ્યું હતું; અને આધુનિક ભાષાશાસ્ત્રનો ઊગમ યુરોપિયન વિદ્વાનોએ સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો તે પછીનો છે. . . . પાણિનિનું વ્યાકરણ દુનિયા-ભરનાં વ્યાકરણોમાં શ્રેષ્ઠ સ્થાને શોભે છે. . . . સંસ્કૃત ભાષારૂપી આખીયે પ્રાકૃતિક ઘટનાને તેમાં તર્કશુદ્ધ સુમેળને સ્વરૂપે વ્યવસ્થિત દર્શાવેલી હોઈ માનવીની શોધકબુદ્ધિ અને ઉદ્યમની સુંદરમાં સુંદર સિદ્ધિઓમાંની એક લેખે તે આગળ તરી આવે છે.

विलेज कॉम्युनिटीझ(ગ્રામસમાજો)ની છેલ્લામાં છેલ્લી આવૃત્તિમાં પ્રસિદ્ધ થયેલા પોતાના રેડે વ્યાખ્યાનમાં વિજ્ઞાનના એ જ ક્ષેત્ર વિષે બોલતાં સર એચ. એસ. મેઈન કહે છે:

હિંદુસ્તાને દુનિયાને કમ્પૅરેટિવ ફાઈલૉલૉજી (ભાષાઓની સરખામણીનું વિજ્ઞાન) અને કમ્પૅરેટિવ માઈથૉલૉજી (પુરાણોની સરખામણીનું વિજ્ઞાન) આપ્યાં છે; ભાષાનું શાસ્ત્ર અને લોકકથાઓનું શાસ્ત્ર એ બંને કરતાં જરાયે ઓછું ઉપયોગી નહીં એવું નવું શાસ્ત્ર હજી તે આપે એવો સંભવ છે. તેને કમ્પૅરેટિવ જુરિસપ્રુડન્સ (ન્યાયની પદ્ધતિઓની સરખામણીનું વિજ્ઞાન) નામ આપતાં મને સંકોચ રહે છે કેમ કે તે હયાતીમાં આવશે ત્યારે તેનું ક્ષેત્ર કાયદાકાનૂનના ક્ષેત્ર કરતાં ઘણું વધારે વ્યાપક હશે. એનું કારણ એવું છે કે હિંદુસ્તાનમાં સમાન માતૃભાષામાંથી ઊતરી આવેલી બીજી કોઈ પણ ભાષાના કરતાં વધારે પ્રાચીન આર્ય ભાષાનો સમાવેશ થાય છે (અથવા વધારે ચોકસાઈથી કહીએ તો થતો હતો) અને પૌરાણિક વ્યક્તિઓ રૂપે બીજાં સ્થળોએ જેટલી પૂર્ણતાથી નિશ્ચિત થઈ ચૂકયાં છે તેના કરતાં ઓછી પૂર્ણતાથી નિશ્ચિત થયેલાં પ્રાકૃતિક પદાર્થોનાં નામોનો સમાવેશ થાય છે એટલું જ નહીં, હિંદુસ્તાનની સરહદોની પાર જીવતાં રહેલાં જોવાનાં મળે છે તેના કરતાં વૃદ્ધિ અને વિકાસની ઘણી વધારે પહેલાંની કક્ષાનાં આર્ય સંસ્થાઓ, આર્ય રીતરિવાજો, આર્ય કાનૂનો, આર્ય આદર્શો, આર્ય શ્રદ્ધાઓ વગેરેની એક આખી દુનિયાનો પણ સમાવેશ થાય છે.

ભારતીય ખગોળશાસ્ત્ર વિષે તે જ ઇતિહાસલેખક [હંટર] કહે છે:

બ્રાહ્મણોનું ખગોળશાસ્ત્ર વારાફરતી વધારે પડતી સ્તુતિ અને નાહકના તિરસ્કારનો વિષય બન્યું છે. . . . કેટલાક મુદ્દાઓમાં બ્રાહ્મણો ગ્રીક ખગોળશાસ્ત્રીઓ કરતાં પણ આગળ વધ્યા હતા. તેમની કીર્તિ પશ્ચિમના બધાયે મુલકોમાં ફેલાઈ હતી અને क्रॉनिकॉन પાસ્ચેલ નામના ગ્રંથમાં પણ તેનો ઉલ્લેખ થયેલો છે. આઠમા અને નવમા સૈકામાં આરબો તેમના શિષ્યો બન્યા હતા.

ફરીથી સર વિલિયમ હંટરનાં લખાણોમાંથી ટાંકતાં જણાવું કે:

બીજગણિતમાં તેમ જ અંકગણિતમાં પશ્ચિમની મદદ પર આધાર રાખ્યા વગર બ્રાહ્મણોએ ઊંચા પ્રકારની પ્રવીણતા સાધી હતી. દશાંશની પદ્ધતિના અંકોની નિશાનીઓની



Gandhi Heritage Portal

શોધને માટે આપણે તેમના ઋણી છીએ. . . . આરબોએ એ અંકો હિંદુઓ પાસેથી લઈ યુરોપમાં મોકલી આપ્યા હતા. . . . ગણિતશાસ્ત્ર તેમ જ યંત્રવિદ્યાના હિંદુસ્તાનમાં દેશી ભાષામાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથોની સંખ્યા ૧૮૭૭ની સાલમાં ૮૯ની અને ૧૮૮૨ની સાલમાં ૧૬૬ની હતી.

તે જ ઉચ્ચ કક્ષાનો ઈતિહાસકાર આગળ ચાલતાં કહે છે,

બ્રાહ્મણોનું વૈદકશાસ્ત્ર પણ સ્વતંત્ર રીતે વિકાસ પામ્યું હતું. . . . પાણિનિના વ્યાકરણમાં ચોક્કસ રોગોનાં નામો ગણાવવામાં આવ્યાં છે તે પરથી માલૂમ પડે છે કે વૈદકશાસ્ત્રના અભ્યાસમાં તેના જમાના (એટલે કે ઈ. સ. પૂર્વે ૩૫૦)થીયે પહેલાં પ્રગતિ થઈ ચૂકી હતી. . . . અરબી વૈદક તે વિષયના સંસ્કૃત ગ્રંથોના તરજુમાઓમાંથી લેવામાં આવેલા આધાર પર રચાયું હતું. . . . અને યુરોપનું વૈદક છેક ૧૭મા સૈકા સુધી અરબી વૈદક પર આધાર રાખતું હતું. . . . હિંદમાં દેશી ભાષાઓમાં પ્રસિદ્ધ થયેલા વૈદકશાસ્ત્રના ગ્રંથોની સંખ્યા ૧૮૭૭ની સાલમાં ૧૩૦ની અને ૧૮૮૨ની સાલમાં ૨૧૨ની હતી; ભૌતિક વિદ્યાના ગ્રંથોની સંખ્યા તે સાલમાં એ ઉપરાંત ૮૭ની હતી.

યુદ્ધની કળાની બાબતમાં લખતાં લેખક આગળ જણાવે છે:

એકલા આયુર્વેદને જ નહીં, યુદ્ધ, સંગીત અને સ્થાપત્યની કળાને પણ બ્રાહ્મણો પોતાના દિવ્ય પ્રેરણાથી મળેલા જ્ઞાનનાં વધારાનાં અંગો લેખતા હતા. . . . સંસ્કૃત મહાકાવ્યો સાબિત કરી આપે છે કે યુદ્ધની વ્યૂહરચનાના વિચારને ઈશુના જન્મ પહેલાં માન્ય શાસ્ત્રનો દરજ્જો મળી ચૂક્યો હતો અને અગ્નિપુરાણના પાછળના ભાગમાં તેની પદ્ધતિસરની ચર્ચાના કેટલાયે વિસ્તૃત વિભાગો જોવાના મળે છે.

હિંદુસ્તાનના સંગીતશાસ્ત્રને ફાળે એથીયે વધારે વ્યાપક અસર ફેલાવવાનું શ્રેય જાય છે. . . . સંગીત લેખન પદ્ધતિ ઈરાનીઓ મારફતે અરબસ્તાન પહોંચી હતી અને અગિયારમા સૈકાની શરૂઆતમાં ગીદો દ' આરેઝોએ ત્યાંથી લઈને તેને યુરોપની સંગીત વિદ્યામાં દાખલ કરી હતી.

સ્થાપત્ય વિષે તે જ લેખક જણાવે છે:

બૌદ્ધો હિંદુસ્તાનના મોટા પથ્થરનાં બાંધકામો કરનારા હતા. ડુંગરાઓમાંથી કોરી કાઢેલી ગુફાઓમાં આવેલાં પથ્થરનાં પ્રાચીનમાં પ્રાચીન મંદિરોથી માંડીને છોબંધીથી ચકચકતાં અને શણગારથી ખીચોખીચ ભરેલાં છેક આધુનિક કાળમાં નિર્માણ થયેલાં જૈન દેરાસરો, એ બધી તેમનાં મઠો અને દેવળોની રચનાઓ બાવીસ સૈકાના લાંબા ગાળાનો સ્થાપત્યકળાનો ઈતિહાસ પ્રગટ કરે છે. યુરોપનાં દેવળોના ઊંચા અણીદાર મિનારા બૌદ્ધ સ્તૂપો પરથી લેવાયા હોય એવો ઘણો સંભવ છે. . . . હિંદુ કળાએ નિર્માણ કરેલી એવી રચનાઓ મોજૂદ છે જે આધુનિક જમાનામાં પણ સ્તુતિનો અને આશ્ચર્યનો અહોભાવ જગાડે છે. . .

ગ્વાલિયરના મહેલનું હિંદુ સ્થાપત્ય, હિંદની મુસ્લિમ મસીદો, આગ્રા અને દિલ્હીના મકબરાઓ, અને તેમની સાથેનાં દક્ષિણ ભારતનાં પ્રાચીન હિંદુ મંદિરો રેખાના લાવણ્યમાં તેમ જ બારીક કોતરણીવાળા શણગારની સમૃદ્ધિમાં હજી પણ અજોડ રહ્યાં છે.

Gandhi Heritage Portal

> આજના જમાનાની અંગ્રેજી શણગારની કળામાં હિંદી સ્વરૂપો અને આકૃતિઓમાંથી ઘણું લીધેલું જોવા મળે છે. . . . રચનાની અસલ પ્રેરણાને વફાદાર હિંદની કળાના નમૂનાઓને હજી પણ યુરોપનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં ઊંચામાં ઊંચું માન મળે છે.

પોતાના રાઉન્ડ ધિ વર્લ્ડ (દુનિયાની સફર)માં આગ્રાના તાજને વિષે ઍન્ડ્રૂ કાર્નેગીએ આ પ્રમાણે લખ્યું છે:

> કેટલાક વિષયો એવા પવિત્ર છે જે પૃથક્કરણ તો શું, શબ્દોથી પણ પર હોય છે. અને હવે હું જાણું છું કે એવા પવિત્ર પ્રદેશમાં પ્રવેશ કરી શકે એટલી માણસે ઊભી કરેલી બેનમૂન સુંદર અથવા અપાર્થિવ ઇમારત અસ્તિત્વમાં છે. . . . તાજ ખુલ્લા રંગના સ્નિગ્ધ આરસપહાણનો બંધાયેલો હોઈ શુદ્ધ, ઠંડા સફેદ આરસની જેમ માણસના દિલને ટાઢુંબોળ કરતો નથી. તે સ્ત્રી જેવો હૂંફાળો અને હમદર્દીવાળો છે. . . . એક મહાન વિવેચકે મુક્તપણે તાજને નારીગુણવાળી ઇમારત કહીને ઓળખાવી છે. તે કહે છે કે તેમાં નરપણું નામનુંયે નથી; તેનાં બધાં આકર્ષણ સ્ત્રીનાં છે. આ સ્નિગ્ધ સફેદ આરસમાં મજાના કાળા આરસની રેખાઓ બેસાડવામાં આવી છે. કહે છે કે તે કાળી રેખાઓ વડે આખું પાક કુરાન અરબી અક્ષરોમાં આખી ઇમારતમાં વણી લેવામાં આવ્યું છે. . . . જંગલમાં ડુંગરાઓનાં ઝરણાંઓની સમીપમાં અથવા ચાંદનીમાં રઝળતાં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે દિલમાં સૌથી પવિત્ર, સૌથી ઉદાત્ત અને સૌથી શુદ્ધ ભાવ શાન્ત મન પર પોતાનો ઉજ્જ્વળ પ્રભાવ ફેલાવતા જાગે ત્યારે મારી સ્મૃતિના ખજાનામાંની કીમતીમાં કીમતી ચીજોમાં મારા મરણના દિવસ સુધી તે સુંદર આકર્ષણની સ્મૃતિ, તાજની સ્મૃતિ સંઘરાયેલી રહેશે.

અને કલમવાર બાંધેલા કે બીજા કાનૂનો વગર પણ હિંદુસ્તાન રહ્યું નથી. મનુસ્મૃતિમાં સંઘરાયેલા મનુના કાનૂનો પોતાના ન્યાયીપણાને માટે અને પોતાની ચોકસાઈને માટે જાણીતા થયેલા છે. તેમના ન્યાયીપણાના ગુણથી સર એચ. એસ. મેઈન એટલા બધા પ્રભાવિત થયેલા લાગે છે કે તેમણે તેને "બ્રાહ્મણોની દૃષ્ટિથી જે ખસૂસ કાનૂન હોવો જોઈએ તેનું આદર્શ ચિત્ર" કહીને ઓળખાવ્યા છે. ૧૮૯૧ની સાલમાં ધિ નૅશનલ રિવ્યૂમાં લખતાં મિ. પિંકટે તેમને વિષે "મનુના દાર્શનિક આદેશો" તરીકે ઉલ્લેખ કર્યો છે.

વળી, નાટ્યકળામાં પણ હિન્દીઓ અધૂરા માલૂમ પડતા નથી. સૌથી પ્રસિદ્ધ હિંદી નાટક શાકુન્તલ વિષે ગીથે કહે છે:

> તારુણ્યનાં વર્ષોની ખીલતી કળીઓ અને ઊતરતી અવસ્થાનાં ફળો; આત્મા જેનાથી વશ થાય છે, તે જેનાથી આનંદના ઓઘમાં ખેંચાય છે, તેને જેમાંથી સમૃદ્ધ પોષણ અને આહાર મળે છે એવું કંઈ જોયું છે? એક જ નામમાં પૃથ્વી અને સ્વર્ગ એકત્ર થયેલાં જોવાની તારી આકાંક્ષા છે? તો હું હે શકુન્તલા! તારું નામ લઉં એટલે તેમાં એ બધુંયે કહેવાનું આવી ગયું જાણવું!

હવે હિંદીઓના ચારિત્ર્ય અને સમાજજીવનની વાત લઈએ. તેને વિષેના પુરાવાનો પાર નથી. હું માત્ર થોડા નજીવા ઉતારા આપી શકીશ.

Gandhi Heritage Portal

આ મેં હંટરના इन्डियन एम्पायर (હિંદી સામ્રાજ્ય)માંથી લીધું છે:

ગ્રીસથી હિંદ આવી ગયેલા મહાન એલચીએ (મૅગેસ્થિનિસે) હિંદમાં ગુલામીની પ્રથાનો અભાવ, ત્યાંની સ્ત્રીઓનું શીલ અને ત્યાંના પુરુષોની હિંમત જોઈને સ્તુતિનાં વચનો લખ્યાં છે. શૂરાતનમાં તે લોકો તેને એશિયાના બીજા બધા લોકો કરતાં ચડિયાતા માલૂમ પડયા; તેમનાં ઘરોને તેઓ કદી તાળાં વાસતા નહીં, અને સૌથી વિશેષ તો કોઈ હિંદીને તેણે કદી જૂઠું બોલતો જોયો નથી. તેમને તેણે નિર્વ્યસની અને ઉદ્યમી જોયા, તેઓ તેને સારા ખેડૂતો અને હોશિયાર કારીગરો જણાયા; તેઓ કદી અદાલતને આંગણે ચડતા જણાયા નથી, અને પોતાના દેશના વતની રાજાઓની હકૂમતમાં શાન્તિથી રહેતા. મનુએ અસલમાં વર્ણવેલી પેઢીદર ચાલી આવતા સલાહકારો અને સૈનિકોવાળા રાજાઓની રાજ્યવ્યવસ્થા લગભગ જેવી ને તેવી તેના જોવામાં આવી હતી. . . . ગામડાંઓના વહીવટની વ્યવસ્થાનું તેણે વિગતે વર્ણન આપ્યું છે અને કહ્યું છે કે હરેક ગ્રામ ઘટક મને स्वतंत्र प्रजासताक जेवो जणायो छे. (નાગરી મેં કર્યું છે.)

હિંદના લોકો વિષે બિશપ હેબર કહે છે:

તેમના સ્વાભાવિક ચારિત્ર્યની બાબતમાં મારો એકંદરે બહુ સારો અભિપ્રાય બંધાયો છે. એ બધા માણસો શૂરાતનભરી ઊંચી હિંમતવાળા, વિવેકી, બુદ્ધિમાન અને જ્ઞાન મેળવવાની તેમ જ પોતાની જાતમાં સુધારો કરવાની ઉત્કંઠાવાળા છે. . . . તેઓ નિર્વ્યસની, ઉદ્યમી, માબાપ તરફની ફરજ સમજનારા અને પોતાનાં બાળકો માટે પ્રેમાળ છે; તેમનો મિજાજ લગભગ એકધારો નરમ અને ખામોશીભર્યો જણાયો હોઈ મારા જોવામાં આવેલાં ઘણાંખરાં માણસોના કરતાં તેમની જરૂરિયાતો અને લાગણીઓ પર અપાતા ધ્યાનની અને તેમને માટે રખાતા ભાવની તેમના દિલ પર ઝટ અસર થતી માલૂમ પડી છે.

મદ્રાસ ઈલાકાના એક વખતના ગવર્નર સર ટૉમસ મનરો કહે છે:

હિંદુસ્તાનના લોકોને સુધારવાની વાતનો અર્થ હું ચોક્કસ સમજી શકતો નથી. સારા રાજવહીવટના સિદ્ધાંત અને વહેવારની બાબતમાં સંભવ છે કે તે લોકો અધૂરા હોય, પણ ખેતીવાડીની સારી પદ્ધતિ ને વ્યવસ્થા, કારીગરીના માલની અજોડ પેદાશ, સગવડ અને આનંદપ્રમોદને માટે જરૂરી જણાય તે બધું પેદા કરવાની શક્તિ ને આવડત, બાળકોને લખતાંવાંચતાં શીખવવાને માટે નિશાળોની યોજના, સારી મહેમાનગીરીનો અને બીજો માયાળુ વહેવાર, અને સૌથી વિશેષ સ્ત્રીવર્ગને માટે ચીવટથી રાખવામાં આવતો આદર અને તેના તરફ બતાવવામાં આવતી નમ્રતા એ બધાં જો સુધરેલા લોકોને ઓળખાવનારાં લક્ષણો હોય તો હિંદના વતનીઓ યુરોપના લોકો કરતાં સુધારામાં ઊતરતા નથી.

હિંદીઓના સામાન્ય ચારિત્ર્યની બાબતમાં સર જ્યૉર્જ બર્ડવુડ નીચે મુજબ અભિપ્રાય આપે છે:

તે લોકો ભારે ખામોશ રાખનારા અને ધીરજવાળા, ખંડતલ અને સહનશક્તિવાળા, કરકસર કરવાવાળા અને ઉદ્યમી, કાયદાને માન આપી ચાલનારા અને સુલેહશાન્તિ ચાહનારા છે. . . . ભણેલા અને ઉપલા દરજ્જાના વેપારી વર્ગના લોકો પ્રામાણિક અને સાચા

Gandhi Heritage Portal

JUN 1974

અને હું કહી શકું તેટલા પ્રમાણમાં વધારેમાં વધારે સ્પષ્ટ અર્થમાં બ્રિટિશ સરકાર તરફ વફાદાર અને તેના પર ઈતબાર રાખનારા છે; અને આ ભાષા તમે સમજી શકો એવી છે. ખુદ ટયુટોનિક વંશના લોકોની માફક નૈતિક સચ્ચાઈ મુંબઈના શેઠિયા (ઉપલા) વર્ગના લોકોનું સહેજે વરતાઈ આવે તેવું ખાસ લક્ષણ છે. ટૂંકમાં, હિંદના લોકો કોઈ પણ પ્રકારના અસલ અર્થમાં આપણાથી ઊતરતા દરજ્જાના નથી. જે કેટલાંક આપણે માટે પણ ખોટાં ગણાય એવાં ખોટાં ધોરણો સ્વીકારીને આપણે ચાલીએ છીએ તેને માપે મપાતી બાબતોમાં તે લોકો આપણાથી ચડિયાતા છે.

સર સી. ટ્રેવેલ્યાન લખે છે:

તેમનામાં ઘણી વહીવટી આવડત અને શક્તિ છે, ઘણી ખામોશ છે, ભારે ઉદ્યમ છે અને ખૂબ તીવ્ર બુદ્ધિની શક્તિ છે.

તેમના કૌટુંબિક સંબંધો માટે સર ડબલ્યુ. ડબલ્યુ. હન્ટર આ પ્રમાણે કહે છે:

હિંદના લોકોના દિલમાં કુટુંબનું હિત અને કુટુંબ માટેના પ્રેમનું જે સ્થાન છે તેની બાબતમાં અંગ્રેજોની સાથે તેમની કોઈ સરખામણી ન હોઈ શકે. તેમનામાં માબાપનો બાળકોને માટે અને બાળકોનો માબાપને માટે જે પ્રેમ જોવા મળે છે તેની સાથે સરખાવી શકાય એવું વિલાયતમાં કશું નથી. આ દેશમાં સ્ત્રીપુરુષ વચ્ચે જેવો પ્રેમ જોવા મળે છે તેવો તીવ્ર પણ નરવો પ્રેમ આપણા પૂર્વના નાગરિક બંધુઓમાં માબાપનો સંતાનો તરફ અને સંતાનોનો વડીલો તરફ હોય છે.

અને મિ. પિકટ માને છે કે, 11584

બધી સામાજિક બાબતોમાં અંગ્રેજો હિંદીઓના ગુરુ થવાનો પ્રયાસ કરે તેના કરતાં તેમના પગ આગળ શિષ્ય થઈને શીખવાને બેસવાને વધારે લાયક છે.

એમ. લુઈ જેકોલિયત કહે છે:

માનવજાતનું પારણું એવી જે તું હિંદની પ્રાચીન ભૂમિ છે તેને નમસ્કાર! સૈકાંઓના નિષ્ઠુર આક્રમણોથી પણ હજી જે વિસ્મરણની ધૂળ નીચે ઢંકાઈ નથી એવી હે પૂજ્ય ને સાચી ધાત્રી તને નમસ્કાર! ધર્મની, પ્રેમની, કાવ્યની અને વિજ્ઞાનની પિતૃભૂમિ તને વારંવાર નમસ્કાર! અમારા પશ્ચિમના ભાવિમાં તારા ભૂતકાળનો ફરી ઉદય થાય તેને અમે આવકારીશું!

વિક્ટર હ્યૂગો કહે છે:

આ પ્રજાઓએ યુરોપ, ફ્રાન્સ અને જર્મનીને અવતાર આપ્યો છે. પશ્ચિમને માટે જેવું જર્મની છે તેવું પૂર્વને માટે હિંદ છે.

આમાં આટલી હકીકતો ઉમેરો: કેટલાક લોકોના માનવા મુજબ મર્ત્ય માનવે ગાળેલી જિંદગીમાં સૌથી વધારે પવિત્ર અને સારામાં સારી જિંદગી ગાળનાર અને બીજા કેટલાકના માનવા મુજબ એકમાત્ર ઈસુના કરતાં બીજા દરજ્જાની જિંદગી ગાળનાર બુદ્ધને હિંદુસ્તાને પેદા કર્યો છે; જેની રાજનીતિને નજીવા સુધારાવધારા સાથે બ્રિટિશ સરકાર સુધ્ધાં અનુસરતી આવી છે તે અકબરને હિંદુસ્તાને પેદા કર્યો છે; પોતાની બહોળી તેમ જ ઉદાર સખાવતોથી જેણે એકલા હિંદને નહીં, ખુદ વિલાયતને પણ દિંગ કરી દીધું હતું તે પારસી બૅરોનેટને હિંદે હમણાં

Gandhi Heritage Portal

થોડાં વરસ પર ગુમાવ્યો છે; હિંદના હાલના વાઈસરૉય લૉર્ડ એલ્ગિનને જેની યુરોપના સારામાં સારા પત્રકારો સાથે સરખામણી કરી છે તે પત્રકાર ક્રિસ્ટોદાસ પૉલને હિંદે પેદા કર્યો છે; હિંદની અદાલતોની બેઠકો શોભાવનાર યુરોપિયન તેમ જ હિંદુસ્તાની બન્ને જાતિના ન્યાયાધીશો પૈકી જેમના અદાલતી ચુકાદાઓને ઉત્તમ પ્રકારના સમર્થ ચુકાદાઓ ગણાવવામાં આવ્યા છે તે હિંદની વડી અદાલતોના બે ન્યાયાધીશો મહમદ અને મુથુકૃષ્ણ આયરને[1] હિંદુસ્તાને પેદા કર્યા છે; અને છેવટે અનેક પ્રસંગોએ અંગ્રેજ શ્રોતાસમુદાયોને પોતાની વાણીની છટાથી મંત્રમુગ્ધ કરનાર બદરુદ્દીન [તૈયબજી], [સુરેન્દ્રનાથ] બૅનરજી, અને ફિરોજશાહ [મહેતા] જેવા વક્તાઓ હિંદ પાસે છે.

આવું છે હિંદ. આ ચિત્ર તમને વધારે પડતું રંગેલું અથવા તરંગી દેખાય છતાં મારે કહેવું જોઈએ કે તે સાચું છે. બંને પ્રજાઓને એક કરવાને બદલે જુદી રાખવામાં જેમને આનંદ આવતો હોય તે ભલે ચિત્રની બીજી બાજુ બતાવે. તો પછી મારી વિનંતી છે કે બન્નેની ડૅનિયલના જેવા નિષ્પક્ષ વલણથી તુલના કરજો અને હું તમને ખાતરી આપું છું કે હિંદુસ્તાન આફ્રિકા નથી અને સુધારાના સાચામાં સાચા અર્થમાં જેને સુધરેલો કહી શકાય એવો તે દેશ છે એવું માનવાને તમને પ્રેરે તેવું ઉપર જે કહ્યું છે તેમાંના ઘણા મોટા ભાગનું જરાયે આંચ આવ્યા વગરનું બાકી રહેશે.

આમ છતાં આ મુદ્દો પૂરો કરું તે પહેલાં લઈ શકાય તેવા એક વાંધાની ચર્ચા કરી લેવાની હું રજા ચાહું છું. એમ કહેવામાં આવશે કે "તમે કહો છો તે સાચું હોય તો સંસ્થાનમાંના જે લોકોને તમે હિંદી કહો છો તેઓ હિંદી નથી કેમ કે તમે જેમને હિંદી કહીને ઓળખાવો છો તેમનામાં એવી કેટલીક આદતો ઘર કરી ગયેલી છે કે જે તમારા વિવેચનને ખોટું સાબિત કરી આપ્યા વગર રહેતી નથી. એ લોકો કેવા હડહડતા જૂઠાબોલા છે તે જુઓ." આ સંસ્થાનમાં જેને જેને મારે મળવાનું થયું છે તે સૌએ હિંદીઓની જૂઠું બોલવાની આદતની દલીલ આગળ કરી છે. મર્યાદિત પ્રમાણમાં આ આરોપનો હું સ્વીકાર કરું છું. આ વાંધાના જવાબમાં હું બતાવી શકું કે બીજા વર્ગોના લોકો અને તેમાંયે તે બધા જ્યારે અને જો કમનસીબ હિંદીઓના જેવી સ્થિતિમાં આવી જાય છે ત્યારે અને તો ખાસ કરીને આ બાબતમાં વધારે સારી રીતે ચાલી શકતા નથી તો તેટલાથી મને ઝાઝો સંતોષ નહીં થાય. અને છતાં મને ડર રહે છે કે એવી જાતની દલીલનો આધાર લીધા વગર મારે છૂટકો નથી. મારી તો એવી ઘણી ઈચ્છા છે કે તે લોકો જુદી રીતે ચાલે, પણ તે બધા માણસોની પ્રકૃતિથી પર છે એવું સાબિત કરવાને હું તદ્દન અસમર્થ છું એમ મારે કબૂલ કરવું જોઈએ. તે બધા માંડ ભૂખમરામાંથી બચી શકાય એટલી રોજી પર અહીં નાતાલમાં આવે છે (અહીં હું બાંધી મુદતના કરારથી આવતા હિંદીઓની વાત કરું છું). અહીં આવ્યા બાદ તેમને સમજાય છે કે પોતે વિચિત્ર પરિસ્થિતિમાં મુકાયા હોઈ પોતાની આજુબાજુના સંજોગો પ્રતિકૂળ છે. જે ક્ષણે તેઓ હિંદ છોડે છે તે ક્ષણથી તે બધા જો સંસ્થાનમાં વસવાટ કરીને રહે છે તો બાકીનો આખો જન્મારો કોઈ પણ પ્રકારની નૈતિક કેળવણી વગર ગાળે છે. તેઓ હિંદુ હોય કે મુસલમાન, જેને નૈતિક અગર ધાર્મિક શિક્ષણ કહી શકાય તેવી નામનીયે કેળવણી તેમને મળતી નથી. બહારની મદદ વગર પોતાની જાતને વધારે કેળવી શકે એવું જરૂરી ભણતર તેઓ પામ્યા હોતા નથી. આવી દશામાં

૧. આ ઉલ્લેખ સર ટી. મુથુસ્વામી આયર વિષે છે.

Gandhi Heritage Portal

જૂઠું બોલવાને નામનીયે લાલચ ઊભી થતાંવેંત તે બધા સહેજે તેને વશ થાય છે. થોડો વખત જતાં જૂઠું બોલવાની તેમને આદત પડી જાય છે અને તે બીમારી તેમને લાગુ પડે છે. પછી કોઈ પણ કારણ વગર, પોતાની ભૌતિક સ્થિતિ સુધારવાની કશી આશા ન હોવા છતાં, અરે, પોતે શું કરે છે તેના ભાન વગર તેઓ જૂઠું બોલે છે. જરૂરી કાળજી ન રાખવાને કારણે નૈતિક શક્તિ તદ્દન ક્ષીણ થઈ જાય એવી જિંદગીની કક્ષાએ તેઓ પહોંચી જાય છે. આ ઉપરાંત જૂઠાણાંનો એક અત્યંત દુઃખદ પ્રકાર પણ જોવાનો મળે છે. પોતાનો માલિક રંજાડશે એવા ડરના માર્યા એ લોકો પોતાના નાહક રંજાડ સહન કરનારા ભાઈને ખાતર પણ સાચું બોલવાની હિંમત કરી શકતા નથી. પોતાના માલિકની સામે જુબાની આપવાની હિંમત કરવાથી પોતાને મજૂરી પેટે મળતા કંગાળ ખોરાકમાં પણ ઘટાડો થવાની અથવા સખત મારઝૂડની ધમકીને સમતાથી વેઠી લેવા જેટલી ફિલસૂફી તેઓ કેળવી શકયા નથી. તો આ માણસોનો તિરસ્કાર કરવાને બદલે તેમની દયા ખાવા જેવી નથી કે? જરાયે દયાને લાયક નહીં એવા બદમાશો ગણીને તેમની સાથે વર્તવું જોઈએ કે સહાનુભૂતિ તેમ જ અનુકંપાની ઊંડી ભૂખવાળા લાચાર જીવો તેમને લેખવા જોઈએ? એમના જેવા સંજોગોમાં એ લોકો જેમ વર્તે છે તેમ ન વર્તવાવાળા લોકોનો કોઈ પણ વર્ગ છે ખરો કે?

પણ એમના જેવા જ જૂઠું બોલવાવાળા વેપારીઓ પણ છે તેમના બચાવમાં તમે શું કહી શકશો એવો સવાલ મને કરવામાં આવશે. આ બાબતમાં હું નમ્રપણે એટલું જ કહેવાની રજા ચાહું કે એ લોકો પર મૂકવામાં આવતો આરોપ પાયા વગરનો હોઈ વેપારના અથવા અદાલતોના કાનૂની કામકાજને અંગે બીજા વર્ગોના લોકો બોલે છે તેનાથી વધારે જૂઠું એઓ બોલતા નથી. એક તો એ લોકો અંગ્રેજી બોલી શકતા નથી તે કારણે અને બીજું, દુભાષિયાનું કામ કરનારાઓનો વાંક નથી છતાં તે લોકો જે કહે છે તેનો તરજુમો કરવામાં ઘણી ખામી હોય છે તે કારણે એ લોકોની બાબતમાં બહુ મોટી ગેરસમજ ચાલ્યા કરે છે. દુભાષિયાઓ પાસે તામિલ, તેલુગુ, હિંદુસ્તાની અને ગુજરાતી એમ ચાર ભાષાઓમાં થતી વાતોનો અર્થ અંગ્રેજીમાં સફળપણે રજૂ કરવાના પાર વગરની મહેનત અને આવડતના કામની અપેક્ષા રાખવામાં આવે છે. વેપારમાં પડેલો હિંદી હમેશ હિંદુસ્તાની અગર ગુજરાતીમાં બોલે છે. જેઓ એકલું હિંદુસ્તાની બોલે છે તેઓ ઊંચી જાતનું હિંદુસ્તાની વાપરે છે. માત્ર એક અપવાદ બાદ કરતાં બાકીના બધા દુભાષિયા અત્યંત ખરાબ હિંદુસ્તાની વ્યાકરણવાળી તામિલ, ગુજરાતી અને બીજી હિંદની ભાષાઓના તરેહવાર મિશ્રણથી બનેલી સ્થાનિક હિંદુસ્તાનીનો ઉપયોગ કરે છે. એથી કુદરતી રીતે સાક્ષીનો અર્થ પકડી શકે તે પહેલાં દુભાષિયાને તેની સાથે દલીલોમાં ઊતરવું પડે છે. આ ક્રિયા ચાલતી હોય તે દરમિયાન ન્યાયાધીશની ધીરજ ખૂટી જાય છે અને તેને લાગે છે કે સાક્ષી જૂઠું ચલાવે છે. દુભાષિયાને પૂછવામાં આવે છે ત્યારે માણસના સ્વભાવ પ્રમાણે પોતાનું ભાષાનું અધૂરું જ્ઞાન છાવરવાને તે બિચારો ન્યાયાધીશને સાક્ષી સીધા જવાબ આપતો નથી એવું કહીને છૂટી જાય છે. બિચારા સાક્ષીને પોતાની સાચી વાત કહેવાની કે જણાવવાની તક સરખી રહેતી નથી. ગુજરાતી બોલનારાઓની બાબતમાં વાત એથીયે ગંભીર હોય છે. અદાલતોમાં એકે ગુજરાતી દુભાષિયો નથી. સાક્ષી બોલે છે તેની કેવળ મતલબ દુભાષિયો મહા મુશ્કેલીથી માંડ જેમ તેમ પકડી શકે છે. ગુજરાતી બોલનારા સાક્ષીઓને પોતાની વાત સમજાવવાને અને દુભાષિયાને ગુજરાતી હિંદુસ્તાની સમજવાને ફાંફાં મારતા મેં જાતે જોયા છે. ખરેખર, અજાણ્યા શબ્દોના ખીચડામાંથી કંઈક મતલબ તારવી લેનારા દુભાષિયાની બુદ્ધિની તીવ્રતા ઘણી હોવી

Gandhi Heritage Portal

જોઈએ. પણ આ મથામણ ચાલ્યા કરતી હોય તે દરમિયાન સાક્ષી જે કંઈ કહે તેમાંનો એક અક્ષર પણ ન માનવાનો નિર્ણય ન્યાયાધીશ કરી લે છે અને તે પાકો જૂઠો છે એવી મનમાં ગાંઠ વાળે છે.

૩

"તેમની સાથે અત્યારે રાખવામાં આવતું વર્તન ઉત્તમ પ્રકારની બ્રિટિશ પરંપરા અનુસાર, અથવા ન્યાય અને નીતિના સિદ્ધાન્તો અનુસાર અથવા ખ્રિસ્તી ધર્મના સિદ્ધાન્તો અનુસાર છે કે?" એ ત્રીજા સવાલનો જવાબ આપવાને સારુ તે વર્તન કેવું છે તે તપાસી જવાની જરૂર છે. સંસ્થાનમાં હિંદી તરફ ઊંડી ઘૃણા રાખવામાં આવે છે એ વાત સહેજે સ્વીકારવામાં આવશે એમ હું માનું છું. રસ્તે ચાલતો માણસ તેનો તિરસ્કાર કરે છે, તેને ગાળો દે છે, તેના પર થૂંકે છે અને વારંવાર તેને રસ્તાની બાજુ પર આવેલી પગે ચાલવાની પગથી પરથી ધક્કો મારીને હડસેલી દે છે. તેને ગાળ આપવાને સારુ છાપાંઓને ઉત્તમ અંગ્રેજી શબ્દકોશમાંથી પણ પૂરતો સખંત શબ્દ જડતો નથી. થોડા નમૂના આપું. "સમાજના ખુદ મર્મને કોરી ખાનારો અસલ કીડો"; "પારકી મહેનત પર જીવનારા આ વાંદા"; "લુચ્ચા, ઠગ, ભૂંડા, અર્ધા જંગલી એશિયાઈઓ"; "કાળી, લાંબી ને પાતળી ચીજ જે ચોખ્ખાઈથી ક્યાંયે આઘી રહે છે અને જેનું નામ છે શાપિત હિંદુ"; "તેનામાં દુર્ગુણનો પાર નથી, તે ચોખા ખાઈને જીવે છે. . . . હું તે હિંદુને મારા અંતરથી શાપ આપું છું"; "સાચ વગરની જીભવાળા, અને જાતજાતનાં કપટવાળા, હીન કુલીઓ"; બધાં છાપાંઓ લગભગ એકમત થઈને હિંદીને તેના અસલ નામથી ઓળખાવવાનો ઇન્કાર કરે છે. તે બધાં તેનો કાં તો "રામસામી"; કાં તો "મિ. સામી"; "મિ. કુલી"; અથવા "મિ. બ્લૅક મૅન" (મિ. કાળા) કહીને ઉલ્લેખ કરે છે. અને આ બધાં અપમાનજનક નામો એટલાં બધાં સામાન્ય થઈ પડયાં છે કે તે (કંઈ નહીં તો તેમાંનું એક "કુલી") અદાલતોનાં પવિત્ર ધામોમાં પણ વપરાય છે અને હરકોઈ તેમ જ બધા હિંદીઓને માટેનું કાયદેસરનું ઘટતું નામ હોય તેમ "કુલી" નામથી તો વકીલો ને ન્યાયાધીશો પણ તેમનો ઉલ્લેખ કરે છે. જાહેર કાર્યકરો પણ એ શબ્દોનો છૂટથી ઉપયોગ કરે છે. જેમની પાસેથી વધારે સમજની અપેક્ષા સહેજે રાખી શકાય તેવા લોકોના મોઢામાંથી પણ "કુલી કલાર્ક" (કારકુન) એવું દુઃખદ વેણ નીકળતું વારંવાર મારા સાંભળવામાં આવ્યું છે. એ નામ એકબીજાથી વિરોધી અર્થવાળા શબ્દોનું બનેલું હોઈ જેમને માટે તે વાપરવામાં આવે છે તેમને માટે અત્યંત અપમાન કરનારું છે. પણ આ સંસ્થાનમાં હિંદી તો એક લાગણી વગરનું પ્રાણી છે ને!

'ટ્રામગાડીઓ હિંદીઓને સારુ નથી. રેલવેના અમલદારો હિંદીઓને ઢોર ગણીને તેમની સાથે કામ લે છે. હિંદી ઉતારુ ગમે તેટલો સ્વચ્છ ને સુઘડ હોય તોપણ તેના દેખાવ માત્રથી સંસ્થાનમાં તો હરેક ગોરો એવો સુગાઈ જાય છે કે થોડા વખતને સારુ પણ તેની સાથે એક ખાનામાં બેસવામાં વાંધો લે છે. હૉટેલોનાં બારણાં તેમને માટે બંધ હોય છે. મોભાદાર હિંદીઓને હૉટલમાં રાતવાસો રાખવાને ઇન્કાર થયાના દાખલા મારી જાણમાં છે. હિંદી ગમે તે દરજ્જાના હોય પણ જાહેર સ્નાનઘરોમાં તેમને પેસવા દેવામાં આવતા નથી.

સંસ્થાનમાં આવેલી જુદી જુદી મિલકતો પર રહેતા મુદતી કરારથી બંધાઈને આવેલા હિંદી મજૂરોની સાથે રાખવામાં આવતા વર્તનના જે હેવાલો મને મળ્યા છે તેમાંના દસમા ભાગની વાતો માનું તોપણ એ મિલકતો પર રહેનારા માલિકો અને એ મજૂરોના હિતની સંભાળ

Gandhi Heritage Portal

રાખવાને રોકવામાં આવતા અમલદાર (પ્રોટેકટર) એ બન્નેની માનવતાની સામે ભયંકર તહોમતનામું થાય. પણ આ વિષય એવો છે કે તેને અંગેનો મારો અત્યંત મર્યાદિત અનુભવ મને તેની વધારે ચર્ચા અગર ટીકા કરવાને મના કરે છે.

રોજગાર વગરના રઝળુ લોકોને માટેનો કાયદો નાહકનો જુલમનું નિમિત્ત બને છે અને ઘણી વાર આબરૂદાર હિંદીઓને ઘણી કફોડી દશામાં મૂકી દે છે.

એ લોકોને લોકેશનો (અલગ વાડાઓ)માં ગોંધાઈને રહેવાને ફરજ પાડવી જોઈએ અગર સમજાવવા જોઈએ એવી જે અફવાઓ હવામાં જ્યાં ત્યાં ફેલાયેલી છે તે આમાં ઉમેરો. સંભવ છે કે એવો માત્ર ઈરાદો રાખવામાં આવતો હોય, તેમ છતાં તેમાંથી યુરોપિયન સંસ્થાનવાસીઓની હિંદીઓ તરફની લાગણી છતી થાય છે. આ બધા ઈરાદા વહેવારમાં અમલમાં મુકાવાની શકયતા હોય તો નાતાલમાં હિંદીઓની કેવી હાલત થાય તેનું ચિત્ર તમારા મનમાં દોરવાને મારી તમને વિનંતી છે.

હવે, હિંદીઓ તરફ રાખવામાં આવતું આવું વર્તન બ્રિટનની ન્યાયની પરંપરા અનુસાર, અથવા નીતિ અનુસાર, અથવા ખ્રિસ્તી ધર્મને અનુસાર છે ખરું કે?

તમારી પરવાનગીથી મૅકોલેનાં વચનોમાંથી એક ઉતારો ટાંકી હિંદીઓ તરફ રાખવામાં આવતા અત્યારના વર્તનને તેનો ટેકો મળ્યો હોત કે કેમ તે સવાલનો જવાબ આપવાનું હું તમારા પર છોડી દઉં છું. હિંદીઓ તરફ રાખવામાં આવતા વર્તનના વિષય પર બોલતાં તેણે પોતાના વિચારો નીચે મુજબ વ્યક્ત કર્યા હતા:

> જેને ઈશ્વરે આપણે હવાલે કરી છે તે મહાન પ્રજા આપણા કાબૂને અનુકૂળ થઈ તેનો સરળતાથી સ્વીકાર કરે એવો ભૂંડો આશય પાર પાડવાને ખાતર તેને મૂઢ બનાવવાને તેમ જ તેના ચેતનને હણી નાખવાને તે આખા સમાજને અફીણનો 'કાવો પિવડાવવાની યોજનાને આપણે હરગિજ મંજૂર નહીં રાખીએ. શાસિતોનાં દુર્વ્યસનોના, તેમના અજ્ઞાનના અને તેમના કંગાળપણાના પાયા પર ઊભી રહેનારી સત્તાની, અને ત્રણ હજાર વરસથી રાજાઓના ને ઠગારા ધર્મગુરુઓના તંત્રના જુલમ હેઠળ કચડાતી આવેલી પ્રજા તરફ પ્રમાણમાં રાજકીય સ્વતંત્રતા તેમ જ બુદ્ધિનો પ્રકાશ સામાન્ય રીતે એક પ્રજાને ભાગે આવે તેનાથી ઘણાં વધારે હાંસલ કરનાર પ્રજાએ શાસકો તરીકે શાસિતો તરફ અદા કરવાની પવિત્રમાં પવિત્ર ફરજોનો સરિયામ ભંગ કર્યા વગર ટકાવી ન શકીએ તે સત્તાની કિંમત કેટલી? आपणे मुक्त छीए, आपणे सुधरेला छीए; पण मानवजातना कोई पण भागने आपणा जेटली ज स्वतंत्रता अने आपणा जेटलो ज सुधारो आपतां आनाकानी करीए तो आपणी स्वतंत्रता अने आपणा सुधारानो झाझो अर्थ र्‌हेतो नथी.

મિલ, બર્ક, બ્રાઈટ અને ફૉસેટ જેવા લેખકોનો હવાલો હું તમને આપું છું તે પરથી તમને વધારે સ્પષ્ટ થશે કે કંઈ નહીં તો એ લોકો સંસ્થાનમાં હિંદીઓ તરફ ચલાવવામાં આવતા વર્તનને ચલાવી લેવા તૈયાર નહીં થાય — માંડ ભૂખમરામાંથી ઊગરી જવાય એટલી રોજી આપવાના કરારથી બાંધીને માણસને અહીં આણવો, તેને ગુલામીનાં બંધનમાં રાખવો, અને પોતે સ્વતંત્ર માણસ છે એવો નામનોયે અણસાર બતાવે અથવા સહેજસાજ ઓછા કંગાળપણાથી જીવી શકે એવી સ્થિતિમાં આવે તેની સાથે જ્યાં પ્રમાણમાં તેને અજાણ્યા થઈને રહેવું પડે અને સંભવ

Gandhi Heritage Portal

છે કે જ્યાં તે રોજી રળવાને અસમર્થ થાય એવા તેના વતનમાં તેને પાછો મોકલી આપવાની ઇચ્છા રાખવી એ બ્રિટિશ પ્રજાના નિષ્પક્ષપાતીપણાની અથવા ન્યાયીપણાની ભાગ્યે નિશાની ગણાય.

હિંદીઓની સાથે ચલાવવામાં આવતું વર્તન ખ્રિસ્તી ધર્મના ઉપદેશથી વિરુદ્ધનું છે એમ બતાવવાને દલીલમાં ઊતરવાની જરૂર નથી — જે વિભૂતિએ આપણને આપણા દુશ્મનો માટે પણ પ્રેમ રાખવાનું શીખવ્યું, જેણે તમારો ડગલો માગે તેને તમારો ઝભ્ભો સુધ્ધાં ઉતારી આપવાનો ઉપદેશ આપ્યો, જેણે તમને ડાબે ગાલે તમાચો મારનારને જમણો ગાલ ધરવાનું કહ્યું, અને જેણે યહૂદી ને જેન્ટાઈલ (બિનયહૂદી) વચ્ચેના ભેદ વાળીઝૂડીને સાફ કરી નાખ્યા તે પોતાના જેવા જ માનવના સ્પર્શમાત્રથી અભડાઈ જવાય એવું અભિમાન માણસમાં કેળવે એવી વ્યવસ્થા હરગિજ સહન નહીં કરે.

૪

મને લાગે છે કે તપાસના છેલ્લા મુદ્દાની ચર્ચા પહેલાની કરી તેમાં પૂરતી થઈ ગઈ છે. અને મારા પોતા પૂરતું હું કહું કે સંસ્થાનમાંથી એકેએક હિંદીને હાંકી કાઢવાનો અખતરો કરવામાં આવે તો મને ઝાઝો અફસોસ નહીં થાય. તેમ થતાંમાં એ પગલું જે દિવસે લેવાય તેનો સંસ્થાનવાસીઓ પસ્તાવો કર્યા વગર રહેશે નહીં અને એ ન લીધું હોત તો સારું એમ સમજતા થશે એ વિષે મને તલભાર શંકા નથી. નાના વેપાર અને જીવનવહેવારને માટેના બીજા નાના ધંધાને પછી બીજા કોઈ હાથમાં ધરશે નહીં. જે કામને માટે હિંદીઓની ખાસ લાયકાત છે તે યુરોપિયનો હાથમાં નહીં લે અને અત્યારે હિંદીઓ પાસેથી જે મોટી આવક સંસ્થાનને થાય છે તે તે ગુમાવશે. જે કામ યુરોપિયનો યુરોપમાં સહેલાઈથી કરી શકે છે તે કરવાને દક્ષિણ આફ્રિકાની આબોહવા તેમને અનુકૂળ નથી. છતાં મારે જે કહેવું છે તે પૂરા વિવેક સાથે જણાવું કે હિંદીઓને સંસ્થાનમાં રાખવાનું અનિવાર્ય હોય તો પોતાની આવડત, શક્તિ અને પ્રમાણિકપણાને કારણે મેળવવાને તેઓ લાયક હોય તેવું વર્તન તેમના તરફ રહેવું જોઈએ, એટલે કે ન્યાયની રીતે તેમને જે મળવું જોઈએ તે તેમને આપો, અને ઓછામાં ઓછું એટલું કરો કે પક્ષપાત અગર પૂર્વગ્રહથી મુક્ત ન્યાયની ભાવના તેમને આપવાને તમને પ્રેરે તે આપવાને ચૂકો નહીં.

હવે મારે તમને એટલી જ આજીજી કરવાની રહે છે કે આ બાબતની તમે પૂરી ગંભીરતાથી વિચારણા કરો અને તમને (અહીં મારી મતલબ ખાસ અંગ્રેજોને ઉદ્દેશીને કહેવાની છે) યાદ દેવડાવું કે ઈશ્વરે અંગ્રેજો તેમ જ હિંદીઓને એકત્ર આણ્યા છે ને હિંદીઓનું ભાવી અંગ્રેજોને હવાલે કર્યું છે તો તે બન્નેના એકઠા આવવાનું ફળ ઉદાર સહાનુભૂતિ, મહોબત અને પરસ્પરના મુક્ત સંબંધ તેમ જ હિંદી માનસના બંધારણની સાચી સમજને પરિણામે કેળવાયેલું કાયમનું જોડાણ હશે કે પછી જ્યાં સુધી હિંદીઓને અંકુશમાં રાખવાનાં સાધનો અંગ્રેજો પાસે હશે ને કુદરતી રીતે નરમ એવા હિંદીઓ અકળાઈને પારકા લોકોની પોતાને માથે પડેલી ઝૂંસરીનો સીધો સક્રિય વિરોધ કરવા માંડશે ત્યાં સુધી માત્ર એ જોડાણ નભશે એ વાત હરેક અંગ્રેજ હિંદીની બાબતમાં શું કરે છે અને તેની સાથે કેવો વહેવાર ચલાવે છે તેના પર મોટે ભાગે આધાર રાખે છે. વળી તમને આગળ યાદ દેવડાવું કે ઇંગ્લંડમાં રહેતા અંગ્રેજો બન્ને પ્રજાઓનાં હૃદય એક કરવાને ઇચ્છે છે, વર્ણભેદમાં માનતા નથી અને હિંદના ખંડિયેર પર ચડીને પોતે આગળ વધે તેને બદલે તેને પોતાની સાથે આગળ ચડાવવાનું બહેતર લેખે છે એમ

Gandhi Heritage Portal

તેમણે પોતાનાં લખાણો, ભાષણો અને કાર્યોથી બતાવી આપ્યું છે. આના સમર્થનમાં બ્રાઈટ, ફૉસેટ, બ્રૅડલો, ગ્લૅડસ્ટન, વેડરબર્ન, પિંકટ, રિપન, રે, નૉર્થબ્રુક, ડફરિન, અને એવા બીજા ઈંગ્લંડના જાહેરમતના પ્રતિનિધિ એવા કેટલાયે ઊંચા દરજ્જાના અંગ્રેજોનાં લખાણો, ભાષણો અને કામોને જોવાની વિનંતી કરું છું. બ્રિટનના ખુદ વડાપ્રધાને પોતાની ઈચ્છા વિરોધમાં પ્રગટ કરી હોવા છતાં એક અંગ્રેજ મતદારમંડળે બ્રિટિશ પાર્લમેન્ટની આમસભામાં[1] પોતાના પ્રતિનિધિ તરીકે એક હિંદીને ચૂંટી મોકલ્યો, લિબરલ તેમ જ કૉન્ઝર્વેટિવ એમ બંને મતવાળાં એટલે કે બ્રિટનનાં લગભગ બધાંયે અખબારોએ તે હિંદી સભ્યને પોતાની સફળતાને સારુ અભિનંદન આપ્યાં અને આ અનન્ય બનાવને પોતાનું અનુમોદન આપ્યું. વળી, લિબરલ તેમ જ કૉન્ઝર્વેટિવ એમ બંને પક્ષોના સભ્યોએ એટલે કે આખી આમસભાએ તેમને ઉમળકાભેર આવકાર્યા એટલી એક જ હકીકત મારી વાતનું સમર્થન કરે છે એમ હું સૂચવું છું. તો પછી તમે તેમને અનુસરશો કે નવો ચીલો પાડશો? "પ્રગતિની શરત" મનાતી એકતાને કે "અવનતિની શરત" મનાતા કુસંપ અથવા જુદાઈને તમે ઉત્તેજન આપશો?

છેવટે જે ભાવથી ઉપરનું લખાયું છે તે જ ભાવથી તેને સ્વીકારવાની તમને વિનંતી કરું છું.

હું છું
તમારો આજ્ઞાંકિત સેવક
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
ડરબનના નાતાલ મર્ક્યુરી સ્ટીમ પ્રિન્ટિંગ વર્ક્સમાં છપાયેલા ચોપાનિયામાંથી.

## ૪૩. યુરોપિયનોને પત્ર[2]

બીચ ગ્રુવ,
ડરબન,
ડિસેમ્બર ૧૯, ૧૮૯૪

સાહેબ,

આ સાથે બીડેલું લખાણ હું તમને મોકલવાનું સાહસ કરું છું અને એ ખુલ્લા પત્રના વિષય પર તમારો અભિપ્રાય જણાવવાને વિનંતી કરું છું.

તમે પાદરી, છાપાના તંત્રી, જાહેર કાર્યકર, વેપારી અથવા વકીલ ગમે તે હો, આ વિષય પર તમારે ધ્યાન આપ્યા વગર છૂટકો નથી. તમે પાદરી હો તો તમારા માનવબંધુઓ સાથે ઈસુને પસંદ ન પડે એવો વહેવાર રખાતો હોય તેને સીધી અગર આડકતરી રીતે ચલાવી ન લેવાની તમારી ફરજ ઊભી થાય છે. કેમ કે તમે ઈસુના ઉપદેશના પ્રતિનિધિ છો. તમે અખબારના તંત્રી હો તો તમારી જવાબદારી એટલી જ મોટી છે. પત્રકાર તરીકેનો તમારો પ્રભાવ તમે

૧. સેન્ટ્રલ ફિન્સબરી મતદાર મંડળમાંથી ૧૮૯૩ની સાલમાં દાદાભાઈ નવરોજી ચૂંટાયા તેનો આ ઉલ્લેખ છે.

૨. નાતાલમાંના યુરોપિયનોને ગાંધીજીએ મોકલેલો પરિપત્ર રૂપે છાપેલો પત્ર.

Gandhi Heritage Portal

માનવજાતને ઊંચે ચડાવવામાં કે પછી નીચે પાડવામાં વાપરો છો તેનો આધાર માનવજાતના વર્ગ વર્ગ વચ્ચે જુદાઈને ઉત્તેજન આપો કે એકતાને માટે મથો તે વાત પર રહેશે. જાહેર કાર્યકર તરીકે પણ તમને એ જ વાત લાગુ પડે. તમે વકીલ અગર વેપારી હો તોપણ તમારે તમારા ઘરાકો અથવા અસીલો તરફની ફરજનો ખ્યાલ રાખવાનો રહે કેમ કે તેમની પાસેથી તમને સારો એવો આર્થિક લાભ થાય છે. સંસ્થાનમાં હિંદીઓને વિષે જે અજ્ઞાન પ્રવર્તે છે અને તેને પરિણામે તેમને જે ક્રૂર હાલાકી વેઠવી પડે છે તેમાં તમે તેમને કૂતરાં ગણીને હડહડ કરો અથવા તમારા જેવા જ તમારા માનવબંધુ ગણી તેમના તરફ સહાનુભૂતિ રાખો. તમારા વ્યવસાયને કારણે તમારે તેમની સાથે પ્રમાણમાં ઘાડા સંપર્કમાં આવવાનું થાય છે તેથી બેશક, તમને તેમને વિષે જાણવાની અને તેમનો અભ્યાસ કરવાની સંધિ તેમ જ પ્રેરણા મળે છે. સહાનુભૂતિની દૃષ્ટિથી તેમને જોશો તો તેમને સમજવાની જેમને સંધિ મળી છે અને જેમણે તેનો યોગ્ય ઉપયોગ કર્યો છે તેવા કોડીબંધ નહીં, સેંકડો યુરોપિયનોને તે જેવા દેખાય તેવા તમને પણ લાગે એવો સંભવ છે.

સંસ્થાનમાંના હિંદીઓ સાથે ચલાવવામાં આવતું વર્તન જેવું જોઈએ તેવું નથી એમ માની લઈ તેમના તરફ સક્રિય રીતે સહાનુભૂતિ અને લાગણી રાખવાવાળા ઝાઝા યુરોપિયનો છે કે નથી તેનો ચોક્કસ ખ્યાલ મળે તેટલા ખાતર તમારો અભિપ્રાય મને મોકલવાની તમને આ વિનંતી મેં કરી છે.

હું છું, સાહેબ,
તમારો વફાદાર સેવક
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
સાબરમતી સંગ્રહાલયમાંની નકલમાંથી.

## ૪૪. ભૌતિકવાદનું અધૂરાપણું

મો. ક. ગાંધી
ધિ એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન અને
ધિ લંડન વેજિટેરિયન સોસાયટીના એજન્ટ

ડરબન,
જાન્યુઆરી ૨૧, ૧૮૯૫

શ્રી તંત્રી
ધિ નાતાલ एडवर्टाइज़र

સાહેબ,

ધિ એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન અને ધિ લંડન વેજિટેરિયન સોસાયટી વિષે તમારી જાહેર-ખબરો માટેની જગ્યામાં જે સૂચના આપવામાં આવી છે તેના તરફ તમારા વાચકોનું ધ્યાન ખેંચવા દેશો તો હું તમારો આભારી થઈશ.

એ યુનિયન જે વિચારપદ્ધતિની હિમાયત કરે છે તેમાં દુનિયાના બધા મહાન ધર્મોની એકતા ને તેમના સમાન ઊગમનું પ્રતિપાદન છે અને જેમની જાહેરખબર આપવામાં આવેલી

Gandhi Heritage Portal

છે તે પુસ્તકો બરાબર દર્શાવી આપે છે તે મુજબ ભૌતિકવાદ તદ્દન અધૂરો સાબિત થાય છે. કેમ કે તે પહેલાં કદી જોવામાં આવ્યો નથી અને જેનાથી માનવજાતનું વધારેમાં વધારે ભલું થયાનું કહેવાય છે એવો સુધારો દુનિયાને લાવી આપ્યાની બડાશ હાંકે છે, પણ તેમ કરતાં પોતાને ફાવતું આવે છે તેથી વીસરી જાય છે કે સંહારનાં ભયાનકમાં ભયાનક શસ્ત્રોની શોધ, રાજ્યપલટો કરવાને બૉમ્બ અને વ્યક્તિઓનાં ખૂનો કરવાના પંથનો ભયંકર વિકાસ ને ફેલાવો, મૂડીદારો ને મજૂરો વચ્ચેના બિહામણા ઝઘડા, અને જે વિજ્ઞાન "ખોટી રીતે વિજ્ઞાન નામથી ઓળખાય છે" તેને નામે નિર્દોષ, મૂંગાં, જીવતાં પ્રાણીઓ પરની ફાવે તેવી શેતાની ક્રૂરતા, એ બધી તેની મોટામાં મોટી સિદ્ધિઓ છે.

અને છતાં થિયૉસૉફિકલ સોસાયટીને મળેલી લગભગ અસાધારણ કહી શકાય તેવી સફળતા, પાદરીઓના વર્ગ તરફથી માણસના બંધારણના મૂળમાં પવિત્રતા રહેલી છે એ સિદ્ધાંતનો આસ્તે આસ્તે થતો જતો સ્વીકાર, તેથીયે વિશેષ धि परफेक्ट वे (પૂર્ણ માર્ગ)માં જેની નિર્ણાયક સાબિતી પૂરી પાડવામાં આવી છે તે પુનર્જન્મના સિદ્ધાંતનો પ્રોફેસર મૅક્સમૂલરે કરેલો અંગીકાર, ઈંગ્લંડમાં તેમ જ બીજાં સ્થળોએ વિચારવાન લોકોના માનસમાં તે ઊતરતો જાય છે એવું તેમનું વિધાન, અને धि अननोन लाईफ ऑफ जिसस क्राईस्ट (ઈસુ ખ્રિસ્તનું ન જણાયેલું જીવન) પુસ્તકનું પ્રકાશન, એ બધાં ભૌતિકવાદની સામે પ્રત્યાઘાત શરૂ થઈ ચૂક્યાનાં લક્ષણો દેખાવા માંડ્યાં છે. એ બધાં પુસ્તકો દક્ષિણ આફ્રિકામાં મેળવી શકાતાં નથી. તેથી તેમને વિષેની મારી જાણકારી મેં તેમનાં અવલોકનો પરથી મેળવી હોઈ તેમના પૂરતી મર્યાદિત છે. એકલા ઈસુના નહીં, જેમને સુધરેલી દુનિયા હવે સામાન્યપણે જૂઠા પેગંબરો તરીકે પહેલાંના જેટલા અવગણી કાઢતી નથી પણ જેમના ઉપદેશો ઈસુના ઉપદેશોની સાથે એકબીજાના પૂરક મનાવા લાગ્યા છે તે બુદ્ધ, જરથુષ્ટ્ર અને મહંમદના નિર્ભેળ રહસ્યમય ઉપદેશો તરફ સુધ્ધાં આપણને આવા ક્રૂર રીતે સ્વાર્થી બનાવી મૂકનારી ભૌતિકવાદી વૃત્તિઓમાંથી નીકળીને પાછા વળવાનું આપણે શરૂ કર્યાની આ અને એવી બીજી ઘણી હકીકતો અચૂક નિશાનીઓ છે એમ હું સૂચવું છું.

શાકાહાર પરનાં પુસ્તકો ભૂલથી હિંદુસ્તાન રવાના થયાં છે એટલે તેમને અહીં ડરબન આવતાં થોડો વખત જશે તેથી તેમની જાહેરખબર હજી હું આપી શકું એમ નથી માટે દિલગીર છું. શાકાહારની ચોક્કસ અસર કરવાની શક્તિને લગતી એક મહત્ત્વની હકીકત જોકે જણાવી લઉં. પીધેલપણાથી વધારે જોરાવર બૂરાઈનું બીજું સાધન નથી અને હું જણાવવાની રજા ચાહું છું કે જે લોકો દારૂ પીવાની બેકાબૂ તરસના ભોગ બન્યા છે, પણ જેમને તે શાપમાંથી ખરેખર છૂટવું છે તેમણે તે તરસમાંથી તદ્દન મુક્ત થવાને ઓછામાં ઓછું એક મહિના સુધી મુખ્યત્વે બ્રાઉન બ્રેડ (સફેદ આટાની નહીં પણ ઘઉંના થૂલાવાળા લોટની રોટી) અને નારંગી અને લીલી દ્રાક્ષના ખોરાક પર રહેવાનો અખતરો કરવાની જરૂર છે. મેં જાતે એક પછી એક અનેક અખતરાઓ કર્યા છે અને તેમને આધારે હું કહી શકું છું કે કોઈ પણ પ્રકારના મસાલાઓ વગરના અને તાજાં રસાળ ફળોનો જેમાં સારી પેઠે ઉપયોગ હોય એવા શાકાહાર પર દિવસો સુધી ચા, કાફી અથવા કોકો અને પાણી વગર સુધ્ધાં હું કશીયે તકલીફ વગર રહ્યો છું. આ કારણે વિલાયતમાં સેંકડો લોકો શાકાહારી બન્યા છે અને એક વખતના અઠંગ પીધેલા હવે એવી હદે પહોંચ્યા છે કે ગ્રૉગ (પાણી સાથે રમ) અથવા વિસ્કીની વાસની પણ તેમને સૂગ આવે છે. फूड फॉर मॅन (માણસ માટે ખોરાક) નામના પોતાના પુસ્તકમાં ડૉ. બી. ડબલ્યુ. રિચાર્ડસન પીધેલપણાની

Gandhi Heritage Portal

બીમારીના ઈલાજ તરીકે શુદ્ધ શાકાહારની ભલામણ કરે છે. જ્યાં ફળફળાદિ અને જાતજાતનાં શાકો ભરપૂર મળે છે તે નાતાલ જેવા પ્રમાણમાં ગરમ મુલકમાં માંસના બનેલા ખોરાકો કરતાં વિજ્ઞાનનાં, આરોગ્યનાં ને સ્વચ્છતાનાં, આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક કારણોસર શાકાહાર ઘણો ચડિયાતો છે તે વાત બાજુએ રહેવા દઈએ તોયે લોહીમાંસ વગરનો ખોરાક બધી રીતે ફાયદો કરનારો નીવડયા વગર રહે નહીં.

એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયનનાં પુસ્તકોનું વેચાણ પૈસા કમાવાનું સાધન બિલકુલ નથી એ જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. કેટલાક દાખલાઓમાં તો એ પુસ્તકો એમ ને એમ વહેંચવામાં આવ્યાં છે. બીજા કેટલાક દાખલાઓમાં તેમને ખુશીથી વાંચવા માટે ઉછીનાં આપવામાં આવશે. એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન વિષે અથવા લંડન વેજિટેરિયન સોસાયટી વિષે વધારે માહિતી મેળવવાની ઈચ્છાવાળા તમારા કોઈ પણ વાચક સાથે પત્રવહેવાર કરવામાં અને આ (કંઈ નહીં તો મારે માટે) મહત્ત્વના સવાલો પર શાંતિથી વાતચીત કરવામાં મને ઘણો આનંદ આવશે.

એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયનના ઉપદેશની બાબતમાં રેવરન્ડ જૉન પુલ્સફર્ડ, ડી. ડી.એ કહ્યું છે તે અહીં ઉતારી મારો પત્ર પૂરો કરું:

> આ ઉપદેશો દિવ્ય તારકોના પટની અંદરથી પહોંચાડવામાં આવ્યા છે તે બાબતમાં શંકા ઉઠાવવાનું આધ્યાત્મિક બુદ્ધિવાળા વાચકને સારુ અશકય છે. તે બધામાં પવિત્ર આકાશ અને ઈશ્વરનું એકત્રિત અને સઘન ડહાપણ ભરેલું છે. ખ્રિસ્તીઓને પોતાનો ધર્મ સમજાયો હશે તો આ અમૂલ્ય અધિકૃત નોંધોમાં તેમને પ્રભુ ઈસુ અને તેમના જીવનની પ્રક્રિયાનો પૂરેપૂરો નમૂનો અને તેની સાબિતી મળી રહેશે. આવા સંદેશાઓ મળી શકે છે અને દુનિયાને પહોંચાડી શકાય છે એ બીના આપણા જમાનાનું એક એંધાણ છે, ખૂબ ઉજ્જવળ ભાવિની આશા આપનારું પાકું એંધાણ છે.

હું છું, વગેરે
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

*ધિ નાતાલ એડ્વર્ટાઇઝર*, ૧–૨–૧૮૯૫

Gandhi Heritage Portal

## ૪૫. દાદાભાઈ નવરોજીને પત્ર

૩૨૮, સ્મિથ સ્ટ્રીટ
ડરબન, નાતાલ
જાન્યુઆરી ૨૫, ૧૮૯૫

દાદાભાઈ નવરોજી, એસ્ક્વાયર, એમ.પી.
લંડન

સાહેબ,

સરકાર જોકે ચૂપ છે છતાં અખબારો પ્રજાને જણાવે છે કે નામદાર શહેનશાહબાનુએ મતાધિકારના કાયદાના ખરડાને મંજૂરી આપી નથી. આ મુદ્દા પર તમે અમને કંઈ માહિતી આપી શકો ખરા?

હિંદથી આવીને રહેલાઓ તમારો અને કૉંગ્રેસ સમિતિનો તેમને માટે ઉઠાવેલી તસ્દીને સારુ જેટલો આભાર માને તેટલો ઓછો છે.

હું છું, સાહેબ,
તમારો વફાદાર સેવક
**મો. ક. ગાંધી**

સાથેનું બિડાણ તમારે વાંચવાને સારુ મોકલવાની મેં હિંમત કરી છે.

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
ગાંધીજીના પોતાના હસ્તાક્ષરના લખાણની છબી પરથી.

## ૪૬. વેચાણ માટે પુસ્તકો

મરહૂમ ડૉ. ઍના કિંગ્સફર્ડ અને મિ. એડવર્ડ મેઈટલૅન્ડનાં રચેલાં નીચે બતાવવામાં આવેલાં પુસ્તકો જે દક્ષિણ આફ્રિકામાં પહેલી વાર આણવામાં આવ્યાં છે તે જાહેર કરવામાં આવેલી કિંમતે વેચવા માટે પ્રજા આગળ રાખવામાં આવે છે:

ધિ પરફેક્ટ વે (પૂર્ણ માર્ગ) ૭/૬
ક્લોધ્ડ વિથ ધિ સન (સૂર્ય વડે વિભૂષિત) ૭/૬
ધિ સ્ટોરી ઑફ ધિ ન્યૂ ગૉસ્પેલ ઑફ ઇન્ટરપ્રિટેશન (સમજૂતીની નવી સુવાર્તાની કથા) ૩/૬
બાઇબલ્સ ઓન એકાઉન્ટ ઑફ ઇટસેલ્ફ (બાઈબલનું પોતાનું બયાન) ૧/-
ધિ ન્યૂ ગૉસ્પેલ ઑફ ઇન્ટરપ્રિટેશન (સમજૂતીની નવી સુવાર્તા) ૧/-

"ખુદ ઈશ્વરનાં અથવા તેના વડા ફિરસ્તાનાં વચનો સાંભળતા હોઈએ તેવું આ છે. સાહિત્યમાં આના જોટાનું બીજું મેં જાણ્યું નથી (ધિ પરફેક્ટ વે — પૂર્ણ માર્ગ)." — **મરહૂમ સર** એફ.એચ. ડોઈલ.

Gandhi Heritage Portal

"थि परफेक्ट वे(પૂર્ણ માર્ગ)ને અમે જ્ઞાનના પ્રકાશ વડે સૌથી વધારે પ્રકાશિત અને ઓગણીસમા સૈકામાં પ્રસિદ્ધ થયેલું વધારેમાં વધારે ઉપયોગી પુસ્તક લેખીએ છીએ."

—ग्नोस्टिक (યુ. સ્ટે. ઑફ અ.)

મો. ક. ગાંધી

ધિ એસોટેરિક ક્રિશ્ચિયન યુનિયન અને
ધિ લંડન વેજિટેરિયન સોસાયટીના એજન્ટ

[મૂળ અંગ્રેજી]

थि नाताल एडवर्टाइझर, ૨–૨–૧૮૯૫

## ૪૭. મુસ્લિમ કાનૂન

[૧૮૯૫ની સાલના માર્ચ માસની ૨૨મી તારીખના थि नाताल विटनेसના અંકમાં નીચે મુજબનો હેવાલ પ્રસિદ્ધ થયો:

હસન દાઉજી વસિયતનામું કર્યા વગર જે મિલકત મૂકી ગયા તેને વિષેનો માસ્ટર- (અદાલતના અમલદાર)નો રિપોર્ટ મંજૂર રાખવાને મિ. તથમે ગઈ કાલે વડી અદાલતને અરજ ગુજારતાં કહ્યું કે બૅરિસ્ટર મિ. ગાંધીએ તૈયાર કરેલી વહેંચણીની યોજના રિપોર્ટમાં આમેજ કરવામાં આવી હોઈ તે મુસ્લિમ કાનૂન મુજબ ઘડવામાં આવી છે.

સર વૉલ્ટર રૅગ[1]: આને વિષે એક જ વાત કહેવાની કે મિ. ગાંધી મુસ્લિમ કાનૂન વિષે કશું જાણતા નથી. એક ફ્રેંચમૅન મુસ્લિમ કાનૂન વિષે જેટલો અજાણ હોય તેટલા જ તે પણ છે. તેમણે જે કંઈ જણાવ્યું છે તે માટે તમારી માફક તેમને પણ કોઈક ચોપડીનો આધાર લેવો પડે; તેમનું પોતાનું એવું આ બાબતમાં તેમને કશું જ્ઞાન ન હોય.

મિ. તથમે જણાવ્યું કે વહેંચણીની યોજના મોલવીઓ પાસેથી અને મિ. ગાંધી પાસેથી મેળવવામાં આવી છે. બીજે ક્યાંથી તે મેળવી શકાય? નિષ્ણાતો પાસેથી જેટલો પુરાવો મળી શકે તે બધો અમે ઉપયોગમાં લીધો છે.

સર વૉલ્ટર રૅગ: મિ. ગાંધી જે હિસ્સો મરનારના ભાઈને મળવો જોઈએ એમ કહે છે તે મુસ્લિમ કાનૂન મુજબ ગરીબોને જવો જોઈએ. મિ. ગાંધી હિંદુ હોઈ અલબત્ત, પોતાના ધર્મ વિષે જાણે છે; પણ મુસ્લિમ કાનૂનની બાબતમાં તે કશું જાણતા નથી.

મિ. તથમ: મિ. ગાંધીનો અભિપ્રાય સ્વીકારવો કે મોલવીઓનો સ્વીકારવો એ આપણી સામેનો સવાલ છે.

સર વૉલ્ટર રૅગ: તમારે મોલવીઓનો અભિપ્રાય સ્વીકારવો. ભાઈ (મરનારનો) બતાવી શકે કે પોતે ગરીબોનો પ્રતિનિધિ છે તો તેનો મિ. ગાંધીએ જણાવ્યું છે તે મુજબનો ચ્છઠ્ઠા હિસ્સાનો હક થાય.

ઉપરના હેવાલનું વિવેચન કરતાં ગાંધીજીએ નીચે પ્રમાણે લખ્યું:]

૧. વડી અદાલતના ન્યાયાધીશ.

Gandhi Heritage Portal

ડરબન
માર્ચ ૨૩, ૧૮૯૫

શ્રી તંત્રી
ધિ નાતાલ વિટનેસ

સાહેબ,

તમારા અખબારના ચાલુ માસની ૨૨મી તારીખના અંકમાં મુસ્લિમ કાનૂનના એક મુદ્દાની બાતબમાં સર વૉલ્ટર રૅગ અને મિ. તથમ વચ્ચે ચાલેલા સંવાદનો જે હેવાલ પ્રગટ થયો છે તેને વિષે ન્યાયના હિતમાં થોડું કહેવાની તમે મને પરવાનગી આપશો એવો મને વિશ્વાસ છે.

મારે મારા બચાવમાં ઊતરવું છે એટલા માટે નહીં પણ સર વૉલ્ટર રૅગ માટે પૂરેપૂરું માન હોવા છતાં હું માનું છું કે વડી અદાલતનો ચુકાદો મુસ્લિમ કાનૂન વિષેની ભૂલભરેલી દૃષ્ટિના આધાર પર રચાયેલો હોઈ હિંદી સંસ્થાનવાસીઓના મોટા ભાગને ઊંડી અસર કરે છે તેટલા કારણસર મેં તમારા વિવેક પર દબાણ કરવાની હિંમત કરી છે.

હું મુસલમાન હોત તો જેની એકમાત્ર લાયકાત પોતે મુસલમાન જન્મ્યો હોવાની છે તેવા મુસલમાન પાસે ન્યાય કરાવતાં મને ઘણો ખેદ થાત. મુસલમાનોને મુસ્લિમ કાનૂનનું સ્વયં-સ્ફુરણાથી જ્ઞાન હોય છે અને કોઈ બિનમુસ્લિમે મુસ્લિમ કાનૂનના કોઈ પણ મુદ્દા પર અભિપ્રાય આપવાનું સાહસ કદી ન વહોરવું એ એક નવું દર્શન છે!

(તમારો હેવાલ સાચો હોય તો) મરનારનો ભાઈ "પોતે ગરીબોનો પ્રતિનિધિ છે એમ દર્શાવી આપે" તે પછી જ પોતાના ½મા હિસ્સાનો હકદાર થાય એવો ચુકાદો મને ડર છે કે મુસ્લિમ કાનૂનનો હિંદમાં વહીવટ કરવામાં આવે છે અને કુરાનમાં તે પ્રગટ થયો છે તે મુજબના તે કાનૂનના મૂળ પ્રયોજનને ઊંધું વાળનારો છે. મૅકનેટનના મહોમેડન લૉ (મુસ્લિમ કાનૂન) પુસ્તક (જેને વિષે સાથે સાથે મારે જણાવવું જોઈએ કે તેનું સંપાદન એક બિનમુસ્લિમ હિંદીએ કરેલું હોઈ હિંદથી પાછા ફર્યા બાદ મેસર્સ બિન્સ અને મૅસને પ્રસિદ્ધ કરેલા પોતાના હેવાલમાં તેને એ કાયદા પરના ઉત્તમમાં ઉત્તમ ગ્રંથ પૈકીના એક તરીકે ગણાવેલું છે)નાં વારસાહક પરનાં પ્રકરણો હું કાળજીથી જોઈ ગયો છું અને તેની સાથે એ વિષયને લગતો કુરાનનો ભાગ પણ મેં જોયો છે. પણ તેમાંથી એકેમાં મરનાર મુસ્લિમની વારસામાં જતી મિલકતના કોઈ પણ ભાગ પર ગરીબોનો હક હોય છે એવી મતલબનો એક શબ્દ સરખો મારા જોવામાં આવ્યો નથી. કુરાન તેમ જ ઉપર બતાવેલું પુસ્તક તે કાનૂન પર પ્રમાણ હોય તો પ્રસ્તુત દાખલામાં ગરીબોને જેના પર હક હોય એવો એક પણ હિસ્સો નથી એટલું જ નહીં, જેને અંગે વસિયત-નામું ન થયું હોય એવી વારસામાં જતી મિલકતના કોઈ પણ હિસ્સા પર ગરીબોને કોઈ પણ સંજોગોમાં કશો હક હોતો નથી. એ કાયદા મુજબ ભાઈ (ખરું કહેતાં સાવકો ભાઈ) કંઈ પણ મેળવે છે ત્યારે ખુદના હક્કથી લે છે અને ભાઈ હોવાને કારણે લે છે એવું હું દર્શાવી આપી શકીશ એવી મને આશા છે.

સંભવ છે કે નામદાર ન્યાયાધીશ વારસાહકની વાત કરતા હતા ત્યારે ખરેખર પણ અજાણ-તામાં જે હરેક મુસલમાનની ફરજ છે તે દાન આપવાની એટલે કે ખેરાતની વાતના ખ્યાલમાં હતા. ખેરાત એ લોકોના ધર્મનો એક સિદ્ધાંત છે. પણ મુસલમાન પોતાની હયાતીમાં ખેરાત કરવાના જે સિદ્ધાંતને અનુસરે છે તે વારસાની વહેંચણીના દાખલામાં લાગુ પડતો નથી. પોતાની



Gandhi Heritage Portal

હયાતી દરમિયાન દાન કરે છે તેથી મુસલમાન સ્વર્ગની અથવા તેમાં સારી મોભાદાર જગ્યાની કમાણી કરે છે. પણ તેના મરણ બાદ તેની મિલકતમાંથી રાજ્ય દાન આપે તેનું કશું પુણ્ય ખચીત તેને મળતું નથી કેમ કે તે તેનું પોતાનું કર્મ નથી. મુસલમાનના મરણ પછી તેનાં સગાંવહાલાંનો તેની મિલકત પર પહેલો જ નહીં, આગવો હક થાય છે.

કુરાન કહે છે:

> મરણ પછી પોતાનાં માબાપ અને સગાં જે કંઈ મૂકી જાય તેનો ભાગ હરેકે હરેક સંબંધીને વારસામાં મળે એવું અમે ઠરાવી આપ્યું છે.

કાનૂન કહે છે:

> મરનારની મિલકતની એક પછી એક એવી ચાર ફરજ ઊભી થાય છે; પહેલી, વધારેપડતા નાહકના ખર્ચ વગરની પણ ખામી વગરની તેની મરણોત્તર ક્રિયા અને દફનની વિધિ; તે બાદ તેની બાકી રહેતી તમામ મિલકતમાંથી તેનાં વાજબી દેવાંની ચુકવણી; તે પછી, તેનાં કરજની ચુકવણી થતાં બાકી રહે તેના ત્રીજા ભાગમાંથી તેના વસિયતનામાની રૂએ તેના વારસોને મળતા હિસ્સાની ચુકવણી; અને છેવટે બાકી રહે તેમાંથી તેની પાછળ રહેતા વારસદારોને કરવામાં આવતી વહેંચણી.

પાછળ રહેતા વારસદારો આ રીતે ગણાવવામાં આવ્યા છે:

> ૧. કાયદેસરના ભાગીદાર; ૨. શેષ રહી જતી મિલકત મેળવનાર; ૩. દૂરનાં સંબંધી; ૪. કરારથી થનારા વારસદાર; ૫. સ્વીકારેલાં સંબંધી; ૬. સાર્વજનિક વારસદાર; ૭. રાજ્ય.

"જેમને માટે પાક કુરાનની આયતોમાં, પરંપરાથી અથવા સામાન્ય સંમતિથી ચોક્કસ હિસ્સા મુકરર કરવામાં આવ્યા હોય અગર જેમને માટે આદેશ આપવામાં આવ્યો હોય તે બધી વ્યક્તિઓ" એવી "કાયદેસરના ભાગીદાર"ની વ્યાખ્યા બાંધવામાં આવી હોઈ ૧૨ વર્ગના ભાગીદારોને ગણાવતું જે કોષ્ટક છે તે મુજબ સાવકા ભાઈઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. "જે બધી વ્યક્તિઓને માટે કોઈ પણ હિસ્સો મુકરર કરવામાં આવ્યો નથી અને ભાગીદારોના હક સંતોષાયા બાદ જે વધે તે અને ભાગીદારો ન હોય તો બધી મિલકત લેનારા બધા" તે "શેષ રહી જતી મિલકત લેનારા" વારસદારો છે. અહીં ધ્યાનમાં લેવાનું છે કે કેટલાક કાયદેસરના ભાગીદારોને કેટલાક સંજોગોમાં તેવા ભાગીદારમાં સમાવવામાં આવતા ન હોઈ તે પછી શેષ રહી જતી મિલકત લેનારમાં ગણાય છે. "દૂરનાં સંબંધી" એટલે "જે કાયદેસરનાં ભાગીદાર નથી તેમ જ શેષ રહી જતી મિલકત લઈ શકતાં નથી તે બધાં સગાં." "ભાગીદારોનો દાવો પૂરો થયા પછી મરનાર પોતાની પાછળ મૂકી જાય તે બાકી રહેતી મિલકત શેષ રહી જતી મિલકત લેનારા કહીને ઓળખાવવામાં આવેલા તેમની પછી ગણાવવામાં આવેલા વર્ગના વારસદારોમાં વહેંચાય છે. શેષ રહી જતી મિલકત મેળવનારા વારસદારો ન હોય તો બાકી રહી જતી મિલકત પાછી વળીને ભાગીદારોને મળે છે અને તેમના હિસ્સાના પ્રમાણમાં તેમને વહેંચાય છે."

આ ઉપરાંત બીજા વારસદારોની વ્યાખ્યા આપી હું તમારી મોંઘી જગ્યા રોકવા માગતો નથી. એટલું જણાવવું પૂરતું છે કે તેમાં ગરીબોનો સમાવેશ હરગિજ ન થતો હોઈ તે બધાનો

Gandhi Heritage Portal

પણ પહેલા ત્રણ વર્ગના વારસદારો બધા પૂરા થઈ જાય તે પછી મરનારની મિલકતમાંથી "લેવા"નો હક ઊભો થાય છે.

ખુદના હકથી મરનારની મિલકત મેળવનારા શેષ રહી જતી મિલકત મેળવનારા વારસદારોમાં બીજાઓની સાથે "મરનારના બાપનાં 'સંતાન' એટલે કે ભાઈઓ, સાવકા ભાઈઓ, અને ગમે તેટલા નીચા હોય તોપણ તેમના દીકરાઓનો સમાવેશ થાય છે." પહેલા વિભાગનો બારમો નિયમ કહે છે: "બહેન કરતાં ભાઈને બેવડો હિસ્સો મળે એવો સામાન્ય નિયમ છે. એમાં અપવાદ માત્ર એક જ માથી પણ જુદા બાપથી થયેલાં ભાઈઓ અને બહેનો પૂરતો છે." અને બીજા વિભાગનો પચીસમો નિયમ કહે છે: "જ્યાં ભાઈઓ ન હોય અને એકલી દીકરીઓ અગર દીકરાની દીકરીઓ હોય ત્યાં દીકરીઓ અને દીકરાની દીકરીઓને પોતપોતાનો હિસ્સો મળી ગયા બાદ જે બાકી રહે તે બહેનોને મળે અને દીકરી અગર દીકરાની દીકરી એક જ હોય તો એવો શેષ રહી જતી મિલકતનો હિસ્સો અડધો હોય અને બે કે તેથી વધારે હોય તો ત્રીજા ભાગનો હોય.". પ્રસ્તુત દાખલામાં ભાઈને મળતો હિસ્સો ઠરાવવામાં આ બે નિયમો સાથે જોવાથી આપણને સારા પ્રમાણમાં દોરવણી મળી રહે છે.

જેમાંથી મેં ઉતારા આપ્યા છે તેમાં આપવામાં આવેલાં નમૂનાનાં ઉદાહરણોમાં ઉકેલ સાથે મને નીચે મુજબનું જોવા મળ્યું છે: "उदाहरण ૭. પતિ, દીકરી, ભાઈ અને ત્રણ બહેનો." આખું ઉદાહરણ અહીં ઉતારવાની જરૂર નથી. ભાઈને खुदना हकथी શેષ રહી જતી મિલકત મેળવનાર વારસદાર તરીકે $\frac{2}{20}$મો હિસ્સો મળે છે.

ઉપર જણાવ્યું છે તે પરથી સાફ દેખાય છે કે ભાઈઓ અને તેમની બિનહયાતીમાં સાવકા ભાઈઓ ખુદના હકથી ભાગીદાર અથવા શેષ રહેનારી મિલકત મેળવનારા બને છે અને તેથી પ્રસ્તુત દાખલામાં સર વૉલ્ટરના અભિપ્રાય માટે પૂરેપૂરું માન હોવા છતાં ભાઈને વારસો "મળે" અને જો તેને મળે તો ते गरीबोना प्रतिनिधि तरीके नहीं पण तेना खुदना हकथी મળે છે. અને જો તેને ન "મળતો" હોય તો (કાયદાને સ્વીકારવાનો હોય તો આવા દાખલામાં એમ બને નહીં) બાકી રહેતી મિલકત પાછી વળીને ભાગીદારોને હિસ્સે જાય છે.

પણ છાપામાંનો હેવાલ જણાવે છે કે મોલવી અને હું એકમત નથી. હવે એમાંથી "હું" કાઢી નાખી તેને બદલે "કાનૂન" મૂકો (કેમ કે મેં માત્ર કાનૂન શું કહે છે તે જ જણાવ્યું છે) તો હું કહેવાની હિંમત કરું છું કે મોલવી અને કાનૂન વચ્ચે મતભેદ હોય નહીં અને હોય તો મોલવીના મતને ઊંચો મૂકવો પડે. આ દાખલામાં જોકે મારી અને મોલવીની વચ્ચે મતભેદ નથી કેમ કે મિ. તથમે મને મોકલેલા રિપોર્ટમાંની વહેંચણીને મોલવીની મંજૂરી છે એમ તેમના રિપોર્ટ સાથેના માહિતીના પત્ર પરથી લાગે છે. સાવકા ભાઈને ગરીબોના પ્રતિનિધિ તરીકે હિસ્સો મળે છે એવી મતલબનો એક શબ્દ સરખો મોલવીએ કહ્યો નથી.

છેવટમાં, છાપાનો હેવાલ જોયા પછી સર વૉલ્ટરના મત મુજબ જેમને કાનૂનનું જ્ઞાન અવશ્ય હોવું જ જોઈએ એવા થોડા મુસ્લિમ ગૃહસ્થોને હું ખાસ મળ્યો અને તેમને મેં અદાલતના ચુકાદાની વાત કરી ત્યારે તેમને નવાઈ લાગી. મૂળ વાત તેમને એટલી સાદી અને સીધી લાગી કે વિચાર કરવાનો નામનોયે વખત લીધા વગર તેમણે કહ્યું કે "વસિયતનામા વગરની વારસામાં જતી મિલકતમાંથી ગરીબોને કંઈ મળતું નથી. સાવકા ભાઈને તેની ભાઈ તરીકેની હેસિયતથી તેનો હિસ્સો મળવો જોઈએ."

Gandhi Heritage Portal

એટલે હું સૂચવું છું કે ચુકાદો મુસ્લિમ કાનૂન, મોલવીઓના તેમ જ બીજા મુસ્લિમ ગૃહસ્થોના અભિપ્રાયના વિરોધમાં છે. પોતે "ગરીબોના પ્રતિનિધિ છે," એવું મરનાર મુસલમાનનાં સગાં બતાવી ન શકે ત્યાં લગી હકથી તેમને મળતા હિસ્સા અદાલતની તિજોરીમાં તાળામાં રાખવામાં આવે તો દેખીતી રીતે એક હાલાકી પેદા થાય છે અને મુસ્લિમ કાનૂને એવી સ્થિતિ કલ્પી નથી અગર મુસ્લિમ પરંપરાએ ને રિવાજે તેને માન્ય રાખી નથી.

હું છું, વગેરે
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
ધિ નાતાલ વિટનેસ, ૨૮–૩–૧૮૯૫

## ૪૮. પ્રિટોરિયાના એજન્ટને અરજી

પ્રિટોરિયા,
એપ્રિલ ૧૬, ૧૮૯૫

સન્માનનીય

સર જેકોબસ ડિ વેટ, કે. સી. એમ. જી.,

નેક નામદાર શહેનશાહબાનુના પ્રતિનિધિ, પ્રિટોરિયા

**પ્રજાસત્તાકમાંના બ્રિટિશ હિંદી વેપારીઓની વતી સમિતિ તરીકે કાર્ય કરતા પ્રિટોરિયાના તૈયબખાન ને અબદુલ ગની અને જોહાનિસબર્ગના હાજી હબીબ હાજી દાદાની અરજી**

હિંદીઓના સવાલની બાબતમાં નામદાર શહેનશાહબાનુની અને દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યની સરકારો વચ્ચે ઑરેન્જ ફ્રી સ્ટેટમાં આવેલા બ્લૂમફૉન્ટીન મુકામે લવાદીનું કામ ચાલતાં તાજેતરમાં પંચ તરફથી આપવામાં આવેલા લવાદી ચુકાદાથી નામદાર શહેનશાહબાનુની સરકારને સંતોષ થશે કે કેમ તેની ચોકસાઈથી ખાતરી કરવાને નામદાર હાઈ કમિશનર સાથે પત્રવહેવાર ચલાવવાને અમે આપ નામદારને અદબ સાથે વિનંતી કરીએ છીએ. આપ નામદાર જાણો છો કે ૧૮૮૬ની સાલના ફૉક્સરાડ (પાર્લમેન્ટ)ના સુધારા મુજબના ૧૮૮૫ની સાલના કાનૂન ૩જાનો અમલ સરકારે કરવો જોઈએ અને તે કાનૂનના અર્થની બાબતમાં તકરાર કે મતભેદ થાય તો તેને અંગે પ્રજાસત્તાક રાજ્યની વડી અદાલતે નિર્ણય આપવો એવો પંચે ચુકાદો આપ્યો છે.

ઉપર જણાવેલા પંચની આગળ ચાલેલા લવાદીના કામકાજ દરમિયાન આ પ્રજાસત્તાક રાજ્યની સરકારે રજૂ કરેલા કાયદાના વિવેચનના પુસ્તક (ગ્રીન બુક) પૈકીના નં. ૨૧૮૯૪ના પા. ૩૧ અને ૩૫ પર એવી મતલબનાં વિધાન કરવામાં આવ્યાં છે કે વડી અદાલત સમક્ષ ઈસ્માઈલ સુલેમાન ઍન્ડ કંપનીએ રજૂ કરેલી અરજીનો ફેંસલો આપતાં નામદાર વડા ન્યાયાધીશે ઠરાવ્યું છે કે હિંદીઓ જ્યાં વસવાટ કરતા હોય અથવા વેપાર ચલાવતા હોય તે સ્થળો વચ્ચે ભેદ ન કરવો. આ હકીકતો નજરમાં રાખતાં વડી અદાલતના ફેંસલા અગર અધિકાર સામે કોઈ પણ જાતની તકરાર ઉઠાવ્યા વગર અમે આદરપૂર્વક સૂચવીએ છીએ કે વડા

Gandhi Heritage Portal

ન્યાયાધીશના ફેંસલાને લગતાં ઉપર જણાવેલાં વિધાન સાચાં હોય તો ઉપર જણાવેલા કાયદા મુજબ વડી અદાલત આગળ રજૂ કરવામાં આવનારા કોઈ પણ કામના ફેંસલામાં નિર્ણય આ પ્રજાસત્તાક રાજ્યમાં રહેનારા નેક નામદાર શહેનશાહબાનુના હિંદી પ્રજાજનોની વિરુદ્ધમાં અગાઉથી થઈ ચૂક્યો હશે. એટલે પંચે પોતાની આગળ રજૂ કરવામાં આવેલા રજૂઆતના દસ્તાવેજમાં બતાવવામાં આવેલા મુદ્દાઓ મુજબ સવાલનો નિર્ણય આપ્યો નથી પણ તેને પ્રજાસત્તાક રાજ્યની વડી અદાલત પર લગભગ છોડી દીધેલો હોઈ અમે સાદર સૂચવવા ચાહીએ છીએ કે પંચે પોતાની આગળ મૂકવામાં આવેલા મુદ્દાઓને અનુસરીને નિર્ણય આપ્યો નથી. તેથી નેક નામદાર શહેનશાહબાનુની સરકારની સાથે લખાણ કરી તેમને પંચના લવાદી ચુકાદાથી સંતોષ થયો છે કે કેમ અને તેમાં તેમની સંમતિ છે કે કેમ તેની ચોકસાઈ કરવાને અમે આપ નામદારને સાદર વિનંતી કરીએ છીએ.

(સહી) **તૈયબ હાજી ખાન મહમદ**
**અબદુલ ગની**
**હાજી હબીબ હાજી દાદા**

[મૂળ અંગ્રેજી]

દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યના નેક નામદાર શહેનશાહબાનુના હાઈ કમિશનર તરફથી સંસ્થાનો માટેના મુખ્ય સેક્રેટરી ઑફ સ્ટેટને મોકલવામાં આવેલા ૧૮૯૫ની સાલના એપ્રિલ માસની ૨૯મી તારીખના નં. ૨૦૪ના ખરીતા સાથેનું બિડાણ.

સંસ્થાનોની કચેરીનું દફતર નં. ૪૧૭, ભાગ ૧૪૮

## ૪૯. નાતાલ ધારાસભાને અરજી[1]

[ડરબન,
મે ૫, ૧૮૯૫ની પહેલાં]

નાતાલ સંસ્થાનની ધારાસભાના નામદાર પ્રમુખ અને સભ્યો જોગ

**નાતાલ સંસ્થાનમાં રહેતા નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રતાથી દર્શાવે છે કે,

તમારી સમક્ષ વિચારણાને માટે હમણાં મુકાયેલા **ધિ इन्डियन इमिग्रेशन लॉ एमेन्डमेन्ट बिल** (હિંદીઓના રાજ્યમાં પ્રવેશને લગતા કાયદાના સુધારાના ખરડા)ની બાબતમાં તમારા અરજદારો આ સંસ્થાનમાં વસતા હિંદીઓના પ્રતિનિધિની હેસિયતથી તમારી નામદાર ધારાસભાને આથી સાદર અરજ ગુજારે છે.

તમારા અરજદારો સાદર સૂચવે છે કે ખરડાના જેટલા ભાગમાં મુદતના કરાર ફરી કરવાની અને તેવો કરાર ન કરવામાં આવે તો કર નાખવાની જોગવાઈ રાખવામાં આવી છે તેટલો ભાગ ખુલ્લી રીતે અન્યાયી, કારણ વગર કરવામાં આવતો નાહકનો અને બ્રિટનનું બંધારણ જે પાયાના સિદ્ધાન્તો પર આધાર રાખે છે તેમના સીધા વિરોધમાં છે.

૧. આ અરજી ધિ **नाताल एडवर्टाइज़र**માં ૧૮૯૫ની સાલના મે માસની ૫મી તારીખે પ્રસિદ્ધ થઈ હતી.

Gandhi Heritage Portal

તમારા અરજદારો સૂચવવા ચાહે છે કે એ ખરડો ખુલ્લી રીતે અન્યાયી છે એવું સાબિત કરવાને ઝાઝા શબ્દોની જરૂર નથી. મજૂર તરીકે બંધાઈને રહેવાના કરારની અત્યાર સુધીની વધારેમાં વધારે મુદત પાંચ વરસની છે તેને અચોક્કસ ગાળા સુધી વધારી દેવાની વાત મૂળમાં અન્યાયી છે કેમ કે તેથી મુદતી કરારથી બંધાઈને આવેલા હિંદી મજૂરોના માલિકોને તેમના પર વધારે જુલમ ગુજારવાની અથવા તેમના તરફ વધારે કઠોર થવાની લાલચ ઊભી થાય છે. સંસ્થાનમાંના માલિકો ગમે તેટલા દયાળુ હશે તોપણ આખરે તે બધા માણસો રહેવાના. અને પોતાનાં કામોમાં સ્વાર્થની ગણતરીથી માણસ દોરવાય છે ત્યારે તેનો સ્વભાવ કેવો થઈ જાય છે તે દર્શાવવાની તમારા અરજદારોને ઝાઝી જરૂર લાગતી નથી. વળી, તમારા અરજદારા જણાવવાનું સાહસ કરે છે કે આ ખરડો તદ્દન એકપક્ષી વ્યવસ્થાની જોગવાઈ કરે છે કેમ કે તેમાં માણસોને મજૂરીએ રાખનારા માલિકની બધી જાતની ફિકર રાખવામાં આવી છે, પણ તેના બદલામાં કામે રહેનાર મજૂરને લગભગ કશું આપવામાં આવ્યું નથી.

તમારા અરજદારો સૂચવવા ચાહે છે કે એ ખરડો નાહક ઘડવામાં આવ્યો છે કેમ કે તેને ધારાસભા આગળ લાવવાને કશું કારણ નથી. નાણાંને લગતી આફતના ધડાકામાંથી સંસ્થાનને ઉગારી લેવાનું અથવા કોઈ ઉદ્યોગને આગળ વધારવામાં ઉપયોગી થવાનું તેનું પ્રયોજન નથી. ઊલટું, જે ઉદ્યોગોને સારુ હિંદી મજૂરોની ખાસ જરૂર રહેતી હતી તેમને હવે અસાધારણ સરકારી મદદની જરૂર રહી નથી એ વાતનો સ્વીકાર થયેલો હોવાથી ગઈ સાલે જ અંદાજપત્રમાં ૧૦,૦૦૦ પાઉન્ડની રકમની તે માટેની જોગવાઈ રદ કરવામાં આવી હતી. એટલે આવો ધારો કરવાને માટે સાચી જરૂર રહેતી નથી એ બિના ખુલ્લી થાય છે.

આ કાયદાનો ખરડો બ્રિટનના રાજબંધારણના પાયાના સિદ્ધાન્તોના સીધા વિરોધમાં છે તે દર્શાવવાને તમારા અરજદારો તમારી નામદાર ધારાસભાને પાછલા સૈકા દરમિયાન જેમાં બ્રિટને મુખ્ય ભાગ ભજવ્યો છે તે મહાન ઘટનાઓની આખીયે પરંપરાને નિહાળી જવાની નમ્રતાપૂર્વક વિનંતી કરે છે. ગુલામો રાખવાની ભૂંડામાં ભૂંડી પ્રથાથી માંડીને વેઠ કરાવવાની પ્રમાણમાં નરમ ગણાય તેવી જબરજસ્તીથી મજૂરી લેવાની બધી રીતોની બ્રિટિશ પરંપરાને હમેશાં સૂગ રહેતી આવી હોઈ તેને દરેક ઠેકાણે બની શકે તેટલા પ્રમાણમાં નાબૂદ કરવામાં આવી છે. મુદતી કરારથી મજૂરોને રોકવાની પ્રથા આ સંસ્થાનમાં છે તેવી આસામમાં પણ છે. હમણાં થોડા જ વખત પર તે દેશમાં ચાલતી આ પ્રકારની મજૂરીની પદ્ધતિની બાબતમાં નેક નામદાર શહેનશાહબાનુની સરકારે સ્વીકાર્યું છે કે મુદતી કરારથી બાંધીને રોકવામાં આવતા મજૂરોની પ્રથા એક અનિષ્ટ હોઈ કોઈ એકાદ મહત્ત્વના ઉદ્યોગને ટેકવવાને અગર તેને ખીલવવાને તદ્દન જરૂરી હોય ત્યાં લગી ભલે ચલાવી લેવાય પણ પહેલી અનુકૂળ સંધિ મળતાંવેંત નાબૂદ કરવી જોઈએ. તમારા અરજદારો સાદર સૂચવવા ચાહે છે કે હાલમાં વિચારણા માટે મૂકવામાં આવેલો કાયદાનો ખરડો ઉપર વર્ણવેલા સિદ્ધાન્તનો સરિયામ ભંગ કરે છે.

આમ મુદતી કરારની મુદત લંબાવવાની દરખાસ્ત (તમારી નામદાર ધારાસભાને સંતોષ થાય એ રીતે તમારા અરજદારોને આશા છે કે તેમણે બતાવી આપ્યું છે તેમ) અન્યાયી, પ્રયોજન વગરની નાહકની અને બ્રિટિશ રાજબંધારણના પાયાના સિદ્ધાન્તોના વિરોધમાં છે, તો કર નાખવાની દરખાસ્ત તેથીયે વધારે તેવી છે. લાંબા વખતથી એક સ્વયંસિદ્ધ સત્ય તરીકે સ્વીકારવામાં આવેલું છે કે કરવેરા નાખવાનું એકમાત્ર પ્રયોજન રાજ્યને માટે મહેસૂલ અથવા આવક મેળવવાનું છે. તમારા અરજદારો નમ્રપણે માને છે કે જેની દરખાસ્ત કરવામાં આવી છે તે

Gandhi Heritage Portal

કરનું આવું કોઈક પ્રયોજન છે એવી દલીલ કદી કરવામાં નહીં આવે. પોતાના કરારની મુદત પૂરી થાય એટલે તેનાથી બંધાઈને આવેલા હિંદીને સંસ્થાનમાંથી હાંકી કાઢવાનો આ કર નાખવાની દરખાસ્તનો સ્વીકારી લેવામાં આવેલો આશય છે. આમ પરિણામે માણસને તે આર્થિક પ્રવૃત્તિ કરવાની મનાઈ ફરમાવનારો નીવડશે અને મુક્ત વેપારવહેવારના રિવાજની સાથે ઘર્ષણમાં આવશે. વળી, તમારા અરજદારોને ડર છે કે તે કર મુદતી કરારથી બંધાઈને અહીં આવેલા હિંદીઓ પર નાહકનો અન્યાય ગુજારે છે કેમ કે જેના હિંદ સાથેના બધા સંબંધો કપાઈ ગયા છે અને જે અહીં સંસ્થાનમાં પોતાના પરિવાર સાથે આવીને રહેલો છે તેવા હિંદીને સારુ પોતાને વતન પાછા જવું અને ત્યાં રોજી મેળવવી એ તદ્દન અશકય જેવું છે. પોતાના જાત-અનુભવને આધારે તમારા અરજદારો જણાવવાની રજા ચાહે છે કે સામાન્યપણે હિંદમાં પોતાનું શરીર નભાવવાને જરૂરી કામ જેમને મળતું નથી તેવા જ લોકો મુદતી કરારથી બંધાઈને સંસ્થાનમાં મજૂરીએ આવે છે. હિંદી સમાજનું બંધારણ જ એવું ઘડાયેલું છે કે પહેલાં તો એક હિંદી પોતાનું ઘર છોડીને બહાર જતો નથી અને વખાના માર્યા તેને તેમ કરવાની ફરજ પડે છે તો તેને માટે હિંદ પાછા ફરવાની અને ત્યાં મોટી દોલત મેળવવાની વાત તો આઘી રહી, કેવળ રોજે રોજ પેટ ભરવાને જરૂરી રોજી મેળવવાની આશા રહેતી નથી.

સંસ્થાનની આબાદીને માટે હિંદી મજૂરો વગર ચલાવી શકાય એવું નથી એ હકીકતનો બધેથી સ્વીકાર થયેલો છે. એમ છે તો પછી તમારા અરજદારો સૂચવે છે કે સંસ્થાનની આબાદીને આગળ વધારવામાં આવી સંગીન રીતે મદદરૂપ થનારા મુદતી કરારથી બંધાઈને આવનારા હિંદીઓને વધારે સારી રીતે રાખવામાં આવે એવો તેમનો હક થાય છે.

આ કાયદાનો ખરડો પ્રજાના એક વર્ગને ખ્યાલમાં રાખીને થતા કાનૂનોના સ્વરૂપનો છે કેમ કે સંસ્થાનમાં હિંદીઓની વિરુદ્ધમાં જે પૂર્વગ્રહ વરતાય છે તેને વધારનારો હોઈ તેને ઉત્તેજન આપે છે અને એ રીતે એક વર્ગના બ્રિટિશ પ્રજાજન અને બીજા વર્ગના બ્રિટિશ પ્રજાજન વચ્ચેનું અંતર વધાર્યા વગર રહેશે નહીં એટલું જણાવવાની ભાગ્યે જરૂર હોય. તેથી તમારા અરજદારો નમ્રતાપૂર્વક અરજ ગુજારે છે કે તમારી નામદાર ધારાસભા કાયદાના ખરડાના જે ભાગમાં મુદતી કરાર નવેસરથી કરાવવાનું અને તેવા કરાર ન કરનારા પર કર નાખવાનું વિચાર્યું છે તે એવો નથી કે જેને અનુકૂળ થવાનું પોતે વિચારી શકે એવા નિર્ણય પર આવે અને તમારા એ ન્યાયના તેમ જ દયાના કામને સારુ તમારા અરજદારો હમેશ દુવા ગુજારશે વ. વ.

(સહી) **અબદુલ્લા હાજી આદમ**
**અને બીજા ઘણા**

[મૂળ અંગ્રેજી]
છાપેલી નકલની છબી પરથી.

Gandhi Heritage Portal

## ૫૦. કમરુદ્દીનને કાગળ

પી. ઓ. બૉક્સ ૬૬
ડરબન, નાતાલ,
૫–૫–૧૮૯૫

રા. રા. મહંમદ કાસમ કમરુદ્દીન,

આપના તરફથી ઈન્ડિયન સહીઓ મળી. ડચની સહીઓ લઈને તુરત પ્રિટોરિયે મોકલાવી હશે. એ કામ ઘણું જરૂરનું છે એટલે ઢીલ ન થવી જોઈએ. મેં પ્રિટોરિયે તાર પણ કર્યો છે કે ડચની અરજીની[1] નકલ ત્યાં મોકલે. તે બધું કામ બુધવાર સુધીમાં ખલાસ થઈ જવું જોઈએ. શું કર્યું છે તે ખબર વિગતવાર લખજો.

સૌ કોઈ હિંદુસ્તાનીએ આમાં મહેનત કરવાની પૂરી જરૂર છે. નહીં તો પાછળથી પસ્તાવો થશે.

મોહનદાસ ગાંધી

ગાંધીજીના પોતાના હસ્તાક્ષરમાં લખાયેલા ગુજરાતી કાગળની છબી પરથી.

## ૫૧. શાકાહારી મિશનરીઓની મંડળી

વિલાયતમાં હતો ત્યારે મિસિસ ઍના કિંગ્ઝફર્ડના *ધિ પરફેક્ટ વે ઇન ડાયેટ* (આહારનો પૂર્ણ માર્ગ) પુસ્તકમાં મારા વાંચવામાં આવેલું, કે દક્ષિણ આફ્રિકામાં ટ્રૅપિસ્ટોની એક વસાહત છે અને તે બધા શાકાહારી છે. ત્યારની એ શાકાહારીઓની મુલાકાત કરવાની મને ઇચ્છા થયેલી. આખરે એ ઇચ્છા પાર પડી છે.

શરૂઆતમાં જણાવી લઉં કે દક્ષિણ આફ્રિકા અને ખાસ કરીને નાતાલ શાકાહારીઓને માટે ખાસ માફક આવે તેવા પ્રદેશો છે. હિંદીઓએ નાતાલ સંસ્થાનને દક્ષિણ આફ્રિકાનો બગીચો બનાવ્યો છે, દક્ષિણ આફ્રિકામાં ગમે તે વનસ્પતિ અને તે પણ ભરપૂર પ્રમાણમાં ઉગાડી શકાય છે. ત્યાં કેળાં, અનનસ અને મોસંબીનો પુરવઠો ખૂટયો ખૂટે નહીં એટલો હોઈ ત્યાંના લોકોને જોઈએ તે કરતાં અનેકગણો વધારે છે. એટલે નાતાલમાં શાકાહારીઓ સારી પેઠે આબાદ થઈ શકે તેમાં કોઈ નવાઈ નથી. ખરેખર એક માત્ર નવાઈ એ છે કે આટલી બધી આવી સગવડો અને ગરમ આબોહવા છતાં ત્યાં શાકાહારી ઝાઝા જોવાના મળતા નથી. પરિણામે જમીનના મોટા મોટા વિસ્તારો હજી સંભાળ અને ખેડયા વગરના પડતર પડયા છે. ખોરાકના બધા મુખ્ય પદાર્થો દક્ષિણ આફ્રિકામાં ઉગાડવાનું પૂરેપૂરું શકય હોવા છતાં તેમની બહારથી આયાત કરવામાં આવે છે અને તેથી નાતાલ જેવા ઘણા બહોળા પ્રદેશમાં ૪૦,૦૦૦ ગોરાઓની નાનકડી વસ્તીને ઘણી હાલાકી વેઠવી પડે છે. આ બધાનું કારણ એટલું કે તેમને ખેતી અને તેને લગતા વ્યવસાયોમાં પડવું નથી.

૧. પછીનું ૧૫૦મું પાનું જોવું.

Gandhi Heritage Portal

આવી અકુદરતી જીવનની રીતનું બીજું વિચિત્ર છતાં દુ:ખદ પરિણામ એવું આવ્યું છે કે હિંદી વસ્તી જે પણ ૪૦,૦૦૦ની છે તેની સામે ઘણો ઊંડો પૂર્વગ્રહ કેળવાયો છે. હિંદીઓ શાકાહારી હોવાથી કોઈ પણ જાતની મુશ્કેલી વગર સહેજે ખેતીમાં મંડી પડે છે. કુદરતી રીતે તેથી આખાયે સંસ્થાનમાં નાનાં નાનાં ખેતરો હિંદીઓની માલકીનાં હોઈ તેમની તીવ્ર હરીફાઈને કારણે ગોરી વસ્તીને ભારે અપમાન લાગે છે. આમ કરીને ગોરાઓ ગંજીના કૂતરાની આત્મ-ઘાતક નીતિ લઈ બેઠા છે. દેશમાંનાં ઘણાં બહોળાં ખેતીને લગતાં સાધનોની ખિલવણી હિંદીઓ કરે તેના કરતાં તેમને જેવાં ને તેવાં પડતર રહેવા દેવાનું તેઓ બહેતર ગણે છે. આવી જડતા અને ટૂંકી દૃષ્ટિને લીધે આજના કરતાં બમણી તો શું, ત્રણગણી સંખ્યાના યુરોપિયનો તેમ જ હિંદી રહેવાસીઓને સહેજે નભાવી શકે એવું સંસ્થાન યુરોપિયનો ને હિંદીઓની ૮૦,૦૦૦ની સંખ્યાને જેમ તેમ નભાવે છે. ટ્રાન્સવાલની સરકાર પોતાના આવા પૂર્વગ્રહમાં એવી ઊંડી ઊતરી ગઈ છે કે આખાયે પ્રજાસત્તાક રાજ્યની જમીન ઘણી રસાળ હોવા છતાં રાજ્યનો પ્રદેશ ધૂળના રણ જેવો વેરાન રહે છે. અને સોનાની ખાણોનું કામકાજ કોઈક કારણસર અટકી પડે તો હજારો માણસો બેકાર થઈ પડયા વગર અને અક્ષરશ: ભૂખે મરી ગયા વગર રહે નહીં. અહીં એક મોટો ધડો લેવા જેવો નથી કે? માંસાહારના રિવાજોએ ખરેખર અહીંના સમાજની પ્રગતિને પાછી પાડવાનું વલણ દાખવ્યું હોઈ જે બે મહાન કોમો વચ્ચે એકતા હોવી જોઈએ અને જે બન્નેએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ તેમની વચ્ચે ભેદ ઊભો કર્યો છે. વળી, આ પણ એક ધ્યાનમાં લેવા જેવી હકીકત છે કે સંસ્થાનમાં હિંદીઓ યુરોપિયનો જેવું સારું આરોગ્ય ભોગવે છે અને મને ખાતરી છે કે યુરોપિયનો અને તેમનાં માંસ રાંધવાનાં વાસણો સાથેની તેમની વૈભવી માંસાહારની આદતો ન હોય તો ઘણા દાક્તરો ભૂખે મરી ગયા હોત અને તે ઉપરાંત પોતાના શાકાહારના રિવાજને લીધે તેમની કરકસરની તેમ જ કેફી પીણાંઓથી મુક્ત રહેવાની ટેવો કેળવાઈ છે તેને પરિણામે હિંદીઓ યુરોપિયનો સાથે સફળપણે હરીફાઈ કરે એવા છે. અલબત્ત, સંસ્થાનમાંના હિંદીઓ કેવળ શાકાહાર કરવાવાળા નથી એટલું ખ્યાલમાં રહેવું જોઈએ. તેમને વહેવારુ દૃષ્ટિથી શાકાહારી ગણી શકાય.

પાઈનટાઉન ગામની પાસે આવેલી મૅરિયાન ટેકરીના ટ્રૅપિસ્ટો ઉપર કહેલી વાતની કાયમની સાબિતી છે તે આપણે તરતમાં જોઈશું.

પાઈનટાઉન એક નાનું ગામડું છે અને રેલવેને રસ્તે ડરબનથી સોળ માઈલના અંતર પર આવેલું છે. તે દરિયાની સપાટીથી ૧,૧૦૦ ફૂટની ઊંચાઈએ હોઈ તેની આબોહવા ઘણી ખુશનુમા છે.

ટ્રૅપિસ્ટોનો મઠ પાઈનટાઉનથી લગભગ ત્રણ માઈલને અંતરે છે. હું અને મારો સોબતી મૅરિયાન ટેકરી સુધી ચાલીને ગયા. જેના પર મઠ આવેલો છે તે ટેકરીનું અથવા કહો કે ટેકરી-ઓના જૂથનું એ નામ છે. હરિયાળીથી છવાયેલી એ બધી ટેકરીઓ વચ્ચેથી ચાલીને જતાં મનને ઘણો આનંદ આવે છે.

વસવાટને સ્થળે પહોંચતાં મોઢામાં ચૂંગીવાળા એક ગૃહસ્થ અમારા જોવામાં આવ્યા અને અમે તરત સમજ્યા કે એ ભાઈ મઠમાં રહેવાવાળા સાધુઓની મંડળીમાંના નથી. છતાં તે ભાઈ અમને મુલાકાતીઓ માટે રાખવામાં આવેલા ખંડમાં લઈ ગયા. એ ખંડમાં મુલાકાતીઓએ જે જણાવવું હોય તે લખવાને માટે એક ચોપડો રાખવામાં આવેલો હતો. તે ચોપડો જોતાં જણાયું કે તેની શરૂઆત ૧૮૯૪ની સાલથી કરવામાં આવી હતી અને તેમાં માંડ વીસ પાનાં લખાણથી

Gandhi Heritage Portal

ભરેલાં હતાં. ખરેખર, આ મિશન સંસ્થા જેટલી જાણીતી થવી જોઈએ તેટલી હજી બિલકુલ થયેલી નથી.

મંડળીના એક ભાઈએ આવી પહોંચી અમને ઘણા નીચા નમી નમસ્કાર કર્યા. પછી અમને આમલીનું પાણી અને અનનસ આપવામાં આવ્યાં. તે લઈ તાજા થઈ આ ભોમિયાની સાથે અમને જે જે જુદી જુદી જગ્યાએ તે લઈ ગયો ત્યાં બધે અમે ગયા. જે જુદાં જુદાં મકાનો અમારા જોવામાં આવ્યાં તે બધાં સારાં સંગીન હોઈ લાલ ઈંટનાં બાંધેલાં હતાં. બધે શાન્તિ હતી; તેમાં મઠનાં કારખાનાંઓમાંનાં ઓજારોના ખડખડાટથી અને આદિવાસી બાળકોના અવાજથી માત્ર થોડી ખલેલ થતી હતી.

વસાહત શાંત નાનું આદર્શ ગામ છે અને તેની માલકી સાચામાં સાચા પ્રજાસત્તાક રાજ્યના સિદ્ધાન્ત પર મંડાયેલી છે. સ્વતંત્રતા, સમતા અને બંધુતાના સિદ્ધાન્તનો સંપૂર્ણ અમલ થાય છે. વસાહતમાંનો હરેક પુરુષ ભાઈ છે અને હરેક સ્ત્રી બહેન છે. વસાહતમાં રહેતા સાધુઓની સંખ્યા આશરે ૧૨૦ની છે અને સાધ્વીઓ અથવા જેમને બહેનો કહીને ઓળખાવવામાં આવે છે તેમની સંખ્યા આશરે ૬૦ની છે. બહેનોનું એકાન્ત રહેઠાણ ભાઈઓના રહેઠાણથી આશરે અર્ધાએક માઈલના અંતર પર છે! ભાઈઓ અને બહેનો બન્ને મૌન અને બ્રહ્મચર્યનું કડકપણે પાલન કરે છે. ઍબટ (મઠના વડા) જે નાતાલમાંનાં બધાં ટ્રૅપિસ્ટ સાધુ-સાધ્વીઓના વડા છે તેમણે બોલવાની પરવાનગી આપી હોય તે સિવાયનાં કોઈ ભાઈ કે બહેન મૌન છોડતાં નથી; અને જેમને ખરીદીને સારુ અથવા મુલાકાતીઓની સરભરાને માટે ગામમાં જવાનું થાય છે તેમને માત્ર બોલવાની છૂટ મળે છે.

પોશાકમાં ભાઈઓ લાંબા ઝભ્ભા પહેરે છે અને ઝભ્ભાની આગળની તેમ જ પાછળની બાજુએ કાળા કાપડનો કકડો હોય છે. બહેનો સાદામાં સાદી ઢબનો લાલ પોશાક પહેરે છે. કોઈએ મોજાં પહેરતાં જણાયાં નહીં.

મંડળીમાં દાખલ થવાની ઈચ્છાવાળા ઉમેદવારને બે વરસની મુદત સુધી વ્રત લઈ પાળવું પડે છે અને તે દરમિયાન તેને નોવિસ (ઉમેદવાર) કહેવામાં આવે છે. બે વરસ બાદ તે જોઈએ તો મઠ છોડી જાય અગર જિંદગી સુધીનું વ્રત લઈને રહે. આદર્શ ટ્રૅપિસ્ટ સાધુ મળસકે બે વાગ્યે ઊઠે છે અને ત્યાર બાદ ચાર કલાક પ્રાર્થના અને ધ્યાન કરવામાં ગાળે છે. છ વાગ્યે તેને નાસ્તો મળે છે. તેમાં તેને રોટી અને કાફી અથવા એવો બીજો સાદો ખોરાક અપાય છે. ભોજન બપોરના બાર વાગ્યે થાય છે અને તેમાં તેને રોટી, સૂપ અને ફળ આપવામાં આવે છે. સાંજે છ વાગ્યે તે વાળુ કરે છે અને સાત અથવા આઠ વાગ્યે સૂઈ જાય છે. ભાઈઓ મચ્છી અને જાનવરનું અગર પક્ષીઓનું માંસ ખાતા નથી. ઈંડાં સુધ્ધાં તેમને વર્જ્ય છે. તે લોકો દૂધ લે છે ખરા પણ અમને કહેવામાં આવ્યું કે નાતાલમાં તેમને દૂધ સસ્તું મળતું નથી. બહેનોને અઠવાડિયામાં ચાર દિવસ માંસની છૂટ છે. નિયમની સાથે આવું વિસંગતપણું કેમ ચલાવી લેવામાં આવે છે એવા અમારા સવાલના જવાબમાં ભોમિયાએ ખુલાસામાં વિવેકથી જણાવ્યું કે "બહેનો ભાઈઓ કરતાં વધારે નાજુક હોય છે તેથી." મારા સોબતી જે લગભગ શાકાહારી છે તે અગર હું આ દલીલનું તથ્ય અગર જોમ જોઈ ન શકયા. અલબત્ત, આ ખબર સાંભળીને અમને બન્નેને ઊંડું દુ:ખ થયું કેમ કે તે અમારે માટે નવાઈ જેવી હતી અને ભાઈઓ તેમ જ બહેનો બન્ને શાકાહારી હશે એવી અમે અપેક્ષા રાખી હતી.

Gandhi Heritage Portal

દાક્તરે સલાહ આપી હોય તે સિવાય એ લોકો દારૂ જેવાં કેફી પીણાં પીતા નથી. તેમનામાંથી કોઈ પોતાના અંગત ઉપયોગને સારુ પૈસા રાખી શકતો નથી. બધા સરખા ગરીબ અથવા સરખા તવંગર છે. આખી જગ્યાનો તસુએ તસુ અમને જોવા દેવામાં આવ્યો તોપણ કયાંયે કપડાં રાખવાને માટેનાં કબાટો, ખાનાંવાળાં કબાટો અથવા મોટી પેટીઓ અમારા જોવામાં ન આવ્યાં. કામકાજને માટે પરવાનગી મળી હોય તે સિવાય તેમનામાંનું કોઈ વસાહતની હદ બહાર જઈ શકતું નથી. તે લોકો અખબારો અગર ધાર્મિક ન હોય તેવાં પુસ્તકો વાંચતા નથી. ધાર્મિક પુસ્તકો પણ તેમને પરવાનગી આપવામાં આવે તે જ તેઓ વાંચે છે. મોંમાં ચૂંગી સાથે પહેલો જે મિત્ર અમને મળેલો તેને અમે પોતે ટ્રૅપિસ્ટ છે કે શું એવો સવાલ કર્યો તેના જવાબમાં આવા કઠોર દમનવાળા જીવનને કારણે તેણે જણાવ્યું કે "વાત છોડો, હું ટ્રૅપિસ્ટ સિવાય બીજું જે કંઈ કહો તે છું." છતાં એ ભલાં ભાઈઓ તેમ જ બહેનોમાંથી કોઈને એવું લાગતું જણાતું નહોતું કે પોતાનું જીવન કયાંક ભારે અગવડમાં ગાળવું પડે છે.

પ્રૉટેસ્ટંટ પંથના એક પાદરીએ પોતાના શ્રોતાઓને એક વાર કહેલું કે રોમન કૅથલિકો નબળા, માંદલા અને સોગિયા હોય છે. હવે, ટ્રૅપિસ્ટો કૅથલિકો કેવા હોય તેનું માપ હોય તો ઊલટું તેઓ તંદુરસ્ત અને ખુશમિજાજ હોય છે. અમે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અમને ભાઈ કે બહેન મળ્યાં હશે તેણે ઊજળા સ્મિત વડે અને નીચા વળીને નમસ્કાર કરી અમને આવકાર્યા હતા. પોતે જેને મૂલ્યવાન માનતો હતો તે જીવનપદ્ધતિ વિષે અમારી સાથેનો ભોમિયો લંબાણથી વાતો કરતો હતો તેને સ્વેચ્છાથી સ્વીકારેલાં વ્રતો, નિયમો વગેરે સહન ન થઈ શકે એટલાં કઠોર લાગતાં હોય એવું દેખાતું નહોતું. અમર શ્રદ્ધાનો અને પૂરેપૂરા, નામનીયે શંકા ઉઠાવ્યા વગરના આજ્ઞાંકિતપણાનો વધારે સારો દાખલો બીજે કયાંયે શોધતાં માંડ મળે.

તેમનું ભોજન સાદામાં સાદું છે તો તેમનાં જમવાનાં ટેબલ અને સૂવાના ઓરડા જરાયે ઓછા સાદા નથી.

એ પૈકી જમવાનાં ટેબલ વસાહત પર જ લાકડાનાં બનાવવામાં આવે છે અને તેમના પર વાર્નિશ સરખું લગાડતા નથી. જમવાના ટેબલ પર તેઓ તેમને ઢાંકવાને કપડું પાથરતા નથી. તેમનાં છરી અને કાંટા ડરબનમાં સસ્તામાં સસ્તાં મળે તે લાવે છે. કાચનાં વાસણોને બદલે તેઓ એનેમલનાં વાપરે છે.

સૂવાના ઓરડાને સારુ તેનો એક મોટો ખંડ છે (જે રહેનારાની સંખ્યાના પ્રમાણમાં મોટો ન કહેવાય) અને તેમાં ૮૦ પથારીઓ છે. પથારીઓ માટે મળે તેટલી બધી જગ્યા ઉપયોગમાં લેવાય છે.

સ્થાનિક વતનીઓના રહેઠાણમાં પથારીઓની બાબતમાં તેમણે કમાલ કરી છે. તે લોકોને માટેના સૂવાના ખંડમાં દાખલ થતાંની સાથે ત્યાંની ભીડ અને ગરમ બંધિયાર હવા અમારા ધ્યાનમાં આવી. પથારીઓ બધી એકબીજીની સાથે જોડેલી હોઈ માત્ર એક એક પાટિયાંથી અલગ પાડવામાં આવી છે. માંડ ચાલી શકાય એટલી જગ્યા પણ ફાજલ નહોતી.

એ લોકો વર્ણભેદમાં માનતા નથી. આ સ્થાનિક વતનીઓની સાથે ગોરાઓની સાથે લેવામાં આવે છે તે જ ઢબે કામ લેવામાં આવે છે. એ બધાં મોટે ભાગે બાળકો છે. ભાઈઓને જેવો આપવામાં આવે છે તેવો જ ખોરાક તેમને પણ મળે છે અને તેમનો પહેરવેશ પણ ભાઈઓના જેવો જ હોય છે. સામાન્યપણે કહેવામાં આવે છે અને તે વાતમાં થોડું તથ્ય પણ છે કે કાફરા (આફ્રિકાના અસલ આદિવાસી વતની)ને ઈસુનો સારો અનુયાયી બનાવવાની વાત સફળ થઈ

Gandhi Heritage Portal

નથી છતાં દરેક જણ અરે, વધારેમાં વધારે બહેકાવીને વાતો કરનાર શંકાખોર સુધ્ધાં કબૂલ કરે છે કે અસલ વતનીઓમાંથી ઈસુના સારા અનુયાયીઓ નિપજાવવાની બાબતમાં ટ્રૅપિસ્ટોના મિશનને સારામાં સારી સફળતા વરી છે. ખ્રિસ્તી ધર્મના બીજા પંથોની નિશાળો ઘણી વાર સ્થાનિક વતનીઓને પશ્ચિમની સંસ્કૃતિના બધા ભયાનક દુર્ગુણો કેળવવામાં કારણભૂત બની છે અને તે બધી તેમના પર ભાગ્યે કશો નૈતિક પ્રભાવ પાડી શકી છે, પણ ટ્રૅપિસ્ટ મિશનમાં કેળવાતા આદિવાસીઓ સાદાઈ, સદ્ગુણ અને નમ્રતામાં નમૂનેદાર નીવડયા છે. સામેથી જનારને તે બધાં નમ્રતાથી છતાં સ્વમાન સાચવીને જે રીતે નમસ્કાર કરતાં તે જોવાનો પણ એક લહાવો હતો.

મિશનની વસાહતમાં આશરે ૧,૨૦૦ આદિવાસીઓ છે અને તેમાં બાળકો તેમ જ પુખ્ત વયનાંનો સમાવેશ થાય છે. અહીં પ્રમાદ, આળસ અને વહેમોવાળા જીવનને બદલે તે સૌએ ઉદ્યમનું, ઉપયોગીપણાનું અને સર્વોપરી ઈશ્વરની ભક્તિનું જીવન મેળવ્યું છે.

વસાહતમાં લુહારકામનાં, જસતનાં પતરાંના કામનાં, સુથારીનાં, પગરખાં બનાવવાનાં ચામડાં કેળવવાનાં અને એવાં બીજાં જાતજાતનાં કારખાનાં છે. તેમાં આદિવાસીઓને એ બધા ઉપયોગી ઉદ્યોગો ઉપરાંત અંગ્રેજી અને ઝૂલુ ભાષાઓ શીખવવામાં આવે છે. અહીં એક બીના નોંધવી જોઈએ કે આ ઉદાર વસાહતીઓમાંના લગભગ બધા જર્મનો છે. પણ આદિવાસીઓને જર્મન ભાષા શીખવવાની નામનીયે પ્રવૃત્તિ કરતા નથી એ તેમના દિલની ઉદારતા સ્પષ્ટપણે પ્રગટ કરે છે; આ બધા આદિવાસીઓ ગોરાઓ ભેગા તેમની સાથે રહી કામ કરે છે.

બહેનોના મઠમાં કપડાંની ઈસ્ત્રી કરવાનાં, કપડાં સીવવાનાં, ઘાસની હૅટ બનાવવાનાં અને ગૂંથણકામનાં ખાતાંઓ છે. અને તે બધાંમાં સ્વચ્છ પોશાકમાં કામમાં એકધ્યાનથી અને ચીવટથી ઉદ્યમ કરતી આદિવાસી કન્યાઓ જોવાની મળે છે.

ઍબી (મઠ)થી બે માઈલ પર તેમનું છાપકામનું ખાતું અને પાણીના ધોધથી ચાલતી અનાજ દળવાની ઘંટી આવેલાં છે. સાથે એક ઘાણીયંત્ર પણ છે અને તે સીંગદાણા પીલી તેનું તેલ કાઢવાના કામમાં લેવામાં આવે છે. ઉપર ગણાવેલાં કારખાનાંઓ તેમ જ ખાતાંઓમાંથી વસાહતીઓને તેમની મોટા ભાગની જરૂરિયાતો પૂરી પડે છે એ જણાવવાની જરૂર ન હોવી જોઈએ.

ગરમ આબોહવામાં થતાં ઘણી જાતનાં ફળ તે લોકો પોતાની વાડીમાં ઉગાડે છે અને એ બાબતમાં વસાહત લગભગ સ્વાવલંબી છે.

પોતાની પડોશમાં આજુબાજુમાં રહેતા આદિવાસીઓ માટે તેમને પ્રેમ અને આદર હોઈ તે લોકો પણ સામા તેમના તરફ તેવા ભાવ રાખે છે અને સામાન્યપણે એ લોકોમાંથી જ ખ્રિસ્તી ધર્મ સ્વીકારનારાં મળી આવે છે.

વસાહતનું પ્રમુખમાં પ્રમુખ લક્ષણ એ છે કે તેમાં જ્યાં જુઓ ત્યાં બધે તમને ધર્મનું દર્શન થાય છે. દરેક ખંડમાં ક્રૂસ રાખવામાં આવ્યો હોઈ દરેકના પ્રવેશની જગ્યા પર પવિત્ર જળનું વાસણ હોય છે અને વસાહતી તે પાણી પોતાની આંખે, કપાળે અને છાતીએ લગાડે છે. અનાજ દળવાની ઘંટી સુધીનો ટૂંકો રસ્તો પણ ક્રૂસનું થોડું સ્મરણ જગાડયા વગર રહેતો નથી. એ એક રળિયામણી પગથી છે. તેની એક બાજુ પર જેની વચ્ચેથી મીઠામાં મીઠું સંગીત સંભળાવતી નાનકડી નદી વહે છે એવી ખીણ આવેલી છે. અને બીજી બાજુ પર કૅલવૅરીના[1]

૧. જ્યાં ઈસુને ક્રૂસ પર વધેરવામાં આવ્યા હતા તે સ્થળ, જે માણસની ખોપરીના આકારની ટેકરી છે.

Gandhi Heritage Portal

દેખાવોનું સ્મરણ કરાવનારાં જુદાં જુદાં વચનો જેમના પર કોતરેલાં છે એવા નાના નાના ખડકો આવેલા છે. ખીણ આખી હરિયાળી વનસ્પતિના ગાલીચાથી ઢંકાયેલી હોઈ તેની વચ્ચે વચ્ચે રળિયામણાં વૃક્ષો ઊભાં છે. આથી વધારે રળિયામણી પગથી અથવા વધારે મનોહર દેખાવ કલ્પવો પણ મુશ્કેલ છે. આવા સ્થળમાં કોતરેલાં વચનો મન પર ઊંડી ભવ્ય અસર કર્યા વગર રહે નહીં. એ વચનો સરખે સરખે અંતરે એવી ખૂબીથી કોતરેલાં છે કે, પગથી પર ચાલનાર એક વાંચી તે પરથી આવતા વિચાર પૂરા કરે ત્યાં બીજું તેની નજરે પડે છે.

એ પગથી પરથી ચાલતાં મન બીજા કોઈ પણ વિચાર અને બહારની ધાંધલ કે ઘોંઘાટની દખલ વગરના શાંત ચિંતનનો અનુભવ કરે છે. ખડકો પર કોતરેલાં વચનો પૈકી થોડાં: "ઈસુ પહેલી વાર પડી જાય છે"; "ઈસુ બીજી વાર લથડિયું ખાય છે"; "સાઈમન ક્રૂસ ઊંચકી લે છે"; "ઈસુને ક્રૂસ પર ખીલાથી જડવામાં આવે છે"; "ઈસુને તેની માના ખોળામાં પોઢાડવામાં આવે છે", વગેરે વગેરે.

અલબત્ત, આદિવાસીઓ પણ મોટે ભાગે શાકાહારી છે. તેમને માંસ ખાવાની બંધી નથી છતાં વસાહત પર તે તેમને પૂરું પાડવામાં આવતું નથી.

દક્ષિણ આફ્રિકામાં આવી આશરે બાર વસાહતો હોઈ તેમાંની મોટા ભાગની નાતાલ સંસ્થાનમાં છે. બધાં મળીને એ બધીમાં લગભગ ૩૦૦ સાધુઓ અને ૧૨૦ સાધ્વીઓ છે.

આવા છે નાતાલમાં આપણા શાકાહારીઓ. એમણે શાકાહારને ધર્મ તરીકે સ્વીકાર્યો નથી, ખોરાક તરીકે શાકાહાર દેહનું દમન કરવામાં પોતાને મદદરૂપ થાય છે એટલું કારણમાત્ર તેમના શાકાહારના સ્વીકારનો પાયો છે. સંભવ છે કે શાકાહારનો પ્રચાર કરવાવાળી શાકાહારી મંડળીઓની હસ્તીની તેમને જાણ સરખી નહીં હોય અને શાકાહાર વિષેનું સાહિત્ય વાંચવાની તેમને પરવા સુધ્ધાં ન હોય છતાં એવો કયો શાકાહારી હશે જે, જેની સાથેના પ્રાસંગિક મેળાપ માત્રથી પણ માણસનું દિલ પ્રેમ, સહિષ્ણુતા અને આત્મત્યાગના ભાવોથી ઊભરાઈ જાય છે અને જે આધ્યાત્મિક દૃષ્ટિથી શાકાહારના સિદ્ધાંતની પ્રત્યક્ષ જીવતી ફતેહ છે તેવી ઉમદા કાર્ય કરનારી આ મંડળીને માટે ગૌરવ નહીં અનુભવે? જાતઅનુભવથી હું જાણું છું કે વસાહતની એક મુલાકાતને સારુ લંડનથી નાતાલ સુધીનો ફેરો પણ સાર્થક છે. તેનાથી મન પર કાયમની પવિત્રતાની છાપ પડયા વગર રહે નહીં. કોઈ પ્રૉટેસ્ટંટ હો, અગર ખ્રિસ્તી હો, અગર બૌદ્ધ હો, અથવા બીજું ગમે તે હો પણ આ વસાહતની એક વાર મુલાકાત લીધા પછી "આ જ રોમન કૅથલિક સંપ્રદાય હોય તો તેની સામે જે કંઈ કહેવામાં આવતું હોય તે બધું જૂઠું છે" એવા અહોભાવના સ્વાભાવિક ઉદ્‌ગાર કાઢયા વગર રહી શકશે નહીં. મારી સમજ પ્રમાણે આ બીના બિનતકરાર સાબિત કરે છે કે કોઈ પણ ધર્મ તેના અનુયાયીઓ તેને દેખાડવા ચાહે તે મુજબ દિવ્ય અગર સેતાની દેખાય છે.

[મૂળ અંગ્રેજી]

ધિ વેજિટેરિયન, ૧૮–૫–૧૮૯૫

Gandhi Heritage Portal

# ૫૨. લૉર્ડ રિપનને અરજી

પ્રિટોરિયા, એસ. એ. આર.,
[મે, ૧૮૯૫][૧]

નામદાર ધિ રાઈટ ઑનરેબલ રિપનના માર્ક્વિસ,
સંસ્થાનો માટેના નેક નામદાર શહેનશાહબાનુના
મુખ્ય સેક્રેટરી ઑફ સ્ટેટ જોગ, લંડન

**દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાં વસતા બ્રિટિશ હિંદીઓની અરજી**

નમ્રપણે દર્શાવે છે કે,

પોતાની દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાં જે સ્થિતિ છે અને ખાસ કરીને ઑરેન્જ ફ્રી સ્ટેટની વડી અદાલતના વડા ન્યાયાધીશે હિંદી લવાદીના કેસમાં આપેલા લવાદી ચુકાદાથી તેના પર જે અસર પહોંચી છે તેની બાબતમાં તમારા અરજદારો તમો નામદારને સાદર અરજ ગુજારવાનું સાહસ કરે છે.

૨. તમારા અરજદારોની મોટામાં મોટી સંખ્યા જોહાનિસબર્ગ અને પ્રિટોરિયામાં વસવાટ કરીને રહેતી હોવા છતાં તેમનામાંના વેપારી, દુકાનદારોના ગુમાસ્તા, ફેરિયા, રસોઈયા, હોટલોમાં કામ કરતા વેઈટર અથવા મજૂરો તરીકે આખા ટ્રાન્સવાલમાં ફેલાયેલા છે. વેપારીઓની સંખ્યા લગભગ ૨૦૦ની હોઈ તેમની મિલકતની પડતર કિંમત આશરે ૧,૦૦,૦૦૦ પાઉંડ થાય. આ પૈકીની લગભગ ત્રણ પેઢીઓ ઈંગ્લંડ, ડરબન, પોર્ટ ઈલિઝાબેથ, હિંદુસ્તાન અને બીજાં સ્થળોએથી માલ સીધો આયાત કરે છે. તેથી દુનિયાના બીજા ભાગોમાં તેમની શાખાઓ આવેલી હોઈ તે શાખાઓની હસ્તી મોટે ભાગે તેમના ટ્રાન્સવાલમાંના વેપાર પર આધાર રાખે છે. બાકીના નાના નાના દુકાનદારો હોઈ તેમની દુકાનો જુદાં જુદાં સ્થળોએ ચાલે છે. પ્રજાસત્તાક રાજ્યમાં ૨,૦૦૦ ફેરિયાઓ છે ને માલ ખરીદી તેની ચારે કોર ફરીને ફેરી કરે છે. અને તમારા અરજદારો પૈકીના જે મજૂરો છે તેમને યુરોપિયનોનાં ઘરોમાં અને હોટલોમાં સામાન્ય નોકરો તરીકે રોકવામાં આવેલા છે. તેમની સંખ્યા આશરે ૧,૫૦૦ માણસોની હોઈ તેમનામાંના ૧,૦૦૦ જોહાનિસબર્ગમાં રહે છે.

૩. રાજ્યમાંની પોતાની બિનસલામતી તેમ જ અચોક્કસ સ્થિતિની ચર્ચામાં ઊતરતાં પહેલાં તમો નામદારના અરજદારો પૂરેપૂરા વિવેક સાથે દર્શાવવાને હિંમત રાખે છે કે જેમનાં હિત જોખમમાં મુકાયાં છે એવા તમારા અરજદારોને લવાદીની બાબતમાં એક વખત પણ પૂછવામાં આવ્યું નથી અને લવાદીનો સવાલ ઉપાડવામાં આવ્યો તેની સાથે તમારા અરજદારોએ લવાદીના સિદ્ધાંતની અને લવાદી કરનારા પંચની પસંદગીની એમ બંને બાબતોમાં વાંધો ઉઠાવ્યો હતો. એ વાંધો તમારા અરજદારોએ પ્રિટોરિયાના નામદાર બ્રિટિશ એજન્ટને મોઢેથી કહેવડાવ્યો હતો અને અહીં તમારા અરજદારો જણાવવાની સંધિ લેવા ચાહે છે કે, તમારા અરજદારોમાંથી જે જે

૧. મે માસની ૧૪મી તારીખ પછીના અરસામાં આ અરજી મોકલવામાં આવી હતી. (જુઓ પા. ૧૫૦). ૧૮૯૫ની સાલના મે માસની ૩૦મી તારીખે સર જેકોબસ ડિ વેટે કેપટાઉનમાં રહેતા હાઈ કમિશનરને તે રવાના કરેલી.

Gandhi Heritage Portal

વખતોવખત ટ્રાન્સવાલમાંના હિંદીઓની ફરિયાદો અંગે તે નામદારની મુલાકાતે ગયા છે તે સૌને તેમણે પૂરા ધ્યાનથી તેમ જ વિવેકથી સાંભળ્યા છે. કેપટાઉનના નેક નામદાર શહેનશાહબાનુના હાઈ કમિશનરને લેખિત વાંધો સુધ્ધાં મોકલી આપવામાં આવ્યો હતો એ હકીકત તરફ પણ તમારા અરજદારો તમો નામદારનું ધ્યાન ખેંચવા માગે છે. આ બાબત ચર્ચીને જોકે તમારા અરજદારો ઑરેન્જ ફ્રી સ્ટેટની વડી અદાલતના વડા ન્યાયાધીશની ઉદારતા અગર તેમના સાબિત થઈ ચૂકેલા પ્રામાણિકપણાની નામનીયે ટીકા કરવા અથવા નેક નામદાર શહેનશાહબાનુના અમલદારોના શાણપણ વિષે શંકા ઉઠાવવા માગતા નથી. હિંદીઓની સામેના વિદ્વાન વડા ન્યાયાધીશના પૂર્વગ્રહવાળા વલણની જાણ હોવાથી તમારા અરજદારો માનતા હતા અને હજી નમ્રપણે માનવાની હિંમત કરે છે કે જુદી રીતે કામ લેવાની પૂરેપૂરી કોશિશ હોવા છતાં પોતાની સમક્ષ આવનારા કોઈ પણ કેસને અંગેની હકીકતોનું સાચું અને ઘટતું આકલન કરવાને જરૂરી સમતોલ ન્યાયબુદ્ધિથી તેઓ આ સવાલને અંગે વિચારી નહીં શકે. આગળથી બંધાઈ ગયેલા ખ્યાલો અગર પૂર્વગ્રહોથી અજાણતામાં પણ પોતે દોરવાઈ ન જાય તે સારુ જે મુકદ્દમાઓની બાબતમાં પહેલેથી પોતાને જાણકારી હોય છે તેમને વિષે ચુકાદા આપતાં રોકાઈ ગયેલા ન્યાયાધીશોના દાખલા મોજૂદ છે.

૪. નેક નામદાર શહેનશાહબાનુની સરકારની વતી વિદ્વાન પંચને ચુકાદાને માટે સોંપવામાં આવેલો મુદ્દો આ મુકદ્દમામાં આ મુજબ દર્શાવવામાં આવ્યો છે:

કાં તો નેક નામદાર શહેનશાહબાનુની સરકારે રજૂ કરેલા અગર દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યે રજૂ કરેલા દાવાની તરફેણમાં ચુકાદો આપવાને અથવા મુકદ્દમામાં ઉઠાવવામાં આવેલા સવાલની સાથે સંબંધ ધરાવતા ખરીતાઓ સાથે વાંચતાં જણાવવામાં આવેલા કાયદાના આદેશોનો જે સાચો અર્થ લાગે તે કરી આપવાને પંચ સ્વતંત્ર છે.

૫. અખબારોમાં પ્રસિદ્ધ થયો છે તે મુજબ પંચનો લવાદી ચુકાદો આ મુજબનો છે:

(અ) નેક નામદાર શહેનશાહબાનુની સરકારના તેમ જ દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાકના દાવા મંજૂર રાખવામાં આવતા નથી, સિવાય કે નીચે બતાવ્યા મુજબના પ્રમાણમાં, એટલે કે,

(બ) (કોઈ પણ વ્યક્તિઓ તરફથી અગર તેમની વતી વાંધા ઉઠાવવામાં આવે કે તેમની સાથે કોઈ પ્રકારે લેવામાં આવતું કામ દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યની ફોક્સરાડે (પાર્લમેન્ટે) ૧૮૮૬ની સાલમાં સુધારેલા ૧૮૮૫ની સાલમાં કરવામાં આવેલા કાયદા નં. ૩ની જોગવાઈઓ મુજબનું નથી) તે સંજોગોમાં સામાન્ય ચાલુ ક્રમમાં દેશની અદાલતોએ કરેલા એકમાત્ર ને આગવા અર્થને આધીન રહીને દક્ષિણ આફ્રિકાનું પ્રજાસત્તાક રાજ્ય મજકૂર સુધારેલા કાયદાનો પૂરેપૂરો અમલ કરવાને બંધાયેલું છે અને તે તેનો હક છે કેમ કે હિંદી તેમ જ બીજા એશિયાઈ વેપારીઓ બ્રિટિશ પ્રજાજનો છે.

૬. હવે, તમારા અરજદારો નમ્રતાથી સૂચવે છે કે ઉપર જણાવેલો લવાદી ચુકાદો પંચને સોંપવામાં આવેલા મુદ્દાની બહારનો હોઈ તેને કાયદાનો આધાર નથી અને તેથી નેક નામદાર શહેનશાહબાનુની સરકાર તેનાથી બંધાતી નથી. વિવેક સાથે દર્શાવવામાં આવે છે કે ખુદ જેને ખાતર પંચને લવાદી કરવાનું સોંપવાનો નિર્ણય લેવામાં આવ્યો તે ઉદ્દેશ માર્યો

Gandhi Heritage Portal

ગયો છે. ચુકાદાને માટે સોંપવામાં આવેલા મુદ્દાને અંગેના લખાણમાં કાં તો બેમાંથી એક સરકારના દાવા મંજૂર રાખવાનું અથવા સવાલને લગતા ખરીતાઓ ધ્યાનમાં રાખી કાયદાના આદેશોનો પોતાને સાચો લાગે તે અર્થ કરી આપવાનું પંચ પર છોડવામાં આવ્યું છે. પોતે અર્થ કરી આપવાને બદલે વિદ્વાન પંચે અર્થ કરવાનો અધિકાર બીજી વ્યક્તિઓને હવાલે કર્યો છે અને વધારામાં તે અધિકાર જેમને હવાલે કર્યો છે તેમને અંગે એવી મર્યાદા મૂકી છે કે પોતાની સ્થિતિને કારણે તે વ્યક્તિઓ જે કાર્યપદ્ધતિ અખત્યાર કરવી જોઈએ તે અખત્યાર ન કરી શકે અને મળી શકે એવો જે પુરાવો મેળવવો જોઈએ તે મેળવી ન શકે એટલું જ નહીં, જે કાર્યપદ્ધતિ પંચે અખત્યાર કરવી જોઈએ અને મળી શકે એવો જે પુરાવો તેણે મેળવવો જોઈએ એવી સ્પષ્ટ શરત કરવામાં આવી હતી તે કાર્યપદ્ધતિ અખત્યાર કરવાથી અને તે પુરાવો મેળવી ઉપયોગમાં લેવાથી જોકે અણિશુદ્ધ કાયદેસરનો ન ગણાય તોયે ન્યાયી અને પક્ષપાત વગરનો અર્થ કરવાને તે વ્યક્તિઓ સહેજે સમર્થ થાય.

૭. તમારા અરજદારો સૂચવે છે કે આ લવાદી ચુકાદો કાયદાના આધાર વગરનો હોઈ બે કારણોસર રદ લેખાવાને પાત્ર છે. એક, પંચે અર્થ કરવાના પોતાના કામનો અધિકાર બીજે સોંપ્યો છે જેમ દુનિયામાં કોઈ પંચ કરી શકતો નથી. બીજું, પંચને નિર્ણયને માટે જે મુદ્દો સોંપવામાં આવ્યો હતો તે તેઓ ચૂકી ગયા છે કેમ કે જે સવાલને અંગે નિર્ણય આપવાનું તેમને સ્પષ્ટપણે કહેવામાં આવ્યું હતું તે સવાલ અંગે તેમણે નિર્ણય આપ્યો નથી.

૮. એમ લાગે છે કે આ સવાલ લવાદીમાં લઈ જવાનો ઉદ્દેશ કાયદાનો અર્થ કરવાના મુદ્દાનો નિર્ણય અદાલતી રાહે લેવાનો નહોતો પણ એ સવાલનો કાયમને માટે નિકાલ કરવાનો હતો. એમ ન હોત તો ટ્રાન્સવાલ ગ્રીન બુકસ નં. ૧ અને ૨, ૧૮૯૪ (ટ્રાન્સવાલ સરકારના ૧૮૯૪ની સાલના લીલા ગ્રંથો નં. ૧ અને ૨)માં જોવા મળતો કાયદાનો અર્થ કરવાના સવાલને લગતો ઘણો વિસ્તૃત પત્રવહેવાર કરવાની માથાકૂટમાં નેક નામદાર શહેનશાહબાનુની સરકાર કદી ન પડી હોત. જે સવાલનો નિર્ણય વાટાઘાટો મારફતે અને રાજકીય દૃષ્ટિથી લેવાનાર હતો અને તમારા અરજદારો સૂચવે છે કે તે જ રસ્તે લઈ શકાય એવો હતો તે પંચનો લવાદી ચુકાદો કાયદાના આધારવાળો મનાય તો હવે કેવળ અદાલતી રાહે લઈ શકાય એવી સ્થિતિ ઊભી થઈ છે. અને ટ્રાન્સવાલની વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશે ટ્રાન્સવાલની સરકાર વતી રજૂ કરવામાં આવેલા મુકદ્દમામાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી દીધાની વાત સાચી હોય તો આ સવાલનો નિર્ણય અગાઉથી લગભગ થઈ ચૂકેલો ગણાય. આ વસ્તુસ્થિતિ છે તે સાબિત કરવાને તમારા અરજદારો તમો નામદારને તે ગાળાની ચાલુ તારીખનાં અખબારો અને ખાસ કરીને ૧૮૯૫ની સાલના એપ્રિલ માસની ૨૭મી તારીખનું ધિ जोहानिसबर्ग टाइम्स (અઠવાડિક આવૃત્તિ) જોવાને વિનંતી કરે છે.

૯. પણ તમારા અરજદારો તમો નામદારને વધારે ઉચ્ચ અને વધારે વ્યાપક કારણોસર અપીલ કરે છે; તમારા અરજદારોને પૂરો વિશ્વાસ છે કે જે સવાલ નેક નામદાર શહેનશાહબાનુના હજારો પ્રજાજનોને અસર કરે છે, જેના ઘટતા નિરાકરણ પર સેંકડો બ્રિટિશ પ્રજાજનોના રોટલાનો આધાર છે અને જેનું કેવળ કાયદાની રીતિઓને આધારે કરવામાં આવેલું નિરાકરણ સેંકડો કુટુંબોને બરબાદ કરી તેમને કંગાળ બનાવી મૂકે એમ છે તેનો નિર્ણય કેવળ અદાલતી રાહે લેવામાં નહીં આવે કેમ કે અદાલતોમાં હરેક જણના હાથ અગાઉથી બંધાઈ જાય છે ને આવા પ્રકારની માણસાઈની દૃષ્ટિની વિચારણાને અવકાશ હોતો નથી. વેપારીઓને લાગેવળગે છે ત્યાં

Gandhi Heritage Portal

સુધી ટ્રાન્સવાલની સરકારે ઉપાડેલો મુદ્દો મંજૂર રહેશે તો અંગત રીતે તે લોકોનું એકલાનું જ નહીં, જે બધાં અહીં ટ્રાન્સવાલમાં તેમ જ ત્યાં હિંદમાં એમ બંને ઠેકાણે ભરણપોષણને સારુ તેમના પર આધાર રાખે છે તે તેમનાં કુટુંબો અને સગાંવહાલાં તેમ જ નોકરો સુધ્ધાં સૌનું સમૂળગું સત્યાનાશ વળી જશે. તમારા અરજદારો પૈકી લાંબા વખતથી ટ્રાન્સવાલમાં વેપાર ખેડતા આવેલા કેટલાકને સારુ તેમના પોતાના કોઈ વાંકગુનાને કારણે નહીં પણ હમણાં તમને દેખાશે તે મુજબ થોડી હિતસંબંધ ધરાવનારી વ્યક્તિઓની અવળી રજૂઆતને કારણે પોતાની આજની સ્થિતિમાંથી હાંકી કાઢવામાં આવે તો નવાં ક્ષેત્રો શોધી કાઢી ત્યાં પોતાના ભરણપોષણ જોગું રળી શરીર નભાવવાનું પણ અશક્ય છે.

૧૦. આ સવાલનું ગંભીરપણું અને તેના નિરાકરણ સાથે સંડોવાયેલાં મોટાં મોટાં હિતો પોતાની પરિસ્થિતિનો ચિતાર કંઈક વિસ્તારથી રજૂ કરવા માટેનું અને તમો નામદારને તેના પર એકાગ્રતાથી ધ્યાન આપવાને નમ્રતાથી આજીજી કરવા માટેનું તમારા અરજદારોને સારુ નિમિત્ત બન્યાં છે.

૧૧. આફ્રિકાના અસલ વતનીઓ સિવાયની બધી વ્યક્તિઓનાં હિતોને સરખી રીતે રક્ષણ આપનારી ૧૮૮૧ની સાલની સમજૂતીની કલમ ૧૪મીનો કમનસીબ ત્યાગ ટ્રાન્સવાલમાં વસવાટ કરીને રહેલા હિંદીઓ આરોગ્ય ને સ્વચ્છતાના નિયમો બરાબર પાળતા નથી એવી માની લેવામાં આવેલી વાતમાંથી શરૂ થયો હોઈ તેને આધારે હજી પણ ચલાવી લેવામાં આવે છે અને હિતસંબંધ ધરાવનારી કેટલીક વ્યક્તિઓએ કરેલી ખોટી રજૂઆતને આધારે તે માન્યતા બંધાયેલી છે.

૧૮૮૫ના કાનૂન ૩ની બાબતમાં થયેલા આખાયે પત્રવહેવારમાં નેક નામદાર શહેનશાહબાનુની સરકારે ભારપૂર્વક આગ્રહ રાખ્યો છે કે જાહેર સુખાકારીના હિતનો વિચાર કરી હિંદીઓને સારુ અલગ મહોલ્લાઓ ભલે મુકરર કરવામાં આવે પણ શહેરો કે કસબાઓના ઠરાવેલા અમુક વિસ્તારોમાં જ વેપાર કરવાને અગર દુકાનો ચલાવવાને તેમને ફરજ પાડી શકાય નહીં. ૧૮૮૫ના કાનૂન ૩નો થોડા વખતને સારુ જોરથી વિરોધ થયા બાદ ૧૮૮૬ના સુધારેલા કાનૂનની સામેનો વાંધો પડતો મૂકતાં તે વખતના હાઈકમિશનર સર એચ. રૉબિન્સન પોતાના (૧૮૯૪ની ગ્રીન બુક નં. ૧ના પાન ૪૬ પર આપવામાં આવેલા ૧૮૮૬ની સાલના સપ્ટેમ્બર માસની ૨૬મી તારીખના) પત્રમાં કહે છે: "સુધારેલો કાયદો હજી જોકે લંડનની સમજૂતીની ૧૪મી કલમનો ભંગ કરે છે; છતાં તે જાહેર આરોગ્યની સલામતીને સારુ જરૂરી છે એવા તમો નામદારના અભિપ્રાયનો ખ્યાલ રાખી તેનો વધારે વિરોધ કરવાની ભલામણ નેક નામદાર શહેનશાહબાનુની સરકારને હું નહીં કરું." લવાદી માટે નીમવામાં આવેલા પંચને આપવામાં આવેલી સૂચના અને ૧૮૮૫નો ૩જો કાનૂન ચોખ્ખું દર્શાવે છે કે સમજૂતીના ત્યાગને કેવળ જાહેર સુખાકારીનાં કારણોસર મંજૂરી આપવાની હતી.

૧૨. આવા પ્રકારના ત્યાગને માટે જાહેર સ્વચ્છતાને લગતાં કારણો અસ્તિત્વમાં છે એવી માની લેવામાં આવેલી વાતની સામે તમો નામદારના અરજદારો આથી પૂરા માન સાથે છતાં ભારપૂર્વક વિરોધ નોંધાવે છે.

૧૩. પોતાની વાત ચોખ્ખેચોખ્ખી જણાવનારાં અને સ્વચ્છતા તેમ જ આરોગ્યની દૃષ્ટિથી તમારા અરજદારોનાં રહેઠાણ યુરોપિયનોનાં રહેઠાણોથી કોઈ રીતે ઊતરતાં નથી એવું દર્શાવી આપનારાં દાક્તરો પાસેથી મેળવેલાં ત્રણ પ્રમાણપત્રો તેમણે આ સાથે જોડયાં છે. (પરિશિષ્ટ ૧, ૨, ૩) તમારા અરજદારો જે યુરોપિયનોનાં રહેઠાણો પોતાનાંની નજદીકના પડોશમાં છે તેમની



Gandhi Heritage Portal

સાથે પોતાનાં રહેઠાણોની સરખામણી કરવાને આહ્વાન કરે છે. કેમ કે પ્રિટોરિયામાં એવી સ્થિતિ છે કે તમારા અરજદારોમાંના કેટલાકનાં ઘરો તેમ જ દુકાનોની સાથોસાથ યુરોપિયનોનાં ઘરો તેમ જ દુકાનો આવેલાં છે.

૧૪. નીચે આપવામાં આવેલા વણમાગ્યા પ્રમાણપત્રના મજકૂર વિષે વિવેચન કરવાનું રહેતું નથી. ૧૮૮૫ની સાલના ઑક્ટોબર માસની સોળમી તારીખે સ્ટૅન્ડર્ડ બૅંકના તે વખતના જોડિયા જનરલ મૅનેજર મિ. મિચેલ હાઈ કમિશનર સર એચ. રૉબિન્સનને આ પ્રમાણે લખી જણાવે છે:

> અહીં મારે મારી જાતમાહિતી તરીકે ઉમેરવું ઘટે કે તેઓ (હિંદી વેપારીઓ) બધી રીતે શાંત, વ્યવસ્થિત, ઉદ્યમી અને આબરૂદાર લોકો હોઈ તેમનામાંના કેટલાક સંપત્તિવાળા અને મોભાદાર વેપારીઓ છે અને મોરિશિયસ, મુંબઈ તેમ જ બીજાં સ્થળોએ તેમની મોટી મોટી પેઢીઓ ચાલે છે (ગ્રીનબુક ૧, પા. ૩૭).

૧૫. આશરે ૩૫ મોભાદાર યુરોપિયન પેઢીઓ

> સ્પષ્ટપણે જાહેર કરે છે કે જેમનામાંના વધુમતીની સંખ્યાના મુંબઈથી આવેલા છે તે ઉપર જણાવેલા હિંદી વેપારીઓ તેમનાં વેપારરોજગારનાં મથકો તેમ જ તેમનાં રહેઠાણના મુકામો હકીકતમાં યુરોપિયનોની માફક સ્વચ્છ અને ઘટતી સુખાકારીની સ્થિતિમાં રાખે છે (પરિશિષ્ટ ૪).

૧૬. આ બધું અખબારોમાં આવતું નથી એ વાત જોકે સાચી છે. જાહેર અખબારી આલમ માને છે કે તમારા અરજદારો "ગંદી જીવાત" છે. ફોક્સરાડ (પાર્લમેન્ટ) આગળ કરવામાં આવેલી રજૂઆતોમાં પણ એવી જ વાતો છે. એનાં કારણો દેખીતાં છે. તમારા અરજદારો અંગ્રેજી ભાષા બરાબર જાણતા ન હોઈ આવી ચર્ચાવિચારણામાં ભાગ લઈ શકતા નથી અથવા પોતાને વિષેની બધી અવળી રજૂઆતોની માહિતી સુધ્ધાં મેળવવા પામતા નથી અને તેથી એવાં વિધાનોનો જવાબ વાળવાની હંમેશ તેમની સ્થિતિ હોતી નથી. પોતાની ખુદ હસ્તી જોખમમાં છે એવી તેમને જાણ થઈ એટલે તેઓ પોતાના સ્વચ્છતા અને સુખાકારી અંગેના રિવાજો વિષેનો યુરોપિયન વેપારી પેઢીઓનો અને દાક્તરોનો અભિપ્રાય જણાવવાની વિનંતી કરવાને તેમની પાસે પહોંચ્યા.

૧૭. પણ તમારા અરજદારો પોતાની વતી જાતે રજૂઆત કરવાના હકનો દાવો રાખતા હોઈ તેમને મુદ્દામ અને ભેગા મળીને જણાવતાં બિલકુલ સંકોચ થતો નથી કે તેમનાં રહેઠાણો આણઘડ દેખાતાં હશે અને બેશક, તેમના પર ઝાઝા શણગાર નહીં હોય છતાં સ્વચ્છતા, આરોગ્ય અથવા સુખાકારીની દૃષ્ટિથી યુરોપિયન રહેઠાણો કરતાં કોઈ રીતે ઊતરતાં નથી. પોતાની અંગત ટેવોની બાબતમાં તેઓ વિશ્વાસથી કહી શકે છે કે જેમની સાથે પોતાને વારંવાર સંબંધમાં આવવાનું થાય છે તે ટ્રાન્સવાલમાં રહેતા યુરોપિયનોના કરતાં તેઓ વધારે પાણી વાપરે છે અને કેટલીયે વધારે વખત નહાય છે. સરખામણી ઊભી કરવાની અથવા પોતાના યુરોપિયન ભાઈઓ કરતાં પોતે ચડિયાતા છે એવું બતાવવાની તમારા અરજદારોની જરાયે ઇચ્છા નથી. સંજોગોને કારણે તેમને દલીલનો એ રસ્તો લેવાની ફરજ પડી છે.

૧૮. ગ્રીન બુક નં. ૨નાં પાન ૧૯–૨૧ પર આપવામાં આવેલી બે છટાદાર અરજીઓમાં બધા એશિયાવાસીઓને અળગા કરવાની માગણી કરવામાં આવી છે અને એશિયાવાસી, ચીના વગેરેને સરિયામ ધુતકારી કાઢવામાં આવ્યા છે. તેથી ઉપર કહેવામાં આવ્યું છે તે જણાવવાનું

Gandhi Heritage Portal

બિલકુલ જરૂરી થયું છે. પહેલી અરજીમાં ભયાનક દૂષણો ગણાવી તે બધાં ચીનાઓમાં ખાસ વરતાય છે એવો તેમના પર આરોપ મૂકવામાં આવ્યો છે અને બીજીમાં પહેલીનો ઉલ્લેખ કરી તેમાં રજૂ કરવામાં આવેલા આરોપનામામાં બધા એશિયાવાસીઓને સમાવી લેવામાં આવ્યા છે. ચીના, કુલી અને બીજા એશિયાવાસીઓને નામ પાડીને ગણાવી બીજી અરજીમાં "એ લોકોની ગંદી આદતો અને તેમના અનીતિભર્યા રિવાજોને લીધે પેદા થતા રક્તપિત્ત, ચાંદી અને એવા બીજા ઘણા ઉપજાવે એવા રોગોના ફેલાવાથી આખા સમાજને માથે જે જોખમ ઊભું થાય છે" તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૧૯. વધારે સરખામણીમાં ન ઊતરતાં અને ચીનાઓને સંબંધ છે તેટલા પૂરતો સવાલ બાજુએ મૂકીને તમારા અરજદારો અત્યંત ભારપૂર્વક જણાવવા ચાહે છે કે તમારા અરજદારોને લાગેવળગે છે ત્યાં સુધી ઉપરના આરોપો તદ્દન પાયા વગરના છે.

૨૦. હિતસંબંધ ધરાવનારા ચળવળિયાઓ કેટલી હદ સુધી પહોંચ્યા છે તે દર્શાવવાને તમારા અરજદારો જેની નકલ પ્રિટોરિયાના વેપારી મંડળે પોતાના અનુમોદન સાથે ટ્રાન્સવાલની સરકારને મોકલી હતી તે ઑરેન્જ ફ્રી સ્ટેટની ફોક્સરાડ (પાર્લમેન્ટ)ને આપવામાં આવેલી એક અરજમાંથી નીચે મુજબનો ઉતારો ટાંકે છે:

> આ બધા માણસો પોતાની પત્નીઓ અગર સ્ત્રીજાતનાં સગાં વગર રાજ્યમાં દાખલ થાય છે તેનું જે પરિણામ આવે તે ઉઘાડું છે. તેમનો ધર્મ તેમને બધી સ્ત્રીઓને આત્મા વગરની અને ખ્રિસ્તીઓને પોતાનો કુદરતી શિકાર ગણવાનું શીખવે છે(ગ્રીન બુક નં. ૧, ૧૮૯૪, પા. ૩૦).

૨૧. તમારા અરજદારો પૂછવા ચાહે છે કે આના કરતાં હિંદુસ્તાનમાં ચાલતા મહાન ધર્મોની વધારે હડહડતી બદગોઈ અને હિંદી રાષ્ટ્રનું આથી વધારે મોટું અપમાન હોઈ શકે ખરું?

૨૨. ઉપર જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ગ્રીન બુકોમાંથી લેવામાં આવેલાં આવાં વિધાનો હિંદીઓ સામેની ફરિયાદ તૈયાર કરવામાં ઉપયોગમાં લેવામાં આવ્યાં છે.

૨૩. હિંદીઓની સામે ફરિયાદ ઊભી કરવાનું ખરું અને એકમાત્ર કારણ આ આખા પ્રકરણ દરમિયાન દબાવી દેવામાં આવ્યું છે. તમારા અરજદારોને [અલગ લત્તાઓમાં રહેવાને] ફરજ પાડવાનું અથવા સીધી રીતે તેઓ પોતાની રોજી રળે તેમાં હરેક પ્રકારની આડખીલી નાખવાનું એકમાત્ર કારણ વેપાર અંગેની અદેખાઈનું છે. તમારા અરજદારો એટલે કે જેઓ વેપારીઓ છે, અને આ આખી જેહાદ ઘણે મોટે ભાગે તેમની સામે છે, તેઓ પોતાની હરીફાઈથી અને પોતાની સંયમી તેમ જ કરકસરની ટેવોથી જીવનની જરૂરિયાતોની ચીજવસ્તુઓના ભાવ નીચા ઉતારવાને સમર્થ થયા છે. આ વાત યુરોપિયન વેપારીઓને ફાવતી નથી કેમ કે તેમને મોટા નફા કરવા છે. એ વાત જાણીતી છે કે, તમારા અરજદારો જેઓ વેપારીઓ છે તેઓ બધા લગભગ અપવાદ વગર કેફી પીણાંને અડતા નથી. તેમની રહેણીકરણીની ટેવો સાદી છે અને તેથી તેમને થોડા નફાથી સમાધાન રહે છે. તેમની સામેના વિરોધનું આ અને આ જ એક કારણ છે અને દક્ષિણ આફ્રિકામાં હરેક જણ આ વાત બરાબર જાણે છે. વાત આવી છે તે દક્ષિણ આફ્રિકાનાં અખબારોમાંથી પણ સમજી શકાય છે કેમ કે તે બધાં કેટલીક વાર ખુલ્લી વાત કરે છે અને હિંદીઓ તરફના દ્વેષને છતો કરી આપે છે. આમ જેને તુચ્છકારથી 'કુલીઓનો સવાલ' કહીને ઓળખાવવામાં આવે છે તેની ચર્ચા કરતાં સાચો "કુલી" (મજૂર) દક્ષિણ

Gandhi Heritage Portal

આફ્રિકાને સારુ અનિવાર્યપણે જરૂરનો છે એટલું દર્શાવ્યા બાદ ૧૮૯૩ની સાલના સપ્ટેમ્બર માસની ૧૫મી તારીખનું *ધિ નાતાલ એડ્વર્ટાઇઝર* આ પ્રમાણે બખાળો કાઢે છે:

> હિંદી વેપારીને દબાવી દેવાને અને બની શકે તે ફરજ પાડવાને જેટલાં વહેલાં પગલાં લેવાય તેટલાં સારાં. એ જ લોકો સમાજના ખુદ મર્મ કોરી ખાનારો અસલ કીડો છે.

૨૪. વળી, ટ્રાન્સવાલની સરકારનું મુખપત્ર *પ્રેસ* આ સવાલની ચર્ચા કરતાં કહે છે કે "એશિયાવાસીઓનું આક્રમણ રોકવામાં નહીં આવે તો નાતાલ અને કેપ કૉલોનીના ઘણા ભાગોમાં યુરોપિયન દુકાનદારો પાયમાલ થઈ ભોંય ભેગા થયા છે તેમ અહીં પણ તેમને માટે બીજો આરો નથી." ઉપરનો આખોયે લેખ રસિક વાચન પૂરું પાડે છે અને દક્ષિણ આફ્રિકામાં રંગવાળા લોકો તરફની યુરોપિયનોની લાગણીનો સારો નમૂનો છે. તેનો આખો સૂર હરીફાઈને કારણે પેદા થતા ડરનો હોવા છતાં તેમાં નીચેનો એક લાક્ષણિક ફકરો છે:

> આપણે આ લોકોના ઘસારાથી ઘસડાઈ જવાના હોઈશું તો યુરોપિયનો મારફતે વેપારનો વ્યવહાર અશક્ય બનશે અને જેમનામાં ચાંદી અને રક્તપિત્ત જેવા રોગ સામાન્ય છે અને બિહામણી કુરૂપ અનીતિ સાધારણ ક્રમ છે એવા ગંદા નાગરિકોના મોટા સમુદાય સાથેના ઘાડા સંપર્કથી આઘું ન રહી શકે એવા ભયંકર જોખમને બધાએ તાબે થવાનું રહેશે.

૨૫. અને છતાં આ અરજની સાથે જોડવામાં આવેલા પ્રમાણપત્રમાં ડૉ. વીલ પોતાનો પુખ્ત અભિપ્રાય આપે છે કે "ઊતરતામાં ઊતરતા વર્ગના ગોરાના કરતાં ઊતરતામાં ઊતરતા વર્ગનો હિંદી વધારે સારી રીતે, વધારે સારા રહેઠાણમાં અને સુખાકારીને માટેના ઈલાજોનું વધારે ધ્યાન રાખીને રહે છે" (પરિ. ૧).

૨૬. વળી, ડૉક્ટર નોંધે છે કે જ્યારે "હરેક પ્રજાનો એક કે એકથી વધારે માણસ કોઈ ને કોઈ વખતે ચેપી રોગના દરદીઓની ઇસ્પિતાલમાં હતો પરંતુ એક પણ હિંદી તેમાં નહોતો." આની સાથે વધારામાં જોહાનિસબર્ગના બે દાક્તરોનો એવી મતલબનો પુરાવો છે કે "હિંદીઓ પોતાના જેવા જ દરજ્જાના યુરોપિયનો કરતાં કોઈ પણ રીતે ઊતરતા નથી" (પરિ. ૨ અને ૩).

૨૭. આ વાદાવાદમાં તમારા અરજદારોએ ઉઠાવેલા મુદ્દાના વિશેષ સમર્થનમાં હિંદીઓને પક્ષે જેવી જોઈએ તેવી ન્યાયી રીતે રજૂ કરનારો ઉતારો ૧૮૮૯ની સાલના *કેપ ટાઇમ્સ* અખબારના એપ્રિલ માસની ૧૩મી તારીખના અંકના અગ્રલેખમાંથી ટાંકવાની તમારા અરજદારો છૂટ લેવા ચાહે છે.

> હિંદી અને આરબ વેપારીઓની કરણીને વિષે સવારનાં અખબારોમાં પ્રસંગોપાત્ત પ્રગટ થતા ફકરાઓ પરથી થોડા વખત પહેલાં ટ્રાન્સવાલની રાજધાનીમાં 'કુલી વેપારી' સામે જે બુમરાણ મચ્યું હતું તેની યાદ આવે છે.

હિંદી વેપારી સાહસનું રોચક વર્ણન બીજા અખબારમાંથી ઉતાર્યા બાદ તે અગ્રલેખમાં આગળ કહ્યું છે:

> આ પ્રકારે યાદ આપવામાં આવે છે ત્યારે થોડા વખતને સારુ થોભી જઈ આબરૂદાર અને તનતોડ મહેનત કરવાવાળા લોકોના સમુદાયનો ઉલ્લેખ કરવાને માટે માફી મેળવવાની અપેક્ષા સહેજે રાખી શકાય કેમ કે તેમની સ્થિતિને વિષે એવી ગેરસમજ ફેલાયેલી છે કે તેઓ કયા રાષ્ટ્રની પ્રજા છે એ વાત વીસરી જવાય છે અને તેમને એવા નામથી

Gandhi Heritage Portal

ઓળખાવવામાં આવે છે કે તેમના ઈતર માનવબંધુઓની નજરમાં તેમને અત્યંત ઊતરતે દરજ્જે મૂકી દેવાનું વલણ કેળવાય છે. વળી, જેની સફળતાની હિંદી વેપારીઓ માટે બદનક્ષીભરી ખોટી વાતો ચલાવનારાઓને અદેખાઈ થયા વગર રહે નહીં એવા વેપારનો મોટો આર્થિક વહેવાર ચાલે છે ત્યારે એ વેપાર ખેડનારાઓને આ દેશના ધર્મવિહોણા અર્ધા જંગલી મૂળ વતનીઓની કક્ષાએ મૂકવા માટેની, તેમને અલગ લત્તાઓમાં ગોંધી દેવા માટેની અને જે કાયદાઓ વડે ટ્રાન્સવાલના કાફરાઓ પર શાસન ચાલે છે તે વધારે કઠોર કાયદાઓનો તેમના પર અમલ કરાવવા માટેની ચળવળ સમજાય એવી નથી. શાંત ને નિરુપદ્રવી આરબ દુકાનદાર તેમ જ ઘેર ઘેર ફરી તરેહતરેહના માલસામાનની ફેરી કરનારો સીધોસાદો હિંદી કુલી છે એવી જે છાપ ટ્રાન્સવાલ ને કેપ કૉલોનીમાં સારી પેઠે ફેલાયેલી છે તે એ લોકો કઈ પ્રજામાંથી નીપજ્યા છે તે વાતના મોટે ભાગે ઘમંડભર્યા અજ્ઞાનને આભારી છે. જ્યારે ખ્યાલ કરીએ છીએ કે કાવ્યમય અને ગૂઢ રહસ્યમય પુરાણ-કથાઓવાળા બ્રાહ્મણધર્મનું બીજ આ "કુલી વેપારી"ની ભૂમિમાં પ્રગટ થઈને પોષાયું હતું, ચોવીસ સૈકા પર લગભગ ઈશ્વરી અવતાર જેવા બુદ્ધે આત્મત્યાગનો ઉજ્જવળ સિદ્ધાંત ઉપદેશી તે જ ભૂમિમાં આચરી બતાવ્યો હતો, આપણે ખુદ જે ભાષા બોલીએ છીએ તેના અસલ સિદ્ધાંતો અને સત્યો વિધિએ ઘડેલી એ જ પ્રાચીન ભૂમિનાં મેદાનો અને પર્વતોમાંથી પ્રગટયાં હતાં, ત્યારે ખેદ થયા વગર રહેતો નથી કે તે ભૂમિની પ્રજાનાં સંતાનોની સાથે કાળા ધર્મવિહોણા જંગલી પ્રદેશના અને તેનીયે પેલી પારના અંધારા મુલકનાં સંતાનોની સાથે ચલાવવામાં આવે તેવો વહેવાર રાખવામાં આવે છે. જે કોઈ હિંદી વેપારીની સાથે થોડો વખત પણ વાતચીત કરવાને થોભ્યું હશે તેને આપણો એક વિદ્વાન તેમ જ સંસ્કારી સજ્જન સાથે મેળાપ થયો એવી નવાઈ કદાચ થયા વગર નહીં રહી હોય. . . અને આ સંસ્કાર તેમ જ જ્ઞાનના પ્રકાશવાળી ભૂમિના પુત્રોને કુલી કહીને તુચ્છકારવામાં આવે છે ને તેમની સાથે કાફરાઓ સાથે ચલાવવામાં આવે છે તેવો વહેવાર રાખવામાં આવે છે.

હિંદી વેપારીની સામે બુમરાણ મચાવનારાઓનેં તે કોણ અને શું છે તે સ્પષ્ટપણે બતાવી આપવાનો વખત લગભગ પાકી ગયો છે. તેની ખરાબમાં ખરાબ રીતે બદગોઈ કરનારા ઘણા બ્રિટિશ પ્રજાજન હોઈ એક તેજસ્વી અને ઊજળી કોમના સભ્ય તરીકેના બધા હક તેમ જ અધિકાર ભોગવે છે. અન્યાયની ચીડ અને સૌને સારુ ન્યાયી વર્તન માટેનો પ્રેમ તેમના હાડમાં ઊતરેલાં હોઈ જ્યારે જ્યારે એ બાબતો તેમને પોતાને અસર કરે છે ત્યારે પરદેશી રાજ્યના કે ખુદ પોતાની સરકારના અમલ નીચે પોતાના હક અને પોતાની સ્વતંત્રતાને સારુ આગ્રહ બતાવવાની કાર્યપદ્ધતિ તેમણે કેળવી છે. હિંદી વેપારી પણ બ્રિટિશ પ્રજાજન હોઈ તેમના જેટલા જ ન્યાયથી તેમના જેવાં જ હક અને સ્વતંત્રતાનો દાવો કરે છે એ બીના સંભવ છે કે તેમના ધ્યાન બહાર જતી રહી હોય. પામર્સ્ટનના જમાનામાં પ્રચલિત થયેલું એક વચન વાપરવાની છૂટ લઈને કંઈ નહીં તો એ વિષે ઓછામાં ઓછું એટલું કહેવું જોઈએ કે જે હક અને અધિકાર બીજાને આપવાની તૈયારી ન હોય તેનો દાવો રાખવો એ ઘણું ગેરઅંગ્રેજી વલણ કહેવાય. રાણી એલિઝાબેથના જમાનાના ઇજારાઓ રદ થયા ત્યારથી વેપાર કરવાનો સૌનો સરખો હક બ્રિટિશ રાજબંધારણનું એક અંગ જેવું બન્યું હોઈ કોઈ તે હકમાં દખલ કરવા નીકળે તો બ્રિટિશ પ્રજાજનનો અધિકાર

Gandhi Heritage Portal

એકાએક તેની સામો ખડો થઈને ઊભો રહે છે. હરીફાઈમાં હિંદી વધારે સફળ નીવડે છે અને અંગ્રેજ વેપારીના કરતાં થોડામાં ચલાવે છે એ દલીલ અન્યાયીમાં અન્યાયી અને નબળામાં નબળી છે. બીજાં રાષ્ટ્રોની આપણે વધારે સફળપણે હરીફાઈ કરવાને સમર્થ છીએ એ હકીકત અંગ્રેજ વેપારનો ખુદ પાયો છે. પોતાના હરીફોની વધારે સફળ વેપારી રીતરસમોની સામે પોતાના બચાવને સારુ રાજ્ય વચ્ચે પડે એમ અંગ્રેજ વેપારીઓ ઇચ્છે છે ત્યારે રક્ષણની વાત ખરેખર પાગલપણાની હદે પહોંચી જાય છે. હિંદીઓને એવો હડહડતો અન્યાય થાય છે કે માત્ર વેપારમાં તેમને મળતી સફળતાને કારણે પોતાના દેશબંધુઓ એ લોકોની સાથે દક્ષિણ આફ્રિકાના મૂળ વતનીઓની માફક કામ લેવાય એમ ઇચ્છે છે ત્યારે તેમને માટે શરમથી નીચું જોવા જેવું થાય છે. રાજ કરનારી જાતિની સામે તેઓ આટલા સફળ થયા એટલું એક જ કારણ તે હલકા દરજ્જાથી તેમને ઊંચે ચડાવવાને પૂરતું છે. . . . અખબારોના, ડચમૅનોના અને નિરાશ થયેલા વેપારીના 'કુલી' કરતાં હિંદી વેપારી કંઈક વિશેષ છે એટલું દર્શાવવાને પૂરતું કહેવાઈ ચૂક્યું છે.

૨૮. ઉપર આપવામાં આવેલા ઉતારા પરથી એ પણ સમજાશે કે સ્વાર્થની મારી આંધળી થયેલી નથી હોતી ત્યારે યુરોપિયનોની લાગણી હિંદીઓની વિરુદ્ધ હોતી નથી. પણ ઉપર જણાવેલી ગ્રીન બુકો (સરકારી પ્રકાશનો)માં બધે વારીવારીને કહેવામાં આવ્યું છે કે રાજ્યના નાગરિકો (બર્ગરો) તેમ જ યુરોપિયન રહેવાસીઓ હિંદીઓની સામે વાંધો લે છે તેથી તમારા અરજદારો દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યના માનનીય રાજ્યપ્રમુખને બે અરજીઓ મોકલાવે છે જેમાંની એક દર્શાવે છે કે રાજ્યના નાગરિકો (બર્ગરો)માંથી ઘણી મોટી સંખ્યાના હિંદીઓ ટ્રાન્સવાલમાં સ્વતંત્રપણે રહે અને વેપાર ચલાવે તેની વિરુદ્ધ નથી એટલું જ નહીં, રંજાડ કરે એવાં કાયદાનાં પગલાંને પરિણામે આખરે તેઓ રાજ્ય છોડી જાય તેને મોટી હાડમારી પણ લેખશે (પરિ. ૫); અને બીજી જેના પર યુરોપિયન રહેવાસીઓએ સહીઓ કરી છે તે દર્શાવે છે કે સહી કરનારાઓને મતે હિંદીઓના સ્વચ્છતા તેમ જ આરોગ્યને લગતા રિવાજો યુરોપિયનોના તેવા રિવાજો કરતાં કોઈ રીતે ઊતરતા નથી અને હિંદીઓની સામેની ચળવળ વેપાર અંગેની અદેખાઈને આભારી છે (પરિ. ૬). પણ વસ્તુસ્થિતિ એથી જુદી હોઈ, રાજ્યનો એકેએક નાગરિક (બર્ગર) અને એકેએક યુરોપિયન રહેવાસી હિંદીઓનો હાડોહાડ વિરોધી હોય તોયે તમારા અરજદારો સૂચવે છે કે મૂળ મુદ્દાને કશી અસર થતી નથી; હા, જે કારણોને લીધે એવી વસ્તુસ્થિતિ શક્ય બને તે એવાં હોય કે જેની સામે એ પ્રકારની લાગણી ફેલાયેલી હોય તે કોમને તે કારણોથી નીચું જોવાપણું થાય તો વાત જુદી છે. એ અરજીઓ છાપવાનું શરૂ થતાં સુધીમાં (૧૪–૫–'૯૫) ડચ નાગરિકો (બર્ગરો)ની અરજી પર ૮૯૪ અને યુરોપિયન રહેવાસીઓની અરજી પર ૧,૩૦૦ સહીઓ થઈ ચૂકી હતી.

૨૯. ઑરેન્જ ફ્રી સ્ટેટની વડી અદાલતના વડા ન્યાયાધીશના લવાદી ચુકાદાથી સવાલ જરાયે સરળ થતો નથી કે તેનું નિરાકરણ એક ડગલુંયે નજદીક આવતું નથી એ નીચેની બીનાથી દેખાશે:

લવાદી ચુકાદો જાણે કે અપાયો જ ન હોય તેમ નેક નામદાર શહેનશાહબાનુની સરકારે રાખેલી રક્ષણની જોગવાઈનો પ્રત્યક્ષ અમલ પહેલાંની જેમ જરૂરી રહેશે. કેમ કે, દલીલને ખાતર અને કેવળ તેટલા જ ખાતર માની લઈએ કે લવાદી ચુકાદો યોગ્ય અને છેવટનો છે, અને ટ્રાન્સવાલની વડી અદાલતના વડા ન્યાયાધીશે ઠરાવ્યું છે કે હિંદીઓએ સરકારે મુકરર કરેલી

Gandhi Heritage Portal

જગ્યાઓએ વેપાર કરવો ને રહેવું તો સવાલ એકદમ ઊભો થાય છે કે તેમને ક્યાં રાખવામાં આવશે? તેમને નાળીઓ પર રાખવામાં આવશે? તો તે જગ્યાઓ પર તો સ્વચ્છતા ને આરોગ્ય જાળવવાં અશક્ય છે અને તે કસબાઓની વસ્તીથી એટલી બધી આઘી આવેલી હશે કે હિંદીઓ ત્યાં વેપાર બિલકુલ નહીં કરી શકે અથવા સુઘડપણે બિલકુલ રહી પણ નહીં શકે. મલાયાના વતનીઓને ૧૮૯૩ની સાલમાં વસવાટ ન કરી શકાય એવી જગ્યા કાઢી આપતાં ટ્રાન્સવાલની સરકારની સામે ગ્રીન બુક નં. ૨ના પાન ૭૨ પર આપેલા નીચે ઉતારેલા સખત વાંધા પરથી એમ બનવું તદ્દન સંભવિત છે એવું દેખાઈ આવશે:

> શહેરના બધા કચરાનો ઉકરડો જ્યાં કરવામાં આવતો હોય અને શહેર અને તે સ્થળ વચ્ચેની નાળીમાં ઝરીને આવતા મેલા પાણી વગર બીજું પાણી મળતું ન હોય તેવા નાના વાડામાં ગોંધાઈને રહેવાની ફરજ પડવાથી તેમનામાં અનિવાર્યપણે જીવલેણ તાવો ને બીજી બીમારીઓ ફાટી નીકળ્યા વગર રહે નહીં અને તેથી તેમની પોતાની જિંદગીને અને શહેરની વસ્તીના આરોગ્યને પણ હાનિ પહોંચ્યા વગર રહે નહીં. પણ આ ગંભીર વાંધા ઉપરાંત મુકરર કરવામાં આવેલી જમીન પર (અથવા બીજે કોઈ સ્થળે) પોતે અત્યાર સુધી જેમાં રહેવાને ટેવાયેલા છે તેવાં રહેઠાણો પોતાને સારુ ઊભાં કરવાનાં સાધનો એ લોકો પાસે નથી. એટલે તેમની અત્યારની વસવાટની જગ્યાઓ પરથી ફરજિયાત હાંકી કાઢવાથી તેમને પ્રિટોરિયા છોડી જવું પડશે જેને પરિણામે ખુદ તે લોકોને પોતાને જે હાડમારી વેઠવાની આવશે તેની વાત બાજુએ રાખીએ તોપણ ગોરા લોકોને મોટી અગવડ થશે ને ભારે નુકસાન થશે કેમ કે ગોરાઓ તે લોકોને મજૂરીએ રાખતા આવ્યા છે. . . .

૩૦. એ જ પુસ્તકના છેલ્લા પાના પર ૧૮૯૪ની સાલના માર્ચ માસની ૨૧મી તારીખના પોતાના ખરીતામાં હાઈ કમિશનર નીચે મુજબ જણાવે છે:

> . . . નેક નામદાર શહેનશાહબાનુની સરકાર માનીને ચાલે છે કે પંચનો ચુકાદો બ્રિટિશ પ્રજાજન હોય એવા એશિયાના આદિવાસીઓને લાગુ કરવામાં આવશે.

૩૧. આ ખરીતાના શબ્દો મુજબ લવાદી ચુકાદો એશિયાના આદિવાસીઓને લાગુ થવાનો હોય તો સવાલ એ ઊભો થાય છે કે ટ્રાન્સવાલમાં એશિયાના કોઈ આદિવાસી છે ખરા? હા, બધા એશિયાવાસીઓને આપોઆપ એવા માની લેવાના હોય તો વાત જુદી છે. પણ તમારા અરજદારોને વિશ્વાસ છે કે એ દલીલને ઘડીભરને સારુ પણ સ્વીકારવામાં નહીં આવે. તેથી તમારા અરજદારો અલબત્ત, આદિવાસીઓમાં નહીં ગણાય.

૩૨. હિંદીઓની સામેનો બધો વાંધો સ્વચ્છતા અને આરોગ્યને કારણે હોય તો નીચે બતાવેલા અંકુશો જરાયે સમજાય એવા નથી.

> ૧. કાફરાઓની માફક હિંદીઓ સ્થાવર મિલકતના માલિક થઈ નહીં શકે.
>
> ૨. હિંદીઓએ સરકારી દફતરે ૩ પા. ૧૦ શિ.ની ફી ભરી પોતાની નોંધણી કરાવવી રહેશે.
>
> ૩. પ્રજાસત્તાક રાજ્યની હદમાંથી પસાર થતા આફ્રિકાના અસલ વતનીઓની માફક તેમની પાસે નોંધણીના દાખલાની ટિકિટ ન હોય તો પરવાના રજૂ કરવાના રહેશે.
>
> ૪. રેલગાડીમાં તેઓ પહેલા ને બીજા વર્ગમાં મુસાફરી નહીં કરી શકે. આફ્રિકાના મૂળ વતનીઓની સાથે તેમનાં ખાનાંઓમાં તેમને ઠાંસીને ભરવામાં આવે છે.

Gandhi Heritage Portal

૩૩. તમારા અરજદારો પૈકીના ઘણા ડેલાગોઆ બેમાં મોટી મોટી મિલકતો ધરાવનારાઓ છે એ બીના યાદ રાખીએ તો હીણવવાને માટે કરવામાં આવતાં આ અપમાનોનો ડંખ વધારે કઠે છે. ત્યાં તેઓનું એવું માન રાખવામાં આવે છે કે તેમનાથી રેલગાડીના ત્રીજા વર્ગની ટિકિટ પણ લઈ શકાતી નથી. ત્યાંના યુરોપિયનો હોંશથી તેમને આવકારે છે. તેમને પરવાના રાખવા પડતા નથી. તો પછી તમારા અરજદારો નમ્રપણે પૂછે છે કે તેમની સાથે ટ્રાન્સવાલમાં જુદો વહેવાર શા સારુ રાખવામાં આવે છે? ટ્રાન્સવાલના પ્રદેશમાં પેસતાંની સાથે શું તેમના સ્વચ્છતાના અને આરોગ્યના રિવાજો સૂગ ઉપજાવે તેવા ગંદા બની જાય છે? એવું ઘણી વાર બનતું જોવામાં આવ્યું છે કે એકના એક હિંદી સાથે તેનો તે યુરોપિયન ડેલાગોઆ બેમાં અને ટ્રાન્સવાલમાં જુદો વહેવાર રાખે છે.

૩૪. પરવાના રાખવાનો નિયમ કેવી કનડગત કરે છે તે દર્શાવવાને તમારા અરજદારોએ આની સાથે મિ. હાજી મહમદ હાજી દાદાએ સોગંદ પર કરેલું એક નિવેદન (ઍફિડેવિટ) જોડયું છે જેનું અહીં વિશેષ વિવેચન જરૂરી નથી (પરિ. ૭). મિ. હાજી મહમદ કોણ છે તે ઍફિડેવિટની સાથે જોડેલી એક પત્રની નકલ પરથી સમજાશે. (પરિ. ૮). દક્ષિણ આફ્રિકામાંના સૌથી આગળ પડતા હિંદીઓ પૈકીના તેઓ એક છે. તમારા અરજદારોએ એ ઍફિડેવિટ એક મિસાલ લેખે અને એક સૌથી આગળપડતો હિંદી સુધ્ધાં અપમાન અને ખરેખરી હાડમારી વેઠયા વગર મુસાફરી કરી શકતો નથી તો બીજા હિંદીઓના કેવા હાલ થતા હશે તે બતાવવાને આની સાથે જોડયું છે. જરૂર પડે તો આવા નિષ્ઠુર ઘાતકી વર્તનના સેંકડો દાખલા બનેલા સચોટ સાબિત થઈ શકે તેમ છે.

૩૫. એવું પણ કહેવામાં આવ્યું છે હિંદીઓ પરોપજીવી હોઈ અહીં કશો ખર્ચ કરતા નથી. હિંદી મજૂરો અને તેમનાં બાળકોને સંબંધ છે તે મુજબ આ વાંધામાં કશું તથ્ય માલૂમ પડે એમ નથી અને પૂર્વગ્રહથી વધારેમાં વધારે ઘેરાયેલા યુરોપિયનો સુધ્ધાં તેમને પરોપજીવી માનતા નથી. તમારા અરજદારો પોતાના જાતઅનુભવથી જણાવવાની રજા ચાહે છે કે મજૂરો-માંના મોટા ભાગનાને લાગેવળગે છે ત્યાં સુધી તે લોકો પોતાની આવક કરતાં વધારે ખર્ચ કરીને રહેતા હોઈ પોતપોતાના પરિવાર સાથે અહીં ઠરીઠામ થયા છે. જેમની સામે ખાસ કરીને પૂર્વગ્રહ કેળવાયો છે તે વેપારી હિંદીઓની બાબતમાં થોડા ખુલાસાની જરૂર છે. તમારા અરજદારો જેઓ વેપારીઓ છે તેઓ પોતાના પર આધાર રાખનારાંઓ માટે હિંદુસ્તાન નાણાં મોકલે છે એ વાતનો ઇનકાર કરતા નથી બલ્કે તેનો સ્વીકાર કરવામાં ગૌરવ લે છે, પણ એ રીતે મોકલવામાં આવતી નાણાંની રકમો તેમના ખર્ચના પ્રમાણમાં નજીવી છે. યુરોપિયન વેપારીઓના કરતાં મોજ-શોખમાં તેઓ ઓછો ખર્ચ કરે છે એ જ એક તેમની હરીફો તરીકેની સફળતાનું કારણ છે. તેમ છતાં યુરોપિયન મકાનમાલિકોને તેમણે ઘરભાડાં ચૂકવવાનાં હોય છે, તેમને ત્યાં નોકરો તરીકે કામ કરતા આફ્રિકાના વતનીઓને પગાર આપવાના હોય છે અને માંસને માટે જે જાનવરો તેઓ ખરીદે છે તેમના પૈસા ડચ વેપારીઓને આપવાના હોય છે. બીજી ચા, કાફી જેવી વપ-રાશની ચીજો અહીં આ મુલકમાંથી ખરીદાય છે.

૩૬. ત્યારે ખરેખર સવાલ એ નથી કે હિંદીઓ આ લત્તામાં રહે કે પેલા લત્તામાં રહે, પણ એ છે કે આખાયે દક્ષિણ આફ્રિકામાં તેમણે કયે દરજ્જે રહેવાનું છે. કેમ કે ટ્રાન્સવાલમાં જે કંઈ કરવામાં આવશે તેની બીજાં બે સંસ્થાનો ઉપર પણ અસર થયા વગર નહીં રહે.

Gandhi Heritage Portal

સામાન્ય અભિપ્રાય એવો બંધાયો છે કે સ્થાનિક સંજોગો પૂરતા સુધારાવધારા સાથે એ સવાલનો સમાન પાયા પર નિવેડો લાવવો રહેશે.

૩૭. અત્યાર સુધીમાં જે લાગણી વ્યક્ત થઈ છે તે હિંદીને કાફરાની સ્થિતિએ ઉતારી મૂકવાની છે. પણ સામાન્ય લાગણી જે એટલા જોરથી વ્યક્ત થઈ નથી છતાં યુરોપિયન લોકોના મોભાદાર વિભાગની કયાંક કયાંક અખબારોમાં પ્રગટ થઈ છે તે તેનાથી તદ્દન ઊલટી છે.

૩૮. નાતાલ સંસ્થાને દક્ષિણ આફ્રિકાનાં બીજાં રાજ્યોને એક 'કુલી' પરિષદને માટે નિમંત્રણો આપ્યાં છે. અહીં 'કુલી' શબ્દ સરકારી રાહે ઉપયોગમાં લેવાયો હોઈ વ્યક્ત થયેલી લાગણી હિંદીઓની સામે કેવી ઉગ્રપણે ફેલાયેલી છે અને કરી શકાય એમ હોય તો આ સવાલને અંગે પરિષદ શું કરશે તે બતાવે છે. ટ્રાન્સવાલની સરકારે લવાદપંચની આગળ પોતાનો દાવો રજૂ કર્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે 'કુલી' નામ એશિયામાંથી દક્ષિણ આફ્રિકામાં આવનાર કોઈ પણ વ્યક્તિને લાગુ પડે છે.

૩૯. હિંદીઓની સામે દક્ષિણ આફ્રિકામાં આવી ઉગ્ર લાગણી ફેલાયેલી છે, હિતસંબંધ ધરાવનારા લોકો તરફથી ઉપાડવામાં આવેલી ચળવળમાં તે લાગણીનું મૂળ રહેલું છે (એવું ઉપર પૂરતા પ્રમાણમાં દર્શાવી આપવામાં આવ્યું હોવાની આશા છે), એવી લાગણી બધા યુરોપિયનોમાં હરગિજ નથી એ બીના જાહેર છે. દક્ષિણ આફ્રિકામાં પૈસો એકઠો કરી લેવાની સૌ લોકો વચ્ચે પડાપડી ચાલી રહેલી છે, લોકોની નીતિની સ્થિતિ ખાસ ઊંચા પ્રકારની નથી, હિંદીઓના રિવાજો વિષે હડહડતી અવળી રજૂઆતો થાય છે અને તેને પરિણામે તેમને માટે ખાસ અલગ કાયદા-કાનૂનો કરવામાં આવે છે, ત્યારે તમારા અરજદારોની સામે કરવામાં આવતાં નિવેદનો અને હિંદી સવાલના નિવેડાની દરખાસ્તો સ્વીકારતાં પૂરેપૂરી સાવચેતી રાખવાને તમો નામદારને વિનંતી કરતાં કંઈ વધારેપડતું થતું નથી એમ તમારા અરજદારો સૂચવે છે.

૪૦. તમારા અરજદારો તમો નામદારને એ વાત પણ વિચારણામાં લેવા આગ્રહ કરે છે કે ૧૮૫૮ની સાલનો ઢંઢેરો તમારા અરજદારોને નેક નામદાર શહેનશાહબાનુના બીજા પ્રજાજનો જે હક અને અધિકારો ભોગવે છે તે બધા ભોગવવાને હકદાર જાહેર કરે છે એટલું જ નહીં, તમો નામદારે મોકલેલા ખરીતા મુજબ તમારા અરજદારોને તેમની સાથે તે પ્રકારનો વહેવાર રાખવામાં આવશે એવી ખાસ બાંયધરી પણ આપવામાં આવી છે. ખરીતામાં કહ્યું છે:

> નેક નામદાર શહેનશાહબાનુની સરકાર ઇચ્છે છે કે નેક નામદાર શહેનશાહબાનુના હિંદી પ્રજાજનોની સાથે નેક નામદારના બીજા બધા પ્રજાજનોના જેવો સરખાપણાથી વહેવાર થવો જોઈએ.

૪૧. વળી, આ સવાલ દક્ષિણ આફ્રિકા પૂરતો સ્થાનિક નથી; પણ તમારા અરજદારો સૂચવે છે કે સૌથી વધારે પ્રમાણમાં આખા સામ્રાજ્યનો સવાલ છે. બીજાં સંસ્થાનોની અને કરારથી જ્યાં નેક નામદાર શહેનશાહબાનુના પ્રજાજનો વેપાર વગેરેની સ્વતંત્રતા ભોગવે છે અને જ્યાં નેક નામદાર શહેનશાહબાનુના હિંદી પ્રજાજનો જઈને વસવાટ કરે એવો પણ સંભવ છે તે બધા દેશોની નીતિને આ સવાલનું નિરાકરણ અસર કર્યા વગર અગર દોરવણી આપ્યા વગર રહેશે નહીં. વળી દક્ષિણ આફ્રિકામાં રહેતી ઘણી મોટી વસ્તીને પણ એ સવાલ અસર કરે છે. જેઓ દક્ષિણ આફ્રિકામાં ઠરીઠામ થઈ વસવાટ કરીને રહ્યા છે તેમને સારુ તો એ જીવનમરણનો સવાલ છે. તેમની સાથે એકધારો ભેદભર્યો વહેવાર ચલાવી તેમની રંજાડ થતી રહેશે તો તેમની અવનતિ

Gandhi Heritage Portal

થયા વગર રહેવાની નથી. અને તે એટલી હદ સુધી થશે કે પોતાની સંસ્કારી આદતો અને રિવાજોમાંથી નીચા જતા જતા તે લોકો દક્ષિણ આફ્રિકાના આદિવાસીઓની આદતો ને રિવાજો પર પહોંચી જશે અને આજથી એક પેઢીના ગાળા બાદ આ રીતે અવનતિ તરફ ધકેલાતા જતા હિંદીઓની અને સ્થાનિક આદિવાસી વતનીઓની સંતતિની રહેણીકરણીની આદતો, તેના રિવાજો અને વિચારમાં ઝાઝો ફરક વરતાશે નહીં. હિંદીઓને આ મુલકમાં લાવીને વસાવવાનો ખુદ હેતુ માર્યો જશે અને નેક નામદાર શહેનશાહબાનુના પ્રજાજનોનો એક મોટો ભાગ સંસ્કારિતાના માપમાં ઊંચે ચડવાને બદલે નીચે ઊતરી જશે. આવી દશાનાં પરિણામ ખતરનાક નીવડયા વગર નહીં રહે. કોઈ સ્વમાની હિંદી દક્ષિણ આફ્રિકાની મુલાકાત સરખી લેવાની હિંમત નહીં કરે. હિંદીઓના વેપારવણજ બધું ગૂંગળાઈ મરશે. તમારા અરજદારોને જરાયે શંકા નથી કે જે સ્થળમાં નેક નામદાર શહેનશાહબાનુની સત્તા સર્વોપરી છે અને જેના પર યુનિયન જૅક (બ્રિટનનો વાવટો) ફરકે છે ત્યાં તમો નામદાર એવી દુ:ખદ ઘટના કદી નહીં બનવા દો.

૪૨. તમારા અરજદારો અદબ સાથે નિર્દેશ કરવાની રજા ચાહે છે કે, હિંદીઓની સામે જે જાતની લાગણી અત્યારે દક્ષિણ આફ્રિકામાં ફેલાયેલી છે તે દશામાં હિતસંબંધ ધરાવનારા લોકોના બુમરાણને નેક નામદાર શહેનશાહબાનુની સરકાર તાબે થશે તો તમારા અરજદારોને ગંભીર અન્યાય થશે.

૪૩. તમારા અરજદારોની સ્વચ્છતા ને આરોગ્યને લગતી આદતો યુરોપિયન કોમના આરોગ્યને હાનિ પહોંચાડે એવી નથી એ વાત સાચી હોય અને તેમની સામેની ચળવળ વેપારની અદેખાઈને કારણે છે એ પણ સાચું હોય તો તમારા અરજદારો સૂચવે છે કે ઑરેન્જ ફ્રી સ્ટેટની વડી અદાલતના વડા ન્યાયાધીશે આપેલો લવાદી ચુકાદો પંચને નિર્ણયને માટે સોંપવામાં આવેલા મુદ્દાને અક્ષરશ: અનુસરીને હોય તોપણ બંધનકારક થઈ શકતો નથી. તેનું કારણ એ કે લંડનની સમજૂતીનો ત્યાગ કરવાને નેક નામદાર શહેનશાહબાનુની સરકારને જે કારણ આપી સમજાવવામાં આવી તે ખુદ કારણ અસ્તિત્વમાં નથી.

૪૪. આમ છતાં તમારા અરજદારોની સ્વચ્છતા તેમ જ આરોગ્યને લગતી આદતો ને રિવાજોને વિષે આ અરજીમાં કરવામાં આવેલી રજૂઆત અંગેનાં નિવેદનોની બાબતમાં તમો નામદારને શંકા રહેતી હોય તો તમારા અરજદારો નમ્રપણે આગ્રહ કરે છે કે આ સવાલની સાથે મોટાં મોટાં હિતો સંકળાયેલાં છે, તમારા અરજદારોની સ્વચ્છતા તેમ જ આરોગ્યને લગતી આદતો ને રિવાજોની બાબતમાં પરસ્પર વિરોધી રજૂઆતનાં નિવેદનો થયાં છે અને દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની સામેની લાગણી ઉગ્રતાથી ફેલાયેલી છે એ હકીકતો ધ્યાનમાં રાખી લંડનની સમજૂતીનો ત્યાગ કરવાની વાતને છેવટની મંજૂરી આપવામાં આવે તે પહેલાં પરસ્પર વિરોધી નિવેદનોમાંથી સાચું શું તે શોધી કાઢવાને કંઈક નિષ્પક્ષ તપાસ થવી જોઈએ, અને દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના દરજ્જા વિષેનો આખો સવાલ ઝીણવટથી તપાસવો જોઈએ.

છેવટમાં, તમારા અરજદારો પોતાનો સવાલ તમો નામદારના હાથમાં સોંપે છે અને અંતરથી પ્રાર્થના કરે છે ને પૂરેપૂરી આશા રાખે છે કે તમારા અરજદારોને રંગદ્વેષનો ભોગ થવા દેવામાં નહીં આવે અને નેક નામદાર શહેનશાહબાનુની સરકાર હિંદીઓને ઊતરતા દરજ્જાની ને અકુદરતી દશામાં હડસેલી દે તેમ જ તેમની પાસેથી પ્રામાણિકપણે રોજી રળવાનું સાધન ખૂંચવી લે એવો વહેવાર તેમની સાથે ચલાવવાની વાતને મંજૂરી નહીં આપે.

Gandhi Heritage Portal

અને ન્યાય ને દયાના આ કાર્યને સારુ તમારા અરજદારો હંમેશ બંદગી કરવાની પોતાની ફરજ સમજે છે વગેરે.[૧]

## પરિશિષ્ટ ૧

આથી હું દાખલો આપું છું કે પ્રિટોરિયા શહેરમાં પાછલાં પાંચ વરસથી હું સામાન્ય દાક્તર તરીકે વ્યવસાય કરું છું.

એ ગાળા દરમિયાન હિંદીઓમાં મારું કામકાજ ધીકતું ચાલતું હતું અને તેમાંયે ત્રણેક વરસ પહેલાં આજના કરતાં તેમની વસ્તી ઘણી વધારે હતી ત્યારે ખાસ વધારે ચાલતું હતું.

સામાન્યપણે મારા અનુભવમાં આવ્યું છે કે તેઓ શરીરે સ્વચ્છ હતા અને ગંદકી તેમ જ ફૂવડ આદતોને લીધે આવતી બીમારીઓમાંથી મુક્ત રહેતા હતા. તેમનાં રહેઠાણ સામાન્યપણે ચોખ્ખાં હોય છે અને આરોગ્ય તેમ જ સ્વચ્છતાના નિયમો તેઓ રાજીખુશીથી પાળે છે. વર્ગ તરીકે વિચાર કરવામાં આવે તો મારો અભિપ્રાય એવો છે કે નીચલામાં નીચલા વર્ગનો હિંદી નીચલામાં નીચલા વર્ગના ગોરાને મુકાબલે ઊતરે નહીં એટલે કે નીચલામાં નીચલા વર્ગના હિંદીની રહેણીકરણી ચડિયાતી હોય છે, તે વધારે સારા ઘરમાં રહે છે અને નીચલામાં નીચલા વર્ગના ગોરાની સરખામણીમાં સ્વચ્છતા અને સુખાકારીને લગતા ઈલાજોનો વધારે ખ્યાલ રાખે છે.

એથી આગળ મારા જોવામાં આવ્યું કે શહેર અને જિલ્લામાં બળિયાનો વાવર ચાલ્યો અને હજીયે ચાલે છે ત્યારે હરેક પ્રજાનો એક કે એકથી વધારે માણસ કોઈ ને કોઈ વખતે ચેપી રોગના દરદીઓની ઈસ્પિતાલમાં હતો, પરંતુ એક પણ હિંદી તેમાં નહોતો.

મારો અભિપ્રાય છે કે સામાન્યપણે સ્વચ્છતા અને સુખાકારીના નિયમોના પાલનની દૃષ્ટિથી હિંદીઓની સામે વાંધો લેવાનું અશક્ય છે; અલબત્ત, ગોરાઓની જેમ હિંદીઓ પર પણ સુખાકારી ખાતાના અમલદારોની નિયમિત અને સખત દેખરેખ રાખવામાં આવે.

૨૭ એપ્રિલ, ૧૮૯૫ — **એચ. પ્રાયર વીલ**
પ્રિટોરિયા, ઝેડ. એ. આર.[૨] — બી. એ., એમ. બી., બી. એસ. (કૅન્ટાબ.),

## પરિશિષ્ટ ૨

જોહાનિસબર્ગ,
૧૮૯૫

આથી દાખલો આપવામાં આવે છે કે આ નોંધ લઈને આવનારનાં રહેઠાણ મેં તપાસ્યાં છે અને તે સ્વચ્છતા ને આરોગ્યની સ્થિતિમાં માલૂમ પડયાં છે. અને હકીકતમાં એવાં કે તેમાં કોઈ પણ યુરોપિયન વસવાટ કરી શકે. હું હિંદુસ્તાનમાં રહી આવ્યો છું. હું પ્રમાણપત્ર આપી શકું કે તેમનાં અહીંનાં ઝેડ. એ. આર.[૨]માં આવેલાં રહેઠાણો તેમના વતનના દેશમાંનાં તેમનાં રહેઠાણો કરતાં કયાંયે ચડિયાતાં છે.

**સી. પી. સ્પિક,**
એમ.આર.સી.પી. અને એલ. આર.સી. એસ. (લંડન)

૧. અરજીની છાપેલી મૂળ નકલ પર સહીઓ નથી.
૨. દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યને માટેના ડચ નામ ઝુઈદ આફ્રિકાન્શે રિપબ્લિકનું ટૂંકું રૂપ.

Gandhi Heritage Portal

## પરિશિષ્ટ ૩

જોહાનિસબર્ગ,
૧૪મી માર્ચ, ૧૮૯૫

મારા ધંધાની રાહે હિંદીઓના સારા વર્ગ(મુંબઈથી આવેલા વેપારીઓ વગેરે)ના લોકોની મુલાકાતે જવાના પ્રસંગો મને વારંવાર આવતા હોવાથી હું મારો અભિપ્રાય આપું છું કે તેઓ તેમના રીતરિવાજોમાં અને ઘરની રહેણીકરણીમાં તેમના જેવા દરજ્જાના ગોરા લોકોના જેટલા જ સ્વચ્છ છે.

ડૉ. નાહમાચર,
એમ. ડી. વગેરે

## પરિશિષ્ટ ૪

જોહાનિસબર્ગ,
૧૪મી માર્ચ, ૧૮૯૫

અમને નીચે સહી કરનારાઓને માહિતી આપવામાં આવી છે કે દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાંના હિંદી વેપારીઓને લગતા સવાલને અંગે લવાદ પંચે બ્લૂમફોન્ટીનમાં પોતાનું કામકાજ શરૂ કર્યું છે અને વળી, તે હિંદી વેપારીઓની સામેના એવી મતલબના આરોપની કે તેમની રહેણીકરણીની મેલીઘેલી આદતોને કારણે યુરોપિયન વસ્તીની વચમાં તેમનો વસવાટ જોખમરૂપ બન્યો છે તેની અમને જાણ કરવામાં આવી હોવાથી આથી અમે સ્પષ્ટપણે જાહેર કરીએ છીએ કે:

પહેલું જેમનામાંના મોટા ભાગના મુંબઈથી આવે છે તેવા ઉપર જણાવેલા હિંદી વેપારીઓ પોતાના વેપારનાં મથકો તેમ જ રહેવાનાં સ્થળો હકીકતમાં યુરોપિયનોના જેવી જ સ્વચ્છ અને સુખાકારીની સ્થિતિમાં રાખે છે.

બીજું એ કે તેમને 'કુલી' અથવા બ્રિટિશ હિંદુસ્તાનના 'નીચી' ન્યાતના રહેવાસીઓ કહીને ઓળખાવવામાં આવે છે તે ચોખ્ખી ભૂલ છે. કેમ કે તેઓ ચોક્કસ હિંદુસ્તાનની સારી ઉપલી વર્ણના છે.

હેમૉન ગોર્ડન ઍન્ડ કં.
બ્રેન્ડ ઍન્ડ માયકર્સ
લિંડસે ઍન્ડ ઈન્સ
ગુસ્ટાવ શ્નાઈડર
સી. લીબે
ક્રિસ્ટોફર પી. સ્પિક
એ. વેન્ટવર્થ બૉલ
જે. ગારિલિક વતી
એચ. વુડક્રૉફ્ટ
ગૉરડન મિકેલ ઍન્ડ કં.
જોહાનિસબર્ગ, ઝેડ. એ. આર. વતી
આર. કોર્ટર

પી. બારનેટ ઍન્ડ કં.
ઈઝરાયલ બ્રધર્સ વતી
એચ. કલૅપહેમ
પેન બ્રધર્સ વતી
એચ. એફ. બેયર્ટ
જૉસફ લેઝેરસ ઍન્ડ કં.
જિયો. જાસ. કેટલ ઍન્ડ કં.
બોરટન્સ બ્રધર્સ
જે. ડબલ્યુ. જૅગર ઍન્ડ કં. વતી
ટી. શાર્લે
આર. જી. ક્રેમર ઍન્ડ કં.

Gandhi Heritage Portal

હૉલ્ટ ઍન્ડ હૉલ્ટ વતી
બી. ઈમૅન્યુઅલ
ઍડમ ઍલેક્ઝૅન્ડર
બી. ઍલેક્ઝૅન્ડર
એ. બેહરેન્સ
એસ. કોલમૅન
એલેક્ઝૅન્ડર પી. કે
જી. કોનિસબર્ગ વતી
જે. એચ. હૉપકિન્સ
લીબરમૅન, બેલસ્ટેટ ઍન્ડ કં. વતી
જે. એચ. હૉપકિન્સ
જે. એચ. હૉપકિન્સ
શ્લૉમ ઍન્ડ આર્મ્સબર્ગ
હ્યુગો બિન્જેન વતી
જૅસ. ડબલ્યુ. સી.
એચ. બ્રેનબર્ગ ઍન્ડ કં., વતી
જનરલ મરચન્ટ્સ ઍન્ડ
ઈમ્પોર્ટર્સ, જોહાનિસબર્ગ
ઈ. નીલ
જે. કુસ્ટિગ
એન. ડબલ્યુ. લ્યુઈ
સ્પેન્સ ઍન્ડ હરી
ફ્રીસમૅન ઍન્ડ શૅપિસો
જે. ફૉગલમૅન
ટી. રેટ્સ ઍન્ડ કં.
બી. ગુન્ડેલફિંગર વતી
જે. ગુન્ડેલફિંગર

## પરિશિષ્ટ ૫

(ખરો તરજુમો)

નામદાર દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યના રાજ્યપ્રમુખ,
પ્રિટોરિયા

નામદારને વિનંતી જે

પ્રજાસત્તાક રાજ્યમાં રહેતા ચોક્કસ હિતસંબંધ ધરાવનારા યુરોપિયનો તરફથી રાજ્યના નાગરિકો (બર્ગરો) હિંદીઓ રાજ્યમાં રહે અગર વેપાર ચલાવે તેની સામે છે એવી મતલબની થતી હડહડતી અવળી રજૂઆત અને તેમની એ લોકો સામેની ચળવળ ધ્યાનમાં લેતાં અમે નીચે સહી કરનારા નાગરિકો (બર્ગરો) અદબ સાથે જણાવવાની રજા ચાહીએ છીએ કે, એ લોકો રાજ્યમાં રહે અને વેપાર કરે તેના વિરોધની વાત તો આઘી રહી, ઊલટું નાગરિકો તેમને સુલેહશાંતિથી રહેનાર અને કાયદાને વફાદાર રહીને ચાલનાર માણસો તરીકે ઓળખતા હોઈ તેમને પસંદ કરવા લાયક વર્ગના લોકો ગણે છે. પોતાની કરકસરની અને સંયમી ટેવોને લીધે વેપારમાં સફળપણે તીવ્ર હરીફાઈ કરવાને સમર્થ હોવાથી તેઓ જીવનની જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ નીચા રાખી ગરીબ વસ્તીને ખરેખરા આશીર્વાદરૂપ છે.

અમે સૂચવવાનું સાહસ કરીએ છીએ કે તેમની રાજ્ય છોડી ચાલી જવાની વાત અમારે માટે અને ખાસ કરીને અમારામાંના જે વેપારનાં મથકોથી દૂર દૂર રહે છે અને તેથી પોતાની રોજેરોજની જરૂરિયાતો મેળવવાને હિંદીઓ પર આધાર રાખે છે તેમને માટે ભારે આફતરૂપ બનશે અને તેથી તેમની અને તેમાંયે ખાસ વેપાર અને ફેરી કરનારા હિંદીઓની સ્વતંત્રતા પર અંકુશ મૂકનારાં અને જેમની નેમ આખરે તેમને અહીંથી કાઢવાની હોય તેવાં કોઈ પણ કાનૂની પગલાં અમારી સુખસગવડમાં બાધા ઊભી કર્યા વગર રહેશે નહીં. તેથી નમ્રતાથી અમે અરજ ગુજારીએ છીએ કે હિંદીઓને ટ્રાન્સવાલમાંથી ભડકાવી ભગાડી મૂકે એવાં કોઈ પગલાં સરકારે ન લેવાં.

[આ પર ઘણા બર્ગરોએ સહીઓ કરી છે.]

Gandhi Heritage Portal

## પરિશિષ્ટ ૬

દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યના નામદાર રાજ્યપ્રમુખ,
પ્રિટોરિયા

આ પ્રજાસત્તાક રાજ્યમાં રહેતા અમે નીચે સહી કરનારા યુરોપિયનો આ મુલકમાં સ્વતંત્ર-પણે રહેનારા અગર વેપાર ચલાવનાર હિંદીઓની સામે હિતસંબંધ ધરાવનારા ચોક્કસ શખસોએ ઊભી કરેલી ચળવળની સામે વિરોધ કરવાની રજા ચાહીએ છીએ.

અમારા જાતઅનુભવને લાગેવળગે છે તે મુજબ અમે માનીએ છીએ કે તેમની સ્વચ્છતા ને આરોગ્યની ટેવો યુરોપિયનોની તેવી જ ટેવો કરતાં કોઈ રીતે ઊતરતી નથી, અને તેમનામાં ચેપી રોગોના ફેલાવા વિષેનાં નિવેદનો ને તેમાંયે હિંદી વેપારીઓ વિષેનાં નિવેદનો ખસૂસ પાયા વગરનાં છે.

અમે દૃઢપણે માનીએ છીએ કે એ ચળવળનું મૂળ તેમની સ્વચ્છતા ને આરોગ્યને લગતી ટેવો કે રિવાજોમાં નહીં પણ વેપાર અંગેની તેમની સામેની અદેખાઈમાં રહેલું છે કેમ કે પોતાની કરકસરની તેમ જ સંયમી ટેવોથી જીવનની જરૂરિયાતોની ચીજવસ્તુઓના ભાવ તેઓ નીચા રાખ-વાને સમર્થ થયા હોઈ તે કારણે પ્રજાસત્તાક રાજ્યમાં વસતા સમાજના ગરીબ વર્ગોને સારુ અસાધારણ આશીર્વાદરૂપ નીવડ્યા છે.

અમે માનતા નથી કે અલગ લત્તાઓમાં રહેવાની અગર વેપાર કરવાની તેમને ફરજ પાડવાને કોઈ વાજબી કારણ અસ્તિત્વમાં હોય.

તેથી જેનું વલણ તેમની સ્વતંત્રતા પર નિયંત્રણ મૂકવાનું હોય અને આખરે તેઓ પ્રજા-સત્તાક રાજ્ય છોડી ચાલી જાય એવું પરિણામ લાવવાનું હોય તેવું કોઈ પણ પગલું અખત્યાર ન કરવાની અગર તેને ચલાવી ન લેવાની અમે તમો નામદારને નમ્રપણે વિનંતી કરીએ છીએ કેમ કે તે પરિણામ ખુદ તેમના રોજી મેળવવાના સાધન પર ઘા કર્યા વગર રહે નહીં અને તેથી અમે નમ્રપણે સૂચવીએ છીએ કે કોઈ પણ ખ્રિસ્તી મુલકમાં નિરાંતે શાંતિથી જોઈને બેસી રહી શકાય નહીં.

[ઉપરની અરજી આફ્રિકાન્સ અને અંગ્રેજી બંને ભાષામાં છપાયેલી છે. રજૂ કરવામાં આવેલી નકલ પર મૂળ પર કરવામાં આવેલી સહીઓ નથી.]

## પરિશિષ્ટ ૭

હું હાજી મહમદ હાજી દાદા ડરબન, પ્રિટોરિયા, ડેલાગોઆ બે અને અન્ય સ્થળોના વેપારી હાજી મહમદ હાજી દાદા ઍન્ડ કંપનીનો વડો અને વ્યવસ્થાપક ભાગીદાર સોગંદ લઈને જણાવું છું કે,

૧. ૧૮૯૪ની સાલમાં એક વખત હું જોહાનિસબર્ગથી ચાર્લ્સટાઉન સિગરામમાં મુસાફરી કરતો હતો.

૨. ટ્રાન્સવાલની હદ પર પહોંચતાં એક વરદીમાં અને બીજો એમ બે યુરોપિયન મારી પાસે આવ્યા અને તમારી પાસે પાસ છે? એમ મને પૂછવા લાગ્યા. મેં જણાવ્યું કે, મારી પાસે કોઈ જાતનો પાસ નથી અને પહેલાં કોઈ વખત આવી રીતે મારી પાસે માગવામાં આવ્યો નથી.

Gandhi Heritage Portal

૩. તે પરથી તે માણસે મને તોછડાઈથી કહ્યું કે તમારે પાસ કઢાવવો પડશે.

૪. મેં તેને મારે માટે પાસ કઢાવવાને અને તે માટે પૈસા આપવાને જણાવ્યું.

૫. તે પછી તેણે ઘણી તોછડાઈથી મને ગાડીમાંથી ઊતરીને પાસ આપનાર અમલદારની પાસે તેની સાથે આવવાને કહ્યું અને જો હું તેમ ન કરું તો મને બહાર ખેંચી કાઢવાની ધમકી આપી.

૬. વળી વધારે ધાંધલ થાય તે ટાળવાને હું ગાડીમાંથી નીચે ઊતરી ગયો. પછી તેણે ઘોડા પર સવારી કરતાં કરતાં મને તેની સાથે આશરે બે માઈલ પગે ચલાવ્યો.

૭. હું ઑફિસે પહોંચ્યો ત્યારે મારે પાસ કઢાવવાની જરૂર નથી એમ જણાવી માત્ર હું કયાં જાઉં છું એટલું મને પૂછવામાં આવ્યું. પછી મને ત્યાંથી ચાલી જવાને કહેવામાં આવ્યું.

૮. મારી સાથે જે માણસ ઘોડેસવારી કરીને આવ્યો હતો તે પણ મને ત્યાં છોડી ગયો અને હું બે માઈલ પાછો ચાલીને મૂળ જગ્યાએ પહોંચ્યો ત્યારે સિગરામ જતો રહ્યો હતો.

૯. એથી ચાર્લ્સટાઉન સુધીનું પૂરું ભાડું ભરેલું હોવા છતાં મારે ત્યાં સુધી બે માઈલથીયે વધારે ચાલીને પહોંચવાનું થયું.

૧૦. મને જાતમાહિતી છે કે આવી જ સ્થિતિમાં બીજા ઘણા હિંદીઓને આવી જ તકલીફ અને અપમાન વેઠવાં પડયાં છે.

૧૧. હમણાં થોડા દિવસ પર બે મિત્રો સાથે મારે ડેલાગોઆ બેથી પ્રિટોરિયા જવાનું થયું હતું.

૧૨. અમારે બધાને ટ્રાન્સવાલમાં મુસાફરી કરી શકીએ તે સારુ દક્ષિણ આફ્રિકાના અસલ વતનીઓને કઢાવવા પડે છે તેમ પાસ કઢાવવા પડયા હતા.

હાજી મહમદ હાજી દાદા

૧૮૯૫ની સાલના એપ્રિલ માસની ૨૪મી તારીખે મારી રૂબરૂ સોગંદ પર નિવેદન કરવામાં આવ્યું.

એનવારાલોહેરી
વી. રાસક

## પરિશિષ્ટ ૮

તારનું સરનામું: "બોટિંગ" પૉઈન્ટ, પોર્ટ નાતાલ,
૨જી માર્ચ, ૧૮૯૫

ધિ આફ્રિકા બોટિંગ કંપની લિમિટેડ તરફથી
મિ. હાજી મહમદ હાજી દાદા(મિસર્સ હાજી મહમદ હાજી દાદા ઍન્ડ કંપની)ને

વહાલા સાહેબ,

તમે થોડા વખતને સારુ હિંદુસ્તાન જાઓ છો તે જાણી તે પ્રસંગે પાછલાં પંદર વરસના અમારા તમારી સાથેના વેપારના સંબંધો દરમિયાન જેનો અમને અનુભવ થયો છે તે તમારી વેપારના વહેવારને અંગેની અનેક જુદી જુદી લાયકાતો માટેની અમારી કદરની લાગણી અમે પ્રગટ કરીએ છીએ અને અમને જણાવતાં ઘણી ખુશી થાય છે કે તમે અહીં રહ્યા તે દરમિયાન વેપારી કોમમાંથી કોઈએ તમારા પ્રમાણિકપણા બાબત શંકા ઉઠાવી નથી અને અમને વિશ્વાસ

Gandhi Heritage Portal

છે કે તમે નાતાલ પાછા આવવાનું વિચારશો ને તે વખતે તમારી સાથેના વેપારના સંબંધો ફરી ચાલુ કરવાની અમે ઉમેદ રાખીએ છીએ. તમારી મુસાફરી ઘણી આનંદ આપનારી નીવડો એવી આશા સાથે,

અમે છીએ,
તમારા વિશ્વાસુ,
આફ્રિકન બોટિંગ કંપની વતી
(સહી) **ચાર્લ્સ ટી. હિચિન્સ**

[મૂળ અંગ્રેજી]

પરિશિષ્ટો સાથેની અરજીની છાપેલી નકલની છબી પરથી.

## ૫૩. લૉર્ડ એલ્જિનને અરજી[1]

[મે, ૧૮૯૫]

નામદાર ધિ રાઈટ ઑનરેબલ ધિ અર્લ ઑફ એલ્જિન,
પી. સી., જી. એમ. એસ. આઈ., જી. એમ. આઈ. ઈ.
હિંદના વાઈસરૉય અને ગવર્નર-જનરલ
કલકત્તા

**દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાં રહેતા**
**નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રપણે દર્શાવે છે કે

દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાંની હિંદી કોમના પ્રતિનિધિની હેસિયતથી તમારા અરજદારો દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાંના નેક નામદાર શહેનશાહબાનુના હિંદી બ્રિટિશ પ્રજાજનોની બાબતમાં તમો નમદારને આ વડે અરજ ગુજારવાનું સાહસ કરે છે.

જેના પર દસ હજારથીયે વધારે બ્રિટિશ હિંદીઓએ સહીઓ કરી છે અને જે ધિ રાઈટ ઑનરેબલ સંસ્થાનોના સેક્રેટરી ઑફ સ્ટેટને મોકલવામાં આવી હતી તે આના જેવી બીજી અરજમાં[2] સમાવવામાં આવેલી હકીકતો તેમ જ દલીલો ફરી વાર રજૂ કરવાને બદલે તમારા અરજદારો આની સાથે પરિશિષ્ટો સાથેની તેની નકલ આમેજ કરવાની અને તેને જોઈ ધ્યાન પર લેવાની વિનંતી કરવાની તમો નામદારની રજા ચાહે છે.

પુખ્ત વિચારણા બાદ તમારા અરજદારો એવા નિર્ણય પર આવ્યા છે કે નેક નામદાર શહેનશાહબાનુના પ્રતિનિધિ અને આખાયે હિંદુસ્તાનના વાસ્તવિક શાસક તરીકે તમારું રક્ષણ અમે નહીં શોધીએ અને તે રક્ષણ બક્ષવાની કૃપા નહીં થાય તો દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાંના નહીં, બલકે આખાયે દક્ષિણ આફ્રિકામાંના હિંદીઓની દશા તદ્દન અસહાય બની જશે

૧. લૉર્ડ રિપનને સાદર કરવામાં આવેલી અરજીની સાથે આ અરજી સર જેકોબસ દ વેટે કેપટાઉન મુકામે રહેતા હાઈ કમિશનરને ૧૮૯૫ની સાલના મે માસની ૩૦મી તારીખે રવાના કરી હતી.

૨. લૉર્ડ રિપનને અરજી. જુઓ પાછળ પા. ૧૪૨

Gandhi Heritage Portal

અને દક્ષિણ આફ્રિકામાંના સાહસિક હિંદીઓ પોતાના કંઈ પણ વાંકગુના વગર દક્ષિણ આફ્રિકાના આદિવાસી વતનીઓની સ્થિતિમાં ફરજિયાત ધકેલાઈ જશે.

દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યની મુલાકાતે આવનારા કોઈ અજાણ્યા હોશિયાર માણસને જણાવવામાં આવે કે અહીં દક્ષિણ આફ્રિકામાં રહેનારી પ્રજામાં એક એવા વર્ગના લોકો છે જે સ્થાવર મિલકત ધારણ કરી શકતા નથી, જેઓ રાજ્યમાં પરવાના વગર ગમે ત્યાં હરીફરી શકતા નથી, આ મુલકમાં વેપાર કરવાને સારુ દાખલ થતાંની સાથે જેમને એકલાને ખાસ નોંધણી ફીની ત્રણ પાઉંડ ને દસ શિલિંગની રકમ ભરવી પડે છે, જેમને વેપાર કરવાને સારુ લાઈસન્સ મળતાં નથી; અને જેમને ટૂંક વખતમાં ફરમાવવામાં આવશે કે તમારે શહેરો ને કસબાઓથી આઘેની જગ્યાઓએ જઈને રહેવું, માત્ર ત્યાં જ વેપાર કરવો ને તમારાં રહેઠાણોમાંથી નવ વાગ્યા પછી બહાર નીકળી હરવુંફરવું નહીં, અને તે અજાણ્યા મુલાકાતીને પૂછવામાં આવે કે એ લોકોની આવી જાતની ખાસ ગેરલાયકાતનાં કારણો તમે કયાં ધારો છો તો જવાબમાં તે શું એમ નહીં કહે કે એ લોકો પાકા મવાલી, અરાજકવાદી અને રાજ્ય તેમ જ સમાજને માટે મોટા રાજદ્વારી જોખમરૂપ હોવા જોઈએ? અને છતાં તમારા અરજદારો તમો નામદારને ખાતરી આપવા રજા ચાહે છે કે ઉપર ગણાવેલી બધી ગેરલાયકાતોનો ભોગ બનનારા હિંદીઓ મવાલીઓ નથી, કે અરાજકવાદીઓ નથી, પણ દક્ષિણ આફ્રિકામાં ને ખાસ કરીને દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાં કાયદાને વધારેમાં વધારે તાબે થઈને ચાલનારી અને વધારેમાં વધારે શાંતિ ચાહનારી કોમો પૈકીની એક છે.

કેમ કે ખુદ જોહાનિસબર્ગમાં એક બાજુ પર યુરોપિયન કોમોના એવા લોકો છે જેઓ રાજ્યને સારુ ખરેખર ખતરાનું મૂળ છે, હમણાં તાજેતરમાં જ જેમને કારણે પોલીસદળમાં વધારો કરવાની જરૂર ઊભી થઈ છે, અને જેમણે છૂપી પોલીસ પરના કામના બોજમાં ઘણો વધારે પડતો બોજો નાખ્યો છે ત્યારે બીજી બાજુ પર હિંદી કોમે એ બાબતમાં રાજ્યને ફિકર રાખવાને કોઈ કારણ આપ્યું નથી.

ઉપરના નિવેદનના આધાર માટે તમારા અરજદારો અદબ સાથે તમો નામદારને આખાયે દક્ષિણ આફ્રિકાના પ્રદેશનાં અખબારો જોવાને વિનંતી કરે છે.

હિંદી કોમને અંગે જેના પરિણામરૂપે આજની સ્થિતિ ઊભી થઈ છે તે સક્રિય આંદોલને પણ હિંદીઓની વિરુદ્ધ આવા પ્રકારના કોઈ આરોપો મૂકવાની ઇચ્છા રાખી નથી.

જે એકમાત્ર આરોપ રજૂ કરવામાં આવ્યો છે તે એ છે કે હિંદીઓ સ્વચ્છતાનું બરોબર પાલન કરતા નથી. તમારા અરજદારોને વિશ્વાસ છે કે નામદાર ધિ રાઈટ ઑનરેબલ માર્કિવસ ઑફ રિપનને મોકલવામાં આવેલી અરજીમાં એ આરોપ પાયા વગરનો છે એવું ચોક્કસપણે બતાવવામાં આવ્યું છે. પણ માની લો કે એ આરોપમાં કંઈક તથ્ય છે તોયે એટલું સાફ છે કે સ્થાવર મિલકત ધારણ કરતાં અથવા તેમની સ્વતંત્રતા પર કોઈ પણ જાતના અંકુશ વિના દેશમાં હરવાફરવાને હિંદીઓને રોકવાનું એ કારણ ન હોઈ શકે. અને ત્રણ પાઉંડ ને દસ શિલિંગની ખાસ રકમ ભરવાને હિંદીઓને પાત્ર ઠરાવવાને પણ તે કારણ ન હોઈ શકે.

એમ કહેવામાં આવે એવો સંભવ છે કે દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યે અમુક કાયદાઓ મંજૂર કરી દીધા છે અને ઑરેન્જ ફ્રી સ્ટેટના વડા ન્યાયાધીશે પોતાનો લવાદી ચુકાદો આપી દીધો છે અને એ વાત નેક નામદાર શહેનશાહબાનુની સરકારને બંધનકર્તા છે.



Gandhi Heritage Portal

તમારા અરજદારો નમ્રપણે માને છે કે સાથે જોડવામાં આવેલી અરજીમાં આ વાંધાઓનો જવાબ આપવામાં આવ્યો છે. લંડનનો કરાર નેક નામદાર શહેનશાહબાનુના બધાયે બ્રિટિશ પ્રજાજનોના હકોને ખાસ રક્ષણ આપે છે. આ સ્વીકારાયેલી હકીકત છે. નેક નામદાર શહેનશાહબાનુની સરકારે એ કરારથી ફંટાઈને ચાલવાને તેમ જ લવાદીને સ્વચ્છતાનાં કારણોસર પોતાની સંમતિ આપી હતી. અને તમારા અરજદારોને માહિતી આપવામાં આવી છે કે એ કરારની સમજૂતીથી જુદી રીતે ચાલવાને આપવામાં આવેલી સંમતિ તમો નામદારના હોદ્દા પર તમારી આગળના આવી ગયેલા નામદાર સાથે સલાહમસલત કર્યા વગર આપવામાં આવી હતી. આમ, તમારા અરજદારો આગ્રહપૂર્વક કહેવાનું સાહસ કરે છે કે, હિંદની સરકારને લાગેવળગે છે ત્યાં સુધી એ સંમતિ બંધનકર્તા નથી. હિંદી સરકાર સાથે સલાહમસલત થવી જોઈતી હતી એ બીના આપમેળે સાબિત થાય એવી છે. અને આ તબક્કે માત્ર આ એક કારણસર તમો નામદાર તમારા અરજદારોની વતી આ મામલામાં વચ્ચે પડવા રાજી ન હો તોપણ જે કારણો બતાવી આ સંમતિ આપવાને સમજાવવામાં આવ્યું તે કારણો મોજૂદ નહોતાં અને નથી એટલી હકીકત તેમ જ નેક નામદાર શહેનશાહબાનુની સરકારને ખોટી રજૂઆતો વડે ગેરરસ્તે ચડાવી દેવામાં આવી છે તે હકીકત તમો નામદારને દરમિયાનગીરી કરવાને અરજ કરવાનું અને તે અરજ મંજૂર રાખવાનું વાજબી કારણ પૂરું પાડે છે એમ તમારા અરજદારો નમ્રપણે સૂચવવા ચાહે છે.

અને આ મામલામાંથી ઊભા થતા મુદ્દાઓ એવા ગંભીર મહત્ત્વના તેમ જ આખાયે સામ્રાજ્યને લગતા છે કે જાહેર સુખાકારીને અંગે મૂકવામાં આવતા આરોપો સામે તમારા અરજદારોએ ભારપૂર્વક પણ નમ્રતાથી લીધેલા વાંધાને ખ્યાલમાં લઈ, તમારા અરજદારો નમ્રતાપૂર્વક સૂચવવા ચાહે છે કે, પૂરેપૂરી તપાસ કર્યા વગર આ સવાલનો નિવેડો આવી શકે તેવો નથી અને તેવી તપાસ વગર નિવેડો લાવવાથી દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યમાં રહેતાં નેક નામદાર શહેનશાહબાનુનાં પ્રજાજનોને અન્યાય થયા વગર રહે નહીં.

તમો નામદારનો મૂલ્યવાન સમય હવે વધારે ન લેતાં આની સાથે જોડવામાં આવેલી અરજી પર એકાગ્રતાથી ધ્યાન આપવાને તમો નામદારના અરજદારો ફરીને વિનંતી કરે છે અને છેવટમાં અંતરથી આશા રાખે છે કે દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદી બ્રિટિશ પ્રજાજનોને તમો નામદારનું રક્ષણ ઉદારપણે બક્ષવામાં આવશે.

અને ન્યાયના તેમ જ દયાના આ કાર્યને સારુ તમારા અરજદારો હંમેશ બંદગી ગુજારશે.

[ મૂળ અંગ્રેજી ]

છાપેલી નકલની છબી પરથી

Gandhi Heritage Portal

# ૫૪. નાતાલ કાઉન્સિલને અરજી[1]

ડરબન,
[જૂન ૨૬, ૧૮૯૫ પહેલાં]

નામદાર લેજિસ્લેટિવ કાઉન્સિલના નામદાર પ્રમુખ તેમ જ સભ્યો જોગ

**નાતાલ સંસ્થાનમાં વેપારીઓ તરીકે રહેતા નીચે સહી કરનારા હિંદીઓની અરજી**

નમ્રતાપૂર્વક દર્શાવે છે કે :

સંસ્થાનમાંની હિંદી કોમના પ્રતિનિધિની હેસિયતથી તમારા અરજદારો આથી તમારી નામદાર કાઉન્સિલને ઇન્ડિયન ઈમિગ્રેશન લૉ એમેન્ડમેન્ટ બિલ (હિંદીઓને સંસ્થાનમાં પ્રવેશ કરવા દેવાને લગતા કાયદાના સુધારાના ખરડા)ની બાબતમાં તે ખરડો મજૂરીના કરારની ચાલુ મુદતને અસર કરે છે તેટલા પૂરતી અને પોતાના કરારની મુદત પૂરી થયે સ્વતંત્ર હિંદી તરીકે સંસ્થાનમાં રહેવા માગનારા સંસ્થાનમાં દાખલ થયેલા હરેક હિંદીએ વરસોવરસ ૩ પાઉન્ડ ભરી પરવાનો કઢાવવાની દરખાસ્ત કરે છે તેને અંગે અરજ ગુજારવાનું સાહસ કરે છે.

તમારા અરજદારો સાદર નિવેદન કરવાની રજા ચાહે છે કે ઉપર જણાવેલી ખરડાની બંને કલમો બિલકુલ અન્યાયી હોઈ તેમને સામેલ કરવા માટે કોઈ કારણ ઊભું થયું નથી.

આ બાબતને અંગે તપાસ કરી હેવાલ રજૂ કરવાને હિંદુસ્તાન મોકલવામાં આવેલા પ્રતિનિધિ મિ. બિન્સ અને મિ. મેસનના હેવાલમાંથી નીચેના ફકરા તરફ તમારા અરજદારો તમારા નામદાર સભાગૃહનું નમ્રતાપૂર્વક ધ્યાન ખેંચે છે :

> મજૂરીના કરાર માટે બીજી મુદતને સારુ સંમતિ આપવાને હિંદુસ્તાનની સરકાર પાસે વારંવાર માગણી થઈ હોવા છતાં કુલીઓ દેશાન્તર કરી જ્યાં જ્યાં ગયા છે તેવા કોઈ પણ મુલક સાથે તેવી સમજૂતી થઈ નથી; અને કરારની મુદત પૂરી થયે ફરજિયાત હિંદુસ્તાન પાછા ફરવાની શરત એક પણ દાખલામાં મંજૂર રાખવામાં આવી નથી.

તમારા અરજદારો નિવેદન કરે છે કે ખરડાની એ કલમો મૂળ સમજૂતીથી સરિયામ જુદી પડે છે અને તેથી બધાંયે બ્રિટિશ સંસ્થાનોમાં જે રિવાજ ચાલે છે તેના કરતાં સ્થિતિ વધારે બગડે છે.

મજૂરી માટેના મુદતી કરારથી બંધાઈને આવનારા હિંદીની સરેરાશ ઉંમર કરાર થાય તે વખતે પચીસ વરસની માનીને ચાલીએ તો જે કલમથી હિંદી મજૂર પાસે દસ વરસ કામ લેવાની અપેક્ષા રાખવામાં આવી છે તેના અમલથી મજૂરીના કરાર મુજબ આવનાર હિંદીની જિંદગીનો સારામાં સારો ગાળો બંધનની દશામાં જ વહી જાય.

દસ વરસ સુધી સંસ્થાનમાં ચાલુ વસવાટ કર્યા બાદ કોઈ પણ હિંદીએ હિંદુસ્તાન પાછા જઈ રહેવાની વાત ચોખ્ખી મૂર્ખાઈ જ ઠરે. તેનાં બધાં જૂનાં બંધનો ને સંબંધો તૂટી ગયેલાં હોય. આવો હિંદી પોતાની માતૃભૂમિમાં પ્રમાણમાં અજાણ્યા આગંતુક જેવો હોય. હિંદુસ્તાનમાં

૧. આ અરજી ધિ નાતાલ મર્ક્યુરીમાં ૧૮૯૫ની સાલના જૂન માસની ૨૬મી તારીખે પ્રસિદ્ધ થઈ હતી.

Gandhi Heritage Portal

રોજગારીનું કામ મેળવવાનું અશકય જેવું થઈ પડે. ત્યાં મજૂરીના બજારમાં સારીસરખી ભીડ જામી છે અને તેણે મૂડીના વ્યાજ પર નભી શકાય એટલી રકમ બચાવેલી હોય નહીં.

દસ વરસને માટે તેને મળેલી કુલ રકમ પાઉન્ડ ૮૭ થાય. મુદતી કરારથી બંધાઈને અહીં આવનાર હિંદીને કરારની મુદતના દસ વર્ષના આખાયે ગાળા દરમિયાન કપડાંલત્તાંનો બીજો ખર્ચ માત્ર પાઉન્ડ ૩૭નો થાય એમ ગણીએ તો તેની પાસે ૫૦ પાઉન્ડની રકમની બચત રહે. હિંદુસ્તાન જેવા ગરીબ મુલકમાં પણ માંડ શરીરને નભાવવાને જરૂરી રકમ જેટલું વ્યાજ એટલી મૂડીમાંથી તેને મળે નહીં. તેવો હિંદી તેથી હિંદુસ્તાન પાછા ફરવાનું સાહસ કરે તો પણ તેને મજૂરી માટેનો મુદતી કરાર સ્વીકારી અહીં પાછા આવવાની ફરજ પડે અને એમ તેની આખી જિંદગી ગુલામીમાં જ પૂરી થઈ જાય. એ ઉપરાંત આ મજૂરીથી બંધાયેલા હિંદીને પોતાનું એવું કુટુંબ હોય તો આ દસ વર્ષ દરમિયાનમાં તેના તરફ તે બિલકુલ ધ્યાન જ નહીં આપી શકે. અને કુટુંબ ધરાવતો માણસ ૫૦ પાઉન્ડ પણ બચાવી નહીં શકે. તમારા અરજદારોને કુટુંબવાળા મજૂરી નીચેના હિંદીઓએ કશું પણ બચાવ્યું નહીં હોય એવા અનેક દાખલાઓની માહિતી છે.

૩ પાઉન્ડની લાઈસન્સ ફી બાબતની બીજી કલમ વિષે તમારા અરજદારોનું કહેવું એવું છે કે એ વ્યાપક અસંતોષ અને જુલમ પેદા કરે એવો સંભવ રહે છે. નામદાર સમ્રાજ્ઞીની પ્રજામાંથી એક વર્ગને અને તે પણ સંસ્થાનને સૌથી ઉપયોગી વર્ગને આવી જાતના કર માટે શા માટે જુદો ગણવામાં આવે છે એ વાત તમારા અરજદારના અભિપ્રાય મુજબ સમજવાનું મુશ્કેલ છે.

તમારા અરજદારો ખૂબ જ માનપૂર્વક જણાવવાની હિંમત કરે છે કે કોઈ માણસ દસ વર્ષ બાંયધરી નીચે રહ્યો હોય તે પછી સંસ્થાનમાં સ્વતંત્ર થઈને તેને રહેવા દેવા માટે તેની પાસે ભારે રકમનો દંડ ભરાવવો એ બાબત સાદા ન્યાયના અને નીતિના સિદ્ધાંત સાથે સુસંગત નથી. માનો કે આ કલમો માત્ર એવા જ હિંદીઓને લાગુ પાડવામાં આવે કે જેઓ આ બિલ કાનૂન બન્યા બાદ સંસ્થાનમાં આવે અને તેમણે કઈ શરતોથી આવવાનું છે તેની તેમને જાણ પણ કરવામાં આવી હોય, પરંતુ એ હકીકત આ કલમોને તેની સામે ઊભા કરવા ધારેલા વાંધાઓમાંથી મુક્ત કરતી નથી. કારણ તમારા અરજદારોનું કહેવું એ છે કે એ રીતે કરાર કરનારા બંને પક્ષોને કાર્ય કરવાની એકસરખી સ્વતંત્રતા રહેશે નહીં. એક હિંદી કે જે ગરીબાઈની યાતનાઓથી જકડાઈ ગયેલો છે અને તેના કુટુંબનું ભરણપોષણ કરવાની અશક્તિ અનુભવી રહ્યો છે, તે જ્યારે મજૂરી માટેના કરાર પર સહી કરે છે ત્યારે તેને ભાગ્યે જ સ્વતંત્ર વ્યક્તિ ગણી શકાય. એવા માણસોની માહિતી પણ મોજૂદ છે કે જેમણે તાત્કાલિક ભીંસમાં લેનારી મુશ્કેલીઓમાંથી છૂટવાને માટે આનાથી પણ ખરાબ કાર્યો કરવામાં પોતાની સંમતિ આપી હોય. એટલે તમારા અરજદારો નમ્રતાપૂર્વક આશા રાખે છે અને પ્રાર્થના કરે છે કે ઉપર દર્શાવેલી કલમોને આ નામદાર સભાગૃહની મંજૂરી મળશે નહીં, અને આ ન્યાય અને દયાના કાર્ય બદલ તમારા અરજદારો સદા પ્રાર્થના કરતા રહેશે વગેરે વગેરે.

(સહી) અબદુલ્લા હાજી આદમ
અને બીજા કેટલાક હિંદીઓ

[મૂળ અંગ્રેજી]

છાપેલી નકલની છબી પરથી

Gandhi Heritage Portal